
# કૂપદૃષ્ટાંતવિશદીકરણ શબ્દશઃ વિવેચન

ઉપાધ્યાય
યશોવિજયજી
વિરચિત......

: વિવેચક :
પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા



શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર ગુરુભ્યો નમઃ
ऐँ નમઃ

# કૂપદૃષ્ટાંતવિશદીકરણ

## શબ્દશઃ વિવેચન


**મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર**

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

**આશીર્વાદદાતા**

પરમપૂજ્ય વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પરમપૂજ્ય મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

**વિવેચનકાર**

પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

**સંકલન-સંશોધનકારિકા**

પ. પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
સામ્રાજ્યવર્તી તથા
પ. પૂ. પ્રવર્તિની સાધ્વીશ્રી રોહિતાશ્રીજી મ.સા.ના શિષ્યરત્ના સાધ્વીશ્રી ચંદનબાલાશ્રીજી



**પ્રકાશક**

ગીતાર્થ ગંગા

# કૂપદૃષ્ટાંતવિશદીકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

: વિવેચનકાર :

પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૨૮ વિ. સં. ૨૦૫૮

આવૃત્તિ : પ્રથમ નકલ : ૧૦૦૦

મૂલ્ય : રૂ. ૨૫-૦૦

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા ૩૧

: મુદ્રક :

મુદ્રેશ પુરોહિત

સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે. શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે, પૂ. મુનિરાજશ્રી મોહજિતવિજયજી મ. સા. તથા પૂ. ગણિવર્યશ્રી યુગભૂષણવિજયજી મ. સા. નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત -


૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

**ટ્રસ્ટીગણ**
**ગીતાર્થ ગંગા**



**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

## પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મરચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
✆(૦૭૯) ૬૬૦૪૯૧૧

**નટવરભાઈ એમ. શાહ (આફ્રીકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસિંગ પાસે, અમદાવાદ-૧૩.
✆(૦૭૯) ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

**✤ મુંબઈ :**

**નિકુંજભાઈ ર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
✆(૦૨૨) ૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

**શ્રી ચીમનભાઈ ખીમજી મોતા**
૯/૧, ગજાનન કોલોની,
જવાહરનગર, ગોરેગામ (વે),
મુંબઈ-૬૨.
✆(૦૨૨) ૮૭૩૪૫૩૦

**લલિત ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
✆(૦૨૨) ૫૬૮૦૬૧૪, ૫૬૮૬૦૩૦

**✤ સુરત :**

**શૈલેષભાઈ બી. શાહ**
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે,
હરિપરા, હાથ ફળિયા, સુરત-૧.
✆(૦૨૬૧) ૪૩૯૧૬૦, ૪૩૯૧૬૩

**✤ રાજકોટ :**

**કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
✆(૦૨૮૧) ૨૩૩૧૨૦

**✤ બેંગલોર**

**વિમલચંદજી**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
✆(0) 2875262, (R) 2259925

**✤ જામનગર :**

**ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર.
✆(૦૨૮૮) ૬૭૮૫૧૩

# કૂપદૃષ્ટાંતવિશદીકરણ ગ્રંથરત્નમાં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના

શાસ્ત્રમાં ભગવાનની પૂજા કૂપદૃષ્ટાંતથી હિતકારી છે એ પ્રકારનું વચન છે, તે કૂપદૃષ્ટાંતના વિશેષ તાત્પર્યને સ્પષ્ટ કરવા માટે પ્રસ્તુત ગ્રંથની રચના છે.

કૂપદૃષ્ટાંતનું વિધિશુદ્ધપૂજામાં અન્ય રીતે યોજન છે અને વિધિની યતનામાં ખામીવાળી પૂજામાં અન્ય રીતે યોજન છે, તે પદાર્થ પ્રસ્તુત ગ્રંથમાં સ્પષ્ટ કરેલ છે. તે આ રીતે –

વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતનું આ રીતે યોજન છે.

કૂપ ખોદવાથી પાણીની પ્રાપ્તિ થયા પછી જેમ સ્વ-પર ઉપકાર થાય છે, તેમ વિધિશુદ્ધ પૂજાથી સ્વ-પર ઉપકાર થાય છે.

વિધિઅશુદ્ધપૂજામાં કૂપદૃષ્ટાંતનું આ રીતે યોજન છે.

કૂવો ખોદતાં પ્રથમ જીવ કાદવથી ખરડાય છે, શ્રમ-તૃષા વગેરે લાગે છે, પરંતુ તેમાંથી પાણી નીકળ્યા પછી તે પાણીથી કાદવ દૂર થાય છે, અને પ્રાપ્ત થયેલા જળથી સ્વ-પરને તૃપ્તિ-તૃષાશમન આદિ ઉપકાર પણ થાય છે.

પ્રસ્તુત ગ્રંથરત્નમાં **ગાથા-૧માં** મંગલાચરણ અને દ્રવ્યસ્તવવિષયક કૂપદૃષ્ટાંતને સ્પષ્ટ કરવાની પ્રતિજ્ઞા કરેલ છે.

**ગાથા-૨માં** વિધિશુદ્ધ ભગવાનની પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન કઇ રીતે છે તે બતાવેલ છે, અને તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, જેમ સાધુને નદી ઊતરતાં લેશ પણ કર્મબંધ નથી તેમ શ્રાવકને દ્રવયસ્તવમાં હિંસાકૃત લેશ પણ કર્મબંધ નથી, ફક્ત નિર્જરા અને પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ થાય છે; અને ભગવાનની પૂજાથી દ્રવ્યસ્તવનો પ્રારંભ થતો નથી, પરંતુ પૂજા અર્થે સ્નાનની ક્રિયા થાય ત્યારથી જ દ્રવ્યસ્તવનો પ્રારંભ થાય છે એ પણ બતાવેલ છે.

ઉપરમાં કહ્યું એ રીતે **ગાથા-૨માં** વિધિશુદ્ધપૂજામાં કૂપદૃષ્ટાંત કઇ રીતે સંગત છે તેનું યોજન બતાવ્યું છે, ત્યાં પૂજ્ય **અભયદેવસૂરિ** મહારાજાએ તે પ્રકારે કૂપના યોજનને કરનારના મતને દૂષિત કરેલ છે તેનું સ્મરણ ગ્રંથકારશ્રી **યશોવિજયજી** મહારાજાને થયું. તેથી **ગાથા-૩માં અભયદેવસૂરિ** મહારાજ સાહેબે શું કહ્યું, તે વિસ્તારથી બતાવીને પૂ. **અભયદેવસૂરિ** મહારાજ સાહેબે કૂપદૃષ્ટાંતના અન્યથા યોજનમાં જે દૂષણ આપ્યું છે, તે વિધિરહિત દ્રવ્યસ્તવમાં યોજાતા કૂપદૃષ્ટાંતને સામે રાખીને આપેલ છે; પરંતુ વિધિશુદ્ધપૂજામાં

કૂપદૃષ્ટાંતનું યોજન તો પૂજ્ય **અભયદેવસૂરિ** મહારાજ સાહેબને પણ ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાને માન્ય છે તે રીતે જ માન્ય છે તે વાત બતાવેલ છે.

**ગાથા-૪/૫માં** પૂજ્ય અભયદેવસૂરિ મહારાજનું પણ કૂપદૃષ્ટાંતના અન્ય રીતે યોજનનું તાત્પર્ય વિધિઅશુદ્ધપૂજામાં છે, વિધિશુદ્ધપૂજામાં નથી, એ વાત પૂજ્ય અભયદેવસૂરિ મહારાજ નિર્મિત પંચાશકગ્રંથરત્નના અન્ય વચનના બળથી સ્થાપન કરેલ છે તે બતાવેલ છે. એટલું જ નહિ પણ પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજાના પણ વચનો દ્વારા વિધિઅશુદ્ધપૂજામાં જ અન્ય રીતે કૂપદૃષ્ટાંતનું યોજન છે તે બતાવીને સ્પષ્ટ કરેલ છે કે, વિધિશુદ્ધપૂજામાં કૂપદૃષ્ટાંતનું અન્ય રીતે યોજન છે અને વિધિઅશુદ્ધપૂજામાં કૂપદૃષ્ટાંતનું અન્ય રીતે યોજન છે.

વળી **ગાથા-૪માં** આનુષંગિક પદાર્થ નિરૂપણમાં એ પણ કહ્યું કે, કોઇ મુગ્ધ જીવ ભગવાનની ભક્તિ કે સાધુની ભક્તિ અર્થે પૃથ્વી આદિનો આરંભ કરે કે ખોટાં તોલ-માપ કરીને ધન કમાય કે આધાકર્માદિ કરે, અને એ રીતે પ્રાપ્ત થયેલા ધનને ભગવાનની ભક્તિ આદિમાં વાપરે, અને આ રીતે ભગવદ્ભક્તિ માટે તે પ્રકારના ખોટાં તોલ-માપ આદિ કરતો હોય તો પણ, મુગ્ધ અવસ્થામાં તે અલ્પ કર્મબંધ અને ઘણી નિર્જરાનું કારણ બને છે; અને તે અલ્પ કર્મબંધ બતાવવા દ્વારા ત્યાં અજ્ઞાનકૃત કર્મબંધ છે એ સૂચિત થાય છે. વસ્તુતઃ ત્યારે લેશ પણ પાપબંધ થતો નથી; કેમ કે એક કાળમાં પાપબંધ અને સકામનિર્જરા સાથે થઇ શકે નહિ, કેમ કે શુદ્ધઆશયથી સકામનિર્જરા થાય છે અને તે શુદ્ધ આશય પાપબંધનું કારણ બને નહિ, તેથી વિધિશુદ્ધપૂજાથી જે નિર્જરા થાય છે તેની અપેક્ષાએ મુગ્ધજીવને આ રીતે ખોટાં તોલ-માપાદિથી પ્રાપ્ત કરાયેલા ધન દ્વારા કરાતી પૂજામાં અલ્પ નિર્જરા થાય છે તો પણ મોક્ષમાર્ગને અનુકૂળ તે સકામનિર્જરા છે તેમ કહેલ છે.

પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે પરિણામ જ નિર્જરા પ્રત્યે પ્રમાણરૂપ સિદ્ધ થાય છે, તેથી બાહ્ય વિધિરહિત એવી પ્રવૃત્તિ હોય તો પણ ભગવાનની ભક્તિનો પરિણામ છે, તેથી બાહ્ય વિકલતાથી કોઇ દોષ પ્રાપ્ત થવો જોઇએ નહિ એવી શંકા થાય, તેથી વિધિઅશુદ્ધપૂજા વિધિશુદ્ધ સરખી માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેનું યુક્તિથી નિરાકરણ કરીને **ગાથા-૬માં** સ્થાપન કરેલ છે કે, અયતનાજનિત હિંસા વિધિઅશુદ્ધપૂજામાં છે, તેથી વિધિવિકલપૂજામાં કૂપદૃષ્ટાંતનું અન્ય રીતે યોજન કરેલ છે તે યુક્તિયુક્ત છે.

વળી, પૂજ્ય **હરિભદ્રસૂરિ** મહારાજાના વચનથી એ પણ સ્થાપન કરેલ છે કે, વિધિઅશુદ્ધપૂજા પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનરૂપ છે અને વિધિશુદ્ધપૂજા વચન અને અસંગઅનુષ્ઠાનરૂપ છે.

વળી, ગાથા-૬માં વિધિઅશુદ્ધપૂજા પણ કઇ રીતે પાંચ-સાત ભવોમાં સંસારના નિસ્તારનું કારણ બને છે તે દુર્ગતા નારીના દૃષ્ટાંતથી બતાવેલ છે.

ગાથા-૭માં વિધિવિકલ ક્રિયામાં વિધિઅંશ અશુદ્ધ અને ભક્તિઅંશ શુદ્ધ પ્રાપ્ત થવાથી, વિધિઅંશને આશ્રયીને પાપબંધ અને ભક્તિઅંશને આશ્રયીને પુણ્યબંધ એ રૂપ મિશ્ર કર્મબંધ સ્વીકારવાની આપત્તિનું ઉદ્‌ભાવન કરીને એ સ્થાપન કર્યું કે, વ્યવહારનયથી એક કાળે શુદ્ધ-અશુદ્ધ બંને યોગ હોવા છતાં નિશ્ચયનયથી એક કાળમાં શુદ્ધ-અશુદ્ધ બંને યોગ હોઇ શકે નહીં, પરંતુ એક કાળમાં જો મોક્ષને અનુકૂળ અધ્યવસાય હોય તો તે શુદ્ધ યોગ છે અને મોક્ષને પ્રતિકૂળ અધ્યવસાય હોય તો તે અશુદ્ધ યોગ છે, તે વાત યુક્તિથી બતાવીને એક કાળમાં એક પ્રકારનો જ કર્મબંધ થાય છે, પરંતુ મિશ્ર કર્મબંધ થતો નથી એમ સ્થાપન કરેલ છે.

વળી, વિધિવિકલપૂજામાં ભક્તિઅંશની પ્રબળતા હોવાને કારણે અવિધિઅંશ નિરનુબંધ હોવાને કારણે દ્રવ્યરૂપ છે, તેથી અવિધિઅંશકૃત કોઇ કર્મબંધ થતો નથી, પરંતુ ભક્તિઅંશરૂપ ભાવઅંશને આશ્રયીને નિર્જરા કે પુણ્યબંધ થાય છે તેમ **ગાથા-૭માં** સ્થાપન કરેલ છે.

વળી, કોઇ શંકા કરે છે કે, દ્રવ્યસ્તવમાં જેટલી દ્રવ્યહિંસા છે તે અપેક્ષાએ કર્મબંધ અને જેટલો ભગવદ્‌ભક્તિનો ભાવ છે તે અપેક્ષાએ નિર્જરા સ્વીકારીએ તો શું વાંધો છે ? તેનું નિરાકરણ કરીને પૂજામાં થતી દ્રવ્યહિંસા ફળથી અહિંસારૂપ છે, જેમ-સાધુને આહાર-વિહારાદિની પ્રવૃત્તિમાં થતી વાઉકાયની હિંસા ફળથી અહિંસારૂપ છે તે વાત યુક્તિથી **ગાથા-૮માં** સ્થાપન કરેલ છે.

વળી, કેટલાક માને છે કે દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ છે તેટલું પાપ છે, તેમાં સ્થૂલથી અને સૂક્ષ્મથી અનુપપત્તિ=અસંગતિ, **ગાથા-૯/૧૦માં** બતાવેલ છે.

**ગાથા-૧૧માં** એ બતાવ્યું કે, પૂજામાં થયેલો આરંભ અનારંભ જ છે.

વળી, આનુષંગિક રીતે કર્કશવેદનીય અને અકર્કશવેદનીય કર્મબંધ શું છે ? અને તેના બંધનાં કારણો કયાં છે ? એ પદાર્થ પણ ભગવતીસૂત્રના આલાપકથી **ગાથા-૧૧માં** સ્પષ્ટ કરેલ છે.

વળી, કોઇને શંકા થાય કે, દ્રવ્યસ્તવમાં ભગવાનની ભક્તિ હોવાને કારણે શાતાવેદનીયનો બંધ થવાને કારણે અશાતાવેદનીયનો બંધ ન થાય તો પણ, દ્રવ્યસ્તવમાં હિંસા હોવાને કારણે જ્ઞાનાવરણીય આદિ કર્મનો બંધ થાય છે, તેનું યુક્તિથી નિરાકરણ કરીને ધ્રુવબંધી પ્રકૃતિ સ્વ-સ્વ ગુણસ્થાનકે જ જાય છે ત્યાં સુધી તેનો અવશ્ય બંધ છે,

પરંતુ ભગવાનની ભક્તિકાળમાં થતી હિંસાથી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિનો લેશ પણ કર્મબંધ નથી એ વાત **ગાથા-૧૨માં** બતાવેલ છે. અને આનુષંગિક રીતે ધ્રુવબંધીપ્રકૃતિની અને અધ્રુવબંધીપ્રકૃતિની પ્રક્રિયા પણ **ગાથા-૧૨માં** બતાવેલ છે.

દ્રવ્યસ્તવ કર્યા પછી ચૈત્યવંદન વખતે જયવીયરાયસૂત્રથી પ્રણિધાન થાય છે તે શાસ્ત્રવચનના બળથી દ્રવ્યસ્તવને અપ્રણિધાનવાળી ક્રિયારૂપે સ્થાપન કરીને, અપ્રધાનદ્રવ્યઅનુષ્ઠાન છે તેમ બતાવીને, પૂજાથી આરંભ-સમારંભ થાય છે તેમ કોઇ કહે છે, તેનું નિરાકરણ **ગાથા-૧૩માં** કરેલ છે. અને સ્થાપન કરેલ છે કે, દ્રવ્યસ્તવમાં સામાન્ય પ્રણિધાન છે અને ચૈત્યવંદનના અંતે કરાતા જયવીયરાયસૂત્ર વખતે વિશેષ પ્રણિધાન છે.

વળી, જયવીયરાયસૂત્ર વખતે કરાતા પ્રણિધાનથી પ્રવૃત્તિ આદિ આશયો કેવી રીતે પ્રગટે છે ? તે પણ યુક્તિથી **ગાથા-૧૩માં** બતાવેલ છે. અને 'દ્રવ્યસ્તવ' શબ્દમાં 'સ્તવ' શબ્દનો વ્યુત્પત્તિઅર્થ વિચારીએ તો પૂજા વગેરે માત્ર ક્રિયારૂપ હોવાથી 'સ્તવ'ની વ્યુત્પત્તિ સંગત થતી નથી, તેથી તેને દ્રવ્યસ્તવ કેમ કહી શકાય ? એ પ્રકારની વિચારકને શંકા થાય, તેથી યુક્તિથી 'સ્તવ' શબ્દની સંગતિ દ્રવ્યસ્તવમાં કઇ રીતે છે તે બતાવેલ છે.

વળી, **ગાથા-૧૩માં** આનુષંગિક રીતે ઔદયિકભાવરૂપે તીર્થંકર થવાનો અભિલાષ નિદાનરૂપ છે, અને ક્ષાયોપશમિકભાવરૂપે તીર્થંકર થવાનો અભિલાષ અનિદાનરૂપ છે તે વાત યુક્તિથી બતાવેલ છે.

વળી, કોઇને તીર્થંકરના ગુણો અને તીર્થંકરથી થતા જગતના જીવોનો ઉપકાર જોઇને તીવ્ર સંવેગપૂર્વક વિચાર આવે કે, થોડા ભવોના ભ્રમણથી પણ હું તીર્થંકર થઇને મોક્ષમાં જાઉં કે જેથી એકાંતે સ્વ-પરના કલ્યાણનું કારણ બનું, તો એ અધ્યવસાય પણ નિદાનરૂપ નથી એ વાત **ગાથા-૧૩માં** યુક્તિથી બતાવેલ છે.

કૂપદૃષ્ટાંતવિશદીકરણ ગ્રંથનું વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય, તે બદલ મિચ્છા મિ દુક્કડં.

**પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૫૮, અષાઢ સુદ-૨,**
**સોમવાર, તા. ૧૫-૬-૨૦૦૨**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭**

# કૂપદૃષ્ટાંત વિશદીકરણ ગ્રંથરત્નના સંપાદન-સંશોધનની વેળાએ પ્રાસ્તાવિક

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ -સારસ્વત પુત્ર મહામહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજાની, શ્રાવકો જે દ્રવ્યસ્તવ-જિનપૂજા કરે છે, તે નિર્દોષ છે, એ સમજવા માટેની એક અજોડ અણમોલ કૃતિ એટલે **કૂપદૃષ્ટાંત વિશદીકરણ ગ્રંથ !**

આ ૧૩ ગાથાની નાનીશી ગાગરમાં સૂક્ષ્મ પદાબોધનો મહાસાગર ઉપાધ્યાયજીએ આ ગ્રંથમાં ઠાલવ્યો છે. અતિ અદ્‌ભુત એવા સૂક્ષ્મ-અપૂર્વ પદાર્થો આ ગ્રંથમાં મહામહોપાધ્યાય ગ્રંથકારશ્રીએ, અનેક શાસ્ત્રપાઠો આપવાપૂર્વક સયુક્તિક વર્ણવેલ છે. આવા ગ્રંથરત્નનું વાંચન કરતાં અપૂર્વ આનંદની અનુભૂતિ સહજ થાય છે અને ગ્રંથકારશ્રીનાં ઓવારણાં લેવાનું મન થઈ જાય છે.

આ **કૂપદૃષ્ટાંત વિશદીકરણ** ગ્રંથનું વિવેચન તૈયાર થયું એમાં મુખ્ય કારણ એ છે કે, પ્રતિમાશતક ગ્રંથરત્નનું વાંચન પંડિતવર્યશ્રી **પ્રવીણભાઈ** પાસે ચાલી રહ્યું છે, એમાં જ્યારે ૬૦મો શ્લોક આવ્યો કે –

**पूजायां खलु भावकारणतया हिंसा न बन्धावहा,**
**गौणीत्थं व्यवहारपद्धतिरियं हिंसावृथा निश्चये ।**
**भावः केवलमेक एव फलदो बन्धोऽविरत्यंशज-**
**स्त्वन्यः कूपनिदर्शनं तत इहाशङ्कापदं कस्यचित ।।६०।।**

**ભાવનું કારણપણું હોવાને કારણે પૂજામાં હિંસા નક્કી બંધાવહા નથી. પૂજામાં પ્રશસ્ત હિંસાથી પુણ્ય બંધાય છે. એ પ્રકારે આ વ્યવહારપદ્ધતિ ઉપચારથી છે. નિશ્ચયનયથી વિચારીએ તો હિંસા ફોગટ છે. ફક્ત ભાવ એક ફળને આપનારો છે. અવિરતિ અંશથી ઉત્પન્ન થયેલ બંધ પૂજામાં થનારા ભાવથી અન્ય છે. તે કારણથી પૂજામાં કૂપદૃષ્ટાંત કોઈની આશંકાનું સ્થાન છે.**

આ રીતે પ્રતિમાશતકના શ્લોક-૬૦માં કહ્યું, તેથી ત્યાં સહજ જિજ્ઞાસા ઉદ્‌ભવે કે કૂપદૃષ્ટાંત શું છે ? દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંતની સંગતિ કઈ રીતે થઈ શકે છે ?

શ્રાવક જ્યારે ભગવાનની પૂજા કરે ત્યારે તન્મયભાવથી સમાધિજનિત ભાવ હોત તો પૂજાની ક્રિયા પરિપૂર્ણ અબંધનું કારણ છે, અને જેમને ભગવાનની પૂજામાં વ્યુત્થાનદશા હોય તો પણ સમાધિજનિત ભાવ સંસ્કારશેષરૂપે તે ભાવ વર્તે છે, તેઓની

પૂજા પણ સફળ બને છે. પરંતુ જેમને લેશ પણ સમાધિજનિત ભાવ નથી, તેવા જીવો એકાગ્રતાથી પૂજા કરતા હોય, કે વ્યુત્થાન દશામાં હોય તો પણ તેમની તે પૂજાની ક્રિયા તુચ્છ અને નિઃસાર છે. આનાથી એ સિદ્ધ થાય છે કે, સમ્યગ્દર્શનના સિદ્ધિયોગકાળમાં પૂજાની ક્રિયાથી લેશ પણ કર્મબંધ થતો નથી.

સિદ્ધયોગી એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો જ્યારે જગદ્ગુરુની પૂજામાં તન્મયભાવવાળા બને છે, ત્યારે તેમની પૂજાની સર્વ ક્રિયા યતનાથી ઉપબૃંહિત બને છે. તેથી તેમની પૂજાની ક્રિયામાં પૂજાકૃત લેશ પણ કર્મબંધ થતો નથી, પરંતુ પૂજાકૃત પુણ્યાનુબંધિ પુણ્ય જ બંધાય છે.

આ રીતે સિદ્ધયોગી એવા અવિરત સમ્યગ્દૃષ્ટિને પૂજામાં કર્મબંધ નથી, તેથી કરીને પૂજામાં યથાશ્રુતને જાણનારા એવા કોઈકને કૂપદૃષ્ટાંત આશંકાનું સ્થાન છે, તે આ પ્રમાણે –

યથાશ્રુત કૂપદૃષ્ટાંત જાણનાર ગૃહસ્થ જે પ્રમાણે કૂપદૃષ્ટાંત સંભળાય છે, તે પ્રમાણે તે જાણતો હોવાથી માને છે કે, કૂવો ખોદતાં જેમ પ્રથમ કાદવથી ખરડાવું પડે છે, અને પછી જલની પ્રાપ્તિ થતાં કાદવને ધોઈ શકાય છે, તેમ પ્રસ્તુતમાં પૂજામાં થતી હિંસાથી કર્મબંધ થાય છે, અને તેની શુદ્ધિ પૂજામાં થતા શુભભાવથી થઈ જાય છે. જ્યારે પ્રતિમાશતક શ્લોક-૬૦ની ટીકામાં કહ્યું કે, સમાધિજનિત ભાવવાળો ગૃહસ્થ સમ્યગ્યતનાપૂર્વક પૂજા કરે તો તેની પૂજામાં લેશ પણ કર્મબંધ નથી. તેથી આ રીતે પૂજામાં જો લેશ પણ કર્મબંધ ન હોય તો શાસ્ત્રમાં જે રીતે કૂપદૃષ્ટાંત બતાવેલ છે, તે કૂપદૃષ્ટાંત પૂજામાં કઈ રીતે સંગત થાય ? એવી શંકાનું સ્થાન બને છે.

ત્યાર પછી પ્રતિમાશતક શ્લોક-૬૦ની ટીકામાં કહ્યું કે, હવે આગળ કહેવાશે એ રીતે કૂપદૃષ્ટાંત આવશ્યક સૂત્રમાં દ્રવ્યસ્થલીય પ્રસંગના સમાધાન સ્થળમાં વ્યવસ્થિત છે. અને ત્યાં આવશ્યક સૂત્રનો સટીક પાઠ આપ્યો, અને એ પાઠમાં કૂપદૃષ્ટાંતનું વર્ણન કરેલ છે. એનું તાત્પર્ય બતાવતાં શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ પ્રતિમાશતક શ્લોક-૬૦ની ટીકામાં આગળ કહ્યું કે - अत्र ..... शुद्धभावस्य निर्विषयः कूपदृष्टान्तः એ આવશ્યક નિર્યુક્તિના પાઠમાં જે કૂપદૃષ્ટાંત બતાવ્યું, તે કૂપદૃષ્ટાંત શુદ્ધભાવનો વિષય નથી પણ અશુદ્ધ ભાવનો વિષય છે.

ત્યાર પછી પૂર્વપક્ષી ત્યાં શંકા ઉદ્ભાવન કરે છે કે, પૂજાના પ્રારંભ પૂર્વે પૂજા અર્થે સ્નાનાદિ ક્રિયા કરાય છે, તે વખતે જે જલાદિ જીવોની વિરાધના થાય છે, તેમાં પાપનો બંધ થાય છે; ત્યાર પછી ભગવાનની પુષ્પાદિથી પૂજા કરાય છે, ત્યારે શુભભાવ

વર્તે છે, તેનાથી વિશિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. તેથી પૂર્વમાં સ્નાનાદિ વખતે બંધાયેલું કર્મ અને અન્ય કર્મ નાશ પામે છે, તેથી કૂપદૃષ્ટાંત ત્યાં સંગત થઈ જશે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, પ્રસ્થક દૃષ્ટાંતથી સ્નાનાદિની ક્રિયામાં શુભભાવનો અન્વય છે. જેમ કોઈ લાકડું કાપવા જાય ત્યારે કહે છે કે, હું પ્રસ્થક બનાવું છું, તે રીતે સ્નાનાદિ કરતી વખતે પણ હું પૂજા કરું છું, એવો અધ્યવસાય થઈ શકે છે. તેથી ભગવાનની પૂજાના શુભભાવથી સહિત યતનાપૂર્વક સ્નાનાદિ ક્રિયા કરનારને તે વખતે પણ નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે. તેથી સમ્યગ્ યતનાવાળાને સ્નાનાદિ ક્રિયામાં અશુભ કર્મબંધ થતો નથી, માટે કૂપદૃષ્ટાંત શુભભાવનો નિર્વિષય છે; કેમ કે, નૈગમનયના અભિપ્રાયથી સ્નાનાદિક્રિયામાં શુભભાવના અન્વયને કારણે નિર્જરાફળની સંગતિ છે. આ જ કારણે પૂજા માટે સ્નાનાદિક્રિયામાં પણ યતનાથી અધિકારની સંપત્તિ હોવાને કારણે ચતુર્થ પંચાશકમાં શુભભાવનો અન્વય બતાવેલ છે, અને ત્યાં ચતુર્થ પંચાશકનો પાઠ આપેલ છે.

એ પાઠ વાંચતી વખતે અનેકવિધ પ્રશ્નો અમને ઉદ્ભવ થયા. એ નિમિત્તને પામીને શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાની સ્વતંત્ર કૃતિરૂપ કૂપદૃષ્ટાંતગ્રંથનું વાંચન પંડિતવર્યશ્રીએ શરૂ કરાવ્યું.

ગ્રંથવાચન વખતે ગ્રંથની સંકલના પૂ. સા. શ્રી **ચંદ્રાનનાશ્રીજી** મ. ના શિષ્યરત્ના સા. શ્રી **ચારુગિરાશ્રીજી**એ કરેલ. ત્યાર પછી સહાધ્યાયી અનેક તત્ત્વજિજ્ઞાસુની ભાવના હતી કે, આ સંકલના વ્યવસ્થિત ટીકા-ટીકાર્થ-ભાવાર્થરૂપે પ્રકાશિત થાય તો કૂપદૃષ્ટાંતનું વાસ્તવિક તાત્પર્ય શું છે, એ સમજવા માટે અતિ ઉપયોગી થાય. એટલે તત્ત્વજિજ્ઞાસુ વર્ગની શુભભાવના અનુસાર પુનઃ એ સંકલનાની ટીકા-ટીકાર્થ-ભાવાર્થરૂપે સુવાચ્ય અક્ષરોમાં સંકલના મેં તૈયાર કરી, અને એ કૂપદૃષ્ટાંતવિશદીકરણની સંકલના ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત થઈ રહેલ છે.

૧૩ ગાથાના આ ગ્રંથરત્નમાં કેવા અતિ અદ્ભુત, અતિ સુંદર, અતિ રોચક પદાર્થોનું નિરૂપણ કરેલ છે, એનો બોધ વાચકવર્ગ આ ગ્રંથની સંક્ષિપ્ત સંકલના અને વિસ્તૃત અનુક્રમણિકા વાંચશે, એનાથી જ થઈ જશે. તેથી એ અંગે વિશેષ લખવાની જરૂર નથી.

શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ ૧૩ ગાથાના આ ગ્રંથમાં અનેક શાસ્ત્રપાઠો અને યુક્તિઓપૂર્વક કૂપદૃષ્ટાંતનું વાસ્તવિક તાત્પર્ય ખોલ્યું છે, અને કૂપદૃષ્ટાંતની વાસ્તવિક સંગતિ કરી આપેલ છે.

કૂપદૃષ્ટાંતવિશદીકરણ ગ્રંથમાં નીચેના સાક્ષીપાઠો ઉદ્ધૃત છે. તે આ પ્રમાણે

❖ **ગાથા**-૩ ની અવતરણિકામાં ચતુર્થ પૂજાપંચાશકનો પાઠ લીધેલ છે.

❖ **ગાથા**-૪ માં ભગવતીસૂત્રનો कहन्नं भन्ते ..... पगरेन्ति એ પાઠ અલ્પાયુષ્કતા અંગેની વિચારણામાં લીધેલ છે.

વળી **ગાથા**-૪માં અશુદ્ધ દાન અંગેની વિચારણામાં પૂજાના અને દાનાદિ ચારના તુલ્યફળપણાના ઉપદેશમાં મહાનિશીથ સૂત્રનો પાઠ આપેલ છે.

વળી ગાથા-૪માં બૃહત્કલ્પ ભાષ્ય ગાથા-૧૬૦૭નો પાઠ આપીને વિધિઅશુદ્ધ પૂજામાં તેની સંગતિ બતાવેલ છે.

વળી **ગાથા**-૪ માં નિશીથભાષ્ય ગાથા-૧૬૫૦નો પાઠ આપીને, વિધિશુદ્ધ જિનપૂજામાં આ જ અતિદેશ જાણવો એમ કહેલ છે.

વળી **ગાથા**-૪ માં संथरणम्मि ..... ઈત્યાદિ પાઠ દ્વારા એ અતિદેશ અવ્યુત્પન્નની પૂજામાં બતાવેલ છે.

વળી **ગાથા**-૬માં દુર્ગતા નારીનું દૃષ્ટાંત આપીને વિધિઅશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતની સંગતિ થાય છે, તેમ કહેલ છે.

વળી **ગાથા**-૬માં પૂજાપંચાશક ગાથા-૧૧, ૧૯, ૨૦ની સાક્ષી આપીને સ્નાનપૂજાદિ ગત યતના બતાવેલ છે.

❖ **ગાથા**-૮માં પૂજાપંચાશક ગાથા-૪૩ની સાક્ષી દ્વારા જિનપૂજાદિમાં થતી દ્રવ્યહિંસા અસદારંભ પ્રવૃત્તિના નિવૃત્તિફળવાળી હોવાથી અહિંસારૂપ બતાવેલ છે, અને જિનપૂજામાં યતનાથી હિંસા લાગતી નથી, એ ષોડશક-૬/૧૬ની સાક્ષી આપીને કહેલ છે.

વળી ત્યાં એ જ કથનની પુષ્ટિ કરતાં આપેક્ષિક અલ્પાયુષ્કના અધિકારમાં કહેલ ભગવતીસૂત્રનો પાઠ આપેલ છે.

❖ **ગાથા**-૧૧માં દ્રવ્યસ્તવભાવી આરંભ પણ અનારંભ છે, એમ કહીને કહ્યું કે, જે કારણથી વધની વિરતિથી જ અકર્કશવેદનીય કર્મ બંધાય છે, અને ત્યાં ભગવતીસૂત્રનો આલાપક આપેલ છે.

❖ **ગાથા**-૧૩માં दव्वथउ ..... भावे એ પ્રકારે નિર્યુક્તિના વચનથી પુષ્પાદિ વડે સ્તવ તે દ્રવ્યસ્તવ એ પ્રકારની વ્યુત્પત્તિથી જિનપૂજાને દ્રવ્યસ્તવ કહેલ છે.

વળી, **ગાથા-૧૩**માં ષોડશકની સાક્ષીથી ચૈત્યવંદનના અંતે જયવીયરાયસૂત્રરૂપ પ્રણિધાન છે તેથી પ્રણિધાનાદિનો વિરહ છે, એમ બતાવીને દ્રવ્યસ્તવને તુચ્છ માનવાની આપત્તિનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ કહ્યું છે કે, સર્વ પણ જિનપૂજા અપ્રધાનપણાથી દ્રવ્યરૂપ નથી, પરંતુ અપૂર્વત્વ પ્રતિસંધનાદિ દ્વારા દ્રવ્ય અને ભાવનો ભેદ છે.

❖ વળી, **ગાથા-૧૩**માં ચૈત્યવંદનાના અંતે કરાતું પ્રણિધાન વિશિષ્ટતર કેમ છે, એમાં પૂજાપંચાશક ગાથા-૨૯, ૩૦, ૩૧ની સાક્ષી આપેલ છે.

વળી, ગાથા-૧૩માં કહ્યું કે, જયવીયરાય સૂત્રમાં કરાતી પ્રાર્થના બોધિ પ્રાર્થનાની જેમ મોક્ષાંગ પ્રાર્થના હોવાથી નિદાનરૂપ નથી, અને તેમાં પૂજાપંચાશક ગાથા-૩૬/૩૭ની સાક્ષી આપેલ છે.

વળી, **ગાથા-૧૩**માં દિગંબર ગ્રંથની સાક્ષી આપવાપૂર્વક અને પૂજાપંચાશક ગાથા-૩૮/૩૯ની સાક્ષી આપવાપૂર્વક નિરભિષ્વંગ તીર્થંકરત્વની પ્રાર્થનાને અદુષ્ટ કહેલ છે.

આ રીતે અનેક ગ્રંથોની સાક્ષીથી સભર આ ગ્રંથમાં કૂપદૃષ્ટાંતની સંગતિ ગ્રંથકારશ્રીએ કરેલ છે, અને સાથે સાથે અનેક આનુષંગિક પદાર્થોનું વર્ણન કરેલ છે.

**ગાથા-૧૩**ની અવતરણિકાનો પાઠ આ અગાઉ પ્રકાશિત થયેલ મુ. પુ. માં અપૂર્ણ છે. તેથી અંધેરી ગુજરાતી જૈન સંઘ તરફથી પ્રકાશિત થયેલ મુ. પુ. [ ] માં એ પાઠનું જોડાણ વિવેચનકારશ્રીએ કરેલ છે, ત્યાં અમે એ પાઠના સ્થાને અમને ઉચિત-સંગત જણાતો પાઠ [ ] આપેલ છે, અને એ મુજબ અર્થ કરેલ છે. હસ્તલિખિત પ્રતના આધારે બીજી પણ પાઠશુદ્ધિ કરેલ છે અને ઉદ્ધરણ પાઠોમાં પણ તે તે ગ્રંથના આધારે શુદ્ધિ કરેલ છે.

આ ગ્રંથના પ્રૂફ સંશોધન કાર્યમાં સા. **ચારુનંદિતાશ્રીજી**ના શિષ્યા સા. **હિતરુચિતાશ્રીજી** તથા સુશ્રાવક **શાંતિલાલ શિવલાલ શાહ**નો સુંદર સહયોગ સાંપડેલ છે. સુ. શાંતિભાઈ અત્યંત જ્ઞાનરુચિ ધરાવે છે અને ગીતાર્થ ગંગાથી પ્રકાશિત થતા ગ્રંથોના પ્રુફ સંશોધનમાં ખૂબ સુંદર સહયોગ આપે છે. જેથી કાર્ય અંગે ઘણી સુગમતા રહે છે અને તેઓ પોતાને આવા ગ્રંથરત્નના સ્વાધ્યાયની તક મળે છે, તે બદલ ધન્યતા અનુભવે છે.

પ્રાન્તે અંતરની એક જ મહેચ્છા છે કે, દેવ-ગુરુની અસીમ કૃપાદૃષ્ટિથી સ્વ-આત્મપરિણતીની નિર્મળતા માટે કરાયેલો આ પ્રયાસ સર્વને લાભનું કારણ બને, અને

મને પોતાને સૂક્ષ્મબોધ થવાપૂર્વક ભાવપૂર્વકની ક્રિયાની પરિણતિ પ્રાપ્ત થાય, અને એ નિર્મળ પરિણતિ દ્વારા સંપૂર્ણ કર્મક્ષય કરી નિકટના ભવોમાં હું મુક્તિસુખની ભાગી બનું, એ જ શુભાશયથી કરેલો આ નાનકડો પ્રયાસ સફળતાને પામો, એ જ શુભભાવના...!

છદ્મસ્થતાવશ આ ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંપાદનકાર્યમાં અનેક ત્રુટિઓ રહેવાની સંભાવના છે. સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન થઈ ન જાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે; છતાં જિનાજ્ઞા વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ ક્યાંય પણ પદાર્થ નિરૂપણ થયેલ હોય તો તે બદલ મિચ્છા મિ દુક્કડં માગું છું.

**વિ. સં. ૨૦૫૮, અષાઢ સુદ-૨**
**શુક્રવાર, તા. ૧૨-૭-૨૦૦૨,**
**એફ-૨, જેઠાભાઈ પાર્ક,**
**નારાયણનગર રોડ, પાલડી,**
**અમદાવાદ-૩૮૦૦૦૭**

**પરમપૂજ્ય પરમારાધ્યપાદ**
**વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવેશ**
**શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી**
**મહારાજાના સામ્રાજ્યવર્તી તથા પ.**
**પૂ. પ્રવર્તિની સાધ્વીશ્રી રોહિતાશ્રીજી**
**મહારાજ સાહેબના શિષ્યરત્ના**
**સાધ્વીશ્રી ચંદનબાલાશ્રી**

# ♦♦ વિષયાનુક્રમણિકા ♦♦


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ટીકાગત મંગલાચરણ. | ૧-૨ |
| | ગ્રંથનો અભિધેય અર્થ. | ૨-૫ |
| ૨ | કૂપદૃષ્ટાંતનું અર્થઘટન. | ૮-૯ |
| ૩ | કૂપદૃષ્ટાંત અંગે પંચાશકગ્રંથનો પાઠ, કેચિત્કારનો મત, પૂ. અભયદેવસૂરિમહારાજકૃત અર્થઘટનનું તાત્પર્ય. | ૯-૧૭ |
| ૪ | 'કંથંચિત્' શબ્દથી પૂ. અભયદેવસૂરિ મહારાજના અર્થઘટનના તાત્પર્યનું રહસ્ય, પરિપૂર્ણ વિધિશુદ્ધ પૂજામાં કાયવધ અસ્વીકૃત, વિધિશૂદ્ધ પૂજામાં હિંસાકૃત કર્મબંધનો અભાવ, પંચાશકના પૂ. હરિભદ્રસૂરિ મહારાજના કથનથી પણ વિધિશુદ્ધ પૂજામાં કર્મબંધનો અભાવ, વિધિઅશુદ્ધ જિનપૂજામાં અલ્પઆયુષ્યકતાના કથનનું તાત્પર્ય, અશુદ્ધદાન અંગે વિચારણા, અશુદ્ધદાન અંગે અન્યનો મત, ગીતાર્થને આજ્ઞાપાલનના અધ્યવસાયથી અશુદ્ધદાન ગ્રહણમાં કર્મબંધનો અભાવ, વિધિશુદ્ધ પૂજામાં એ કથનનો અતિદેશ, અન્યૈસ્તુ ના કથનનો અવ્યુત્પન્નની પૂજામાં અતિદેશ. | ૧૯-૪૨ |
| ૫ | પૂજાપંચાશકના વચનથી ગ્રંથકારશ્રીને માન્ય કૂપદૃષ્ટાંતની સંગતિ, न चैतदागमानुपाति થી ગ્રંથકારે શુદ્ધપૂજામાં જોડેલ કૂપદૃષ્ટાંત સાથે આવતાં વિરોધનો પરિહાર, વિધિરહિત પૂજામાં કર્દમઉપલેપાદિતુલ્ય અલ્પદોષથી દુષ્ટત્વનું વિધાન, વિધિશુદ્ધ જિનપૂજામાં નિર્દોષતા અબાધિત. | ૪૨-૪૬ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૬ | ભક્તિપરિણામ પ્રમાણ છતાં વિધિવિકલ પૂજામાં અયતનાથી હિંસાદોષ, વિધિઅશુદ્ધ પૂજામાં પૂ. અભયદેવસૂરિ મહારાજે કહેલ કૂપદૃષ્ટાંતની સંગતિ, ઉત્તરમાં થતા શુભભાવથી અયતનાજનિત કર્મબંધનું શોધન, પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાન અભ્યુદયફળપ્રદ અને વચન-અસંગ અનુષ્ઠાન મોક્ષફળપ્રદ એવું પૂ. હરિભદ્રસૂરિ મહારાજનું વચન, દુર્ગતા નારીનું દૃષ્ટાંત, સ્નાનપૂજાદિગત યતના. | ૪૬-૫૪ |
| ૭ | યોગ-અધ્યવસાયમાં શુદ્ધ-અશુદ્ધત્વની વિચારણા, વ્યવહારનયથી મિશ્રકર્મબંધનો સ્વીકાર અને નિશ્ચયનયથી એક કાળે યોગ-અધ્યવસાયના મિશ્રપણાનો અસ્વીકાર, નિશ્ચયનયથી અવિધિઅંશના ઉત્કટપણામાં વિશિષ્ટ ઉપયોગરૂપ યોગ અશુદ્ધ અને ભક્તિઅંશના ઉત્કટપણામાં વિશિષ્ટ ઉપયોગરૂપયોગ શુદ્ધ, ભક્તિમાં અવિધિ અંશની ઉત્કટતાથી પાપબંધ અને ભક્તિઅંશની ઉત્કટતાથી પુણ્યબંધ, એકધારારૂઢ ભક્તિના ભાવથી અવિધિદોષ નિરનુબંધ, એકધારારૂઢ અવિધિના ભાવથી અપ્રધાનદ્રવ્યસ્તવ. | ૫૪-૬૭ |
| ૮ | દ્રવ્યમાત્ર હિંસાના કારણે વિધિશુદ્ધ પૂજામાં દુષ્ટપણું માનવામાં આપત્તિ, પંચાશકગ્રંથની સાક્ષીથી જિનપૂજાની ક્રિયાથી અસદારંભની નિવૃત્તિરૂપ ફળ, ષોડશકગ્રંથની સાક્ષીથી જિનપૂજામાં હિંસાની નિવૃત્તિનો સદ્ભાવ હોવાથી જિનભવનવિધાન અદુષ્ટ, આપેક્ષિક અલ્પાયુષ્કતા અધિકાર, યતિધર્મમાં અશક્ત જીવોને દ્રવ્યસ્તવ કર્તવ્ય, સંસારની પરિમિતતાનું કારણ દ્રવ્યસ્તવ, દાનાદિ ચાર તુલ્યફળરૂપ જિનપૂજા. | ૬૩-૭૬ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૯ | જેટલો આરંભ તેટલી હિંસા એવું માનવામાં સ્થૂલ અસંગતિ, પૂજામાં કર્મબંધને અનુકૂળ આરંભ સ્વીકારવામાં પૂજાથી થતા પુણ્યાનુબંધીપુણ્યની અસંગતિ. | ૭૬-૮૦ |
| ૧૦ | દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ છે તેટલી હિંસા છે એવું માનવામાં સૂક્ષ્મ અસંગતિ, ભગવાનની પૂજામાં કર્કશવેદનીયકર્મનો અબંધ અને શાતાવેદનીયકર્મનો બંધ. | ૮૦-૮૪ |
| ૧૧ | પૂજાભાવી આરંભ પણ અનારંભ, અસદારંભની નિવૃત્તિ અંશના પ્રાધાન્યથી પૂજાની ક્રિયાનું અનારંભરૂપે કથન, વધની વિરતિથી અકર્કશવેદનીયકર્મબંધ એ ભગવતીસૂત્રનું કથન શાતાવેદનીયના બંધનું ઉપલક્ષણ, વધની વિરતિથી અકર્કશવેદનીયકર્મબંધવિષયક ભગવતીસૂત્રનો આલાપક, દેવોમાં અકર્કશવેદનીય-કર્મબંધનો નિષેધ એ પ્રૌઢિવાદ અને આવો પ્રૌઢિવાદ ઉત્કૃષ્ટ નિષેધના તાત્પર્યપરક. | ૮૪-૯૯ |
| ૧૨ | દ્રવ્યસ્તવ વિષયક હિંસામાં ધ્રુવબંધી પાપપ્રકૃતિઓની અહેતુતા, દ્રવ્યસ્તવભાવી હિંસામાં ધ્રુવબંધી પાપપ્રકૃતિ વિશેષનું હેતુપણું માનવામાં અન્યોન્યાશ્રય દોષ, સામાન્ય હેતુના સદ્ભાવમાં અવશ્યસંભવિ બંધવાળી ધ્રુવબંધી પ્રકૃતિઓ, સયોગીકેવલી સુધી દ્રવ્યહિંસા અવર્જનીય, અર્થસમાજસિદ્ધ અર્થની સમજૂતિ, ધ્રુવબંધાદિની પ્રક્રિયા, નિજહેતુના સદ્ભાવમાં જેનો અવશ્યભાવી બંધ નથી તે અધ્રુવબંધી પ્રકૃતિઓ, ધ્રુવબંધી પ્રકૃતિઓમાં અનાદિઅનંત, અનાદિસાંત અને સાદિસાંત - ત્રણ ભાંગા. | ૯૯-૧૧૫ |
| ૧૩ | પૂજાની ક્રિયા પ્રણિધાનાદિ આશય રહિત હોવાથી દ્રવ્યક્રિયા છે તેથી દ્રવ્યસ્તવ કહેવાય છે, એ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ, 'સ્તવ'ની વ્યાખ્યા, પ્રણિધાનાદિ | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | પાંચ શુભાશયો, પુષ્પાદિથી થતી પૂજાને અપ્રધાનદ્રવ્ય-સ્તવરૂપે સ્વીકારવાની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ, અપૂર્વત્વપ્રતિસંધાન, વિસ્મય, ભવભયાદિ વૃદ્ધિના ભાવ અને અભાવ દ્વારા પ્રધાનદ્રવ્યસ્તવ અને અપ્રધાનદ્રવ્યસ્તવ, ચૈત્યવંદનના અંતે કરાતા પ્રણિધાનાદિ વિશિષ્ટતર, ચૈત્યવંદનની પૂર્વે પૂજાકાળમાં સામાન્ય પ્રણિધાન, ચૈત્યવંદનના અંતે કરાતા પ્રણિધાનાદિ ભિન્ન કેમ છે ? એ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું પૂજાપંચાશકની સાક્ષી દ્વારા સમાધાન, પ્રાર્થનાગત ચિત્તની એકાગ્રતારૂપ પ્રણિધાન, સદ્ધર્મવ્યાપારમાં પ્રવર્તનરૂપ પ્રવૃત્તિ, પ્રણિધાનજનિત શુભભાવથી જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નનો જય, નિરાકુળપ્રવૃત્તિથી પ્રસ્તુત ધર્મવ્યાપારોની નિષ્પત્તિરૂપ સિદ્ધિ, સિદ્ધ થયેલા ધર્મનો સ્વગત-પરગત સ્થિરરૂપે આધાન તે સ્થિરીકરણ-વિનિયોગ, કુશળપ્રવૃત્તિ વગેરેની પ્રાપ્તિના કારણે ચૈત્યવંદનના અંતે કરાતી પ્રાર્થના બોધિપ્રાર્થનાસદૃશ અનિદાનરૂપ. પ્રણિધાનપૂર્વકની પ્રવૃત્તિથી ઇષ્ટસિદ્ધિ, પ્રણિધાનપૂર્વકનું ચૈત્યવંદન ભાવાનુષ્ઠાન હોવાને કારણે સકલ કલ્યાણકર, પ્રણિધાન વગરનું ચૈત્યવંદન દ્રવ્યાનુષ્ઠાન, ચૈત્યવંદનના અંતે કરાતું પ્રણિધાન મોક્ષાંગપ્રાર્થનારૂપ હોવાથી અનિદાનરૂપ, ઔદયિકભાવાંશમાં તીર્થંકરપણાની પ્રાર્થના નિદાનરૂપ અને ક્ષાયિકભાવાંશમાં અનિદાનરૂપ, પ્રમત્તસંયત ગુણસ્થાનક સુધીના જીવોને મોક્ષાંગ પ્રાર્થના આવશ્યક, સાભિષ્વંગ મોક્ષાંગપ્રાર્થનારૂપ નિદાન નિરભિષ્વંગનો હેતુ હોવાને કારણે સૂત્રમાં મોક્ષાંગ પ્રાર્થનાની અનુમતિ, સાભિષ્વંગ તીર્થંકરપણું ભવપ્રતિબદ્ધ, | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | તીર્થંકરપણાની વિભૂતિના અકામ્યપણાને આશ્રયીને દિગંબરે કહેલ સાક્ષીનો રહસ્યાર્થ, નિરભિષ્વંગ તીર્થંકરત્વની પ્રાર્થના અદુષ્ટ, કુશળ અનુષ્ઠાનથી તીર્થંકરની પ્રાપ્તિ, તીર્થંકરનું સ્વરૂપ, ઉભયભાવ ઉપરાગવાળી તીર્થંકરની પ્રાર્થનાનું સ્વરૂપ. | ૧૧૫-૧૫૦ |

# શ્રી પ્રવિણભાઇ પંડિત વિવેચિત પુસ્તકોની યાદી

(૧) યોગવિંશિકા શબ્દશઃ વિવેચન *

(૨) અધ્યાત્મઉપનિષત્ શબ્દશઃ વિવેચન

(૩) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ

(૪) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ

(૫) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧

(૬) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨

(૭) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩

(૮) આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન

(૯) સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઇ શબ્દશઃ વિવેચન

(૧૦) અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧

(૧૧) પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧

(૧૨) પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨

(૧૩) કૂપદૃષ્ટાંતવિશદીકરણ શબ્દશઃ વિવેચન

* અનુપલબ્ધ પુસ્તકો

ॐ ह्रीँ श्री अर्हं नमः

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

श्री महावीरपरमात्मने नमः

न्यायाचार्य-न्यायविशारद-महामहोपाध्याय

श्रीमद् यशोविजयवाचकविरचितस्वोपज्ञवृत्तियुत

# कूपदृष्टान्तविशदीकरणप्रकरणम्

ऐन्द्रश्रीर्यत्पदाब्जे विलुठति सततं राजहंसीव यस्य,
ध्यानं मुक्तेर्निदानं प्रभवति च यतः सर्वविद्याविनोदः ।
श्रीमन्तं वर्धमानं त्रिभुवनभवनाभोगसौभाग्यलीला-
विस्फूर्जत्केवलश्रीपरिचयरसिकं तं जिनेन्द्रं भजामः ।।१।।

सिद्धान्तसुधास्वादी परिचितचिन्तामणिर्नयोल्लासी ।
तत्त्वविवेकं कुरुते न्यायाचार्यो यशोविजयः ।।२।।

-: ટીકાકારનું મંગલાચરણ :-

શ્લોકાર્થ :-

જેમના ચરણકમળમાં ઈન્દ્ર સંબંધી લક્ષ્મી રાજહંસીની જેમ હંમેશાં આળોટે છે, જેમનું ધ્યાન મુક્તિનું કારણ છે, અને જેમનાથી સર્વ વિદ્યાઓનો વિનોદ=આનંદ, ઉત્પન્ન થાય છે એવા અને ત્રણ ભુવનમાં ભવન=વર્તતા, જે ભાવો તેના આભોગરૂપ=જ્ઞાનના ઉપયોગરૂપ, સૌભાગ્યની લીલાથી પ્રગટ થતી કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીના પરિચયમાં રસિક એવા શ્રીમાન્ તે વર્ધમાન જિનેન્દ્રને અમે ભજીએ છીએ. ।।૧।।

**સિદ્ધાંતરૂપી અમૃતનો આસ્વાદ કરનારા, તત્ત્વચિંતામણિ ગ્રંથના પરિચયવાળા, સર્વ નયોમાં ઉલ્લાસવાળા=સર્વ નયોને યથાસ્થાને યોજવામાં ઉલ્લાસવાળા, ન્યાયાચાર્ય યશોવિજયજી મહારાજા તત્ત્વવિવેક નામની ટીકાને કરે છે=કૂપદૃષ્ટાંતવિશદીકરણ ઉપર તત્ત્વવિવેક નામની ટીકાને કરે છે. ॥૨॥**

❖ પ્રસ્તુત શ્લોકમાં '**ऐन्द्रश्री**' પદ તીર્થંકરની બાહ્ય સંપત્તિને બતાવે છે.

❖ '**यत्पदाब्जे**' અહીં ષષ્ઠી તત્પુરુષસમાસ છે તેથી '**यस्य पदाब्जे**' એ પ્રમાણે સમાસ ખોલવાનો છે. તેનો અર્થ જેના=પરમાત્માના, ચરણકમલમાં એ પ્રમાણે છે.

❖ '**यस्य ध्यानं मुक्तेर्निदानं**' = વીતરાગનું ધ્યાન વીતરાગભાવ તરફ લઈ જાય છે, જે કર્મનો નાશ કરી મુક્તિનું અંતરંગ કારણ બને છે.

❖ '**यतः सर्व विद्याविनोदः प्रभवति**' ભગવાનના આ વિશેષણ દ્વારા, ભગવાને સર્વ કળાઓ બતાવી જગતના જીવોને સન્માર્ગમાં સ્થિર કર્યા, અનાચારનું ઉન્મૂલન કર્યું અને ભગવાને હિત કરનારી પ્રવૃત્તિ બતાવી, જેનાથી જગતના જીવોને આનંદની પ્રાપ્તિ થાય છે, એમ બતાવેલ છે.

❖ '**त्रिभुवन.....परिचयरसिकं**' આ વિશેષણ દ્વારા, ભગવાનને છદ્મસ્થ અવસ્થામાં કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરવામાં રસ હતો, અન્યત્ર ક્યાંય રસ ન હતો, તેથી સંયમ ગ્રહણ કર્યા પછી પરમાત્મા સતત કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને પામવા માટે પ્રયત્નશીલ હતા, એ પ્રમાણે નિર્દેશ કરાયેલ છે.

❖ તત્ત્વવિક=કૂપદૃષ્ટાંતમાં રહેલ તત્ત્વનો વિવેક, તે બતાવવા ટીકાનું નામ તત્ત્વવિવેક રાખેલ છે.

**અવતરણિકા :-**

**तत्रेयमिष्टदेवतानमस्कारपूर्वकं प्रतिज्ञागर्भां प्रथमगाथामाह -**

**અવતરણિકાર્થ :-**

**ઇષ્ટદેવતાને નમસ્કારપૂર્વક પ્રતિજ્ઞાયુક્ત આ પ્રથમ ગાથાને કહે છે-**

❖ અહીં '**तत्र**' શબ્દ વાક્યપ્રસ્તાવ અર્થક છે.

પ્રસ્તુત ગાથામાં ઇષ્ટદેવતાને નમસ્કાર કરવામાં આવેલ છે અને કૂપદૃષ્ટાંતના વિશદીકરણની પ્રતિજ્ઞા કરેલ છે.

**ગાથા :-**

**नमिऊण महावीरं तियसिंदणमंसियं महाभागं ।**
**विसईकरेमि सम्मं दव्वथए कूवदिट्ठंतं ।।१।।**

**છાયા :-**

(नत्वा महावीरं त्रिदशेन्द्रैर्नमस्कृतं महाभागम् ।
विशदीकरोमि सम्यक् द्रव्यस्तवे कूपदृष्टान्तम् ।।१।।)

**અન્વય :-**

त्रिदशेन्द्रैर्नमस्कृतं महाभागं महावीरं नत्वा द्रव्यस्तवे कूपदृष्टान्तं सम्यक् विशदीकरोमि ।।१।।

**ગાથાર્થ :-**

**ઈન્દ્રો વડે નમસ્કાર કરાયેલા, મહાભાગ=મહાપ્રભાવશાળી અથવા મોટી કેવલજ્ઞાનરૂપી શોભાવાળા, શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરીને દ્રવ્યસ્તવમાં=દ્રવ્યસ્તવ વિષયક, કૂપદૃષ્ટાંતને સમ્યગ્ રીતે હું વિશદ કરું છું. ।।૧।।**

**ટીકા :-**

**नत्वा महावीरं त्रिदशेन्द्रैर्नमस्कृतं, महाभागं महानुभावं, महती आभा=केवलज्ञानशोभा, तां गच्छति यः स तथा तमिति वा । विशदीकरोमि =निश्चितप्रामाण्यकज्ञानविषयतया प्रदर्शयामि । सम्यक्= असम्भावनाविपरीत-भावनानिरासेन, द्रव्यस्तवे स्वपरोपकारजनकत्वान्निर्दोषतया साध्ये इति शेषः । कूपदृष्टान्तं=अवटदृष्टान्तं, धूमवत्त्वाद्वह्निमत्तया साध्ये पर्वते महानसं दृष्टान्त इतिवदयं प्रयोगः ।**

**ટીકાર્થ :-**

नत्वा ..... प्रयोगः । દેવેન્દ્રો વડે નમસ્કાર કરાયેલા શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરીને, મહાનુભાવ=મહાપ્રભાવશાળી, અથવા મહાભાગનો બીજી રીતે

**અર્થ કરતાં કહે છે - મોટી કેવલજ્ઞાનરૂપી શોભાને જે પામે છે તે, તેવા પ્રકારના=મહાભાગ, તેમને=મહાભાગ એવા મહાવીરસ્વામીને, નમસ્કાર કરીને, હું કૂપદૃષ્ટાંતને વિશદ કરું છું, એ પ્રમાણે અન્વય જાણવો.**

**અહીં 'વિશદ કરું છું' તેનો અર્થ કર્યો કે નિશ્ચિત પ્રામાણ્યકજ્ઞાનના વિષયરૂપે કૂપદૃષ્ટાંતને હું બતાવું છું.**

**'સમ્યક્' નો અર્થ કર્યો કે અસંભાવના અને વિપરીતભાવનાના નિરાસથી હું કૂપદૃષ્ટાંતને બતાવું છું.**

**આ કૂપદૃષ્ટાંત શાસ્ત્રમાં દ્રવ્યસ્તવમાં બતાવેલ છે.**

**દ્રવ્યસ્તવ (પક્ષ), નિર્દોષ છે (સાધ્ય), કેમ કે સ્વ-પર ઉપકારજનક છે (હેતુ), જેમ કે કૂપદૃષ્ટાંત (ઉદાહરણ), આ અનુમાનપ્રયોગમાં ઉદાહરણ તરીકે કૂવાનું દૃષ્ટાંત આપેલ છે.**

**જેમ - પર્વત અગ્નિવાળો છે, કેમ કે ધૂમાડાવાળો છે જેમ- મહાનસ. અહીં પર્વતમાં 'ધૂમવત્ત્વ હોવાથી વહ્નિમત્ત્વ' સાધ્યમાં જેમ દૃષ્ટાંત મહાનસનું=રસોડાનું, આપેલ છે, તેની જેમ દ્રવ્યસ્તવમાં સ્વ-પર પરોપકારપણું હોવાથી નિર્દોષપણારૂપ સાધ્યમાં કૂપનું દૃષ્ટાંત આપેલ છે.**

**ભાવાર્થ :-**

અહીં 'દેવેન્દ્રોથી નમાયેલા' એ ભગવાનનું વિશેષણ કહ્યું તેના દ્વારા ભગવાનની જગત્પૂજ્યતા બતાવેલ છે.

'મહાભાગ' એ ભગવાનનું વિશેષણ કહ્યું તેનો એક અર્થ એ કર્યો કે ભગવાન મોટા અનુભાવવાળા છે=મોટા પ્રભાવવાળા છે. બીજો અર્થ એ કર્યો કે કેવલજ્ઞાનરૂપી મોટી શોભાને પામેલા છે, એવા શ્રી વીરભગવાનને નમસ્કાર કરીને હું=ગ્રંથકારશ્રી, કૂપદૃષ્ટાંતને વિશદ કરું છું.

ત્યાં 'વિશદ કરું છું' તેનો અર્થ કર્યો એ કે નિશ્ચિત પ્રામાણ્યકજ્ઞાનના વિષયપણારૂપે=ગ્રંથકારશ્રીને પોતાને નિશ્ચિત થયેલા એવા યથાર્થજ્ઞાનના વિષયરૂપે, કૂપદૃષ્ટાંતને કહેવું છે.

આ કથનથી એ ફલિત થાય છે કે કૂપદૃષ્ટાંતને કહેનારાં શાસ્ત્રવચનોને પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ સારી રીતે વિચાર્યાં છે, અને તેનાથી નિશ્ચિત થયેલ જે યથાર્થજ્ઞાન છે તેના વિષયરૂપે કૂપદૃષ્ટાંતને આ ગ્રંથમાં તેઓશ્રી બતાવે છે.

અહીં 'સમ્યક્'નો અર્થ કર્યો કે અસંભાવના અને વિપરીત ભાવનાના નિરાસથી હું કૂપદૃષ્ટાંતને બતાવું છું.

આનાથી એ કહેવું છે કે કોઇ વ્યક્તિને કૂપદૃષ્ટાંતનું યોજન અસંભાવનારૂપે દેખાય; કેમ કે કૂપદૃષ્ટાંતમાં તો કૂવો ખોદનાર જીવ કાદવથી ખરડાય છે, જ્યારે ભગવાનની પૂજામાં પૂજા કરનાર જીવ કર્મથી ખરડાતો નથી, માટે કૂપદૃષ્ટાંતનું યોજન ભગવાનની પૂજામાં થઇ શકે નહીં.

વળી, કોઇ વ્યક્તિને વિપરીત ભાવના થાય કે જેમ કૂવો ખોદનાર જીવ કાદવથી લેપાય છે તેમ ભગવાનની પૂજા કરનારને પણ કર્મબંધ થાય છે, કેમ કે શાસ્ત્રમાં કૂપદૃષ્ટાંતથી જિનપૂજાને બતાવેલ છે. તેથી ભગવાનની પૂજા કરવાને બદલે સામાયિક કરવામાં આવે તો કર્મથી જીવ ખરડાતો નથી, જ્યારે ભગવાનની પૂજામાં તો પ્રથમ કર્મથી ખરડાવું પડે પછી પૂજાની ક્રિયાથી શુદ્ધિ થાય છે. આ રીતે કોઇ વ્યક્તિ વિપરીત ભાવના કરે તો તે બંનેના=અસંભાવના અને વિપરીત ભાવનાના, નિરાકરણપૂર્વક ગ્રંથકારશ્રી કૂપદૃષ્ટાંતને વિશદ કરતાં બતાવે છે, આ ભાવ 'સમ્યક્' શબ્દથી કહેલ છે.

'**द्रव्यस्तवे**' જેમ '**पर्वतो वह्निमान् धूमात्**' એ પ્રકારના અનુમાનમાં '**पर्वतत्वेन**' પર્વત પક્ષ છે, '**वह्निमत्त्वेन**' પર્વત સાધ્ય છે અને '**धूमवत्त्वेन**' પર્વત હેતુ છે. તેની જેમ પ્રસ્તુતમાં '**द्रव्यस्तवत्वेन**' દ્રવ્યસ્તવ એ પક્ષ છે, '**स्वपरोपकारजनकत्वेन**' દ્રવ્યસ્તવ હેતુ છે અને '**निर्दोषत्वेन**' દ્રવ્યસ્તવ સાધ્ય છે. તે આ રીતે -

દ્રવ્યસ્તવ એ ભગવાનની પૂજારૂપ છે અને ભગવાનની પૂજાને જોઇને યોગ્ય જીવોને બીજાધાન થાય છે, તેથી દ્રવ્યસ્તવ કરનારને ભક્તિરૂપે, અને દ્રવ્યસ્તવની અનુમોદના કરનારને ભક્તિની અનુમોદનારૂપે દ્રવ્યસ્તવ ઉપકાર કરનાર થાય છે; તે પ્રત્યક્ષ સિદ્ધ છે. અને તેના દ્વારા દ્રવ્યસ્તવની ક્રિયામાં લેશ પણ કર્મબંધ નથી તે સિદ્ધ કરીને દ્રવ્યસ્તવની નિર્દોષતાનું અનુમાન કરાય છે.

જેમ પર્વતમાં ધૂમવત્ત્વ પ્રત્યક્ષ સિદ્ધ છે અને તેનાથી વહ્નિમત્ત્વનું અનુમાન થાય છે અને ત્યાં મહાનસનું દૃષ્ટાંત છે; તેમ વિચારકને દ્રવ્યસ્તવની ક્રિયાથી સ્વ-પરનો ઉપકાર દેખાય છે; કેમ કે દ્રવ્યસ્તવ કરતાં પોતાને અને દ્રવ્યસ્તવની અનુમોદના કરનાર પરને શુભભાવ થતો દેખાય છે, તેથી નક્કી થાય છે કે દ્રવ્યસ્તવમાં લેશ પણ કર્મબંધ નથી. આ પ્રકારની સિદ્ધિ કૂપદૃષ્ટાંતના બળથી પ્રસ્તુતમાં કરેલ છે.

**ટીકા :-**

**अत्र च भगवतश्चत्वारो मूलातिशयाः प्रतिपादिताः । तथाहि-महावीरमित्यनेन -**

विदारयति यत्कर्म, तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ।।१।। इति

**इति निरुक्तात्सकलापायमूलभूतकर्मविदारणक्षमतपोवीर्यविराजमानत्वाभिधानादपायापगमातिशयः १, त्रिदशेन्द्रनमस्कृतमित्यनेन पूजातिशयः २, महाभागमित्यनेन ज्ञानातिशयः प्रतिपादितः ३, वचना-तिशयश्च सामर्थ्यगम्य इति ४ ।।१।।**

**ટીકાર્થ :-**

**अत्र च.....अपायापगमातिशयः १, અને અહીં=મૂળ ગાથા-૧માં, ભગવાનના ચાર મૂળ અતિશયો પ્રતિપાદન કરાયા, તે આ પ્રમાણે -**

**विदारयति.....स्मृतः' ।। એ શ્લોકમાં કહેલ 'વીર' શબ્દની વ્યુત્પત્તિથી, સકળ અપાયના મૂળભૂત એવા કર્મના નાશ માટે સમર્થ એવા તપ અને વીર્યથી વિરાજમાનપણાનું=શોભાયમાનપણાનું, અભિધાન હોવાથી, 'મહાવીર' એ પ્રકારે શબ્દ વડે અપાયાપગમાતિશય કહેલ છે.**

'विदारयति.....स्मृतः' ।।१।। **એ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે -**

જે કારણથી કર્મનું વિદારણ કરે છે અને તપથી શોભે છે અને તપ અને વીર્યથી યુક્ત છે, તે કારણથી 'વીર' એ પ્રમાણે કહેવાયેલ છે.

**ભાવાર્થ :-**

મૂળગાથામાં 'મહાવીરસ્વામીને નમસ્કાર કરીને' એમ કહ્યું, એ શબ્દ વડે ભગવાનનો અપાયાપગમાતિશય કહેલ છે; કેમ કે 'વીર' શબ્દમાં 'વી' શબ્દ વિદારણ અર્થમાં છે અને 'ર' શબ્દ राज्=શોભવું, એ અર્થમાં છે. તેથી 'વીર' શબ્દની વ્યુત્પત્તિ આ રીતે થાય છે-

જે કારણથી આત્મા ઉપર લાગેલાં કર્મોનું વિદારણ=કર્મોનો નાશ, કરે છે અને તપરૂપી ગુણથી શોભાયમાન છે, તે જીવ તપરૂપી ગુણ અને કર્મવિદારણમાં સમર્થ એવા વીર્ય એ બે ભાવોથી યુક્ત છે, તે કારણથી 'વીર' છે. આ પ્રકારની 'વીર' શબ્દની વ્યુત્પત્તિથી, સકલ અનર્થોના કારણભૂત એવાં કર્મોના નાશમાં સમર્થ એવા વીર્યવાળા અને તપરૂપી ગુણથી શોભાયમાન છે, એ પ્રકારનું કથન 'મહાવીર' શબ્દથી થાય છે, માટે 'મહાવીર' શબ્દ દ્વારા અપાયાપગમાતિશય બતાવેલ છે= ભગવાનમાં, અપાય કરનાર એવા મોહનીયકર્મના અપગમરૂપ અતિશયને બતાવેલ છે.

**ટીકાર્થ :-**

**त्रिदशेन्द्र.....पूजातिशयः २, મૂળ ગાથામાં 'त्रिदशेन्द्रनमस्कृतं' કહ્યું એ શબ્દ દ્વારા પૂજાતિશય કહેલ છે.**

**महाभाग.....प्रतिपादितः ३, મૂળ ગાથામાં 'महाभाग' કહ્યું એનાથી જ્ઞાનાતિશય કહેલ છે.**

**वचनातिशयश्च.....इति ४ ।। १ ।। અને વચનાતિશય મૂળ ગાથામાં શબ્દ દ્વારા કહેવાયેલ નથી, પરંતુ સામર્થ્યગમ્ય છે=મૂળ ગાથામાં સાક્ષાત્ કોઈ શબ્દથી વચનાતિશયનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ ત્રણ અતિશયો બતાવ્યા તેના સામર્થ્યથી વચનાતિશય ચોથો અતિશય છે, તેમ જણાય છે. ॥૧॥**

**અવતરણિકા :-**

**प्रतिज्ञातमेवाह -**

**અવતરણિકાર્થ :-**

**પ્રતિજ્ઞાતને જ કહે છે=ગાથા-૧માં દ્રવ્યસ્તવવિષયક કૂપદૃષ્ટાંતને વિશદ કરવાની પ્રતિજ્ઞા કરી તેને જ કહે છે -**

**ગાથા :-**

सपरोवयारजणगं जणाण जह कूवखणणमाइट्ठं ।
अकसिणपवत्तगाणं तह दव्वथओ वि विण्णेओ ।।२।।

**છાયા :-**

(स्वपरोपकारजनकं जनानां यथा कूपखननमादिष्टम् ।
अकृत्स्नप्रवर्त्तकानां तथा द्रव्यस्तवोऽपि विज्ञेयः ।।२।।)

**અન્વય :-**

यथा जनानां कूपखननमादिष्टं स्वपरोपकारजनकं, तथा अकृत्स्नप्रवर्त्तकानां द्रव्यस्तवोऽपि विज्ञेयः ।।२।।

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે લોકોની કૂપખનનની પ્રવૃત્તિ સ્વ-પર ઉપકારજનક કહેવાયેલી છે, તે પ્રમાણે સંપૂર્ણ સંયમમાં નહીં પ્રવર્તતા એવા ગૃહસ્થોનો દ્રવ્યસ્તવ પણ સ્વ-પર ઉપકારજનક જાણવો. ।।૨।।**

**ટીકા :-**

**यथा जनानां कूपखननं निर्मलजलोत्पादनद्वारा स्वपरोपकार-जनकमादिष्टम्, एवं अकृत्स्नप्रवर्त्तकानां=कृत्स्नसंयमेऽप्रवृत्तिमतां, गृहिणां द्रव्यस्तवोऽपि स्नानपूजादिकः करणानुमोदनद्वारेण स्वपरयोः पुण्यकारणं विज्ञेयः । दृष्टान्ते उपकारो द्रव्यात्मा, दार्ष्टान्तिके च भावात्मेति भावः ।**

**ટીકાર્થ :-**

यथा जनानां.....भावात्मेति भावः ।।२।। **જે પ્રકારે લોકોને કૂપખનનની ક્રિયા નિર્મળ જળની પ્રાપ્તિ દ્વારા સ્વ-પર ઉપકારજનક કહેવાય છે, એ પ્રકારે સંપૂર્ણ સંયમમાં પ્રવૃત્ત નહીં થયેલા ગૃહસ્થોને સ્નાનપૂજાદિક દ્રવ્યસ્તવ પણ કરણ અને અનુમોદન દ્વારા સ્વ-પરને પુણ્યનું કારણ જાણવો. કૂપખનન દૃષ્ટાંતમાં (સ્વ-પરને નિર્મળ જળ પ્રાપ્તિરૂપ) દ્રવ્યરૂપ ઉપકાર છે, અને દાર્ષ્ટાન્તિકમાં (સ્વ-પરને પુણ્યબંધાદિરૂપ) ભાવરૂપ ઉપકાર છે, એ પ્રમાણે તાત્પર્ય છે. ।।૨।।**

**ભાવાર્થ :-**

જેમ કોઈ જીવ કૂવો ખોદવાની ક્રિયા કરે તો કૂવો ખોદવાની ક્રિયાથી નિર્મળ

જળની પ્રાપ્તિ થાય છે અને તેનાથી પોતાને અને બીજા જીવોને ઉપકાર થાય છે, એ જ રીતે દેશવિરતિધર શ્રાવક ભગવાનની પૂજા માટે સ્નાન કરે, સ્વશરીર ઉપર ચંદનનું વિલેપન કરે, ભગવાનની પુષ્પપૂજા કરે તથા ભગવાનની આગળ ધૂપ, દીપ પ્રગટાવે, ફળ-નેવૈદ્યાદિ ચડાવે, જિનમંદિર આદિ નિર્માણ કરે, તે સર્વે પણ દ્રવ્યસ્તવ કરનારને પુણ્યાનુબંધી પુણ્યનું કારણ બને છે, અને યોગ્ય જીવો દ્રવ્યસ્તવની અનુમોદના કરીને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે, તેથી દ્રવ્યસ્તવ સ્વ-પરને ઉપકારજનક છે.

અહીં કૂવો ખોદવાની ક્રિયામાં જળની પ્રાપ્તિરૂપ બાહ્ય ઉપકાર થાય છે અને ભગવાનની પૂજામાં સંસારના ઉચ્છેદના અનન્યકારણરૂપ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય છે. જો કે ભગવાનની પૂજાથી નિર્જરા પણ થાય છે તો પણ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જનની પ્રધાનતાને કારણે દ્રવ્યસ્તવને પુણ્યનું કારણ કહેલ છે જે ભાવઉપકારરૂપ છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**नन्वियं योजनाऽभयदेवसूरिणैव (चतुर्थ) पञ्चाशकवृत्तौ दूषिताऽन्यथायोजना च कृता । तथाहि -**

"ण्हाणाइवि जयणाए, आरंभवओ गुणाय णियमेणं ।
सुहभावहेउओ खलु विण्णेयं कूवणाएणं" ।।१०।।

स्नानाद्यपि=देहशौचप्रभृतिकमपि आस्तां पूजार्चादि, आदिशब्दाद्विलेपनादिग्रहः, गुणायेति योगः, यतनया=रक्षयितुं शक्यजीवरक्षणरूपया । तत्किं साधोरपीत्याशङ्क्याह आरम्भवतः=स्वजनधनगेहादिनिमित्तं कृष्यादिकर्मभिः पृथिव्यादिजीवोपमर्दयुक्तस्य गृहिण इत्यर्थः, न पुनः साधोः, तस्य सर्वसावद्ययोगविरतत्वाद् भावस्तवारूढत्वाच्च । भावस्तवारूढस्य हि स्नानादिपूर्वकद्रव्यस्तवोऽनादेय एव, भावस्तवार्थमेव तस्याश्रयणीयत्वात्, तस्य च स्वत एव सिद्धत्वात् । इमं चार्थं प्रकरणान्तरे स्वयमेव वक्ष्यतीति । गुणाय=पुण्यबन्धलक्षणोपकाराय, नियमेन=अवश्यम्भावेन । अथ कथं स्वरूपेण सदोषमप्यारम्भिणो गुणायेत्याह-'सुहभावहेउओ'त्ति लुप्तभावप्रत्ययत्वेन निर्देशस्य, शुभभावहेतुत्वात्=प्रशस्तभावनिबन्धनत्वाज्जिनपूजार्थस्नानादेः, अनुभवन्ति च केचित्स्नानपूर्वकं जिनार्चनं विदधानाः शुभभावमिति । खलुर्वाक्यालङ्कारे, विज्ञेयं=ज्ञातव्यम् ।

अथ गुणकरत्वमस्य शुभभावहेतुत्वात्कथमिव ज्ञेयमित्याहकूपज्ञातेन= अवटोदाहरणेन । इह चैवं साधनप्रयोगः 'गुणकरमधिकारिणः किञ्चित्सदोषमपि स्नानादि, विशिष्टशुभभावहेतुत्वाद्, यद् विशिष्टशुभभावहेतुभूतं तद् गुणकरं दृष्टं यथा कूपखननं, विशिष्टशुभभावहेतुश्च यतनया स्नानादि, ततो गुणकरमि'ति । कूपखननपक्षे शुभभावः तृष्णादिव्युदासेनाऽऽनन्दाद्यवाप्तिरिति । इदमुक्तं भवति- यथा कूपखननं श्रमतृष्णाकर्दमोपलेपादिदोषदुष्टमपि जलोत्पत्तावनन्तरोक्तदोषानपोह्य स्वोपकाराय परोपकाराय च भवत्येवं स्नानादिकमप्यारम्भदोषमपोह्य शुभाध्यवसायोत्पादनेन विशिष्टाशुभकर्मनिर्जरणपुण्यबन्धकारणं भवतीति ।

इह केचिन्मन्यन्ते पूजार्थस्नानादिकरणकालेऽपि निर्मलजलकल्पशुभाध्यवसायस्य विद्यमानत्वेन कर्दमलेपादिकल्पपापाभावाद्विषममिदमुदाहरणम्, ततः किलेदमित्थं योजनीयं, यथा कूपखननं स्वपरोपकाराय भवत्येवं स्नानपूजादिकं करणानुमोदनद्वारेण स्वपरयोः पुण्यकारणं स्यादिति । नचैतदागमानुपाति, यतो धर्मार्थप्रवृत्तावप्यारम्भजनितस्याल्पस्य पापस्येष्टत्वात्, कथमन्यथा भगवत्यामुक्तं 'तहारूवं समणं वा माहणं वा पडिहयपच्चक्खायपावकम्मं अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणे भंते ! किं कज्जइ ? गोयमा ! अप्पे पावे कम्मे बहुतरया से णिज्जरा कज्जइ' । तथा ग्लानप्रतिचरणानन्तरं पञ्चकल्याणकप्रायश्चित्तप्रतिपत्तिरपि कथं स्यात् ? इत्यलं प्रसङ्गेनेति गाथा इति' ।

**तदेतन्निह्नुवतां कूपदृष्टान्तविशदीकरणं काकपक्षविशदीकरणवदुपहासपात्रतामभिव्यनक्ति, स्वसम्मताभियुक्तवचनविरुद्धत्वादित्याशङ्कायां नाभियुक्तवचनविरोधो बोधोन्मुखानामवभासते, तस्य भिन्नतात्पर्यकत्वादित्याशयवानाह –**

**અવતરણિકાર્થ :-**

'ननु' એ શંકા અર્થમાં છે. આ યોજના=કૂપદૃષ્ટાંતની આ યોજના, પૂ. અભયદેવસૂરિ મહારાજ વડે પંચાશકની વૃત્તિમાં દૂષિત કરાયેલ છે, અને

**અન્યથા યોજના કરાયેલ છે=કૂપદૃષ્ટાંતની યોજના અન્ય રીતે કરાયેલ છે. પંચાશકનો પાઠ 'तथाहि' થી બતાવે છે –**

**तथाहि – તે આ પ્રમાણે -**

ण्हाणाइवि ..... कूवणाएणं ।। શુભ ભાવનું હેતુપણું હોવાને કારણે કૂપદૃષ્ટાંતથી આરંભવાળાને યતનાપૂર્વક સ્નાન વગેરે પણ નક્કી ગુણ માટે જાણવું. ।।૧૦।।

स्नानाद्यपि ..... इति योगः, કહ્યું ત્યાં 'अपि' થી એ સમુચ્ચય કરવો છે કે, શ્રાવકને પૂજા તો ગુણકારી થાય છે, પણ સ્નાનાદિ પણ=દેહ-શૌચ આદિ પણ, ગુણકારી થાય છે. એ પ્રમાણે યોગ=સંબંધ છે.

'स्नानादि' અહીં 'आदि' શબ્દથી વિલેપનાદિનું ગ્રહણ કરવું=પૂજા કરનાર વ્યક્તિ પોતાના દેહ ઉપર ઉત્તમ દ્રવ્યોનું જે વિલેપન કરે છે, તેનું ગ્રહણ કરવું.

यतनया ..... विरतत्वाद्, યતનાથી સ્નાનાદિ ગુણકારી થાય છે એમ કહ્યું ત્યાં 'યતના' એટલે રક્ષણ કરવા માટે શક્ય જીવરક્ષણરૂપ યતના સમજવી. તે=સ્નાનાદિક શું સાધુને પણ (ગુણકારી) થાય ? એ પ્રમાણે શંકા કરીને કહે છે -

આરંભવાળાને=સ્વજન-ઘર આદિ નિમિત્તે કૃષિ આદિ=ખેતી વગેરે, કર્મ વડે પૃથિવી આદિ જીવના ઉપમર્દનમાં=નાશમાં, યુક્ત એવા ગૃહસ્થોને (ગુણકારી) થાય, પરંતુ સાધુને નહિ, કેમ કે તેનું=સાધુનું, સર્વસાવદ્યયોગથી વિરતપણું છે.

અહીં સર્વસાવદ્યયોગથી વિરતપણું કહ્યું, તેથી સાધુ આરંભ-સમારંભ ન કરે, પણ સંયમની રક્ષા માટે નદી ઊતરે છે, તેનાથી રત્નત્રયીની વૃદ્ધિ થાય છે, તેમ ભાવની વૃદ્ધિ માટે સાધુએ દ્રવ્યસ્તવ કરવું જોઈએ, અને તેના માટે સ્નાનાદિ કરે તો શું વાંધો છે ? તેથી કહે છે -

भावस्तव ..... अनादेय एव, અને ભાવસ્તવમાં આરૂઢપણું છે; (તેથી સાધુને દ્રવ્યસ્તવ ગુણ માટે નથી.) જે કારણથી ભાવસ્તવમાં આરૂઢને સ્નાનાદિપૂર્વક દ્રવ્યસ્તવ અનાદેય જ છે=ભાવસ્તવમાં આરૂઢને દ્રવ્યસ્તવની જરૂર નથી, અને તેના માટે સ્નાનાદિની પણ જરૂર નથી.

❖ 'भावस्तवारूढस्य हि' અહીં 'हि' શબ્દ 'यस्मात्' અર્થક છે.

ભાવસ્તવમાં આરૂઢને સ્નાનાદિપૂર્વક દ્રવ્યસ્તવ અનાદેય જ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

भावास्तवार्थमेव ..... वक्ष्यतीति ।ભાવસ્તવ માટે જ તેનું=દ્રવ્યસ્તવનું, આશ્રયણીયપણું છે=દ્રવ્યસ્તવ આશ્રય કરવા યોગ્ય છે, અને ભાવસ્તવ આરૂઢને તેનું= ભાવસ્તવનું, સ્વતઃ જ સિદ્ધપણું છે=દ્રવ્યસ્તવના આલંબન વગર જ સિદ્ધપણું છે, અને આ જ અર્થને પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા પંચાશક ગ્રંથના અન્ય પ્રકરણમાં સ્વયં જ કહેવાના છે.

❖ वक्ष्यतीति અહીં 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

गुणाय ..... अवश्यम्भावेन ।પંચાશક-૪/૧૦ મૂળ ગાથામાં જે કહ્યું કે, આરંભવાળાને શુભભાવનું હેતુપણું હોવાથી સ્નાનાદિ પણ નક્કી ગુણ માટે થાય છે, ત્યાં 'गुणाय'=ગુણ માટે=પુણ્યબંધ લક્ષણ ઉપકાર માટે થાય છે એમ સમજવું, અને 'नियमेन' નો અર્થ 'अवश्यम्भावेन'= નક્કી=અવશ્ય ગુણ માટે થાય છે તેમ કરવો.

अथ ..... स्नानादेः, અહીં પૂર્વપક્ષી કહે કે આરંભીને=આરંભવાળાને, સ્વરૂપથી જ સદોષ પણ સ્નાનાદિ કેવી રીતે ગુણ માટે થાય ? અર્થાત્ ન થાય. એથી કરીને કહે છે -

જિનપૂજા માટે સ્નાનાદિનું શુભભાવના હેતુપણાથી=પ્રશસ્ત ભાવના કારણપણાથી, આરંભીને ગુણ માટે થાય છે એમ અન્વય સમજવો. 'सुहभावहेउओ' त्ति 'શુભભાવના હેતુથી' કહ્યું ત્યાં નિર્દેશનું લુપ્ત ભાવપ્રત્યયપણું હોવાને કારણે હેતુનો અર્થ હેતુપણું કરવો.

❖ મૂળ પંચાશકની ૪/૧૦ ગાથામાં '**सुहभावहेउओ**' એ નિર્દેશ વચન છે; કેમ કે સ્નાનાદિને ઉદ્દેશીને 'શુભભાવનો હેતુ' એ પ્રમાણે નિર્દેશ કરેલ છે. અને તે નિર્દેશ વચનમાં ભાવઅર્થક 'त्व' પ્રત્યયનો લોપ થયેલો છે, તેથી તેનો અર્થ કરતી વખતે 'શુભભાવનો હેતુ હોવાથી' એના સ્થાને 'શુભભાવનું હેતુપણું હોવાથી' એમ અર્થ કરવો.

સ્નાનાદિ શુભભાવનો હેતુ છે, એ જ વાતને અનુભવથી દૃઢ કરે છે -

**अनुभवन्ति** ..... शुभभावमिति ।અને કેટલાક સ્નાનપૂર્વક જિનાર્ચનને કરતા (સ્નાનાદિમાં) શુભભાવને અનુભવે છે, એથી કરીને (સ્નાનાદિ શુભભાવનો) હેતુ છે.

❖ અહીં સ્નાનાદિપૂર્વક જિનપૂજામાં શુભભાવનો અનુભવ કરે છે, એમ કહેવું નથી, પરંતુ જિનપૂજા માટે જે સ્નાનાદિ કરે છે તેમાં પણ શુભભાવનો અનુભવ કરે છે. પૂજા કરનાર જીવને 'હું ભગવાનની પૂજા કરું છું' માટે ભગવાનની પૂજાના અંગભૂત એવા સ્નાનાદિને ભગવાનની આજ્ઞાનુસાર કરું, એ પ્રકારના શુભભાવપૂર્વક સ્નાનને કરે છે, ત્યારે સ્નાનની ક્રિયામાં પણ તેને શુભભાવનો અનુભવ થાય છે.

खलुः ..... ज्ञातव्यम् । પંચાશકની મૂળગાથા-૪/૧૦ માં 'खलु' શબ્દ છે તે વાક્યાલંકારમાં જાણવો.

'अथ ..... अवटोदाहरणेन ।' 'अथ' થી પ્રશ્ન કરે છે કે શુભભાવનું કારણપણું હોવાથી આનું=સ્નાનાદિનું, ગુણકરપણું કોની જેમ જાણવું ? એથી કરીને કહે છે - કૂપદૃષ્ટાંતથી જાણવું.

इह ..... साधनप्रयोगः અહીં=પંચાશકની મૂળ ગાથા-૪/૧૦ માં આ પ્રકારનો= આગળમાં કહેવાના છે એ પ્રકારનો, સાધનપ્રયોગ=અનુમાનપ્રયોગ, છે. તે અનુમાનપ્રયોગ બતાવે છે -

गुणकरम् ..... गुणकरमिति । કાંઈક સદોષ પણ સ્નાનાદિ (પક્ષ), અધિકારીને ગુણકર છે (સાધ્ય), વિશિષ્ટ શુભભાવનું હેતુપણું હોવાથી (હેતુ), જે વિશિષ્ટ શુભભાવનો હેતુ છે તે ગુણકર છે. જેમ - કૂપખનન (વ્યાપ્તિ સહિત દૃષ્ટાંત) અને યતનાથી સ્નાનાદિ વિશિષ્ટ શુભભાવનો હેતુ છે (ઉપનય), તેથી સ્નાનાદિ ગુણકર છે (નિગમન). આ રીતે પ્રસ્તુત અનુમાનપ્રયોગમાં પંચાવયવવાક્યનો પ્રયોગ બતાવેલ છે.

કૂપખનનમાં શુભભાવ શું છે તે બતાવે છે -

कूपखननपक्षे ..... अवाप्तिरिति । કૂપખનનપક્ષમાં શુભભાવ તૃષ્ણાદિના=તૃષાદિના, વ્યુદાસથી આનંદ વગેરેની પ્રાપ્તિ છે.

❖ अवाप्तिरिति અહીં 'इति' શબ્દ કથનની સમાપ્તિસૂચક છે.

કૂપખનન દૃષ્ટાંતથી સ્નાનાદિને ગુણકર કહ્યું, એનાથી શું કહેવાયું તે કહે છે -

इदमुक्तं भवति ..... भवतीति । આ કહેવાયેલું છે - જે રીતે કૂપખનન શ્રમ, તૃષ્ણા=તૃષા, કાદવના ઉપલેપાદિ દોષથી દુષ્ટ હોવા છતાં પણ જલની ઉત્પત્તિ થયે છતે અનંતરોક્ત દોષોને દૂર કરીને સ્વોપકાર માટે અને પરોપકાર માટે થાય છે; એ પ્રમાણે સ્નાનાદિક પણ દ્રવ્યસ્તવમાં થતાં આરંભદોષને દૂર કરીને શુભ અધ્યવસાયને ઉત્પન્ન કરવા દ્વારા વિશિષ્ટ અશુભ કર્મની નિર્જરા અને પુણ્યબંધનું કારણ બને છે.

❖ 'भवतीति' અહીં 'इति' શબ્દ છે તે 'इदमुक्तं भवति' થી કહેવાયેલા કથનની સમાપ્તિસૂચક છે.

इह केचिन्मन्यन्ते ..... योजनीयं, અહીં=કૂપખનન દૃષ્ટાંતથી સ્નાનાદિને ગુણકર કહ્યું તેમાં, કેટલાક માને છે કે પૂજા માટે સ્નાનાદિકરણ કાળમાં પણ=સ્નાનાદિ કરતી વખતે પણ, નિર્મળ જળસમાન શુભ અધ્યવસાયનું વિદ્યમાનપણું હોવાથી, કાદવના લેપાદિ સમાન પાપનો અભાવ હોવાથી આ=કૂપદૃષ્ટાંત, આ પ્રકારે=જે પ્રકારે ઉપરમાં પંચાશકના કથનમાં કહ્યું એ પ્રકારે, વિષમ=અસંગત છે. તેથી ખરેખર કૂપદૃષ્ટાંત આ પ્રકારે=હવે કહેવાશે એ પ્રકારે, યોજવું.

**यथा कूपखननं ..... स्यादिति** જેમ કૂપખનન સ્વ અને પરના ઉપકાર માટે થાય છે, એ પ્રકારે સ્નાન અને પૂજાદિક, કરણ અને અનુમોદના દ્વારા સ્વ-પરના પુણ્યનું કારણ થાય છે=કરણ દ્વારા સ્વને ઉપકારક બને છે અને અનુમોદન દ્વારા પરને પુણ્યનું કારણ થાય છે.

❖ '**स्यादिति**' અહીં 'इति' શબ્દ છે તે 'इह केचिन्मन्यन्ते' થી કહેલ કથનની સમાપ્તિસૂચક છે.

ઉપરમાં કેચિત્કારે જે કથન કહ્યું, તેનું પંચાશકના વૃત્તિકાર પૂજ્ય અભયદેવસૂરિ મહારાજ સાહેબ નિરાકરણ કરે છે -

न च ..... अनुपाति, આ=કેટલાકે કહ્યું એ, આગમ અનુપાતી=આગમાનુસારી, નથી. તેમાં હેતુ કહે છે -

यतो ..... इष्टत्वात्, જે કારણથી ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પપાપનું ઈષ્ટપણું છે.

कथम् ..... उक्तं અન્યથા=ધર્માર્થપ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પપાપનું ઈષ્ટપણું ન હોય તો, ભગવતી સૂત્રમાં કેવી રીતે કહેવાયું છે ? -

"तहारूवं ..... कज्जइ" । હે ભગવંત ! પ્રતિહતપ્રત્યાખ્યાનપાપકર્મવાળા તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણને અપ્રાસુક, અનેષણીય અશનાદિ વડે પ્રતિલાભ કરતો શું કરે છે ?

હે ગૌતમ ! અલ્પ પાપકર્મનો બંધ અને પાપકર્મની બહુતર=ઘણી, નિર્જરા કરે છે.

तथा ..... गाथार्थ इति । તે પ્રકારે ગ્લાનની પ્રતિચરણા=સેવા, પછી પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની પ્રતિપત્તિ પણ=પ્રાપ્તિ પણ, કઈ રીતે થાય ? એથી કરીને પ્રસંગ વડે સર્યું. આ પ્રમાણે પંચાશક મૂળગાથા-૪/૧૦ નો ગાથાર્થ છે.

❖ 'गाथार्थ इति' અહીં 'इति' શબ્દ પંચાશક મૂળગાથા-૪/૧૦ નો અર્થ અહીં પૂરો થાય છે. તે બતાવવા અર્થક છે.

**तदेतन्निह्नुवतां ..... आशयवानाह -- તે કારણથી=પૂ. અભયદેવસૂરિ મહારાજાએ 'કેચિત્'કારના મતને આગમઅનુપાતી નથી એમ કહ્યું તે કારણથી, આ=પંચાશકમાં કહેલ કૂપદૃષ્ટાંતના યોજનનું અપલાપ કરનાર એવા તમારું**

**કૂપદૃષ્ટાંતનું વિશદીકરણ, કાગડાની પાંખના વિશદીકરણની જેમ, પોતાને સંમત આપ્તવચનથી વિરુદ્ધપણું હોવાને કારણે ઉપહાસપાત્રતાને વ્યક્ત કરે છે. એ પ્રકારની આશંકા હોતે છતે ઉત્તર આપતાં કહે છે - બોધને સન્મુખ થયેલા જીવોને આપ્તવચનનો વિરોધ જણાતો નથી; કેમ કે તેનું ભિન્ન તાત્પર્યપણું છે, એ પ્રકારના આશયવાળા ગ્રંથકારશ્રી ગાથા-૩ માં કહે છે -**

**ભાવાર્થ :-**

પંચાશકની મૂળગાથા-૪/૧૦ ની ટીકામાં પંચાશકના ટીકાકાર પૂ. અભયદેવસૂરિએ અનુમાન પ્રયોગ કર્યો કે, ભગવાનની પૂજાકાળમાં કરાતાં સ્નાનાદિક કાંઈક સદોષ હોવા છતાં પણ અધિકારીને ગુણ કરનારાં બને છે. કેમ કે સ્નાનાદિની ક્રિયા આરંભ સ્વરૂપ છે, તેથી તે સદોષ છે, આમ છતાં ભગવાનની ભક્તિ કરવાના વિશિષ્ટ શુભભાવનો હેતુ છે માટે ગુણને કરનાર છે. અને ભગવાનની પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન કર્યું, તેનાથી એ કહેવું છે કે જેમ કૂપખનનની ક્રિયાથી શ્રમ-તૃષા આદિ દોષો થાય છે અને જળપ્રાપ્તિથી દૂર થાય છે અને સ્વ-પરનો ઉપકાર થાય છે, તે રીતે પૂજા અર્થે કરાતા સ્નાનાદિમાં પણ હિંસારૂપ આરંભદોષ થાય છે, છતાં હું ભગવાનની પૂજા અર્થે સ્નાન કરું છું, આ પ્રકારનો શુભ અધ્યવસાય હોવાને કારણે તે સ્નાનાદિ, વિશિષ્ટ પાપકર્મની નિર્જરા અને પુણ્યબંધનું કારણ બને છે. **આ રીતે કૂપદૃષ્ટાંતનું યોજન કરવાથી એ નક્કી થાય છે કે, પૂજા અર્થે કરાતા સ્નાનાદિમાં કાંઈક દોષ પણ છે, આમ છતાં તે સ્નાનાદિ ક્રિયા શુભભાવ દ્વારા પુણ્યબંધ અને નિર્જરાનું કારણ બને છે.**

આ કૂપદૃષ્ટાંતનું કેટલાક બીજી રીતે યોજન કરે છે, તે આ રીતે -

પૂજા અર્થે સ્નાનાદિ કરવાના કાળમાં પણ જીવને શુભ અધ્યવસાય જ વર્તે છે, તેથી લેશ પણ કર્મબંધ થતો નથી, માટે કૂપદૃષ્ટાંતને ઉપરમાં યોજ્યું તેમ યોજવું જોઈએ નહિ; પરંતુ જેમ કૂવો ખોદ્યા પછી જળની પ્રાપ્તિ થવાથી સ્વ-પરનો ઉપકાર થાય છે, તે રીતે સ્નાન અને ભગવાનની પૂજા કરવામાં આવે તેના દ્વારા પોતાને શુભ અધ્યવસાય થાય છે, તેથી પોતાને પુણ્યબંધની પ્રાપ્તિ થાય છે અને બીજાને તે ભગવાનની પૂજા જોઈને અનુમોદનાનો પરિણામ થાય છે, તેથી પરનો ઉપકાર થાય છે. તે આ રીતે -

પૂજા અર્થે સ્નાન કરનારને સ્નાન કરવાના કાળમાં હું ભગવાનની ભક્તિ કરું છું માટે ભગવાનની આજ્ઞા પ્રમાણે સ્નાન કરું એ પ્રકારનો શુભ અધ્યવસાય થાય છે તેથી સ્નાનથી કર્મબંધ નથી પણ પુણ્યબંધ છે, અને ઉત્તમ શ્રાવકની સ્નાનાદિપૂર્વકની

ભગવાનની ભક્તિને જોઈને અન્યને પણ થાય છે કે ખરેખર આમનો જન્મ સફળ છે કે જેથી આવી વિવેકપૂર્વકની ભગવાનની ભક્તિ કરે છે, તેથી અનુમોદના દ્વારા પરને ઉપકાર થાય છે.

આ રીતે કેચિત્કારે કૂપદૃષ્ટાંતનું જે રીતે યોજન કર્યું, તે વાત પૂજ્ય અભયદેવસૂરિ મહારાજને માન્ય નથી. તેથી તેઓ કહે છે કે કેચિત્કારનું આ કથન શાસ્ત્રવચનને અનુસરતું નથી; કેમ કે ધર્મ માટે પ્રવૃત્તિ કરવામાં જે હિંસાવાળી પ્રવૃત્તિ છે તેનાથી અલ્પ પાપકર્મબંધ તો થાય છે, માટે કૂપદૃષ્ટાંતનું પૂર્વમાં બતાવ્યા પ્રમાણે પંચાશકની ટીકામાં પોતે જે યોજન કર્યું, તેમ જ યોજન કરવું જોઈએ. આ પ્રકારનો પૂ. અભયદેવસૂરિ મહારાજ સાહેબનો અભિપ્રાય છે. તેમાં તેઓ યુક્તિ આપે છે -

જો ધર્માર્થ હિંસાવાળી પ્રવૃત્તિમાં અલ્પ પાપકર્મબંધ ઈષ્ટ ન હોય તો ભગવતીસૂત્રમાં જે કહ્યું છે તે સંગત થાય નહિ.

ભગવતીસૂત્રમાં જે કહ્યું છે તેનો આશય એ છે કે, કોઈ જીવ તેવા પ્રકારના ઉત્તમ સાધુને અપ્રાસુક અને અનેષણીય ભિક્ષા આપે ત્યારે, તે ભિક્ષા અપ્રાસુક અને અનેષણીય હોવાથી તે દાનક્રિયામાં અલ્પ પાપકર્મબંધ થાય છે અને ત્યાં મહાત્માની ભક્તિનો શુભ અધ્યવસાય હોવાથી ઘણી નિર્જરા થાય છે

વળી કોઈ વ્યક્તિ ગ્લાનની સેવા કરે ત્યારે ગમે તેટલી યતના રાખે તો પણ ગ્લાન વ્યક્તિ ઊઠવા-બેસવા આદિમાં સમર્થ ન હોવાને કારણે વૈયાવચ્ચ કરતી વખતે કાંઈક આરંભરૂપ દોષની સંભાવના રહે છે, અને તેને કારણે શુભ અધ્યવસાયપૂર્વક ભક્તિ કરનારને પણ તે અજયણાકૃત થયેલા આરંભને કારણે અલ્પ પાપ બંધાય છે, અને તેના કારણે પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની તેને પ્રાપ્તિ થાય છે. તેથી ધર્માર્થ પ્રવૃત્તિમાં પણ જે હિંસાદિ થાય છે તેનાથી અલ્પ પાપબંધ સ્વીકારીને શુભ અધ્યવસાયથી ઘણી નિર્જરા થાય છે, તેમ માનવું ઉચિત છે. અને તેમ સ્વીકારીએ તો કૂપદૃષ્ટાંતનું યોજનપૂર્વમાં પંચાશક-૪/૧૦ ની ટીકામાં કર્યું તે રીતે જ થઈ શકે છે; કેમ કે સ્નાનાદિમાં થયેલા આરંભકૃત પાપનો નાશ સ્નાનાદિકાળમાં થતા શુભ અધ્યવસાયથી થાય છે, તેમ માનવાથી કૂપદૃષ્ટાંતની સંગતિ થાય છે.

પંચાશક-૪/૧૦ ની વૃત્તિમાં કેચિત્કારે કૂપદૃષ્ટાંતનું જે રીતે યોજન કરતાં કહ્યું કે કૂપખનન સ્વ-પર ઉપકાર માટે થાય છે, તેમ સ્નાન-પૂજાદિક પણ સ્વ-પર ઉપકાર માટે થાય છે, તેનું નિરાકરણ કરીને પૂ. અભયદેવસૂરિ મહારાજે ત્યાં જ કહ્યું કે, આ કેચિત્કારનું વચન આગમ અનુપાતી નથી. એમ કહીને એ સ્થાપન કર્યું કે જેમ કૂપખનનથી

કાદવનો લેપ થાય છે, તેનાથી ખરડાવાનું બને છે, તેમ પૂજામાં પણ આરંભદોષ હોવાને કારણે અલ્પ પાપકર્મબંધ થાય છે, અને ભગવાનની ભક્તિનો શુભ અધ્યવસાય હોવાને કારણે એ કર્મબંધનો તત્કાળ નાશ પણ થાય છે. માટે ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ ગાથા-૨ માં જે રીતે કૂપદૃષ્ટાંતનું યોજન કર્યું એ રીતે, કૂપદૃષ્ટાંતનું યોજન પંચાશકની ૪/૧૦ ની વૃત્તિમાં કહેલ પૂ. અભયદેવસૂરિ મહારાજના વચનથી વિરુદ્ધ છે, આવી કોઈને શંકા થાય, તેના જવાબમાં ગ્રંથકારશ્રી શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજા કહે છે કે પૂ. અભયદેવસૂરિ મહારાજા સાહેબનું કથન અને અમારું કથન ભિન્ન ભિન્ન તાત્પર્યવાળું છે, માટે કોઈ વિરોધ નથી. એ પ્રકારના આશયથી ગાથા-૩ માં કહે છે –

**ગાથા :-**

**ईसिं दुट्ठत्ते जं, एयस्स नवंगिवित्तिकारेणं ।**
**संजोयणं कयं तं, विहिविरहे भत्तिमहिकिच्च ।।३।।**

**છાયા :-**

(ईषद्दुष्टत्वे यदेतस्य नवाङ्गीवृत्तिकारेण ।
संयोजनं कृतं तद्विधिविरहे भक्तिमधिकृत्य ।।३।।)

**અન્વય :-**

नवाङ्गीवृत्तिकारेण एतस्य ईषद्दुष्टत्वे यत् संयोजनं कृतं तत् भक्तिमधिकृत्य विधिविरहे (कृतम्) ।।३।।

**ગાથાર્થ :-**

**નવાંગી વૃત્તિકાર વડે=પૂજ્ય અભયદેવસૂરિ મહારાજ વડે, આનું=કૂપદૃષ્ટાંતનું, કાંઈક દુષ્ટપણામાં જે સંયોજન કર્યું છે તે ભક્તિને આશ્રયીને વિધિના વિરહમાં કર્યું છે.**

**ટીકા :-**

**ईषद्दुष्टत्वे=अल्पपापबहुनिर्जराकारणत्वे, यद् एतस्य कूपदृष्टान्तस्य, नवाङ्गीवृत्तिकारेण श्रीअभयदेवसूरिणा पञ्चाशकाष्टकवृत्त्यादौ (संयोजनं कृतं),**

**तद्विधिविरहे=यतनादिवैकल्ये, भक्तिमात्रमधिकृत्य । विधिभक्त्यादिसाकल्ये तु स्वल्पमपि पापं वक्तुमशक्यमेवेति भावः ।।३।।**

**ટીકાર્થ :-**

ईषद्दुष्टत्वे ..... इति भावः ।।३।। **નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ મહારાજ વડે પંચાશક-અષ્ટકની વૃત્તિ આદિમાં આનું=કૂપદષ્ટાંતનું, અલ્પપાપ-બહુ નિર્જરાના કારણે કાંઈક દુષ્ટપણામાં જે સંયોજન કર્યું છે, તે વિધિના વિરહમાં=યતનાદિના વૈકલ્યમાં, ભક્તિમાત્રને આશ્રયીને કર્યું છે. વળી વિધિ-ભક્તિ આદિના સાકલ્યમાં સ્વલ્પ પણ પાપ કહેવા માટે અશક્ય જ છે, એ પ્રકારે તાત્પર્ય છે.**

**ભાવાર્થ :-**

પૂજ્ય અભયદેવસૂરિ મહારાજાએ પંચાશક-અષ્ટક આદિ ગ્રંથની ટીકા વગેરેમાં કૂપદષ્ટાંતનું અલ્પ પાપબંધ અને બહુ નિર્જરાના કારણરૂપ છે તેથી થોડું દુષ્ટ છે એમ યોજન કરેલ છે, તે કથન, ભક્તિપૂર્વકની પૂજા હોય છતાં શાસ્ત્રોક્ત વિધિનું વિકલપણું હોય તેને આશ્રયીને કરેલ છે. વળી વિધિ અને ભક્તિ આદિ પરિપૂર્ણ હોય તો દ્રવ્યસ્તવમાં સ્વલ્પ પણ પાપબંધ કહી શકાય નહિ, એ પ્રકારનું પ્રસ્તુત ગાથા-૩ના કથનનું તાત્પર્ય છે.

અહીં 'વિધિવિરહનો' અર્થ કર્યો કે, 'યતનાદિનું વિકલપણું', ત્યાં યતનાનું વિકલપણું એ છે કે, ભગવાનની ભક્તિમાં અનુપયોગી એવી હિંસાના પરિહારમાં યતના કરવી જોઈએ. તેવી યતનાનો બોધ ન હોય અથવા બોધ હોવા છતાં પ્રમાદ આદિના કારણે યતનાની ખામી રહેલી હોય તે યતનાની વિકલતા છે.

❖ **'यतनादिवैकल्ये'** અહીં 'आदि' થી એ કહેવું છે કે ભગવાનની ભક્તિમાં પોતાની શક્તિને અનુરૂપ બાહ્ય સામગ્રીની ખામી હોય તેના કારણે અલ્પ પાપબંધ થાય છે, આમ છતાં ભગવાનની ભક્તિમાં તન્મયતા છે તેને આશ્રયીને ઘણી નિર્જરા થાય છે.

❖ **'विधिभक्त्यादिसाकल्ये'** વિધિ-ભક્તિ આદિના સાકલ્યમાં=વિધિ-ભક્તિ આદિની પરિપૂર્ણતામાં સ્વલ્પ પણ પાપબંધ થતો નથી, ત્યાં 'आदि' પદથી એ ગ્રહણ કરવું છે કે જેમ વિધિ પણ પૂર્ણ હોય અને ભક્તિ પણ પૂર્ણ હોય અને પોતાની શક્તિ પણ પૂર્ણ રીતે ફોરવતો હોય તો લેશ પણ કર્મબંધ થતો નથી, પરંતુ કોઈ ગૃહસ્થ વિધિપૂર્વક પૂજા કરતો હોય અને ભક્તિ પણ પૂર્ણ વર્તતી હોય, આમ છતાં પોતાની શક્તિને ગોપવીને પૂજામાં યત્ન કરતો હોય તો શક્તિને ગોપવવાકૃત અલ્પ પાપબંધ થઈ શકે છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**कथमयमाशयः सूरेर्ज्ञात इति चेत् ?, तत्राह -**

**અવતરણિકાર્થ :-**

**સૂરિનો=પૂ. અભયદેવસૂરિ મહારાજનો, આ આશય કેવી રીતે જણાયો ? એ પ્રમાણે કોઈ કહે તો તેના સમાધાનમાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજા કહે છે -**

**વિશેષાર્થ :-**

ગાથા-૩માં તમે કહ્યું કે, વિધિની ખામીવાળી અને ભક્તિપૂર્વકની પૂજામાં જે અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા પૂ. અભયદેવસૂરિ મહારાજને ઈષ્ટ છે, તે તમે કેવી રીતે જાણ્યું ? એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજા ગાથા-૪ માં સમાધાન કરે છે -

**ગાથા :-**

**इहरा कहंचि वयणं, कायवहे कह णु होज्ज पूयाए ।**
**न य तारिसो तवस्सी, जंपइ पुव्वावरविरुद्धं ।।४।।**

**છાયા :-**

(इतरथा कथञ्चिद् वचनं कायवधे कथं नु भवेत्पूजायाम् ।
न च तादृशस्तपस्वी जल्पति पूर्वापरविरुद्धम् ।।४।।)

**અન્વય :-**

इतरथा पूजायाम् कायवधे कथञ्चिद् वचनं कथं नु भवेत्, तादृशस्तपस्वी पूर्वापरविरुद्धम् न च जल्पति ।।४।।

**ગાથાર્થ :-**

**ઈતરથા=અભયદેવસૂરિ મહારાજનો આવો આશય ન હોય તો, પૂજામાં થતા=પૂજાવિષયક થતા, કાયવધમાં 'કથંચિત્' વચનપ્રયોગ કેવી રીતે હોય ? અને તેવા પ્રકારના તપસ્વી મહાત્મા પૂર્વાપર વિરુદ્ધ (વચન) બોલતા નથી. ।।૪।।**

**ટીકા :-**

**इतरथा सूरेरुक्ताशयाभावे, पूजायां कायवधे कथञ्चिद् वचनं कथं नु भवेत् ? न कथञ्चिदित्यर्थः न च तादृशस्तपस्वी पूर्वापरविरुद्धं वचनं जल्पति । तस्मादीषद्दोषदुष्टं जिनपूजादिकं विधिविरहभक्तिकालीनमेव ग्राह्यमित्याशय एव युक्तः ।**

**ટીકાર્થ :-**

**इतरथा ..... युक्तः । ઈતરથા=અભયદેવસૂરિના કહેવાયેલ આશયના અભાવમાં, પૂજાવિષયક થતા કાયવધમાં 'કથંચિત્' વચન કેવી રીતે હોય ? 'કથંચિત્'નો અર્થ કથંચિત્ કાયવધ નથી, એ પ્રમાણે જાણવું અને તેવા પ્રકારના તપસ્વી પૂર્વાપર વિરુદ્ધ વચન બોલતા નથી. તેથી ભક્તિકાલીન વિધિના વિરહવાળી કંઈક દોષથી દુષ્ટ જ જિનપૂજાદિ ગ્રહણ કરવી, એ પ્રકારે આશય જ યુક્ત છે.**

**ભાવાર્થ :-**

ગાથા-૩માં કહ્યું કે, પૂ. અભયદેવસૂરિ મહારાજ સાહેબ વિધિરહિત ભક્તિવાળી પૂજામાં જ અલ્પ પાપબંધ અને બહુનિર્જરા સ્વીકારે છે, એવો આશય જો પૂ. અભયદેવસૂરિ મહારાજનો ન હોય તો પૂજાવિષયક કાયવધમાં 'કથંચિત્' વચનપ્રયોગ અને કથંચિત્નો અર્થ **न कथंचित्**=સર્વથા કાયવધ નથી, અર્થાત્ પરિપૂર્ણ વિધિશુદ્ધ પૂજામાં તેઓને કાયવધ ઈષ્ટ નથી એમ પૂ. અભયદેવસૂરિ મહારાજા કેવી રીતે કરે ? એમ ગ્રંથકારશ્રી કહે છે, અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે -

તેવા પ્રકારના તપસ્વી=ભગવાનના વચનમાં અત્યંત ભક્તિવાળા અને સ્વાધ્યાયાદિમાં રત રહેનારા એવા મહાત્મા અભયદેવસૂરિ મહારાજ, પૂર્વાપર વિરુદ્ધ વચન બોલે નહિ. અને જો એમ માનીએ કે, પૂ. અભયદેવસૂરિ મહારાજને વિધિશુદ્ધ પૂજામાં પુષ્પાદિને થતી કિલામણાથી કાયવધ સ્વીકૃત છે, તો **न कथंचित्** શબ્દ દ્વારા કથંચિત્ કાયવધ નથી તેમ તેઓ કહે નહિ. અને પૂજાપંચાશકમાં **न कथंचित्** એમ તેઓએ કહ્યું છે, તેથી નક્કી થાય છે કે, ભિન્ન આશયથી તેઓએ પૂજામાં અલ્પદોષ કહેલ છે, અને ભિન્ન આશયથી 'કથંચિત્' શબ્દ કહીને કોઈક રીતે પૂજામાં કાયવધ નથી તેમ કહેલ છે. તે કારણથી ભક્તિકાલીન વિધિવિરહપ્રયુક્ત જ જિનપૂજાદિ અલ્પદોષથી દુષ્ટ ગ્રહણ કરવી જોઈએ, તે પ્રકારનો જ પૂ. અભયદેવસૂરિ મહારાજનો આશય યુક્ત છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે, પૂજાવિષયક કાયવધમાં '**कथंचित्**' શબ્દપ્રયોગ છે, તેનો અર્થ પૂ. અભયદેવસૂરિ મહારાજે '**न कथंचित्**' કરેલ છે, તેથી નક્કી થયું કે, પૂજામાં '**कथंचित्**' કાયવધ નથી. તેથી વિધિવિરહયુક્ત ભક્તિવાળી જિનપૂજા જ અલ્પદોષવાળી છે, એવો અર્થ ફલિત થયો. હવે એ અર્થનો શું ભાવ છે, તે '**अयं भावः**' થી બતાવે છે –

**ટીકા :-**

**अयं भावः-पूजापञ्चाशके जिनार्चने कायवधेन प्रतिक्रुष्टेन दुष्टत्वात्कथं परिशुद्धत्वमित्याशङ्कायाम्** "भण्णइ जिणपूयाए, कायवहो जइवि होइ उ कहंचि । तहवि तई परिसुद्धा, गिहीण कूवाहरणजोगा" ।।४२।। **इति श्रीहरिभद्रसूरिभिस्समाहितम् । तत्र च 'यतनाविशेषेण प्रवर्त्तमानस्य सर्वथापि न भवतीति दर्शनार्थं कथञ्चिद्ग्रहणमि' त्यभयदेवसूरिभिर्व्याख्यातम्, तेन विधिविरह एव कायवधः पर्यवस्यति,** "प्रमादयोगेन प्राणव्यपरोपणं हिंसे" **ति (७.८) तत्त्वार्थोक्तहिंसालक्षणसद्भावात् हिंसारूपस्यैव कायवधस्यात्र प्रतिषेध्यत्वात् । जलपुष्पोपनयनादिरूपस्य च पूजाभ्यन्तरीभूतस्य** "देहादिनिमित्तं पि हु जे कायवहंमि तह पयट्टन्ति । जिणपूआकायवहंमि तेसिमपवत्तणं मोहो" **(पू.पञ्चा.४५) । इत्यादिना उपेत्यकरणस्याप्यनुज्ञानात्, अप्रवृत्तिनिन्दार्थवादस्य विध्याक्षेपकत्वात् । विधिस्पष्टे च निषेधानवकाशात् ।**

**ટીકાર્થ :-**

अयं भावः ..... समाहितम् । **શાસ્ત્રમાં નિષેધ કરાયેલ એવો કાયવધ હોવાને કારણે દુષ્ટપણું હોવાથી જિનપૂજામાં કેવી રીતે પરિશુદ્ધપણું છે ? એ પ્રકારની આશંકામાં "भण्णइ ..... कूवाहरणजोगा" ।। થી પૂજા પંચાશક ગાથા-૪૨ દ્વારા પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ વડે સમાધાન કરાયેલ છે.**

भण्णइ ..... कूवाहरणाजोगा । કહે છે, જિનપૂજામાં જોકે કથંચિત્ કાયવધ છે, તો પણ ગૃહસ્થોને કૂપદૃષ્ટાંતના યોગથી તે જિનપૂજા પરિશુદ્ધ છે.

तत्र ..... पर्यवस्यति, **ત્યાં=જિનપૂજામાં, યતનાવિશેષથી પ્રવર્તતી વ્યક્તિને સર્વ પ્રકારે પણ કાયવધ થતો નથી, એ પ્રમાણે બતાવવા માટે કથંચિત્ શબ્દનું**

**પૂજા પંચાશક ગાથા-૪૨માં ગ્રહણ છે, આ પ્રકારે પૂ. અભયદેવસૂરિ મહારાજ વડે વ્યાખ્યાન કરાયેલ છે=કહેવાયેલ છે. તેના વડે=પૂ. અભયદેવસૂરિ મહારાજના વ્યાખ્યાન વડે, વિધિના વિરહમાં જ કાયવધ પર્યવસાન પામે છે.**

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે, વિધિના વિરહમાં જ કાયવધ પર્યવસાન પામે છે, તેથી એ પ્રાપ્ત થયું કે, વિધિપૂર્વકની ભગવાનની પૂજામાં હિંસા નથી. ત્યાં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવ પુષ્પાદિથી થાય છે અને યતનાપૂર્વક પૂજા કરવામાં આવે તો પણ પુષ્પાદિના જીવોને અવશ્ય કિલામણા થાય છે. તેથી ત્યાં કાયવધ નથી, એમ કેવી રીતે કહી શકાય ? તેથી કહે છે -

**ટીકાર્થ :-**

प्रमादयोगेन ..... प्रतिषेध्यत्वात् । પ્રમાદયોગથી પ્રાણનું વ્યપરોપણ=પ્રાણનો નાશ કરવો (તે) હિંસા છે, **એ પ્રમાણે તત્ત્વાર્થસૂત્ર-૭/૮ માં કહેલા હિંસાના લક્ષણનો સદ્ભાવ હોવાને કારણે હિંસારૂપ જ કાયવધનો અહીંયાં=દ્રવ્યસ્તવમાં, પ્રતિષેધ છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે, ભગવાનની વિધિશુદ્ધ પૂજા કોઈ જીવ કરતો હોય, ત્યાં પ્રમાદયોગ નહિ હોવાને કારણે હિંસા નથી, એમ તમે સ્થાપન કર્યું, તો પણ પૂજાકાળમાં જલ-પુષ્પાદિ જીવોની હિંસા સ્પષ્ટ દેખાય છે, તેનો નિષેધ કેવી રીતે થઈ શકે ? તેથી કહે છે -

**ટીકાર્થ :-**

जलपुष्पादि ..... अनुज्ञानात् । **પૂજા પંચાશક ગાથા-૪૫ ઈત્યાદિ દ્વારા પૂજાના અભ્યંતરીભૂત જલ, પુષ્પ, ઉપનયનાદિ રૂપ ઉપેત્યકરણની પણ અનુજ્ઞા છે.**

**પૂજાપંચાશક ગાથા-૪૫ નો અર્થ આ પ્રમાણે છે -**

"देहादिनिमित्तं ..... मोहो ।।" દેહાદિના નિમિત્તે પણ કાયવધમાં જેઓ તે પ્રકારે પ્રવર્તે છે, તેઓનું જિનપૂજાથી થતા કાયવધમાં અપ્રવર્તન મોહ છે.

**ઉત્થાન :-**

પૂજા પંચાશક ગાથા-૪૫થી એમ કઈ રીતે કહી શકાય કે, જાણીને પણ પૂજાની

સાથે અવિનાભાવી એવી પુષ્પાદિની કિલામણા કરવાની શાસ્ત્રમાં અનુજ્ઞા છે ? તેથી કહે છે -

**ટીકાર્થ :-**

अप्रवृत्ति ..... विध्याक्षेपकत्वात् । **અપ્રવૃત્તિની નિંદાના અર્થવાદનું=અર્થના કથનનું, વિધિઆક્ષેપકપણું છે.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે, પૂર્વમાં તમે સ્થાપન કર્યું, એ રીતે પૂજાપંચાશક ગાથા-૪૫ માં ભગવાનની પૂજામાં અપ્રવૃત્તિની નિંદા કરી, તેનાથી પૂજા કરવાની વિધિનું સ્થાપન થાય છે, તો પણ પૂજામાં પુષ્પાદિને જે કાંઈ કિલામણા થાય છે, તેનાથી કર્મબંધ થાય છે, તેમ માનીએ તો શું વાંધો આવે ? તેથી કહે છે -

**ટીકાર્થ :-**

विधिस्पष्टे ..... निषेधानवकाशात् । **ભગવાનની પૂજાની વિધિ સ્પષ્ટ હોતે છતે નિષેધનો અવકાશ નથી.**

**-: "अयं भावः થી निषेधानवकाशात्" સુધીના કથનનો ભાવાર્થ :-**

શાસ્ત્રમાં કાયવધનો નિષેધ કરેલો છે, કેમ કે હિંસાને પાપરૂપે કહેલ છે અને જિનપૂજામાં અવશ્ય કાયવધ થાય છે, તેથી જિનપૂજા પરિશુદ્ધ છે, એમ કઈ રીતે કહી શકાય ? એ પ્રકારે પૂજા પંચાશકમાં શંકા કરી છે અને તેનો જવાબ પૂજા પંચાશક ગાથા-૪૨ માં આપેલ છે. તેનો ભાવ એ છે કે, જો કે જિનપૂજામાં કથંચિત્ કાયવધ છે, તો પણ કૂપના ઉદાહરણથી ગૃહસ્થોની જિનપૂજા પરિશુદ્ધ છે. આ કથનથી એ જવાબ આપ્યો કે, જિનપૂજામાં કોઈક અપેક્ષાએ કાયવધ છે, તો પણ ગૃહસ્થને જિનપૂજા કરવાથી લાભ થાય છે.

પ્રસ્તુતમાં શંકાકારનો આશય એ હતો કે, પૂજામાં કાયવધ છે, માટે પૂજા દુષ્ટ છે, અને તેના સમાધાનમાં એ સ્થાપન કર્યું કે, પૂજામાં કથંચિત્ કાયવધ હોવા છતાં ગૃહસ્થને પૂજા લાભરૂપ છે. પૂજાપંચાશક ગાથા-૪૨ માં જે '**कथंचित्**' શબ્દ છે, તેનો અર્થ કરતાં પૂ. અભયદેવસૂરિ મહારાજે કહ્યું કે, શાસ્ત્રાનુસારી યતનાપૂર્વક કોઈ ગૃહસ્થ પૂજામાં યત્ન કરે, ત્યાં કાયવધ થતો નથી. તેથી પૂ. અભયદેવસૂરિ મહારાજના પૂજાપંચાશકના ગાથા-૪૨ ના કથનથી એ ફલિત થયું કે, વિધિની ખામીવાળી જિનપૂજામાં

જ કાયવધ છે, પરંતુ પૂરેપૂરી વિધિપૂર્વક અને ભક્તિથી કરાતી જિનપૂજામાં કાયવધ નથી.

આ રીતે પૂ. અભયદેવસૂરિ મહારાજના વચનથી જ વિધિશુદ્ધ પૂજામાં કર્મબંધ નથી તેમ સ્થાપન થયું. આમ છતાં અહીં કોઈને પ્રશ્ન થાય કે, પૂરેપૂરી વિધિ સાચવી ભગવાનની પૂજા કરે તો પણ પુષ્પાદિથી થતી પૂજામાં કાયવધનો નિષેધ કઈ રીતે થઈ શકે ? તેથી ગ્રંથકાર કહે છે -

પ્રમાદયોગથી પ્રાણની=જીવની, હિંસા તે હિંસાનું લક્ષણ છે, અને આવી હિંસાનો જ વિધિશુદ્ધ પૂજામાં નિષેધ કરાય છે, તેથી બાહ્ય રીતે ભગવાનની પૂજામાં પુષ્પાદિની હિંસા હોવા છતાં વિધિપૂર્વક અપ્રમાદથી પૂજા કરનારની પૂજામાં લેશ પણ હિંસા નથી; કેમ કે, દ્રવ્યહિંસા એ કર્મબંધનું કારણ નથી, પરંતુ પ્રમાદથી થતી હિંસા એ કર્મબંધનું કારણ છે. વિધિશુદ્ધ પૂજામાં હિંસાકૃત કર્મબંધ નથી, માટે હિંસા નથી, તેમ અમે કહીએ છીએ, એવો ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાનો આશય છે.

અહીં પ્રશ્ન થાય કે, પુષ્પાદિથી થતી પૂજામાં પ્રમાદ નહિ હોવા છતાં જીવોની હિંસા થાય છે અને તેનાથી કર્મબંધ થાય છે, તેમ માનીએ તો શું વાંધો છે ? તેથી કહે છે -

પૂજાપંચાશક ગાથા-૪૫ના કથનથી પૂજાની સાથે અવિનાભાવી એવી હિંસાને જાણીને પણ કરવાની અનુજ્ઞા આપેલ છે, તેથી કર્મબંધ નથી.

અહીં પ્રશ્ન થાય કે, પૂજાની સાથે અવિનાભાવી એવી હિંસાને જાણીને પણ કરવાની અનુજ્ઞા આપેલ છે, એમ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે -

પૂજામાં અપ્રવૃત્તિ કરનારની નિંદાને કહેનારા એવા અર્થનું કથન પૂજાપંચાશક ગાથા-૪૫માં છે, તે વચન જ વિધિનો આક્ષેપક છે, તેથી શ્રાવકે પૂજા કરવી જોઈએ, એવો અર્થ એ કથનથી નીકળે છે.

અહીં પ્રશ્ન થાય કે, પૂજાપંચાશક ગાથા-૪૫ના કથનથી શ્રાવકે પૂજા કરવી જોઈએ, એવો અર્થ નીકળતો હોય તો પણ, પૂજામાં જે હિંસા થાય છે, તત્કૃત કર્મબંધ તો થાય જ છે; આમ છતાં ભગવાનની ભક્તિથી મહાનિર્જરા થાય છે, માટે શાસ્ત્રમાં ગૃહસ્થોને પૂજા કરવાની વિધિ કહેલ છે. તેથી તેમાં કર્મબંધનો નિષેધ કરતાં કહે છે

વિધિ સ્પષ્ટ હોતે છતે નિષેધનો અવકાશ નથી=પૂજાની વિધિ છે તેથી હિંસાકૃત કર્મબંધનો અવકાશ નથી.

આશય એ છે કે, શાસ્ત્રવચનથી મલિનારંભીને પૂજા કરવાની વિધિ છે, એ સ્પષ્ટ થાય તો એમાં કર્મબંધ છે એમ કહેવામાં આવે તો તે અપેક્ષાએ એ અકર્તવ્ય=નિષેધયોગ્ય છે, એમ પણ સિદ્ધ થાય; કેમ કે, જે જે કર્મબંધનું કારણ છે, તેના નિષેધનો અવકાશ છે, માટે પૂજામાં કર્મબંધ છે તેમ કહીએ તો તેના નિષેધનો અવકાશ થાય, અને જેનો નિષેધ કરેલો હોય તે કરવાની વિધિ હોઈ શકે નહિ. આથી વિધિશુદ્ધ પૂજામાં કર્મબંધ નથી, અને આથી જ અવિધિથી પૂજા થતી હોય, છતાં ભક્તિનું પ્રાબલ્ય હોય તે પૂજામાં ઘણી નિર્જરા થાય છે, તો પણ ત્યાં અલ્પ કર્મબંધ છે, એમ શાસ્ત્રમાં કહેલ છે. અને તે અલ્પ કર્મબંધના વચનથી તે પૂજામાં વર્તતી અવિધિનો જ નિષેધ પ્રાપ્ત થાય છે. માટે જો વિધિશુદ્ધ પૂજા હોય અને તેમાં પણ અલ્પ કર્મબંધ છે, તેમ સ્વીકારીએ, તો વિધિશુદ્ધ પૂજામાં થતા પુષ્પાદિની હિંસાના નિષેધનો અવકાશ આવે અર્થાત્ ભગવાનની પૂજામાં પુષ્પાદિ ન વાપરવાં જોઈએ, એમ માનવાનો અવકાશ આવે. પરંતુ વિધિશુદ્ધ પૂજામાં કર્મબંધનો અવકાશ નથી તેથી પુષ્પાદિનો નિષેધ આવે નહિ.

કહેવાનો ભાવ એ છે કે, શાસ્ત્રકારોએ મલિનારંભીને પુષ્પાદિથી પૂજા કરવાનું કહેલ છે, તેથી પુષ્પાદિથી પૂજા કરવાની વિધિ છે, તે વાત સ્પષ્ટ થાય છે. હવે જો ભગવાનની પૂજામાં પુષ્પાદિને કિલામણા થવાથી કર્મબંધ થાય છે, આમ છતાં ભગવાનની ભક્તિના અધ્યવસાયથી ઘણી નિર્જરા થાય છે, એમ કહીએ તો ભક્તિના અધ્યવસાયની અપેક્ષાએ પૂજાની વિધિ છે, અને પુષ્પાદિ જીવોને કિલામણા થાય છે એ અપેક્ષાએ નિષેધ છે. અને તેવો નિષેધ સ્વીકારીએ તો પુષ્પાદિથી ભગવાનની પૂજા કરવી જોઈએ તેવી વિધિ સ્વીકારી શકાય નહિ. છતાં મલિનારંભી ગૃહસ્થને પુષ્પાદિથી પૂજા કરવાની વિધિ સ્પષ્ટ થતી હોય તો ત્યાં પુષ્પાદિના જીવોને કિલામણા થવાના કારણે પૂજા કરનારને કર્મબંધ થાય છે, એમ કહી શકાય નહિ. અને આથી જ ભક્તિના પ્રકર્ષવાળી પણ પૂજા અવિધિવાળી હોય તો ત્યાં કર્મબંધ થાય છે, એમ જે શાસ્ત્રકારો કહે છે, તે વચનથી એ ફલિત થાય છે કે, ભક્તિના અંશથી અવિધિવાળી પૂજા કર્તવ્ય હોવા છતાં અવિધિ અંશથી નિષેધ્ય છે. તેથી વિધિશુદ્ધ પૂજામાં પુષ્પાદિની હિંસાનો દોષ નથી. અને અવિધિવાળી પૂજા હોય તો દોષ છે તેથી અવિધિદોષ ટાળવો જોઇએ, અને વિધિમાં યત્ન કરવો જોઇએ, એમ ફલિત થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વના કથનથી એ સ્થાપન થયું કે, વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ હિંસા નથી, તેથી કોઈ જીવ વિધિમાં યત્નવાળો હોય અને ભગવાનની ભક્તિમાં એકતાન હોય તો

પૂજાકાળમાં થતા પુષ્પાદિના આરંભથી લેશ પણ કર્મબંધ નથી. આ કથનને દૃઢ કરવા માટે यदि च થી તર્ક કરે છે -

**ટીકા :-**

**यदि च विधिसामग्र्येऽपि पुष्पजलोपहारादिरूपहिंसादोषोऽत्र परिगण्येत, तदा तस्य पूजा नान्तरीयकत्वेन 'कायवहो जइवि होइ उ कहंचि' त्ति नावक्ष्य-दाचार्यः, किन्तु 'कायवहो होइ जइवि नियमेण' मित्येवाऽवक्ष्यत् । अपि च पदार्थवाक्यार्थमहावाक्यार्थऐदंपर्यार्थविचारणायां हिंसासामान्यस्य निषेधस्य अविधिनिषेधपरताया एव व्यवस्थिततत्वात् विधिसामग्र्ये न हिंसादोषः, अन्यथा चैत्यगृहलोचकरणादौ तत्सम्भवो दुर्निवार इत्यादिसूक्ष्ममीक्षितमुपदेशपदादौ।**

**ટીકાર્થ :-**

यदि च ..... अवक्ष्यत् । **અને જો વિધિની સમગ્રતામાં પણ પુષ્પ-જલ ઉપહારાદિ રૂપ=પુષ્પ-જલ ચડાવવા આદિ રૂપ, હિંસાદોષ અહીં= પૂજામાં, ગણાય તો તેનું=હિંસાદોષનું, પૂજાની સાથે અવિનાભાવિપણું હોવાને કારણે= પૂજામાં અવશ્ય હિંસા થતી હોવાને કારણે, પૂજાપંચાશક ગાથા-૪૨ માં પૂ. હરિભદ્રસૂરિ મહારાજા 'જોકે કથંચિત્ કાયવધ થાય' - એ પ્રમાણે ન કહેત. પરંતુ 'જોકે નિયમથી=નક્કી, કાયવધ થાય' - એ પ્રમાણે કહેત.**

**ઉત્થાન :-**

પૂજામાં પુષ્પાદિને થતી કિલામણાથી લેશ પણ કર્મબંધ નથી, એ જ વાતને 'अपि च' થી કહે છે -

**ટીકાર્થ :-**

अपि च ..... उपदेशपदादौ । **અને વળી પદાર્થ-વાક્યાર્થ-મહાવાક્યાર્થ-ઐદંપર્યાર્થની વિચારણામાં હિંસા સામાન્યના નિષેધનું અવિધિનિષેધપરતાનું જ વ્યવસ્થિતપણું હોવાથી વિધિની સમગ્રતામાં હિંસા દોષ નથી. અન્યથા= શાસ્ત્રમાં કહેલ વિધિની સમગ્રતામાં પણ હિંસા દોષ માનો તો, ચૈત્યગૃહ-લોચકરણાદિમાં તેનો સંભવ=હિંસાનો સંભવ, દુર્નિવાર છે, ઈત્યાદિ ઉપદેશપદાદિમાં સૂક્ષ્મ જોવાયું છે.**

## -: "यदि च થી उपदेशपदादौ" સુધીના કથનનો ભાવાર્થ" :-

જો પરિપૂર્ણ વિધિપૂર્વક ભક્તિના પ્રકર્ષથી ભગવાનની પૂજા કોઈ કરતું હોય, આમ છતાં પૂજાકાળમાં પુષ્પ ચડાવવાની ક્રિયા તથા જલ અભિષેકાદિ ક્રિયારૂપ હિંસાને દોષરૂપે સ્વીકારવામાં આવે, અને તેને આશ્રયીને પૂજામાં લેશ કર્મબંધ છે, તેમ સ્વીકારવામાં આવે, તો પૂજાપંચાશક ગાથા-૪૨ માં પૂ. હરિભદ્રસૂરિ મહારાજે જે એમ કહ્યું કે, "જોકે પૂજામાં કથંચિત્ કાયવધ છે," તેવું કહેત નહિ, પરંતુ જોકે પૂજામાં નક્કી કાયવધ છે તેમ કહેત.

આનાથી એ ફલિત થયું કે, પૂ. હરિભદ્રસૂરિ મહારાજના વચનને પ્રમાણભૂત સ્વીકારીએ તો નક્કી થાય છે કે, પૂજામાં નિયમથી કાયવધ નથી, અને તેથી જ એ ફલિત થાય છે કે, વિધિની ખામીની અપેક્ષાએ પૂજામાં કાયવધ છે અને પરિપૂર્ણ વિધિપૂર્વકની પૂજામાં લેશ પણ કાયવધ નથી. માટે વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ કર્મબંધ નથી, તેમ સ્વીકારવું જોઈએ.

વળી યુક્તિથી બતાવે છે - હિંસા શબ્દનો ઐદંપર્યાર્થ વિચારવામાં આવે તો તેનું ઐદંપર્ય એ નીકળે કે - અવિધિથી પ્રવૃત્તિ હોય ત્યાં જ કર્મબંધ છે. માટે '**मा हिंस्यात् सर्वभूतानि**' એ સૂત્ર પણ ભગવાનની ભક્તિમાં થતી હિંસાનો નિષેધ કરતું નથી, પરંતુ ભગવાનની ભક્તિમાં અવિધિથી થતી હિંસાનો જ નિષેધ કરે છે, માટે પરિપૂર્ણ વિધિપૂર્વકના અનુષ્ઠાનમાં હિંસારૂપ દોષ નથી. અને પરિપૂર્ણ વિધિપૂર્વકના અનુષ્ઠાનમાં પણ હિંસારૂપ દોષ માનવામાં આવે તો જિનમંદિર બંધાવવું, લોચ કરાવવો, તેમાં પણ હિંસારૂપ દોષની પ્રાપ્તિ થાય. તેથી ચૈત્ય કરવાનો અને લોચ કરવાનો નિષેધ પ્રાપ્ત થાય. તેથી વિધિશુદ્ધ અનુષ્ઠાનમાં હિંસારૂપ દોષ નથી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, ચૈત્યકરણમાં હિંસા થાય, પણ લોચકરણમાં હિંસા કઈ રીતે થાય ? તેનું તાત્પર્ય એ છે કે કોઈ જીવને પીડા કરવી તે હિંસા છે. તેથી બીજા જીવને પીડા કરવી તે હિંસા છે, તેમ આત્માને-પોતાને પીડા કરવી તે પણ હિંસા છે; તેમ છતાં લોચ કરવાની ક્રિયામાં કરાવનારને અપ્રમાદભાવની વૃદ્ધિ થતી હોય તો આત્માને પીડા થવા છતાં ત્યાં હિંસા નથી. પ્રમાદભાવ થાય તો ત્યાં હિંસા છે.

વાળની શોભાથી થતા મમત્વભાવને અને લોચાદિના કષ્ટ પ્રત્યે દ્વેષભાવને દૂર કરવો તે અપ્રમાદભાવ છે. શાતાનો પ્રતિબંધ અને અશાતાના દ્વેષરૂપ પ્રતિબંધને ટાળવા માટે, અને શોભા પ્રત્યેના પ્રતિબંધને ટાળવા માટે જ શાસ્ત્રમાં લોચનું વિધાન છે, માટે લોચ કરવામાં હિંસા નથી. આમ છતાં લોચકરણ જો કોઈને આર્તધ્યાનનું કારણ બનતું હોય તો ત્યાં હિંસા છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ પૂ. હરિભદ્રસૂરિ મહારાજના વચનના બળથી અને પૂજાપંચાશક ગાથા-૪૨માં કહેલ '**कथंचित्**' નો અર્થ કર્યો કે, '**न कथंचित्**' અને તેના બળથી એ સ્થાપન કર્યું કે, વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ કાયવધ નથી. એ વચનની સાથે આગમમાં કહેલ, '**कहण्णं भंते**' સૂત્રની ટીકામાં જે અર્થ કર્યો, ત્યાં જિનપૂજાદિ અનુષ્ઠાનને પણ તથાપણાનો પ્રસંગ થશે, એ પ્રકારે બીજાઓએ જે કથન કર્યું છે, તેનો વિરોધ આવે છે. તેને સામે રાખીને તે વિરોધ કઈ રીતે આવતો નથી, તે બતાવવા અર્થે કહે છે –

**ટીકા :-**

**एतेन** "कहन्नं भन्ते जीवा अप्पाउत्ताए कम्मं पगरेंति ? पाणे अइवइत्ता, मुसं वइत्ता, तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभित्ता एवं खलु जीवा अप्पाउयत्ताए कम्मं पगरेन्ति" इत्यत्र अध्यवसायविशेषादेतत्त्यं जघन्यायुःफलमिति व्याख्याय । अन्ये तु यो जीवो जिनसाधुगुण-पक्षपातितया तत्पूजार्थं पृथिव्याद्यारम्भेण स्वभाण्डासत्योत्कर्षणादिना आधाकर्म्मादिकरणेन च प्राणातिपातादिषु वर्त्तते तस्य वधादिविरतिनिरवद्यदाननिमित्तायुष्कापेक्षयेयमल्पायुष्कता-ऽवसेया, अविशेषणत्वेऽपि सूत्रस्य प्राणातिपातादिविशेषस्य अवश्यं वाच्यत्वात्, अन्यथेतस्तृतीयसूत्रे प्राणातिपातादितः अशुभदीर्घायुष्कतावचनानुपपत्तेः । न हि सामान्यहेतोः कार्यवैषम्यं युज्यते । अपि च अल्पतरपापबहुतरनिर्जराहेतुताया अशुद्धदाने अभिधास्यमानत्वाद् नैवेयं क्षुल्लकभवग्रहणरूपा अल्पायुष्कता, न हि स्वल्पपापबहुनिर्जरा-निबन्धनस्यानुष्ठानस्य क्षुल्लकभवग्रहणनिमित्तता सम्भाव्यते, जिनपूजाद्यनुष्ठानस्याऽपि तथात्वप्रसङ्गात्, **इति व्याख्यानेऽपि विधिवैकल्यवत्येव जिनपूजा ग्राह्येति द्रष्टव्यम्, अशुद्धदानादिदृष्टान्तैः क्रियमाणाया जिनपूजाया विधिशुद्धाया ग्रहणानौचित्यात्।** 'काऊण जिणाययणेहिं मण्डियं सयलमेइणीवट्टं दाणाइचउक्केण वि सुट्ठु वि गच्छिज्ज अच्चुअं न परओ' **त्ति महानिसीथे सामान्यतो जिनपूजाया दानादिचतुष्कतुल्य-फलकत्वोपदेशेन विशेषे विशेषस्यैव औपम्यौचित्यात् ।**

❖ कहन्नं भन्ते ..... पगरेन्ति ? આ પ્રકારના પાઠમાં એ પાઠના ટીકાકારે

અધ્યવસાયવિશેષથી આ ત્રણ=પ્રાણાતિપાત, મૃષાવાદ અને તેવા પ્રકારના શ્રમણને આધાકર્માદિ દાન, આ ત્રણ જઘન્ય આયુરૂપ ફળને આપનાર છે, એ પ્રકારે વ્યાખ્યાન કરીને - 'अन्ये तु थी तथात्वप्रसङ्गात्' એ પ્રકારના વ્યાખ્યાનમાં પણ વિધિની વિકલતાવાળી જ જિનપૂજા ગ્રહણ કરવી જોઈએ, એ પ્રકારે एतेन= આનાથી= પૂર્વમાં ગાથા-૪ માં વર્ણન કર્યું એ કથનથી, જાણવું. એ પ્રકારે ટીકામાં જોડાણ છે.

## ટીકાર્થ :-

कहन्नं ..... पगरेन्ति હે ભગવન્ ! કેવી રીતે જીવો અલ્પ આયુષ્યપણાનું કર્મ બાંધે છે ? પ્રાણનો નાશ કરીને, મૃષાવાદ બોલીને, તેવા પ્રકારના શ્રમણને અપ્રાસુક અનેષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે પ્રતિલાભીને; આ પ્રમાણે જીવો અલ્પ આયુષ્યપણાનું કર્મ બાંધે છે -

इत्यत्र ..... व्याख्याय=આ પ્રકારના સૂત્રમાં અધ્યવસાયવિશેષથી આ ત્રણ= પ્રાણાતિપાત, મૃષાવાદ અને આધાકર્માદિ દાન જઘન્ય આયુરૂપ ફળને આપનારાં છે, એ પ્રમાણે વ્યાખ્યાન કરીને આ સૂત્રની ટીકામાં બીજાઓ શું કહે છે, તે 'अन्ये तु' થી બતાવે છે -

अन्ये तु ..... युज्यते । જે જીવ જિનેશ્વરના અને સાધુગુણના પક્ષપાતના કારણે તેની પૂજા માટે પૃથ્વી આદિના આરંભથી હિંસા દ્વારા, પોતાના ભાંડાદિ=વાસણાદિ, વેચવા માટે અસત્ય વચન દ્વારા પોતાના વાસણોનો ઉત્કર્ષ બતાવવાથી, અને આધાકર્માદિ કરવાથી પ્રાણાતિપાતાદિમાં વર્તે છે, તેને વધાદિ વિરતિથી નિરવદ્ય દાનનિમિત્ત બંધાતા આયુષ્યની અપેક્ષાએ આ અલ્પ આયુષ્યપણું જાણવું='कहन्नं भन्ते' સૂત્રમાં કહેલ અલ્પ આયુષ્યપણું જાણવું. તેમાં હેતુ કહે છે -

સૂત્રનું અવિશેષણપણું હોવા છતાં પણ પ્રાણાતિપાતાદિ વિશેષનું અવશ્ય વાચ્યપણું છે. અન્યથા=સૂત્રનું અવિશેષપણું હોવા છતાં પણ પ્રાણાતિપાતાદિ વિશેષનું અવશ્ય વાચ્યપણું ન માનો તો, ભગવતીના પાઠમાં આનાથી='कहन्नं भंते' સૂત્રથી, ત્રીજા સૂત્રમાં પ્રાણાતિપાતાદિથી અશુભ દીર્ઘ આયુષ્યપણાના વચનની અનુપપત્તિ=અસંગતિ, છે. જે કારણથી સામાન્ય હેતુથી કાર્યવૈષમ્ય ઘટતું નથી='कहण्णं भंते' સૂત્રમાં અને એ સૂત્રથી ત્રીજા સૂત્રમાં બંને સ્થળે સમાન રીતે સામાન્ય હિંસાદિની વાત હોય તો,'कहण्णं भंते' સૂત્રમાં એના કાર્ય તરીકે જે અલ્પ આયુષ્ય કહ્યું, તે અને એનાથી પછીના ત્રીજા સૂત્રમાં એના કાર્ય તરીકે જે અશુભ દીર્ઘ આયુષ્ય કહ્યું છે તે રૂપ કાર્ય વૈષમ્ય, સમાન હિંસાદિરૂપ કારણથી ઘટે નહિ.

પૂર્વમાં કહ્યું કે, વધાદિની વિરતિનિમિત્તક અને નિરવદ્ય દાનનિમિત્તક આયુષ્યની અપેક્ષાએ અલ્પ આયુષ્કતા અહીં પ્રસ્તુતમાં જાણવી. તે જ વાતને દૃઢ કરવા માટે બીજી યુક્તિ આપે છે

अपि च ..... द्रष्टव्यम्, અને વળી અશુદ્ધ દાનમાં અલ્પતર પાપ અને બહુતર નિર્જરાના હેતુપણાનું અભિધાસ્યમાનપણું હોવાથી=આગળમાં કહેવાશે તેથી, આ='कहन्नं भंते' સૂત્રમાં કહેવાયેલી ક્ષુલ્લક ભવગ્રહણરૂપ અલ્પ આયુષ્કતા નથી જ. જે કારણથી સ્વલ્પપાપ અને બહુનિર્જરાના કારણભૂત અનુષ્ઠાનનું ક્ષુલ્લકભવગ્રહણ નિમિત્તપણું સંભવતું નથી; કેમ કે જિનપૂજાદિ અનુષ્ઠાનમાં પણ તથાપણાનો પ્રસંગ છે= ક્ષુલ્લકભવગ્રહણ નિમિત્તપણાનો પ્રસંગ છે. **એ પ્રમાણે વ્યાખ્યાન કરાયે છતે વિધિવિકલતાવાળી જ જિનપૂજા ગ્રહણ કરવી જોઈએ, એ પ્રમાણે આના દ્વારા=પૂર્વમાં પ્રસ્તુત ગાથા-૪ માં 'अयं भावः થી उपदेशपदादौ' સુધી વર્ણન કર્યું એ કથન દ્વારા જાણવું, તેમાં હેતુ કહે છે -**

अशुद्ध ..... औपम्यौचित्यात् ।**અશુદ્ધ દાનાદિના દૃષ્ટાંત દ્વારા કરાતી વિધિશુદ્ધ જિનપૂજાના ગ્રહણનું અનુચિતપણું છે. તેમાં હેતુ કહે છે -** જિનાયતનો વડે સકલ ભૂમંડલ મંડિત કરીને સારી રીતે પણ દાનાદિ ચાર વડે પણ અચ્યુત દેવલોકમાં જાય છે પણ આગળ જતો નથી=બારમા અચ્યુત દેવલોકથી આગળ જતો નથી. **આ પ્રકારે મહાનિશીથમાં સામાન્યથી જિનપૂજાનું દાનાદિ ચારના તુલ્ય ફળપણાનો ઉપદેશ હોવાથી વિશેષમાં= અશુદ્ધ પૂજારૂપ વિશેષમાં, વિશેષની=અશુદ્ધ દાનાદિરૂપ વિશેષની, જ ઉપમાનું ઉચિતપણું છે.**

## -: "एतेन થી औपम्योचित्यात्' સુધીના કથનનો ભાવાર્થ :-

**'कहण्णं भन्ते'** - સૂત્રનો અર્થ એ છે કે, ભગવાનને ગૌતમસ્વામી પૂછે છે કે, હે ભગવંત ! જીવો અલ્પ આયુષ્ય શાનાથી બાંધે છે ? તેના જવાબરૂપે ભગવાને કહ્યું કે, કોઈ જીવની હિંસા કરીને, મૃષાવાદ બોલીને કે, સાધુને અપ્રાસુક અને અનેષણીય અશનાદિ વહોરાવીને જીવો અલ્પ આયુષ્ય બાંધે છે. ત્યાર પછી એ સૂત્રની ટીકામાં એ સૂત્રના ટીકાકારે ખુલાસો કર્યો કે, અધ્યવસાયના ભેદથી આ ત્રણે પરિણામો જઘન્ય આયુષ્યના ફળવાળા છે. આ પ્રકારે ટીકાકારે વ્યાખ્યાન કર્યા પછી એ વિષયમાં બીજાઓ શું કહે છે, તે વાત એ સૂત્રના ટીકાકાર કહે છે, અને બીજાઓ જે કહે છે, તેનો આશય આ પ્રમાણે છે -

કોઈ જીવને જિનેશ્વર ભગવાનના ગુણો પ્રત્યે અને સાધુના ગુણો પ્રત્યે પક્ષપાત છે, તેથી ભગવાનની પૂજા માટે પૃથ્વીકાયાદિ જીવોનો આરંભ કરે કે, પોતાના હલકા માલને ઊંચો બતાવવા દ્વારા અધિક મૂલ્યથી વેચે અને એ રીતે અસત્યનું ભાષણ કરે, અને સાધુની ભક્તિ માટે આધાકર્માદિ કરી સાધુને વહોરાવે, તો **'कहण्णं भंते'** સૂત્રમાં

કહેલ જે અલ્પ આયુષ્યકતા છે તે જેઓ પૃથ્વીકાયાદિનો આરંભ કરતા નથી, મૃષાવાદાદિ કરતા નથી અને સાધુને નિરવદ્ય દાન આપે છે, તેની અપેક્ષાએ અલ્પ આયુષ્ય બાંધે છે, પરંતુ ક્ષુલ્લકભવરૂપ જઘન્ય આયુષ્ય બાંધતા નથી એમ અન્ય કહે છે.

આમ કહીને અન્યને એ કહેવું છે કે, સંસારી જીવો પ્રાણાતિપાત કે મૃષાવાદ આદિ કરે છે, તેઓના માટે આ સૂત્રનું કથન લાગુ પડતું નથી, પરંતુ જિનેશ્વર અને સાધુના ગુણના પક્ષપાતી જીવો અવિવેકને કારણે જે પૃથ્વીકાયાદિનો આરંભ કરે છે, અસત્ય બોલે છે અને સાધુને જે અશુદ્ધ દાન આપે છે તેઓને ભગવાનની ભક્તિનો કે સાધુની ભક્તિનો શુભ ભાવ હોવા છતાં પણ આરંભાદિને કારણે જ અલ્પ આયુષ્કતા પ્રાપ્ત થાય છે તે ક્ષુલ્લકભવરૂપ અલ્પ આયુષ્કતા ગ્રહણ કરવાની નથી, પરંતુ વિવેકસંપન્ન જીવને ભગવાનની ભક્તિ કે સાધુની ભક્તિ કરતાં જે આયુષ્ય બંધાય છે, તેની અપેક્ષાએ તેઓને અલ્પ આયુષ્ય અવિવેકના કારણે બંધાય છે, તે અલ્પ આયુષ્કતા ગ્રહણ કરવાની છે.

અહીં પ્રશ્ન થાય કે, '**कहण्णं भंते**' સૂત્રમાં એવું કહેલ નથી કે, જેમને ભગવાનના પ્રત્યે ભક્તિ છે કે, સાધુના પ્રત્યે ભક્તિ છે અને તેના કારણે પૃથ્વીકાયાદિનો આરંભ કરે છે કે મૃષાવાદ બોલે છે કે, સાધુને અપ્રાસુક અનેષણીય દાન આપે છે, તેઓને જ આ અલ્પ આયુષ્કતા પ્રાપ્ત થાય છે, અન્યને નહિ. તો તમે આ સૂત્રનો વિશેષ અર્થ કેવી રીતે કર્યો ? તેથી કહે છે –

સૂત્રમાં અવિશેષણરૂપે=સામાન્યરૂપે, કથન હોવા છતાં પણ અહીંયાં='**कहण्णं भंते**' સૂત્રમાં કહેલ બાબતમાં, ભગવાનની કે સાધુની ભક્તિ અર્થે જ કરાતા પ્રાણાતિપાતાદિ વિશેષનું જ ગ્રહણ કરવાનું છે; કેમ કે, જો તેવું ન હોય તો ભગવતીસૂત્રના '**कहण्णं भंते**' સૂત્ર પછીના ત્રીજા સૂત્રમાં આ જ પ્રાણાતિપાતાદિથી અશુભ દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય છે, તેમ કહેલ છે, તે વચન સંગત થાય નહિ. તેમાં યુક્તિ આપે છે - સમાન હેતુથી કાર્યનું વૈષમ્ય થઈ શકે નહિ.

આશય એ છે કે, '**कहण्णं भंते**' સૂત્રમાં પ્રાણાતિપાતાદિ ત્રણથી અલ્પ આયુષ્કતા કહી અને ત્યારપછી એનાથી ત્રીજા સૂત્રમાં એ ત્રણથી અશુભ દીર્ઘ આયુષ્કતા કહી, તેથી એક જ હેતુથી અલ્પ આયુષ્ય અને અશુભ દીર્ઘ આયુષ્ય બંધાય, તેમ સ્વીકારી શકાય નહિ. માટે માનવું જોઈએ કે, '**कहण्णं भंते**' સૂત્રથી શુભગતિનું અલ્પ આયુષ્ય ગ્રહણ કરવાનું છે, અને એનાથી ત્રીજા સૂત્રમાં અશુભગતિનું દીર્ઘ આયુષ્ય ગ્રહણ કરવાનું છે. અને તે કથન તો જ સંગત થાય કે, ભગવાનની ભક્તિના આશયથી કે સાધુની ભક્તિના

આશયથી કોઈ પ્રાણાતિપાતાદિ ત્રણ કરતો હોય તો શુભ અધ્યવસાયને કારણે સદ્ગતિનું આયુષ્ય બાંધે છે; આમ છતાં આરંભ વગર ભક્તિ કરનાર કરતાં પૃથ્વીકાયાદિના આરંભાદિ કરનાર અલ્પ આયુષ્ય બાંધે છે. જેઓ જિનેશ્વર દેવ પ્રત્યે કે સાધુ પ્રત્યે ભક્તિને કારણે પૃથ્વીકાયાદિનો આરંભ કરતા નથી પણ સ્વાર્થ માટે, ભૌતિક સુખો માટે કરે છે, તેઓને તો અશુભ દીર્ઘ આયુષ્કતાની જ પ્રાપ્તિ થાય છે.

અહીં કોઈને શંકા થાય કે, ભગવાનની ભક્તિ માટે પૃથ્વીકાયાદિનો આરંભ કરનારા ભલે શુભ આયુષ્ય બાંધતા હોય, પણ તે ક્ષુલ્લક ભવરૂપ શુભ આયુષ્ય બાંધે છે, એમ માનવામાં શું વાંધો છે ? તેથી કહે છે –

આગળમાં ગ્રંથકાર સ્વયં અશુદ્ધ દાનમાં અલ્પ પાપબંધ અને બહુનિર્જરા કહે છે, તેથી તેવા દાનથી શુભ આયુષ્ય ક્ષુલ્લકભવરૂપ પ્રાપ્ત થઈ શકે નહિ, અને તેની જ પુષ્ટિ કરવા માટે અન્ય કહે છે - જો સાધુને અશુદ્ધ દાન આપવાથી અલ્પ પાપ અને બહુનિર્જરા થાય છે, અને છતાં શુભગતિનું આયુષ્ય તો ક્ષુલ્લકભવરૂપ જ પ્રાપ્ત થાય છે, એમ સ્વીકારીએ, તો જિનપૂજાદિ અનુષ્ઠાનથી પણ ક્ષુલ્લકભવની પ્રાપ્તિ માનવાની આપત્તિ આવશે. આ પ્રકારના અન્યના કથનથી એ ફલિત થાય છે કે, જેમ સાધુને અશુદ્ધ દાન આપવાથી સ્વલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા થાય છે, તેમ જિનપૂજાથી પણ સ્વલ્પ પાપબંધ અને બહુ નિર્જરા થાય છે, તેથી જેમ જિનપૂજાથી સદ્ગતિનો ક્ષુલ્લકભવ પ્રાપ્ત થઈ શકે નહિ, તેમ **कहण्णं भंते** સૂત્રમાં કહેલ ત્રણ કારણોથી પણ ક્ષુલ્લકભવ પ્રાપ્ત થઈ શકે નહિ. અને આ પ્રકારના અન્યના વ્યાખ્યાનથી એ ફલિત થાય છે કે, જિનપૂજાદિ અનુષ્ઠાનથી પણ અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા થાય છે. તેથી '**कहण्णं भंते**' સૂત્રની ટીકાના બળથી કોઈને શંકા થાય કે, આ પ્રકારના અન્યના વચનથી જ નક્કી થાય છે કે, જિનપૂજાદિ અનુષ્ઠાનમાં '**कहण्णं भंते**' એ સૂત્રના જે **अन्ये तु** નો મત બતાવ્યો તે પ્રમાણે અલ્પ પાપબંધ અને બહુ નિર્જરા માન્ય છે. તેથી એ જણાય છે કે, ભગવાનની પૂજા ગમે તેટલી યતનાપૂર્વક કરીએ, તો પણ પુષ્પાદિ જીવોનો તેમાં આરંભ થાય છે માટે ત્યાં અલ્પ પાપબંધ છે, અને ભગવાનની ભક્તિનો અધ્યવસાય છે માટે ઘણી નિર્જરા છે, આવો અર્થ '**कहण्णं भंते**' સૂત્રના ટીકાકારના આશયથી જણાય છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજા કહે છે –

'**कहण्णं भंते**' સૂત્રની ટીકામાં આવું વ્યાખ્યાન હોવા છતાં પણ અમે પૂર્વમાં પૂજાપંચાશકના પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજના વચનથી અને પૂજ્ય અભયદેવસૂરિ મહારાજના વચનથી જે સ્થાપન કર્યું, એનાથી એ નક્કી થાય છે કે, '**कहण्णं भंते**' સૂત્રની

ટીકાના કથનમાં પૂજા અંગે જે કથન છે, તે વિધિની વિકલતાવાળી જિનપૂજાને આશ્રયીને છે, વિધિશુદ્ધ પૂજાને આશ્રયીને નથી, તેમાં યુક્તિ બતાવે છે –

અશુદ્ધ દાનાદિના દૃષ્ટાંતથી વિધિશુદ્ધ કરાતી એવી જિનપૂજાનું ગ્રહણ થઈ શકે નહિ.

આશય એ છે કે, અશુદ્ધ દાનાદિમાં અવિવેક ભળેલો છે અને '**कहण्णं भंते**' સૂત્રના ટીકાકારે જિનપૂજાદિ અનુષ્ઠાનના પણ તથાપણાનો=ક્ષુલ્લકભવના કારણ માનવાનો, પ્રસંગ બતાવ્યો, ત્યાં અશુદ્ધ દાનાદિને ગ્રહણ કરીને વાત કરેલી છે. આથી જ કહ્યું કે, સ્વલ્પ પાપબંધ અને બહુ નિર્જરાવાળું અશુદ્ધ દાનાદિ અનુષ્ઠાન છે, તેનાથી ક્ષુલ્લકભવની પ્રાપ્તિ થઈ શકે નહિ. અને અશુદ્ધ દાનાદિ અનુષ્ઠાનથી ક્ષુલ્લકભવની પ્રાપ્તિ થાય તેમ માનીએ તો જિનપૂજાદિ અનુષ્ઠાનથી પણ ક્ષુલ્લકભવની પ્રાપ્તિ થાય, તેમ માનવાનો પ્રસંગ આવે. તેથી ત્યાં સાધુને અશુદ્ધ દાન આપવાની વાત છે, તેની સાથે વિધિશુદ્ધ જિનપૂજાને સરખાવી શકાય નહિ. માટે અશુદ્ધ પૂજામાં જ અલ્પ પાપબંધ અને બહુ નિર્જરા સ્વીકારી શકાય અને વિધિશુદ્ધ પૂજામાં પૂર્વમાં પ્રસ્તુત ગાથા-૪ માં '**अयं भावः**' થી '**उपदेशपदादौ**' સુધી કથન કહ્યું, એ રીતે લેશ પણ કર્મબંધ નથી, તેમ માનવું જોઈએ. અને તે જ વાતને પુષ્ટ કરવા માટે કહે છે –

મહાનિશીથસૂત્રમાં સામાન્યથી જિનપૂજાનું દાનાદિ ચારની સાથે તુલ્ય ફળ બતાવેલ છે. તેથી અશુદ્ધ પૂજામાં અશુદ્ધ દાનાદિની ઉપમા સ્વીકારવી ઉચિત છે શુદ્ધપૂજામાં નહિ.

આશય એ છે કે, કોઈ શ્રાવક શ્રાવકાચારને સારી રીતે પાળતો હોય અને દાનાદિ ચારનું સારી રીતે સેવન કરતો હોય, તો પણ જેમ બારમા અચ્યુત દેવલોકથી આગળ જઈ શકતો નથી, તેમ સારા પ્રકારનો દ્રવ્યસ્તવ કરીને પણ બારમા અચ્યુત દેવલોકથી આગળ જઈ શકાતું નથી, તેમ મહાનિશીથસૂત્રમાં બતાવેલ છે. તેથી એ ફલિત થાય છે કે, સારામાં સારું શ્રાવકપણું પાળે કે સારામાં સારું દ્રવ્યસ્તવ કરે તો ઉત્કૃષ્ટથી અચ્યુત દેવલોકના ફળને પામે છે, આ રીતે મહાનિશીથ સૂત્રનું સામાન્ય કથન છે. તેથી જ્યારે અશુદ્ધ દાનાદિના ફળની સાથે પૂજાનું ગ્રહણ કરવું હોય તો અશુદ્ધ પૂજાનું ગ્રહણ થઈ શકે, પરંતુ શુદ્ધ પૂજાનું ગ્રહણ થઈ શકે નહિ; કેમ કે પૂજાનું ઉત્કૃષ્ટ ફળ દાનાદિ ચારના ઉત્કૃષ્ટ ફળ સાથે યોજેલું છે. તેથી દાનાદિનું ઉત્કૃષ્ટ ફળ તેને જ મળે કે જે શુદ્ધ દાનાદિ ચારે સેવતા હોય, તેથી જિનપૂજા પણ જે ઉત્કૃષ્ટ કરતો હોય તે શુદ્ધ દાનાદિ ચાર તુલ્ય ઉત્કૃષ્ટ ફળને પામે છે. માટે નક્કી થાય છે કે, શ્રાવકના

નિરતિચાર દાનાદિ ચાર તુલ્ય ઉત્કૃષ્ટ જિનપૂજાનું ફળ છે. તેથી તે વિધિશુદ્ધ પૂજા જ હોઈ શકે, અશુદ્ધ જિનપૂજા નહિ.

તેથી અશુદ્ધ દાનાદિ સમાન ફળવાળી જિનપૂજાને ગ્રહણ કરવી હોય તો વિધિની વિકલતાવાળી જિનપૂજાને ગ્રહણ કરવી ઉચિત છે. તેથી **'कहन्नं भंते'** સૂત્રમાં **अन्ये तु** ..... થી જે કથન કર્યું, તેમાં જિનપૂજાદિ અનુષ્ઠાનને અશુદ્ધ દાનાદિ સાથે જે સરખાવેલ છે, તે અશુદ્ધ જિનપૂજાને આશ્રયીને સંગત થઈ શકે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, **'कहण्णं भंते'** સૂત્રની ટીકામાં **अन्ये तु** થી જે ટીકાકારે કહ્યું, ત્યાં જિનપૂજાદિ અનુષ્ઠાનોથી સ્વલ્પ પાપબંધ અને બહુનિર્જરા થાય છે, તેમ કહેલ છે, તો પણ તે વિધિ વિકલતાવાળી પૂજા જ ગ્રહણ કરવી જોઈએ, એમ યુક્તિથી પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ સ્થાપન કર્યું. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે, વિધિશુદ્ધ પૂજાને પણ સ્વલ્પ પાપબંધ અને બહુનિર્જરાના કારણ તરીકે સ્વીકારીએ તો શું વાંધો ? કેમ કે, અશુદ્ધ દાન આપવામાં જેમ આરંભ-સમારંભ છે, તેમ વિધિશુદ્ધ પૂજામાં પણ પુષ્પાદિની કિલામણારૂપ આરંભ-સમારંભ છે જ. માટે અશુદ્ધ દાન સદૃશ જ વિધિશુદ્ધ જિનપૂજાને સ્વીકારીએ તો પંચાશકમાં પૂ. અભયદેવસૂરિ મહારાજે જે રીતે કૂપદૃષ્ટાંત સંગત કર્યું, તે સંગત થઈ જાય, અને પંચાશકની ટીકામાં કહેલ કેચિત્કારનો મત આગમ અનુપાતી નથી, તે વાત પણ સંગત થઈ જાય. આવી શંકાના નિરાકરણ માટે અશુદ્ધ દાન સાથે વિધિશુદ્ધ પૂજાને યોજી શકાય નહિ, તે બતાવવા માટે **'किञ्च'** થી કહે છે –

**ટીકા :-**

**किञ्च** - "संविग्गभावियाणं लुद्धयदिट्ठंतभावियाणं च । मुत्तूण खित्त-कालं भावं च कहंति सुद्धुंछं" ।। **(बृहत्कल्पभाष्ये गा. १६०७) इत्येतत्पर्यालोचनया लुब्धकदृष्टान्तभावितानामागमार्थाऽव्युत्पन्नानामेव अशुद्धदानसम्भवस्तादृशानामेव च जिनपूजासम्भवोऽपि विधिवैकल्यवानेव सम्भवतीति ।**

**ટીકાર્થ :-**

किञ्च ..... सम्भवतीति । **વળી** ક્ષેત્ર, કાળ અને ભાવને છોડીને (શુદ્ધ પ્રરૂપણા કરનાર જીવ) સંવિગ્નભાવિતોને અને લુબ્ધકદૃષ્ટાંતભાવિતોને શુદ્ધ ઉંછ કહે છે.- **એ પ્રકારના આના પર્યાલોચનથી=બૃહત્કલ્પભાષ્ય ગાથા-૧૬૦૭માં કહેલ કથનના**

**પર્યાલોચનથી, લુબ્ધકદૃષ્ટાંતભાવિત અને આગમાર્થના અવ્યુત્પન્નોને જ અશુદ્ધ દાનનો સંભવ છે, અને તેવાઓને જ જિનપૂજાનો સંભવ પણ વિધિવિકલતાવાળો જ સંભવે છે.**

❖ **संभवतीति** અહીં '**इति**' શબ્દ '**एतेन**' થી '**सम्भवति**' સુધીના કથનની સમાપ્તિસૂચક છે.

❖ **जिनपूजासम्भवोऽपि** અહીં '**अपि**' થી એ કહેવું છે કે, અશુદ્ધ દાન તો વિધિવિકલતાવાળું છે પણ જિનપૂજાનો સંભવ પણ વિધિવિકલતાવાળો છે.

**વિશેષાર્થ :-**

બૃહત્કલ્પભાષ્ય ગાથા-૧૬૦૭ **संविग्गभावियाणं ..... सुद्धुंछं ।।** નો અર્થ એ છે કે, જે સંવિગ્નભાવિત બાલ છે, તેઓ શાસ્ત્રના યથાર્થ અર્થને જાણનારા નથી, અને જે પાર્શ્વસ્થભાવિત બાલ છે, તે અભિનિવેશવાળા છે. તેઓ ધર્મ સાંભળવા આવ્યા હોય તો ઉપદેશક તેમને ક્ષેત્ર-કાળ અને ભાવને આશ્રયીને સાધુને અશુદ્ધ દાન આપવાની શાસ્ત્રમાં જે વિધિ છે, તેને છોડીને શુદ્ધ દાન આપવાનો ઉપદેશ આપે; કેમ કે, લુબ્ધકદૃષ્ટાંતથી ભાવિત એવા શ્રોતાને શુદ્ધ દાન આપવા પ્રત્યેનો પક્ષપાત પેદા કરાવવાનો છે. અને સંવિગ્નભાવિત એવા બાળજીવોને શાસ્ત્રના સાચા અર્થનો બોધ કરાવવા માટે સાધુને શુદ્ધ દાન આપવાની વિધિ બતાવીને આનુષંગિક રીતે કોઈ વિષમ દ્રવ્યાદિ કારણો હોય ત્યારે સાધુને અશુદ્ધ દાન આપવાની વિધિ બતાવવાની છે. આ પ્રકારનો અર્થ **દેશના બત્રીસી શ્લોક-૨૯** થી પ્રાપ્ત થાય છે. અને એ અર્થનો વિચાર કરીએ તો લુબ્ધકદૃષ્ટાંતથી ભાવિત એવા બાળજીવોને અને આગમાર્થમાં અવ્યુત્પન્ન જીવોને જ અશુદ્ધ દાનનો સંભવ છે. આથી જ તેઓને અશુદ્ધ દાન આપવાનું છોડાવવા માટે બૃહત્કલ્પભાષ્ય ગાથા-૧૬૦૭માં શુદ્ધ ઉંછ આપવાનો ઉપદેશ ઉપદેશક આપે એમ કહેલ છે.

આનાથી એ નક્કી થાય છે કે, લુબ્ધકદૃષ્ટાંતથી ભાવિત જીવોને અને આગમાર્થ અવ્યુત્પન્ન જીવોને જ જેમ અશુદ્ધ દાનનો સંભવ છે, તેમ તેના જેવાઓને જ=આગમાર્થ અવ્યુત્પન્નોને જ, વિધિની વિકલતાવાળી જિનપૂજાનો પણ સંભવ છે. માટે જેમ અશુદ્ધ દાનમાં અલ્પ કર્મબંધ અને બહુનિર્જરા કહેલી છે, તેમ અશુદ્ધ જિનપૂજાનું અનુષ્ઠાન જ તેવું છે, એમ કહેવું ઉચિત છે, પણ વિધિશુદ્ધ જિનપૂજાને અશુદ્ધ દાન જેવી કહેવી ઉચિત નથી.

**ઉત્થાન :-**

પૂ. હરિભદ્રસૂરિ મહારાજાના વચનના બળથી, અને પૂજા પંચાશક ગાથા-૪૨માં કહેલ '**कथंचित्**' શબ્દનો અર્થ પૂ. અભયદેવસૂરિ મહારાજ સાહેબે '**न कथंचित्**' કર્યો તેના બળથી, પૂર્વમાં ગ્રંથકારે એ સ્થાપન કર્યું કે, વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ હિંસા નથી. એ વચનની સાથે આગમમાં કહેલ '**कहण्णं भंते**' સૂત્રની ટીકામાં અર્થ કરતી વખતે જિનપૂજાદિ અનુષ્ઠાનનો પણ તથાપણાનો=ક્ષુલ્લકભવરૂપ અલ્પ આયુષ્યપણાનો, પ્રસંગ આવશે, એ પ્રકારે બીજાઓએ જે કથન કર્યું, તેનો વિરોધ દેખાયો. તેનું સમાધાન કરીને અન્ય કોઈ ગ્રંથમાં સાધુને અપાતું અપ્રાસુકાદિ દ્રવ્યદાન લેનારને અને આપનારને કઈ અપેક્ષાએ અલ્પ કર્મબંધ અને ઘણી નિર્જરાનું કારણ થાય છે તેમ કહેલ છે, તે બતાવીને તેની સાથે વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ કર્મબંધ નથી, તેનો વિરોધ સ્થૂલથી કોઈને જણાય, તેથી તે બતાવીને શુદ્ધ પૂજા સાથે તે કથન કઈ રીતે સંગત થાય, અને અશુદ્ધ પૂજા સાથે તે કથન કઈ રીતે સંગત થાય, તે બતાવે છે –

**ટીકા :-**

**यत्तु-गुणवते पात्राय(या)ऽप्रासुकादिद्रव्यदाने चारित्रकायोपष्टम्भान्निर्जरा, व्यवहारतो जीवघातेन चारित्रबाधनाच्च पापं कर्म्म, तत्र स्वहेतुसामर्थ्यापेक्षया बहुतरा (निर्जरा) निर्जरापेक्षया च अल्पतरं पापं भवति, तच्च कारण एव, यत उक्तं -**

'संथरणंमि असुद्धं दुन्न वि गिह्णंतदं( ? दिं) तयाणऽहियं ।
आउरदिट्ठंतेणं तं चेव हियं असंथरणे ।।' (निशीथभाष्य गा. १६५०) त्ति

**तद् गीतार्थान्यतरपदवैकल्य एव युज्यते, तत्साकल्ये स्वल्पस्यापि पापस्याऽसम्भवात्, व्यवहारतो बाधकस्याबाधकत्वात्, स्वहेतुसामर्थ्यस्य द्रव्यभावाभ्यामुपपत्तेः । अयमेवातिदेशो विधिशुद्धजिनपूजायां द्रष्टव्यः ।**

**ટીકાર્થ :-**

यत्तु गुणवते ..... कारण एव જે વળી, ગુણવાન પાત્રને અપ્રાસુકાદિ દ્રવ્યદાન અપાયે છતે ગુણવાન પાત્રના ચારિત્રકાયનો ઉપષ્ટંભ થવાથી (ગુણવાન જીવને) નિર્જરા થાય છે (અને અશુદ્ધ દ્રવ્યદાનના ગ્રહણમાં) જીવઘાત થવાને કારણે

**વ્યવહારથી ગુણવાન પાત્રના ચારિત્રનું બાધન થવાથી (ગુણવાન જીવને) પાપકર્મ બંધાય છે. ત્યાં ગુણવાન જીવથી ગ્રહણ કરાયેલા અશુદ્ધ દાનમાં સ્વહેતુના સામર્થ્યની અપેક્ષાએ=નિર્જરા અને પાપબંધના હેતુના સામર્થ્યની અપેક્ષાએ, બહુતર નિર્જરા અને નિર્જરાની અપેક્ષાએ અલ્પતર પાપ થાય છે અને ગુણવાન વ્યક્તિ દ્વારા તે=અશુદ્ધ દાનનું ગ્રહણ, કારણે જ છે.**

यत उक्तं ..... ऽसम्भवात् **જે કારણથી કહેવાયું છે -** સંસ્તરણમાં=સંયમનો નિર્વાહ થતો હોય છતાં, અશુદ્ધ દાન ગ્રહણ કરનાર અને આપનાર બંનેને પણ અહિત કરનારું છે, અને આતુરના દૃષ્ટાંતથી તે જ=અશુદ્ધ દાન જ, અસંસ્તરણમાં હિતકારી છે. **આ પ્રકારે જે કહ્યું છે તે ગીતાર્થ અન્યતર પદના વૈકલ્યમાં જ ઘટે છે; કેમ કે તેના સાકલ્યમાં=ગીતાર્થ અન્યતર પદના સાકલ્યમાં, સ્વલ્પ પણ પાપનો અસંભવ છે.**

અહીં પ્રશ્ન થાય કે, અશુદ્ધ દાન ગ્રહણ કરાયે છતે વ્યવહારથી ચારિત્રનો બાધ થાય છે, તો સ્વલ્પ પાપબંધ સ્વીકારવામાં શું વાંધો છે ? તેથી કહે છે –

व्यवहारतो ..... अबाधकत्वात्, **વ્યવહારથી બાધકનું અબાધકપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે, જેમ નિર્જરાના હેતુનું સામર્થ્ય છે, તેમ કર્મબંધના હેતુભૂત એવા વ્યવહારથી ચારિત્રના બાધનું પણ સામર્થ્ય અશુદ્ધ દાન ગ્રહણમાં છે, તેથી સ્વહેતુના સામર્થ્યથી જેમ નિર્જરા થાય છે, તેમ સ્વહેતુના સામર્થ્યથી અલ્પ કર્મબંધ પણ થવો જોઈએ. તેથી કહે છે -

स्वहेतु ..... उपपत्तेः । **સ્વહેતુસામર્થ્યની દ્રવ્ય-ભાવ દ્વારા ઉપપત્તિ છે=કર્મબંધના હેતુનું સામર્થ્ય દ્રવ્યથી છે, માટે કર્મબંધ થતો નથી, અને નિર્જરાના હેતુનું સામર્થ્ય ભાવથી છે, તેથી નિર્જરા થાય છે.**

પૂર્વમાં કહ્યું કે, કોઈએ અશુદ્ધ દાન લેનારને અલ્પ કર્મબંધ અને ઘણી નિર્જરા સ્થાપન કરી, તેનું યોજન ગ્રંથકારશ્રીએ ગીતાર્થાદિ અન્યતર પદના વૈકલ્યને કારણે છે, એમ સ્થાપન કરવા હેતુ આપતા કહ્યું કે, સાધુ અશુદ્ધ દાન ગ્રહણ કરે અને ગીતાર્થ અન્યતર પદનું=ગીતાર્થ અને સંવિગ્ન પદનું, સાકલ્ય હોય તો નિયમા લેશ પણ કર્મબંધ થાય નહિ.

હવે આ દાન જેવી=ગીતાર્થાદિ પદ સાકલ્યવાળાના અશુદ્ધ દાન ગ્રહણ જેવી, વિધિશુદ્ધ જિનપૂજા છે, તે બતાવે છે –

**अयमेव ..... द्रष्टव्यः । આ જ અતિદેશ=ગીતાર્થ અન્યતર પદવાળી વ્યક્તિ કારણે અશુદ્ધ દાન ગ્રહણ કરે એ જ અતિદેશ, વિધિશુદ્ધ જિનપૂજામાં જાણવો.**

## -: "यत्तु થી दृष्टव्यः" સુધીના કથનનો ભાવાર્થ :-

ગુણવાન જીવને અપ્રાસુક દ્રવ્યદાન અપાયે છતે લેનાર જીવને અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા થાય છે, તે કઈ અપેક્ષાએ છે તેમ કોઈક ગ્રંથમાં કહેલ છે. જે નીચે પ્રમાણે છે –

ગુણવાન પાત્રને કોઈ અપ્રાસુક દ્રવ્યદાન આપે તો લેનાર જીવના ચારિત્રકાયનો ઉપષ્ટંભ થાય છે, તેથી ચારિત્રની વૃદ્ધિ થવાને કારણે તે અશુદ્ધ દાનના ગ્રહણથી લેનારને નિર્જરા થાય છે; આમ છતાં તે અશુદ્ધ દાનમાં જીવહિંસા સમાયેલી છે, તેથી વ્યવહારનયથી ચારિત્રનો બાધ થાય છે, તેના કારણે લેનાર વ્યક્તિને પાપબંધ થાય છે.

હવે અશુદ્ધ દાન લેનારને ઘણી નિર્જરા અને અલ્પ કર્મબંધ થાય છે. તેમાં યુક્તિ આપે છે –

તે અશુદ્ધ દાનમાં નિર્જરા અને પાપબંધ એ બંનેનું સામર્થ્ય છે; કેમ કે, તે અશુદ્ધ દાન ચારિત્રને ઉપષ્ટંભ કરનાર છે, તેથી તેના સામર્થ્યની અપેક્ષાએ તે અશુદ્ધ દાનના ગ્રહણથી ઘણી નિર્જરા થાય છે. અને નિર્જરાની અપેક્ષાએ અલ્પતર પાપબંધ થાય છે, કેમ કે અશુદ્ધ ગ્રહણ કરેલ છે.

અહીં કોઈને શંકા થાય કે, ગુણવાન એવા સાધુએ પણ કારણ વગર જ અશુદ્ધ દાન ગ્રહણ કરેલ હશે, તેથી જ કર્મબંધ થાય છે. તેના નિરાકરણ માટે કહે છે –

ગુણવાન પાત્ર જે અશુદ્ધ દાન ગ્રહણ કરે છે, તેમાં અલ્પ કર્મબંધ અને ઘણી નિર્જરા થાય છે, તે કારણે જ અશુદ્ધ દાનગ્રહણમાં કહેલ છે, નિષ્કારણ અશુદ્ધ દાનગ્રહણમાં કહેલ નથી. તેમાં સાક્ષી આપતાં કહે છે –

સંસ્તરણમાં લેનાર અને આપનાર બંનેને અશુદ્ધ દાન અહિતરૂપ કહેલ છે. તેથી નિષ્કારણ અશુદ્ધ દાન ગ્રહણ કરે તો તે હિતરૂપ બની શકે નહિ, માટે જ કારણે ગ્રહણ કરાયેલ તે અશુદ્ધ દાનથી ઘણી નિર્જરા અને અલ્પતર પાપબંધ થાય છે, આ પ્રકારનું કોઈએ યોજન કર્યું. તેથી ગ્રંથકારને પ્રશ્ન થયો કે, જો આ વાત સ્વીકારીએ તો એ પ્રાપ્ત થાય કે, કોઈ ગુણવાન સાધુ કારણે પણ અશુદ્ધ દાન ગ્રહણ કરે તો વ્યવહારથી ચારિત્રનો બાધ થવાથી તેનાથી અલ્પ પાપબંધ થાય. તેથી એ ફલિત થાય કે, ગુણવાન સાધુ ભગવાનની આજ્ઞા પ્રમાણે કારણે અશુદ્ધ દાન ગ્રહણ કરે તો તેમાં બાહ્ય હિંસા

હોવાથી અલ્પ પાપબંધ થાય છે. અને તે રીતે તો વિધિશુદ્ધ પૂજા પણ ભગવાનની આજ્ઞાનુસાર હોવા છતાં ત્યાં બાહ્યથી હિંસા છે, તેથી તેમાં પણ અલ્પ પાપબંધ માનવો પડે. તેથી આ પ્રકારના કોઈકના કથનનું તાત્પર્ય શું છે, તે બતાવવા માટે કહે છે –

જેઓ આ પ્રકારનો અર્થ કરે છે, તે પણ ગીતાર્થ અન્યતરપદના વૈકલ્યમાં જ ઘટે છે, પરંતુ ગીતાર્થ અન્યતર પદનું સાકલ્ય હોય તો સ્વલ્પ પણ પાપબંધનો સંભવ નથી.

આશય એ છે કે, ગુણવાન વ્યક્તિ કારણે અશુદ્ધ દાન ગ્રહણ કરે ત્યારે ઘણી નિર્જરા અને અલ્પતર પાપબંધ થાય છે, એ કથન અશુદ્ધ દાન લેનાર જીવમાં ગીતાર્થ અન્યતર પદનું વૈકલ્ય હોય તો તેના અશુદ્ધ દાનના ગ્રહણમાં યતનાની ખામી છે, તેમ નક્કી થાય છે. અને તેની યતનાની ખામીને કારણે ત્યાં અલ્પ પાપબંધ માનવામાં કોઈ દોષ નથી. પરંતુ ગુણવાન જીવ કારણે અશુદ્ધ દાન ગ્રહણ કરતો હોય અને તે ગીતાર્થ અન્યતર પદના સાકલ્યવાળો હોય=ગીતાર્થ અને સંવિગ્ન હોય અર્થાત્ ગીતાર્થ હોય અને ગોચરી ગ્રહણ કરતી વખતે શ્રુતના ઉપયોગવાળો હોય તો તેની યતનામાં કોઈ ખામી હોઈ શકે નહિ, તેથી ગીતાર્થ અને સંવિગ્ન સાધુએ કારણે ગ્રહણ કરેલ અશુદ્ધ દાનમાં લેશ પણ પાપનો સંભવ નથી; કેમ કે, વ્યવહારથી બાહ્ય જીવની વિરાધના થાય છે, તે સંયમના પરિણામની બાધક નથી, તેથી તત્કૃત કોઈ કર્મબંધ સંભવે નહિ.

અહીં પ્રશ્ન થાય કે, અશુદ્ધ દાનમાં અશુદ્ધ અંશ અને ચારિત્રનો ઉપષ્ટંભક અંશ બે છે, તેથી અશુદ્ધ અંશથી કર્મબંધ અને ચારિત્રના ઉપષ્ટંભક અંશથી નિર્જરા સ્વીકારીએ તો શું વાંધો છે ? તેથી કહે છે –

સ્વહેતુ સામર્થ્યની દ્રવ્ય-ભાવ દ્વારા ઉપપત્તિ છે.

આશય એ છે કે, કર્મબંધના કારણીભૂત એવી હિંસા અશુદ્ધ દાનમાં દ્રવ્યથી છે અને નિર્જરાના કારણીભૂત એવું ચારિત્રનું ઉપષ્ટંભન ભાવથી છે. તેથી દ્રવ્યહિંસામાત્રથી કર્મબંધ થતો નથી, પરંતુ ભગવાનની આજ્ઞાના પાલનરૂપ ચારિત્રનો પરિણામ જ નિર્જરાનું કારણ બને છે. અને અશુદ્ધ દાન ગ્રહણ કરતી વખતે ગીતાર્થ વ્યક્તિને ભગવાનની આજ્ઞાના પાલનમાં ઉપયોગ વર્તે છે, તેથી તે આજ્ઞાપાલનના ભાવથી ફક્ત નિર્જરા થાય છે, અને બાહ્ય હિંસા દ્રવ્યમાત્રરૂપ હોવાથી તેનાથી કોઈ કર્મબંધ થતો નથી.

હવે ઉક્ત કથનને વિધિશુદ્ધ જિનપૂજામાં બતાવતાં કહે છે –

ગીતાર્થ અને સંવિગ્ન વ્યક્તિ કારણે અશુદ્ધ દાન ગ્રહણ કરે તે વખતે માત્ર ભગવાનની આજ્ઞાપાલનનો અધ્યવસાય છે તેથી ત્યાં નિર્જરા થાય છે, અને તે અશુદ્ધ દાનના ગ્રહણમાં હિંસા દ્રવ્યમાત્રથી છે તેથી ત્યાં લેશ પણ કર્મબંધ નથી; તે જ રીતે વિધિપૂર્વક ભગવાનની આજ્ઞાનુસાર પૂજા કરનાર શ્રાવકનો ઉપયોગ આજ્ઞાપાલનનો હોવાથી તેમની પૂજામાં એકાંતે નિર્જરા થાય છે, અને ત્યાં જે દ્રવ્યથી હિંસા થાય છે તેમાં લેશ પણ કર્મબંધ નથી, એ બતાવવાં કહે છે - આ જ અતિદેશ વિધિશુદ્ધ જિનપૂજામાં જાણવો.

અહીં ગીતાર્થ અન્યતર પદનું વૈકલ્ય ગ્રહણ કર્યું, તેનાથી એ જણાય છે કે, કારણે કોઈ સાધુ અશુદ્ધ આહાર ગ્રહણ કરતો હોય ત્યારે જો તે ગીતાર્થ ન હોય તો યતનામાં ખામી સંભવે, અને જો ગીતાર્થ હોવા છતાં સંવિગ્ન ન હોય તો શ્રુતના ઉપયોગમાં ખામી આવે. તેથી કાંઈક યતનામાં ખામી થાય છે તેથી પણ ગ્રહણ કરાયેલા અશુદ્ધ દાનમાં અલ્પ પાપબંધ થાય છે.

**ઉત્થાન :-**

વળી ગુણવાન પાત્રને અશુદ્ધ દાન આપનાર જીવને આશ્રયીને અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા થાય છે, એમ બીજા કોઈક કહે છે, તેનું યોજન અશુદ્ધ પૂજા સાથે કઈ રીતે થાય છે, તે ગ્રંથકાર બતાવે છે –

**ટીકા :-**

**अन्यैस्तु - अकारणेऽपि गुणवत्पात्रायाप्रासुकादिदाने परिणामवशात् बहुतरा निर्जरा अल्पतरं च पापकर्म्मेति च प्रतिपादितम्, परिणामप्रामाण्यात, "संथरणंमी०" त्यादौ अशुद्धं द्वयोरपि दातृगृहीत्रोरहितायेति च व्यवहारतः संयमविराधकत्वात् दायकस्य लुब्धकदृष्टान्तभावितत्वेनाव्युत्पन्नत्वेन च देक्गतौ शुभाल्पाऽऽयुष्कतानिमित्तत्वादिति योजितम् । अयमतिदेशोऽव्युत्त्यु(त्प)न्नीयपूजायां दृष्टव्य इति ।।४।।**

**ટીકાર્થ :-**

अन्यैस्तु ..... परिणामप्रामाण्यात् । વળી અકારણમાં પણ ગુણવાન પાત્રને અપ્રાસુક દાન અપાયે છતે (આપનારના) પરિણામના વશથી ઘણી નિર્જરા અને

**અલ્પ પાપકર્મ બંધાય છે, એ પ્રમાણે બીજા વડે પ્રતિપાદન કરાયું છે. તેમાં યુક્તિ આપે છે –**

**પરિણામનું પ્રામાણ્ય છે=નિર્જરા અને પાપબંધ પ્રત્યે આપનાર જીવના પરિણામનું કારણપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે, નિશીથભાષ્ય ગાથા-૧૬૫૦માં કહ્યું છે કે, સંસ્તરણ=સંયમનો નિર્વાહ, થતું હોય છતાં અશુદ્ધ દાન આપવામાં આવે તો આપનાર અને લેનાર બંને માટે અહિતનું કારણ છે, તેથી અકારણમાં અશુદ્ધ દાન આપનારને બહુ નિર્જરા થાય છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

**संथरणमीत्यादौ ..... इति ।।४।। અને संथरणंमि ..... એ ગાથામાં અશુદ્ધ દાન આપનાર અને લેનાર બંનેને અહિત માટે છે, એ પ્રમાણે જે કહેલ છે, તે વ્યવહારથી આપનાર જીવ સાધુના સંયમનો વિરાધક છે તે અપેક્ષાએ કહેલ છે, અને દાયકનું લુબ્ધકદૃષ્ટાંતથી ભાવિતપણું હોવાને કારણે અને અવ્યુત્પન્નપણું હોવાને કારણે દેવગતિવિષયક શુભ અલ્પ આયુષ્કતાનું કારણ તે દાન બને છે. (એથી કરીને આપનાર જીવના પરિણામની વિચિત્રતાથી અશુદ્ધ દાન આપનારને ઘણી નિર્જરા અને અલ્પ પાપબંધ થાય છે, એ પ્રમાણે બીજાઓએ યોજન કરેલ છે.) આ અતિદેશ અવ્યુત્પન્નની પૂજામાં જાણવો.**

❖ 'इति' શબ્દ ગાથા-૪ના કથનની સમાપ્તિ સૂચક છે.

## –:"अन्यैस्तु - अकारणेऽपि ....થી दृष्टव्य इति" સુધીના કથનનો ભાવાર્થ :–

બીજાઓ કહે છે કે, સાધુને અશુદ્ધ દાન આપવાનું કોઈ કારણ ન હોય તો પણ ગુણવાન પાત્રને કોઈ અપ્રાસુક દાન આપે તો તેવા પરિણામને કારણે=અવિવેક અને ગુણવાનની ભક્તિના પરિણામને કારણે, ઘણી નિર્જરા અને અલ્પતર પાપકર્મબંધ થાય છે; કેમ કે, ઘણી નિર્જરા અને અલ્પતર પાપબંધ પ્રત્યે પરિણામનું પ્રમાણપણું છે=અવિવેકયુક્ત પરિણામનું કારણપણું છે.

અહીં પ્રશ્ન થાય કે, નિશીથભાષ્યની ગાથામાં કહ્યું કે, અશુદ્ધ દાન આપવાનું કોઈ કારણ ન હોય તો આપનાર અને લેનાર બંનેનું અહિત થાય છે, તેનો વિરોધ આવશે; કેમ કે, અશુદ્ધ દાન આપનારનું પણ અહિત થાય છે, તેમ કહ્યું છે. તેથી ખુલાસો કરે છે –

નિશીથભાષ્યના કથનમાં વ્યવહારથી સંયમનું વિરાધકપણું છે, માટે અકારણમાં

અશુદ્ધ દાન આપનાર અને લેનારનું અહિત થાય છે, તેમ કહેલું છે. અને દાયક જીવ લુબ્ધકદૃષ્ટાંતથી ભાવિત છે અને અવ્યુત્પન્ન છે, તેથી તેનું દાન દેવગતિવિષયક શુભ આયુષ્યની અલ્પતાનું નિમિત્ત છે, માટે તેને એકાંતે અહિત કરનાર છે, તેમ કહી ન શકાય; પરંતુ નિર્જરાનું કારણ પણ માનવું પડે. તેથી નિષ્કારણ પણ ગુણવાનને અશુદ્ધ દાન આપવામાં વ્યવહારથી સંયમનું વિરાધકપણું હોવાને કારણે અહિતપણું હોવા છતાં, દાનના અધ્યવસાયને કારણે દેવગતિનું કારણ બને છે, તેથી નિર્જરાનું કારણ પણ તે દાન માનવું જોઈએ. એ પ્રકારે અન્ય કોઈએ યોજન કર્યું છે, અને આ યોજન જ અવ્યુત્પન્ન જીવનું ભગવાનની પૂજામાં અતિદેશરૂપ જાણવું.

આનાથી એ ફલિત થાય કે, જેમ અવ્યુત્પન્ન જીવ નિષ્કારણ અશુદ્ધ દાન આપીને દાન આપવાના શુભ ભાવથી અલ્પ કર્મબંધ અને ઘણી નિર્જરા કરે છે, તેમ ભગવાનની પૂજાની વિધિમાં અવ્યુત્પન્ન એવો શ્રાવક અવિધિથી યુક્ત ભગવાનની ભક્તિવાળી પૂજા કરીને અલ્પ કર્મબંધ અને ઘણી નિર્જરા કરે છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**तदिदमखिलम्मनसिकृत्याह -**

**અવતરણિકાર્થ :-**

**તે આ સર્વને=ગાથા-૨માં ગ્રંથકારે સ્થાપન કર્યું કે, વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ કર્મબંધ નથી અને તે કથનની સાથે ચોથા પંચાશકમાં કહેલ પૂજ્ય અભયદેવસૂરિ મહારાજાના કથનનો વિરોધ બતાવીને તેનો પરિહાર ગાથા-૩/૪ માં ગ્રંથકારશ્રી પૂજ્ય યશોવિજયજી મહારાજાએ કર્યો તે સર્વને, મનમાં રાખીને કહે છે –**

**ગાથા :-**

**सम्भावणे विसद्दो दिट्ठंतोऽणणुगुणो पयंसेइ ।**
**सामण्णाणुमईए सूरी पुण अंसओ बाहं ।।५।।**

**છાયા :-**

(सम्भावने ऽपिशब्दः दृष्टान्तो ऽननुगुणः प्रदर्शयति ।
सामान्यानुमितौ सूरिः पुनः अंशतो बाधं ।।५।।)

**અન્વય :-**

विसद्दो सम्भावने, दृष्टान्तो ऽननुगुणः, सामण्णाणुमईए सूरी पुण अंसओ बाहं पयंसेइ ।।५।।

**ગાથાર્થ :-**

**પંચાશક-૪-૧૦માં 'अपि' શબ્દ સંભાવનામાં છે. પૂ. અભયદેવસૂરિ મહારાજે પૂજામાં આપેલું અશુદ્ધદાનનું દષ્ટાંત અનનુગુણ છે.**

**અહીં પ્રશ્ન થાય કે, પૂ. અભયદેવસૂરિ મહારાજે કરેલું અનુમાન કઈ રીતે સંગત થાય છે ? તેથી કહે છે –**

**સામાન્ય અનુમિતિમાં પૂ. અભયદેવસૂરિ વળી અંશથી બાધને બતાવે છે. ।।૫।।**

**ટીકા :-**

**सदोषमपि स्नानादि(दी)त्यत्रापिशब्दः सम्भावने, तेन (न) सर्वं सदोषमेव, यतनादिसत्त्वे भावोत्कर्षे दोषाभावात् । दृष्टान्तोऽशुद्धदानरूपः शुद्धजिनपूजायामननुगुणोऽननुकूलः । सूरिः=अभयदेवसूरिः पुनः, सामान्यानुमितौ=स्नानत्वपूजात्वाद्यवच्छेदेन निर्दोषत्वानुमितौ "न चैतदाऽऽगमानुपाती" त्यादिना अंशतो बाधं प्रदर्शयति । विधिविरहितायाः पूजायाः कर्दमोपलेपादितुल्योऽल्पदोषो (कर्दमोपलेपादितुल्याल्पदोषदुष्टत्वात्) दुष्टत्वात् । भवति चांशतो बाधप्रतिसन्धानेऽवच्छेदकावच्छेदेनाऽनुमितिप्रतिबन्धः । सामानाधिकरण्येनानुमितौ तु नायमपि दोष इति विभावनीयं सुधीभिः ।।५।।**

❖ ટીકામાં कर्दमोपलेपादितुल्यो ऽल्पदोषो दुष्टत्वात् પાઠ છે, ત્યાં कर्दमोपलेपादि-तुल्याल्पदोषदुष्टत्वात् પાઠની સંભાવના છે અને તે મુજબ અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-**

सदोषमपि ..... ऽननुकूलः ।**પૂજાપંચાશક ગાથા-૪-૧૦માં** सदोषमपि स्नानादि= **સદોષ પણ સ્નાનાદિ એમ કહ્યું એમાં 'अपि' શબ્દ સંભાવનામાં છે. તેથી પૂજાકાળમાં કરાતા સર્વ સ્નાનાદિ સદોષ જ નથી; કેમ કે, યતના હોતે છતે ભાવના ઉત્કર્ષમાં દોષનો અભાવ છે=કર્મબંધરૂપ દોષનો અભાવ છે.**

**વળી, અભયદેવસૂરિ મહારાજે આપેલ સાધુને અશુદ્ધ દાનરૂપ દૃષ્ટાંત શુદ્ધ જિનપૂજામાં=અનનુગુણ છે=ઉચિત નથી.**

❖ सदोषमपि स्नानादि - અહીં 'अपि' શબ્દ સંભાવનામાં છે, તેથી સર્વ સ્નાનાદિ સદોષ જ નથી, એમ અર્થ સમજવો.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે, તો પછી અહીં ગાથા-૨માં ગ્રંથકારશ્રીએ કૂપદૃષ્ટાંતનું યોજન કર્યું, તેને પૂ. અભયદેવસૂરિમહારાજે આગમ અનુપાતી નથી, તેમ પૂજા પંચાશકમાં કેમ કહ્યું ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

सामान्यानुमितौ ..... दुष्टत्वात् । **સામાન્ય અનુમિતિમાં=સ્નાનત્વ પૂજાત્વાદિ અવચ્છેદેન નિર્દોષત્વ અનુમિતિમાં, "આ આગમ અનુપાતી નથી" ઈત્યાદિ દ્વારા અંશથી બાધ દેખાડે છે, કેમ કે, વિધિ વિરહિત પૂજાનું કાદવના ઉપલેપાદિ તુલ્ય અલ્પદોષથી દુષ્ટપણું છે.**

### -: "सदोषमपि ..... दुष्टत्वात्" સુધીના કથનનો ભાવાર્થ :-

પૂજા પંચાશક-૪-૧૦માં सदोषमपि स्नानादि ..... એ પ્રકારનો પ્રયોગ છે. ત્યાં 'अपि' શબ્દ સંભાવનામાં છે. તેથી પૂજાકાળમાં કરાતા સર્વ સ્નાનાદિ સદોષ જ છે, તેમ નથી; કેમ કે જે સ્નાનાદિમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે યતનાદિ હોય અને ભગવાનની ભક્તિના ભાવનો ઉત્કર્ષ હોય તો તે સ્નાનાદિમાં કર્મબંધરૂપ દોષનો અભાવ છે.

આનાથી એ ફલિત થયું કે, વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ કર્મબંધ નથી. માટે ગ્રંથકારશ્રીએ ગાથા-૨ માં જે રીતે કૂપદૃષ્ટાંતનું યોજન કર્યું, તે વાત સંગત છે, એમ પૂજા પંચાશક-૪/૧૦ના કથનથી નક્કી થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી ગ્રંથકારશ્રીએ ગાથા-૨માં કૂપદૃષ્ટાતનું જે રીતે યોજન કર્યું, તેને પૂ. અભયદેવસૂરિ મહારાજે આગમ અનુપાતી નથી તેમ પૂજા પંચાશક-૪/૧૦ની ટીકામાં કેમ કહ્યું ? તેથી કહે છે –

યાવત્ પૂજામાં નિર્દોષત્વની અનુમિતિ કોઈ કરતું હોય તેમાં અંશથી બાધ બતાડવા માટે આ આગમ અનુપાતી નથી, તેમ પૂ. અભયદેવસૂરિ મહારાજે કહેલ છે; કેમ કે, વિધિરહિત એવી પૂજાનું કાદવના ઉપલેપાદિ તુલ્ય અલ્પદોષથી દુષ્ટપણું છે.

આશય એ છે કે, કોઈ જીવ ભગવાનની કરાતી સર્વ પૂજાને નિર્દોષ માની લે, તેમાં અંશથી બાધ છે, તે બતાવવા માટે પૂ. અભયદેવસૂરિ મહારાજે કેચિત્કારે જે રીતે કૂપદૃષ્ટાંતનું યોજન પૂજા પંચાશક-૪/૧૦માં કરેલ છે, તેને આગમ અનુપાતી નથી, તેમ કહેલ છે. જો પૂ. અભયદેવસૂરિ મહારાજે કેચિત્કારના મતને આગમ અનુપાતી નથી, તેમ ન કહ્યું હોત અને કેચિત્કારે જે રીતે કૂપદૃષ્ટાંતનું યોજન કરેલું છે, તે જ રીતે વાંચવામાં આવે તો ભગવાનની કરાતી પૂજામાં લેશ પણ કર્મબંધ નથી, તેવો બોધ થાય, અને કોઈને એવો ભ્રમ થાય કે, વિધિરહિત કરાયેલી પૂજામાં લેશ પણ કર્મબંધ નથી. તેથી વિધિરહિત પૂજામાં અંશથી કર્મબંધ છે, તે બતાવવા માટે જ પૂ. અભયદેવસૂરિ મહારાજે કેચિત્કારનો મત આગમ અનુપાતી નથી, તેમ કહેલ છે.

તે જ વાત સ્પષ્ટ કરતાં કહે છે –

**ટીકાર્થ :-**

**भवति ..... ऽनुमितिप्रतिबन्धः । અને અંશથી બાધનું પ્રતિસંધાન થયે છતે અવચ્છેદકાવચ્છેદેન અનુમિતિનો પ્રતિબંધ થાય છે.**

**ભાવાર્થ :-**

પૂ. અભયદેવસૂરિ મહારાજાના પૂજા પંચાશક-૪/૧૦ના વચનથી જ્યારે પૂજામાં કોઈક અંશથી કર્મબંધ થાય છે, તે વાત સિદ્ધ થાય, ત્યારે ભગવાનની બધી પૂજામાં લેશપણ કર્મબંધ નથી, તેવી માન્યતામાં અંશથી બાધનું પ્રતિસંધાન થાય છે. તેથી સર્વ પૂજામાં લેશ પણ કર્મબંધ નથી, તેવી અનુમિતિનો પ્રતિબંધ થાય છે.

**ટીકાર્થ :-**

**सामानाधिकरण्येन ..... सुधीभिः ।।૫।। સામાનાધિકરણ્યથી થતી અનુમિતિમાં વળી આ પણ=પૂજામાં લેશ પણ કર્મબંધ થતો નથી તેમ સ્વીકારવામાં પણ, દોષ નથી, એ પ્રકારે બુદ્ધિમાને વિચારવું જોઈએ.**

**ભાવાર્થ :-**

વિધિશુદ્ધ પૂજામાં કોઈ અનુમિતિ કરે કે, ત્યાં કર્મબંધ થાય છે કે નહિ, તેવા સ્થાનમાં કેચિત્કારે જે રીતે દૃષ્ટાંતનું યોજન કર્યું છે તે રીતે દૃષ્ટાંતનું યોજન કરીને વિચારવામાં આવે તો તે પૂજામાં લેશ પણ કર્મબંધ નથી, તેમ સ્વીકારવામાં દોષ નથી.

અનુમિતિ બે પ્રકારે થાય છે –

(૧) અવચ્છેદકાવચ્છેદેન, (૨) સામાનાધિકરણ્યેન.

(૧) જેમ '**वह्निः उष्णः दाहजनकत्वात्**' । આ પ્રકારના અનુમાનમાં અવચ્છેદકાવચ્છેદેન અનુમિતિ કહેવાય છે અર્થાત્ યાવત્ વહ્નિ ઉષ્ણ છે, એ પ્રકારની સિદ્ધિ થાય છે, તેથી **वह्नित्वावच्छेदेन** વહ્નિમાં ઉષ્ણત્વની સિદ્ધિ થાય છે, જેને ન્યાયની ભાષામાં અવચ્છેદકાવચ્છેદેન અનુમિતિ થઈ, એમ કહેવામાં આવે છે.

(૨) '**पर्वतो वह्निमान् धूमात्**' આ પ્રકારના અનુમાનમાં સામાનાધિકરણ્યથી વહ્નિમત્ત્વની અનુમિતિ થાય છે અર્થાત્ પર્વતત્વનું સમાન અધિકરણ છે, એ પ્રકારની અનુમિતિ ધૂમથી થાય છે, પરંતુ **पर्वतत्वावच्छेदेन** યાવત્ પર્વતમાં વહ્નિમત્ત્વની અનુમિતિ થતી નથી. આથી જ જે જે પર્વતમાં ધૂમ છે, તે તે પર્વતમાં જ વહ્નિ છે, પરંતુ દરેક પર્વતમાં વહ્નિ છે, તેમ સિદ્ધ થતું નથી.

તે જ રીતે પ્રસ્તુતમાં **पूजात्वावच्छेदेन** લેશ પણ કર્મબંધ નથી, તેવું કોઈ અનુમાન કરે તો એ પ્રાપ્ત થાય કે, શુદ્ધ પૂજા અને અશુદ્ધ પૂજા એમ બધી પૂજામાં કર્મબંધ નથી; અને તેવી **पूजात्वावच्छेदेन** નિર્દોષત્વની અનુમિતિના બાધ માટે જ પૂ. અભયદેવસૂરિ મહારાજ સાહેબે કેચિત્કારનો મત આગમ અનુપાતી નથી, તેમ કહેલ છે. અને વિધિશુદ્ધ પૂજાસ્થળમાં રહેલા પૂજાત્વના અધિકરણમાં નિર્દોષત્વની અનુમિતિ સ્વીકારવામાં કોઈ દોષ નથી, અને તે સ્થાનમાં કેચિત્કારનો મત સંગત છે, એ પ્રકારે બુદ્ધિમાને વિચારવું જોઈએ. **॥૫॥**

**ઉત્થાન :-**

પૂર્વ ગાથાઓમાં સ્થાપન કર્યું કે, વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ કર્મબંધ નથી, પરંતુ વિધિરહિત એવી પૂજામાં જ કાંઈક કર્મબંધ અને ઘણી નિર્જરા છે, અને તેને સામે રાખીને પૂજ્ય અભયદેવસૂરિ મહારાજે સાધુને અપાતા અશુદ્ધ દાનના દૃષ્ટાંતને પૂજામાં યોજેલ છે. ત્યાં કોઈ શંકા કરતાં '**ननु**' થી કહે છે –

**અવતરણિકા :-**

**ननु परिमाण(णाम)प्रामाण्ये विधिवैगुण्येऽपि को दोष इत्याशङ्क्याह-**

**અવતરણિકાર્થ :-**

**પરિણામના પ્રામાણ્યમાં વિધિની વિકલતા હોવા છતાં પણ કયો દોષ છે ? એ પ્રમાણે આશંકા કરીને કહે છે –**

**વિશેષાર્થ :-**

કોઈ જીવ ભગવાનની ભક્તિના પરિણામપૂર્વક પૂજા કરતો હોય ત્યારે વિધિમાં ખામી હોય તો પણ તેમાં શું દોષ છે ? અર્થાત્ વિધિની ખામીમાં પણ કર્મબંધ થાય છે, તેમ સ્વીકારવું જોઈએ નહિ, એ પ્રકારની આશંકામાં કહે છે –

**ગાથા :-**

**दुग्गयनारीणाया जइवि पमाणीकया हवइ भत्ती ।**
**तहवि अजयणाजणिआ हिंसा अन्नाणओ होई ।।६।।**

**છાયા :-**

(दुर्गतानारीज्ञाताद् यद्यपि भक्तिः प्रमाणीकृता भवति ।
तथापि अयतनाजनिता हिंसा अज्ञानतो भवति ।।६।।)

**અન્વય :-**

जइवि दुग्गयनारीणाया भत्ती पमाणीकया हवइ, तहवि अन्नाणओ अजयणाजणिआ हिंसा होई ।।६।।

**ગાથાર્થ :-**

**જો કે, દુર્ગતા નારીના દૃષ્ટાંતથી ભગવાનની ભક્તિ પ્રમાણીકૃત થાય છે=નિર્જરાના કારણભૂત થાય છે, તો પણ અજ્ઞાનથી અયતનાજનિત હિંસા થાય છે=હિંસાકૃત કર્મબંધ થાય છે. ।।૬।।**

**વિશેષાર્થ :-**

પ્રસ્તુત ગાથાની અવતરણિકામાં શંકાકારનો આશય એ છે કે, કોઈ જીવ ભગવાનની ભક્તિમાં દત્તચિત્ત હોય તો બાહ્ય યતનામાં કોઈ ખામી હોવા છતાં પણ ત્યાં કર્મબંધ માનવાની જરૂર નથી; કેમ કે, ભક્તિના અધ્યવસાયથી કેવળ નિર્જરા થાય છે, અને વિધિની ખામી તો કેવળ બાહ્ય આચરણારૂપ છે, તેથી ત્યાં કર્મબંધ માનવાની જરૂર નથી. તેના જવાબરૂપે પ્રસ્તુત ગાથામાં કહ્યું કે, દુર્ગતા નારીના દૃષ્ટાંતથી જોકે સિદ્ધ થાય છે કે, ભગવાનની ભક્તિમાં તે એકતાન=એકાકાર, હોવાથી તેને નિર્જરા થયેલ છે, તો પણ તેનામાં રહેલા અજ્ઞાનને કારણે જે અયતના વર્તતી હતી, તેનાથી હિંસા થાય છે,

અને તેને કારણે કર્મબંધ પણ થાય છે. તેથી વિધિવિકલ જિનપૂજામાં ભક્તિમાં એકતાનતા હોવા છતાં પણ અજયણાકૃત હિંસાથી થોડો કર્મબંધ થાય છે, પરંતુ સર્વથા કર્મબંધ નથી, તેમ સ્વીકારી શકાય નહિ.

**ટીકા :-**

**दुर्गतनारीज्ञाताद् यद्यपि प्रमाणीकृता भवति भक्तिः, तथापि अयतनाजनिता हिंसाऽज्ञानतो भवति, 'प्रमादानाभोगाभ्यां प्राणभूतानि हिनस्ती'-ति वचनात् । तथा च तत्र आचार्योक्तिः कूपदृष्टान्त उपतिष्ठत एव, अव्युत्पत्त्य-यतनाजनितस्य दोषस्योत्तरशुभभावदृष्ट्यैव शोधयितुं शक्यत्वात् । भक्त्य-नुष्ठानमपि अविधिदोषं निरनुबन्धीकृत्य परम्परया मुक्तिजनकमिति केचित् ब्रुवते । हरिभद्राचार्यास्तु 'अभ्युदयफले चाद्ये निःश्रेयससाधने तथा चरमे' (षो० १०) इत्याहुः । आद्ये=प्रीतिभक्त्य-नुष्ठाने, चरमे=वचनाऽसङ्गानुष्ठाने ।**

**ટીકાર્થ :-**

दुर्गतानारीज्ञाताद् ..... असङ्गानुष्ठाने । **જો કે, દુર્ગતા નારીના દૃષ્ટાંતથી વિધિ વિકલતાવાળી ભક્તિ પ્રમાણ કરાય છે, તો પણ વિધિવિકલ પૂજામાં અજ્ઞાનથી અયતનાજનિત હિંસા થાય છે, કેમ કે, પ્રમાદ અને અનાભોગ દ્વારા પ્રાણીઓની હિંસા કરે છે, એ પ્રકારે વચન છે.**

**અને તે રીતે=અજ્ઞાનથી અયતનાજનિત હિંસા થાય છે તે રીતે, ત્યાં= અવિધિવાળી ભગવાનની પૂજામાં, પૂ. આચાર્ય અભયદેવસૂરિ મહારાજ સાહેબ વડે કહેવાયેલ ઉક્તિ=વચન, કૂપદૃષ્ટાંતમાં સંગત થાય છે જ; કેમ કે, અવ્યુત્પત્તિને કારણે અયતનાથી જનિત હિંસાકૃત કર્મબંધરૂપ દોષનું ઉત્તરમાં થતા શુભ ભાવદૃષ્ટિથી જ શોધન કરવા માટે શક્યપણું છે.**

**આથી જ કેટલાક કહે છે કે, ભક્તિઅનુષ્ઠાન પણ અવિધિદોષને નિરનુબંધ કરીને પરંપરાએ મોક્ષનું જનક છે.**

**વળી, આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજાએ ષોડશકમાં કહ્યું છે કે,** आद्ये= પ્રીતિઅનુષ્ઠાન્ અને ભક્તિઅનુષ્ઠાન, અભ્યુદય ફળવાળા છે, અને चरमे=વચનઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાન નિઃશ્રેયસનાં=મોક્ષનાં, કારણ છે.

## -: "दुर्गतानारीज्ञाताद् થી इत्याहुः" સુધીના કથનનો ભાવાર્થ :-

દુર્ગતા નારીના દૃષ્ટાંતથી જોકે વિધિરહિત ભક્તિને પણ નિર્જરાના કારણ તરીકે સ્વીકારાય છે, તો પણ તે વિધિવિકલ પૂજામાં અજ્ઞાનથી અયતનાજનિત હિંસા થાય છે; કેમ કે, હિંસાનું લક્ષણ છે કે, પ્રમાદ અને અનાભોગ દ્વારા જે પ્રાણીની હિંસા કરે છે, તે હિંસા છે. આવા પ્રકારનું વચન હોવાથી અનાભોગરૂપ અજ્ઞાનને કારણે દુર્ગતા નારીને પૂજામાં અયતનાજનિત હેતુહિંસા છે, અને તેનાથી કર્મબંધ પણ થાય છે. અને અજ્ઞાનથી કર્મબંધ થાય છે, તે રીતે, કૂપદૃષ્ટાંતમાં અવિધિવાળી ભગવાનની પૂજાને આશ્રયીને પૂ. અભયદેવસૂરિ મહારાજનું વચન સંગત થાય જ છે.

આશય એ છે કે, અવિધિવાળી ભક્તિયુક્ત પૂજામાં હિંસાકૃત કર્મબંધ થાય છે, અને ભક્તિના શુભ અધ્યવસાયથી તે કર્મબંધરૂપ લેપનો નાશ સંગત થાય છે. શાસ્ત્રમાં અવ્યુત્પત્તિને કારણે ભગવાનની પૂજામાં વર્તતી અયતનાથી જનિત કર્મબંધરૂપ દોષનું ઉત્તરમાં થતા શુભભાવથી શોધન કરવું શક્ય છે.

આથી જ કેટલાક કહે છે કે, ભક્તિઅનુષ્ઠાન પણ અવિધિ દોષને નિરનુબંધ કરીને પરંપરાએ મોક્ષનું જનક છે.

કહેવાનો ભાવ એ છે કે, જે જીવને પૂજાવિષયક શાસ્ત્રનું જ્ઞાન નથી અને તેને કારણે પૂજાકાળમાં સમ્યગ્ યતના નથી, તો પણ ભગવાનના ગુણોથી ઉપરંજિત થઈને જેને ભગવાન પ્રત્યે બહુમાન થયેલું છે, તેવો જીવ ભગવાન પ્રત્યે વર્તતા પૂજ્યભાવને કારણે પૂજામાં યત્ન કરે છે. તે જીવને જ્યારે સમજણ પ્રાપ્ત થાય કે ભગવાને આ રીતે ભક્તિ કરવાનું કહ્યું છે, ત્યારે તે જીવને દોષનો ત્યાગ કરી વિધિપૂર્વક ભગવાનની ભક્તિ કરે તેવો પરિણામ પણ પૂજાકાળમાં હોય છે; અને આથી જ આવા જીવોમાં પ્રજ્ઞાપનીયતા ગુણ હોય છે. તેથી તેમનો અવિધિદોષ ભક્તિની પ્રબળતાથી નિરનુબંધ બને છે. તેથી વિધિશુદ્ધ ભગવાનની ભક્તિની અપેક્ષાએ થોડા વ્યવધાનથી=પરંપરાથી, તે ભક્તિઅનુષ્ઠાન મુક્તિનું કારણ બને છે.

આનાથી એ ફલિત થાય છે કે, વિધિશુદ્ધ અનુષ્ઠાનમાં જેવી નિર્જરા થાય છે, તેનાથી થોડી ઓછી નિર્જરા અવિધિયુક્ત ભક્તિવાળી પૂજામાં થાય છે. આથી જ વિધિયુક્ત ભક્તિવાળી પૂજા શીઘ્ર મોક્ષનું કારણ છે અને અવિધિયુક્ત ભક્તિવાળી પૂજા પરંપરાએ મોક્ષનું કારણ છે.

**સારાંશ :-**

(૧) પૂ. અભયદેવસૂરિ મહારાજના વચન પ્રમાણે અવિધિયુક્ત પૂજામાં કર્મબંધ થાય છે અને ઉત્તરમાં થતા શુભભાવથી તેની શુદ્ધિ થાય છે.

(૨) કેટલાકના મત પ્રમાણે અવિધિવાળી ભગવાનની ભક્તિ પરંપરાએ મોક્ષનું કારણ છે, તેથી વિધિશુદ્ધ પૂજામાં થતી નિર્જરા કરતાં તેમાં અલ્પ નિર્જરા થાય છે. તેથી જ વિધિશુદ્ધ પૂજા શીઘ્ર મોક્ષનું કારણ બને છે અને વિધિવિકલ ભક્તિવાળી પૂજા પરંપરાએ મોક્ષનું કારણ બને છે.

(૩) પૂ. આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજાના કથન પ્રમાણે વિધિશુદ્ધ પૂજા વચનાનુષ્ઠાનરૂપ હોવાથી નિર્જરા દ્વારા મોક્ષનું કારણ બને છે, અને અવિધિયુક્ત પૂજા પ્રીતિ-ભક્તિઅનુષ્ઠાન સ્વરૂપ હોવાથી પુણ્યાનુબંધી પુણ્યના ઉપાર્જન દ્વારા અભ્યુદયનું કારણ બને છે.

આ ત્રણે કથન નયભેદની અપેક્ષાએ છે, પરંતુ તેમાં અર્થભેદ નથી; કેમ કે ત્રણેના અભિપ્રાય મુજબ અવિધિયુક્ત પૂજા વ્યવધાનથી=પરંપરાથી, મોક્ષનું કારણ છે, એ અર્થમાં એકવાક્યતા છે.

**ટીકા :-**

**दुर्गतनारीज्ञातं चैवं**-श्रीमन्महावीरवर्द्धमानस्वामी इक्ष्वाकुकुलनन्दनः प्रसिद्धसिद्धार्थपार्थिवपुत्रः पुत्रीयितनिखिलभुवनजनो जनितजनमनश्चमत्कारगुणग्रामो ग्रामाकरनगरपृथुं पृथिवीं विहरन्नन्यदा कदाचित्काकन्दीनामिकायां पुरि समाजगाम । तत्र चाऽमरचरविसरविरचितसमवसरणमध्यमवर्तिनि भगवति धर्मदेशनां विदधति नानाविधयानवाहनसमारूढप्रौढपत्तिपरिगते सिन्धुरस्कन्धमधिष्ठिते छत्रच्छन्ननभःस्थले मागधोद्गीतगुणगणे भेरीभाङ्कारभरिताम्बरतले नरपतौ तथा तद्विधवरवैश्यादिकपुरजने तथा गन्धधूपपटलप्रभृतिपूजापदार्थव्यग्रकरकिङ्करीनिकरपरिगते विविधवसनाभरण-रमणीयतरशरीरे नगरनारीनिकरे भगवतो वन्दनार्थं व्रजति सति एकया वृद्धदरिद्रयोषिता जलेन्धनाद्यर्थं बहिर्निर्गतया कश्चिन्नरः पृष्टः 'क्वाऽयं लोक एकमुखस्त्वरितं याति ?' तेनोक्तं 'जगदेकबान्धवस्य देहिनां जरामरणरोगशोकदौर्गत्यादिदुःखच्छिदुरस्य श्रीमन्महावीरस्य वन्दनपूजनाद्यर्थम्' । ततस्तच्छ्रवणात् तस्या भगवति भक्तिरभवत् । अचिन्तयच्च, अहमपि भगवतः पूजार्थं यत्नं करोमि, केवलमहमतिदुर्गता पुण्यरहिता विहित-पूजाङ्गवर्जितेति ।

ततोऽरण्याऽऽदृष्टानि मुधा लभ्यानि सिंदुवारकुसुमानि स्वयमेव गृहीत्वा भक्तिभरनिर्भराङ्गी 'अहो ! धन्या पुण्या कृतार्था कृतलक्षणा, सुलब्धं मम जन्म, जीवितफलं चाहमवाप' इति भावनया पुलककण्टकितकाया प्रमोदजलप्लावितकपोला भगवन्तं प्रति प्रयान्ती समवसरणकाननयोरन्तराल एव वृद्धतया क्षीणायुष्कतया च झगिति पञ्चत्वमुपगता । ततः सा विहितपूजाप्रणिधानोल्लसितमानसतया देवत्वमवाप्तवती। ततस्तस्याः कलेवरमवनिपीठलोठितमवलोक्याऽनुकम्पापरीतान्तःकरणो लोको मूर्छितेयमिति मन्यमानोऽम्भसा सिषेच । ततस्तामपरिस्पन्दामवलोक्य लोको भगवन्तं पप्रच्छ, 'भगवन् ! असौ वृद्धा किं मृतोत जीवतीति ?' भगवांस्तु व्याजहार यथा - 'मृताऽसौ देवत्वं चावाप्ता' । ततः पर्याप्तिभावमुपागत्य प्रयुक्तावधिः पूर्वभवानुभूतमवगम्य मद्वन्दनार्थमागतः, स चायं मत्पुरोवर्ती देव इति । ततो भगवदभिहितमिदमनुश्रुत्य समस्तः स समवसरणधरणीगतो जनः परमं विस्मयमगमत् । यथा 'अहो ! पूजाप्रणिधान-मात्रेणापि कथममरतामवाप्तासाविति' । ततो भगवान्गम्भीरां धर्मकथामकथयत्, यथा-स्तोकोऽपि शुभाध्यवसायो विशिष्टगुणपात्रविषयो महाफलो भवति । यतः "इक्कंपि उदगबिन्दु, जह पक्खित्तं महासमुद्दंमि । जाए अक्खयमेवं, *पूयावि जिणेसु विन्नेया । उत्तमगुणबहुमाणो, पयमुत्तमसत्तमज्झयारंमि । उत्तमधम्मपसिद्धी, पूयाए जिणवरिंदाणं"।। (पूजापञ्चा. गा. ४७-४८) ति । ततो भगवांस्तत्सम्बन्धिनं भाविभवव्यतिकरमकथयत्। यथा-अयं दुर्गतनारीजीवो देवसुखान्यनुभूय ततश्च्युतः सन् कनकपुरे नगरे कनकध्वजो नाम नृपो भविष्यति । स च कदाचित्प्राज्यं राज्यसुखमनुभवन् मण्डूकं सर्पेण, सर्पं कुररेण, कुररमजगरेण, तमपि महाहिना ग्रस्यमानमवलोक्य भावयिष्यति, यथा - 'एते मण्डुकादयः परस्परं ग्रसमाना महाहेर्मुखमवशा विशन्ति, एवमेतेऽपि जना बलवन्तो दुर्बलान्यथाबलं बाधयन्तो यमराजमुखं विशन्ति' इति भावयंश्च प्रत्येकबुद्धो भविष्यति। ततो राज्यसम्पदमवधूय श्रमणत्वमुपगम्य देवत्वमवाप्स्यति । एवं भवपरम्परयाऽयोध्याया नगर्याः शक्रावतारनाम्नि चैत्ये केवलश्रियमवाप्य सेत्स्यति इति गाथार्थः ।"

**ટીકાર્થ :-**

दुर्गतानारीज्ञातं चैवं=અને દુર્ગતા નારીનું દૃષ્ટાંત આ પ્રમાણે –

* 'पूया जिणगुणसमुद्देसु' ।। इति चतुर्थः पादः पञ्चाशकप्रते ।

શ્રીમન્ ..... इति गाथार्थः । ઈક્ષ્વાકુકુળના નંદન, પ્રખ્યાત એવા સિદ્ધાર્થ રાજાના પુત્ર, સમસ્ત ભુવનના જીવો પ્રત્યે પુત્રની જેમ આચરણ કરનારા, લોકોના મનને ચમત્કાર પમાડનાર ગુણસમૂહવાળા શ્રીમાન્ મહાવીર વર્ધમાનસ્વામી ગ્રામ, આકર અને નગરથી વિસ્તરિત પૃથ્વી ઉપર વિહાર કરતા કોઈ એકવાર કાકંદી નામની નગરીમાં પધાર્યા, અને ત્યાં દેવોના શ્રેષ્ઠ સમુદાયથી રચેલા સમવસરણના મધ્ય ભાગમાં ભગવાન ધર્મદેશના આપે છે ત્યારે, અનેક પ્રકારનાં યાન-વાહન ઉપર આરૂઢ થઈ પ્રૌઢ સેનાથી પરિવરેલો, હાથીના સ્કંધ ઉપર બેઠેલો, છત્રથી ઢંકાયેલા નભસ્થલવાળો માગધ વડે=ચારણો વડે, ગવાતા ગુણસમૂહવાળો, ભેરીના ભાંકારથી ભરાયેલા આકાશતલવાળો રાજા, તથા તેવા પ્રકારના શ્રેષ્ઠ વૈશ્યાદિક નગરજન તથા ગંધ, ધૂપ, પડલ આદિ પૂજાની સામગ્રીમાં વ્યગ્ર છે હાથ જેના એવી સેવિકાઓથી પરિવરેલી, વિવિધ વસ્ત્રઆભરણથી અધિક રમણીય શરીરવાળી નગર નારીનો સમુદાય ભગવાનના વંદન માટે જાય છે ત્યારે, જલ-ઈંધનાદિ માટે બહાર નીકળીને એક વૃદ્ધ દરિદ્ર સ્ત્રીએ કોઈક માણસને પૂછ્યું - આ લોક એક મુખવાળા=એક દિશા તરફ, ઉતાવળા ક્યાં જાય છે ? તેણે કહ્યું - જગતના એક બાંધવ, પ્રાણીઓના જરા-મરણ-રોગ-શોક-દૌર્ગત્ય આદિ દુઃખોને છેદનારા શ્રીમાન્ મહાવીરસ્વામીના વંદન-પૂજન માટે જાય છે. ત્યારપછી તેના શ્રવણથી તેણીને=દુર્ગતા નારીને, ભગવાન ઉપર ભક્તિ થઈ અને તેણીએ વિચાર્યું, હું પણ ભગવાનની પૂજા માટે યત્ન કરું, પરંતુ હું અતિદુર્ગતા=અત્યંત પુણ્યરહિત દરિદ્ર છું, અને શાસ્ત્રમાં કહેવાયેલી પૂજાની સામગ્રીથી રહિત છું.

ત્યારપછી જંગલમાં દેખેલા, ફોગટ મળતા સિંદુવાર ફૂલોને સ્વયં જ ગ્રહણ કરીને ભક્તિના સમૂહથી ભરાયેલા અંગવાળી, અહો ! હું ધન્ય છું, પુણ્યશાળી છું, કૃતાર્થ-કૃતલક્ષણવાળી=કરાયેલા ઉદ્દેશવાળી છું, મારો જન્મ સુલબ્ધ થયો, મેં જીવિતનું ફળ પ્રાપ્ત કર્યું, એ પ્રકારે ભાવના વડે રોમાંચિત કાયાવાળી, પ્રમોદજળથી પ્લાવિત કપોલ=ગાલવાળી, ભગવાન તરફ જતી સમવસરણ અને જંગલના વચમાં જ વૃદ્ધપણાથી અને ક્ષીણ આયુષ્યપણાથી જલદી મૃત્યુ પામી. ત્યારપછી તેણી વિહિત=કરાયેલ, પૂજાના પ્રણિધાનથી ઉલ્લસિત માનસપણાથી દેવપણું પામી. ત્યારપછી પૃથ્વીતલ ઉપર પડેલા તેણીના=દુર્ગતા નારીના, કલેવરને જોઈને અનુકંપાથી યુક્ત અંતઃકરણવાળા લોકે આ= દુર્ગતા નારી, મૂર્છિત થયેલી છે, એ પ્રકારે માનતાં પાણી વડે સિંચન કર્યું. ત્યારપછી તેણીને નિઃસ્પંદન જોઈને લોકોએ ભગવાનને પૂછ્યું, હે ભગવંત ! આ વૃદ્ધા શું મરેલી છે કે જીવતી છે ? ભગવાને પણ જવાબ આપ્યો, જે આ પ્રમાણે- આ=દુર્ગતા નારી મરેલી છે અને દેવપણાને પામેલી છે. ત્યારપછી=મૃત્યુ પામ્યા પછી, પર્યાપ્તિભાવને પામેલા, પ્રયુક્ત અવધિવાળા=અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી પૂર્વભવના અનુભૂતને=અનુભવાયેલાને, જાણીને, મને વંદન માટે આવ્યો છે, અને તે આ મારી આગળ રહેલો દેવ છે. તેથી=ભગવાને દુર્ગતાનારીનું પૂર્વોક્ત વર્ણન કર્યું તેથી, ભગવાને કહેલું આ સાંભળીને સમસ્ત સમવસરણની પૃથ્વીમાં રહેલા લોકો પરમ વિસ્મયને પામ્યા. જે આ પ્રમાણે - અહો ! પૂજાના પ્રણિધાનમાત્રથી પણ કેવી રીતે આ અમરતાને=દેવપણાને, પામી.

❖ असाविति - અહીં 'इति' શબ્દ ભગવાનના કથનની સમાપ્તિસૂચક છે.

ત્યારપછી ભગવાને ગંભીર ધર્મકથા કહી. જે આ પ્રમાણે -

વિશિષ્ટ ગુણપાત્રવિષયક થોડો પણ શુભ અધ્યવસાય મહાફળવાળો થાય છે. જે કારણથી કહ્યું છે કે, જે પ્રકારે મોટા સમુદ્રમાં પ્રક્ષેપ કરાયેલું એક પણ જલનું બિંદુ અક્ષત થાય છે, એ પ્રમાણે જિનેશ્વરને વિષે પૂજા પણ જાણવી. (પૂજા પંચાશક ગાથા-૪૭)

શ્રી જિનેશ્વરોની પૂજાથી પૂજક જીવને ઉત્તમ ગુણો પર બહુમાન થાય છે, ઉત્તમ પ્રાણીઓની મધ્યમાં પદ=સ્થાન મળે છે અને ઉત્તમ ધર્મની પ્રસિદ્ધિ થાય છે. (પૂજા પંચાશક ગાથા-૪૮)

'इति' શબ્દ પૂજા પંચાશક ગાથા-૪૭/૪૮ના કથનની સમાપ્તિસૂચક છે.

ત્યારપછી ભગવાને તેના સંબંધી=દુર્ગતા નારી સંબંધી, ભવિષ્યમાં થનારા ભવના વ્યતિકરને=પ્રસંગને કહ્યો. જે આ પ્રમાણે -

દુર્ગતા નારીનો જીવ દેવસુખોને ભોગવીને ત્યાંથી ચ્યવીને, કનકપુર નગરમાં કનકધ્વજ નામે રાજા થશે, અને તે ક્યારેક વિશાળ રાજ્યસુખને અનુભવતો દેડકાને સર્પ વડે, સર્પને કુરર વડે=નોળિયા વડે, નોળિયાને અજગર વડે, તેને પણ=અજગરને પણ, મોટા સાપ વડે ખવાતા જોઈને વિચારશે, જે આ પ્રમાણે –

આ દેડકા વગેરે પરસ્પર ગ્રસાતા=ગળાતા=ખવાતા, મોટા સાપના મુખમાં પરવશ એવા પ્રવેશ કરે છે. એ પ્રમાણે બળવાન એવા આ પણ મનુષ્યો દુર્બળ લોકોને બળ અનુસારે બાધ કરતા=પીડા આપતા, યમરાજના મુખમાં પ્રવેશ કરે છે. એ પ્રમાણે ભાવતો= વિચારતો, પ્રત્યેકબુદ્ધ થશે. ત્યારપછી રાજ્યસંપત્તિને છોડીને સાધુપણાને પામીને દેવપણું પામશે. આ પ્રમાણે ભવપરંપરા વડે અયોધ્યા નગરીના શક્રાવતાર નામના ચૈત્યમાં કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીને પામીને સિદ્ધ થશે=સિદ્ધિગતિને પામશે, એ પ્રમાણે ગાથાર્થ છે.

❖ इति गाथार्थः પૂજાપંચાશકની ગાથા-૪૯ની ટીકામાં દુર્ગતા નારીનું દૃષ્ટાંત પૂરું થયું, ત્યાં પૂજાપંચાશકની ગાથા-૪૯ પણ પૂરી થઈ તે બતાવવા માટે 'इति गाथार्थः' કહેલ છે.

**ટીકા :-**

**यतनां चात्र स्नानपूजादिगतामित्थमादिशन्ति -**

"भूमीपेहणजलच्छाणणाइ जयणा उ होइ न्हाणादौ ।
एत्तो विसुद्धभावो, अणुहवसिद्धो च्चिअ बुहाणं" ।।

तथा-

"एसो चेव इहं विही, विसेसओ सव्वमेव जत्तेणं ।
जह रेहंति तह सम्मं, कायव्वमणण्णचिट्ठेणं ।।

वत्थेण बंधिऊणं, णासं अहवा जहा समाहीए ।
वज्जेयव्वं तु तहा, देहम्मि वि कंडुयणमाइ" ।।

**(पूजापञ्चाशके गा. ११-१९-२०)।। इत्यादि ।।६।।**

**ટીકાર્થ :-**

यतनां ..... इत्यादि ।।६।।**અને અહીંયાં=પૂજામાં, સ્નાનપૂજાદિગત યતનાને શાસ્ત્રકારો આ પ્રકારે કહે છે –**

भूमिपेहण ..... बुहाणं ।। વળી સ્નાનાદિમાં ભૂમિનું પ્રેક્ષણ=ભૂમિને જોવી, જળને ગાળવું વગેરે યતના થાય છે. આનાથી=યતનાથી, બુધોને વિશુદ્ધ ભાવ અનુભવસિદ્ધ જ છે.

❖ 'जलच्छाणणाइ' અહીં 'आदि' પદથી પાણીને નિર્જીવ ભૂમિમાં પરઠવવું ઈત્યાદિનું ગ્રહણ છે.

तथा - અને एसो ..... अणण्णचिट्ठेणं ।। આ જ અહીં વિધિ છે. વિશેષથી યતનાપૂર્વક સર્વ જ જે પ્રકારે શોભા પામે તે પ્રકારે અનન્ય ચેષ્ટા વડે=ભગવાનની ભક્તિ સિવાયની અન્ય સર્વ ચેષ્ટાના પરિહાર વડે, સમ્યક્=ભાવશુદ્ધિથી કરવું જોઈએ.

પૂજા પંચાશકની ગાથા-૧૧ અને ૧૯માં કહ્યું કે, યતનાપૂર્વક અને અન્ય ચેષ્ટાઓના ત્યાગપૂર્વક ભગવાનની ભક્તિ કરવી જોઈએ. ત્યાં યતના અને અન્ય ચેષ્ટાથી શું ગ્રહણ કરવાનું છે, તે વાત બતાવે છે -

वत्थेण ..... कंडुयणमाइ ।। વસ્ત્રથી નાસિકાને બાંધીને અથવા યથાસમાધિ વડે મુખકોશ બાંધીને (પૂજાકાળમાં) દેહમાં પણ ખણજ આદિનું વર્જન કરવું. ઈત્યાદિ કથન છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**नन्वेवं विध्यंशेऽशुद्धो भक्त्यंशे च शुद्धो योगः प्राप्तः, तथा च कथं न तत एकविधकर्मबन्धः ? न च मिश्रं कर्म शास्त्रे प्रोक्तं येन मिश्रात्ततो मिश्रं कर्म बध्येतेत्याशङ्कायामाह -**

**અવતરણિકાર્થ :-**

**'નનુ' થી શંકાકાર કહે છે કે, આ રીતે=પૂર્વમાં તમે સ્થાપન કર્યું કે, અવિધિયુક્ત પૂજાથી કાંઈક કર્મબંધ થાય છે, એ રીતે, અવિધિયુક્ત ભક્તિવાળી પૂજામાં વિધિ અંશમાં અશુદ્ધ અને ભક્તિ અંશમાં શુદ્ધ યોગ પ્રાપ્ત થાય છે, અને તે રીતે તેનાથી=અવિધિયુક્ત પૂજાથી, એકવિધ કર્મબંધ કેમ નહિ થાય? અર્થાત્ થશે. અને મિશ્ર કર્મ શાસ્ત્રમાં કહેલ નથી; જે કારણે=શાસ્ત્રમાં મિશ્ર કર્મબંધ સ્વીકારેલ નથી, તે કારણે તમારા વડે સ્વીકારાયેલ અવિધિયુક્ત પૂજામાં વર્તતા મિશ્ર એવા તેનાથી= યોગથી મિશ્ર કર્મબંધ થાય તેમ સ્વીકારી શકાય, એ પ્રકારની આશંકામાં ગ્રંથકાર કહે છે –**

**ભાવાર્થ :-**

અવિધિયુક્ત પૂજામાં વિધિ અંશ અશુદ્ધ છે અને ભક્તિ અંશ શુદ્ધ છે, એમ સ્વીકારીએ તો શુદ્ધ-અશુદ્ધ એવા મિશ્ર યોગનો સ્વીકાર થાય, અને તેથી શુદ્ધ-અશુદ્ધ યોગથી પુણ્ય-પાપરૂપ મિશ્ર કર્મબંધ થવો જોઈએ, અને એક જ અધ્યવસાયથી મિશ્ર કર્મબંધ શાસ્ત્રમાં કહેલ નથી, તેથી અવિધિયુક્ત પૂજામાં શુદ્ધ-અશુદ્ધ યોગ સ્વીકારી શકાય નહિ. આ પ્રકારના શંકાકારના આશયમાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**सुद्धासुद्धो जोगो, एसो ववहारदंसणाभिमओ ।**
**णिच्छयणओ उ णिच्छई, जोगज्झवसाणमिस्सत्तं ।।७।।**

**છાયા :-**

(शुद्धाशुद्धो योग एष व्यवहारदर्शनाभिमतः ।
निश्चयनयस्तु नेच्छति योगाध्यवसायमिश्रत्वम् ।।७।।)

**અન્વય :-**

एसो सुद्धासुद्धो जोगो ववहारदंसणाभिमओ । णिच्छयणओ उ जोगज्झवसाणमिस्सत्तं णिच्छई ।।७।।

**ગાથાર્થ :-**

**આ શુદ્ધ-અશુદ્ધ યોગ વ્યવહારનયને અભિમત છે, નિશ્ચયનય વળી યોગ-અધ્યવસાયનું મિશ્રપણું ઈચ્છતો નથી. ॥૭॥**

**વિશેષાર્થ :-**

વ્યવહારનય અશુદ્ધ પૂજામાં એક કાળમાં શુદ્ધ-અશુદ્ધ યોગ સ્વીકારે છે, જે ફક્ત વ્યવહાર માત્રમાં જ ઉપયોગી છે. વળી, નિશ્ચયનય અવિધિયુક્ત પૂજામાં વર્તતા અશુદ્ધ યોગ અને ભક્તિ અંશમાં વર્તતા શુદ્ધ યોગનું મિશ્રપણું ઈચ્છતો નથી, અને કર્મબંધ નિશ્ચયનયને અભિમત પરિણામથી થાય છે, તેથી જો વિધિ અંશમાં ઉપયોગ હોય તો તે વખતે શુદ્ધ અધ્યવસાય હોય છે, અને શુદ્ધ અધ્યવસાયથી પુણ્યબંધ થાય છે, તેમ નિશ્ચયનય સ્વીકારે છે. પરંતુ અશુદ્ધ યોગ અને શુદ્ધ યોગના મિશ્રયોગથી પુણ્ય-પાપરૂપ મિશ્ર કર્મબંધ નિશ્ચયનય માનતો નથી.

**ટીકા :-**

**एष दुर्गतनारीसदृशानां जीवानां विधिवैधुर्येऽपि भक्तिकालीनो जिनपूजायोगः अशुद्धदानादिवच्छुद्धाशुद्धः=आंशिकशुद्ध्यशुद्धिवान्, व्यवहारदर्शनस्य=व्यवहारनयस्य, अभिमतः । ततश्च वाग्व्यवहारमात्रसिद्धे-र्नान्यत्फलम् । निश्चयनयस्तु योगाध्यवसायस्थानानां मिश्रत्वं नेच्छति, अशुभरूपाणां शुभरूपाणां च शास्त्रे प्रतिपादनात् तृतीयराशेरकथनादिति स्पष्टं महाभाष्ये ।**

**ટીકાર્થ :-**

एष ..... महाभाष्ये । દુર્ગતા નારી જેવા જીવોને વિધિથી વૈધુર્ય= રહિત, પણ ભક્તિકાલીન જિનપૂજાનો યોગ અશુદ્ધ દાનાદિની જેમ શુદ્ધ-અશુદ્ધ= આંશિક શુદ્ધિ-અશુદ્ધિવાળો, વ્યવહારદર્શનને=વ્યવહારનયને, અભિમત છે, અને તેનાથી=આ વ્યવહારનયના સ્વીકારથી, વાણીના વ્યવહારમાત્રની સિદ્ધિ છે, બીજું કોઈ ફળ નથી.

વળી, નિશ્ચયનય યોગ-અધ્યવસાય સ્થાનોનું મિશ્રપણું સ્વીકારતો નથી; કેમ કે, (અધ્યવસાયના) અશુભરૂપ કે શુભરૂપનું જ શાસ્ત્રમાં પ્રતિપાદન હોવાથી તૃતીય રાશિનું અકથન છે. એ પ્રકારે મહાભાષ્યમાં સ્પષ્ટ છે.

**-: "एष થી महाभाष्ये સુધીના કથનનો ભાવાર્થ :-**

દુર્ગતા નારી જેવા જીવોને વિધિથી રહિત ભક્તિકાલીન જિનપૂજાનો યોગ અશુદ્ધ દાનાદિની જેમ આંશિક શુદ્ધિ-અશુદ્ધિવાળો વ્યવહારનય સ્વીકારે છે, અને આ વ્યવહારનયના સ્વીકારથી વાણીના વ્યવહારમાત્રની સિદ્ધિ છે=અશુદ્ધ પૂજામાં મિશ્રયોગ છે, એ પ્રકારનો વચનમાત્ર પ્રયોગ કરી શકાય છે, પરંતુ વ્યવહારનયના તે સ્વીકારનું અન્ય કોઈ ફળ નથી=વ્યવહારનયના સ્વીકાર પ્રમાણે મિશ્ર કર્મબંધરૂપ કોઈ ફળ નથી.

વળી, નિશ્ચયનય યોગ-અધ્યવસાય સ્થાનોનું મિશ્રપણું સ્વીકારતો નથી; કેમ કે, શુભરૂપ કે અશુભરૂપ એવા અધ્યવસાયોનું જ શાસ્ત્રમાં પ્રતિપાદન હોવાથી તૃતીય રાશિનું અકથન છે, એ પ્રકારે મહાભાષ્યમાં કહ્યું છે.

આશય એ છે કે, નિશ્ચયનય પૂજાકાળમાં વર્તતા અયતનાવાળા યોગ અને ભગવાનની ભક્તિરૂપ અધ્યવસાય સ્થાનમાં શુભ-અશુભરૂપ મિશ્રપણું સ્વીકારતો નથી; કેમ કે, શાસ્ત્રમાં કર્મબંધને અનુકૂળ એવો અધ્યવસાય શુભરૂપ કે અશુભરૂપ જ કહેલ છે, પણ એક જ કાળે શુભાશુભ મિશ્ર ઉપયોગ હોય તેમ સ્વીકારેલ નથી, અને આથી જ શુભાશુભરૂપ મિશ્ર ત્રીજી રાશિ મહાભાષ્યમાં સ્વીકારી નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં નિશ્ચયનય શુભાશુભરૂપ મિશ્ર અધ્યવસાય સ્વીકારતો નથી, એમ કહ્યું, ત્યાં શંકા કરીને નિશ્ચયનયની યુક્તિથી તે પદાર્થ સ્પષ્ટ કરે છે –

**ટીકા :-**

**ननु(न च) समूहालम्बनोपयोगरूपस्याध्यवसायस्य सम्भवात्कथं तदप्रतिपादनमिति वाच्यम्, समूहालम्बनज्ञानस्य विशेषणीयत्वाद् विध्यौपयिकस्य विशिष्टोपयोगस्यैवमधिकृतत्वादिति युक्तमुत्पश्यामः ।**

**ટીકાર્થ :-**

**न च ..... युक्तमुत्पश्यामः । સમૂહાલંબન ઉપયોગરૂપ અધ્યવસાયનો સંભવ હોવાથી તેનું=મિશ્ર અધ્યવસાયનું, અપ્રતિપાદન કેમ છે ? એમ ન કહેવું. કેમ કે, સમૂહાલંબનજ્ઞાનનું વિશેષણીયપણું હોવાથી=વિશેષણોથી વિશેષણીયપણું હોવાથી, વિધિમાં ઉપાયરૂપ=ઉપયોગી, એવા વિશિષ્ટ ઉપયોગનું, આ રીતે=નિશ્ચયનય**

**યોગ-અધ્યવસાયનું મિશ્રપણું સ્વીકારતો નથી એ રીતે, અધિકૃતપણું છે. આ= નિશ્ચયનય મિશ્ર અધ્યવસાય સ્વીકારતો નથી એ કથન, અમે યુક્ત જોઈએ છીએ.**

❖ इति युक्तमुत्पश्यामः અહીં 'इति' શબ્દ एतद् = આ, અર્થમાં છે.

### -: "न च ..... થી युक्तमुत्पश्यामः" । સુધીના કથનનો ભાવાર્થ :-

અહીં કોઈને શંકા થાય કે, જેમ કોઈને 'આ સેના છે' - એવો સમૂહાલંબનરૂપ જ્ઞાનનો ઉપયોગ થાય છે, તે વખતે તે આખો ઉપયોગ અનેક પદાર્થવિષયક હોય છે. તેમ જ્યારે દુર્ગતા નારી જેવા જીવો ભગવાનની ભક્તિ કરવાના અધ્યવસાયમાં તન્મય છે, ત્યારે શાસ્ત્રની વિધિનું અજ્ઞાન અને વિધિની અજ્ઞાનતાના કારણે શાસ્ત્રની મર્યાદા પ્રમાણે યતનાના અધ્યવસાયોનો અભાવ, અને તે જ વખતે ભગવાન પ્રત્યે ભક્તિનો પરિણામ, એ રૂપ સમૂહાલંબનના ઉપયોગરૂપ અધ્યવસાય વર્તે છે, તો પછી શાસ્ત્રમાં શુભાશુભરૂપ મિશ્ર રાશિનું પ્રતિપાદન કેમ કરેલ નથી ? કેમ કે દુર્ગતા નારી જેવા જીવોને એક જ ઉપયોગકાળમાં ભગવાનની ભક્તિરૂપ શુભભાવ દેખાય છે અને તે જ વખતે શાસ્ત્રનું અજ્ઞાન અને શાસ્ત્રની અજ્ઞાનતાના કારણે અયતનાનો અધ્યવસાય પણ દેખાય છે, જે અશુભ ભાવરૂપ છે. આ રીતે એક જ કાળમાં વર્તતા શુભ અને અશુભ અધ્યવસાયો જ્યારે અનુભવસિદ્ધ હોય ત્યારે શાસ્ત્રમાં તેનું અપ્રતિપાદન કેમ છે ?

આ શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું અને તેમાં યુક્તિ આપે છે –

દુર્ગતા નારી જેવા જીવોને જે સમૂહાલંબનરૂપ જ્ઞાન છે, તે વિશેષણીય છે. એક કાળમાં શાસ્ત્રનું અજ્ઞાન, અને શાસ્ત્રના અજ્ઞાનને કારણે વર્તતો અયતનાનો અધ્યવસાય, અને તે જ કાળમાં વર્તતો ભગવાનની ભક્તિનો પરિણામ, આ ત્રણ વિશેષણોથી સમૂહાલંબન જ્ઞાન વિશેષણીય છે. તેથી કર્મબંધની વિધિમાં ઉપરમાં કહેલાં ત્રણ વિશેષણોથી વિશિષ્ટ એવો ઉપયોગ સ્વીકારેલ છે; કેમ કે, નિશ્ચયનય યોગ અને અધ્યવસાયનું મિશ્રપણું માનતો નથી, તેથી એક કાળમાં શુભાશુભ અધ્યવસાયનું અપ્રતિપાદન છે.

આશય એ છે કે, સંસારવર્તી જીવો એક કાળમાં એક ઉપયોગવાળા હોય છે, અને તે ઉપયોગ કાં તો સંસારને સ્થિર કરવામાં પ્રવર્તતો હોય, કાં તો સંસારનો ઉચ્છેદ કરવામાં પ્રવર્તતો હોય છે. તેથી જ્યારે તે ઉપયોગ અશુભ ભાવવાળો હોય છે ત્યારે જીવ પાપપ્રકૃતિ બાંધે છે, અને જ્યારે તે ઉપયોગ સંસારના ઉચ્છેદ તરફ પ્રવર્તતો હોય ત્યારે તે સંસારના ઉચ્છેદને અનુરૂપ પુણ્યબંધ અને નિર્જરાને કરે છે, પરંતુ એક જ કાળમાં

રાગાદિની વૃદ્ધિ અને રાગાદિના ઉચ્છેદનો મિશ્ર અધ્યવસાય હોતો નથી. તેથી દુર્ગતા નારી જેવા જીવોને જ્યારે સંસારના ઉચ્છેદને અનુકૂળ એવો જ્ઞાનનો ઉપયોગ વર્તે છે, ત્યારે તે ઉપયોગ પુણ્યબંધ અને નિર્જરાનું કારણ બને છે; આમ છતાં તેનો તે વખતનો ભક્તિયોગ સમૂહાલંબન જ્ઞાનથી વિશિષ્ટ છે, તેથી તે ઉપયોગના વિશેષણરૂપ અધ્યવસાયોથી તત્કૃત પુણ્યબંધ કે નિર્જરામાં ભેદ પડી શકે. જેમ કે -

દુર્ગતા નારીના અધ્યવસાયોમાં અજ્ઞાનનો, અયતનાનો અને ભગવાનની ભક્તિનો પરિણામ છે, તેથી આ ત્રણ પરિણામથી વિશિષ્ટ એવો તેનો એક ઉપયોગ છે, અને તે ઉપયોગ ભક્તિઅંશમાં ઉત્કટ હોવાને કારણે પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરાનું કારણ બન્યો. આમ છતાં શાસ્ત્રથી વ્યુત્પન્નમતિવાળો-નિપુણ મતિવાળો અને ભગવાનની ભક્તિમાં તન્મય થયેલો જીવ જ્યારે પૂજા કરે છે, ત્યારે તેના ઉપયોગમાં વિશેષણરૂપ અન્ય અંશો શુદ્ધ હોવાથી તેનો જેવો વિશિષ્ટ ઉપયોગ બને છે, તેના કરતાં હીન કક્ષાનો ઉપયોગ દુર્ગતા નારી જેવા જીવોને હોય છે; કેમ કે, ભક્તિ અંશ ઉત્કટ હોવા છતાં અજ્ઞાન અને અયતનાથી તે ભક્તિનો પરિણામ કાંઈક ન્યૂનતાને પામે છે. આમ સ્વીકારીને શાસ્ત્રમાં વિવિધ પરિણામોથી વિશિષ્ટ એક ઉપયોગને આશ્રયીને કર્મબંધ સ્વીકારેલ છે, અને તેથી જ શુભાશુભ રૂપ ત્રીજી રાશિ સ્વીકારેલ નથી, એ વાત અમે યુક્ત જ જોઈએ છીએ, એ પ્રકારે ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજા કહે છે.

**ટીકા :-**

**तथा चाविध्यंशे उत्कटत्वेऽशुद्ध एव, भक्त्यंशे पुनरुत्कटत्वे शुद्ध एव योग इत्येतन्मते एकस्माद्योगादेकदैक एव बन्धः, बन्धकालस्य प्रदीर्घत्वात् परिणामपरावृत्त्या च मिश्रत्वं भावनीयम्, एकधारारूढे तु भक्तिभावेऽविधि-दोषोऽपि निरनुबन्धतया द्रव्यरूपतामश्नुवंस्तत्र भग्न इवावतिष्ठते । एकधारा-रूढेऽविधिभावेऽप्यविधिभक्तिपर्यवसायिनि विधिपक्षादूषकतामप्यसहमाने भक्तिभावस् (? स्य) तथाऽविधियुतस्य विषयेऽप्यर्चनादेर्भावस्तवाहेतुत्वेन न द्रव्यस्तवत्वमिति प्रतिपादनादिति विवेचकाः ।।७।।**

**ટીકાર્થ :-**

तथा च ..... विवेचकाः ।।७।।= ભક્તિનો ભાવ એક ધારામાં આરૂઢ હોતે છતે નિરનુબંધપણું હોવાને કારણે દ્રવ્યરૂપતાને પામતો એવો અવિધિ દોષ પણ

ત્યાં=ભગવાનની ભક્તિમાં, ભગ્ન જેવો રહે છે; અને અવિધિનો ભાવ પણ એક ધારામાં આરૂઢ હોતે છતે વિષયમાં પણ= ભગવાનના વિષયમાં પણ, તેવા પ્રકારના અવિધિયુક્ત ભક્તિભાવવાળા અર્ચનાદિનું=પૂજાદિનું, ભાવસ્તવનું અહેતુપણું હોવાને કારણે દ્રવ્યસ્તવપણું નથી, એ પ્રકારે પ્રતિપાદન હોવાને કારણે મિશ્રપણું ભાવન કરવું એમ જોડાણ છે. અને તે મિશ્રપણું કઈ રીતે થાય છે તે तथा च થી બતાવે છે-

અને તે રીતે=શાસ્ત્રમાં ત્રીજી રાશિ સ્વીકારી નથી અને કર્મબંધ પ્રત્યે વિશિષ્ટ ઉપયોગ સ્વીકારેલ છે તે રીતે, અવિધિ અંશમાં ઉત્કટપણું હોતે છતે (તે વિશિષ્ટ ઉપયોગરૂપ) યોગ અશુદ્ધ જ છે, અને ભક્તિઅંશમાં વળી ઉત્કટપણું હોતે છતે (તે વિશિષ્ટ ઉપયોગરૂપ) યોગ શુદ્ધ જ છે, એ પ્રકારે આના મતમાં= નિશ્ચયનયના મતમાં, એક યોગથી એક કાળમાં એક જ બંધ છે (પરંતુ શુભાશુભરૂપ મિશ્ર બંધ નથી અને ભગવાનની ભક્તિકાળમાં) બંધકાળનું પ્રદીર્ઘપણું હોવાને કારણે પરિણામની પરાવૃત્તિ દ્વારા મિશ્રપણું ભાવન કરવું. એ પ્રકારે વિવેચકો કહે છે.

❖ एकधारारूढे तु भक्तिभावेऽविधिदोषोऽपि અહીં 'अपि' થી એ સમુચ્ચય કરવો છે કે, અવિધિ દોષ ન હોય તો તો અશુભ કર્મબંધ નથી, પરંતુ અવિધિ દોષ પણ ભગ્ન જેવો છે, તેથી પણ અશુભ કર્મબંધ થતો નથી.

❖ एकधारारूढे ऽविधिभावेऽपि - અવિધિનો ભાવ એકધારારૂઢ ન હોય અને વચ્ચે વચ્ચે ભગવાનની ભક્તિ આદિનો તુચ્છ કોટિનો શુભભાવ આવતો હોય તો પણ તે ભાવસ્તવનો અહેતુ હોવાને કારણે દ્રવ્યસ્તવ નથી, તેનો 'अपि' થી સમુચ્ચય કરવો છે.

❖ विधिपक्षादूषकतामप्यसहमाने - અહીં વિધિપક્ષનો રાગ નથી તેનો 'अपि'થી સમુચ્ચય કરવો છે.

❖ विषयेऽपि - અહીં 'अपि' થી એ કહેવું છે કે, ભક્તિ માટે જે યોગ્ય નથી, તેવા મહાદેવ આદિની અર્ચના=પૂજા, દ્રવ્યસ્તવરૂપ નથી, પરંતુ ભગવાનના વિષયમાં પણ કરાતી અર્ચના=પૂજા, ભાવસ્તવનો અહેતુ હોવાથી દ્રવ્યસ્તવરૂપ નથી.

❖ तथा च થી भावनीयम् સુધીના કથનમાં एकधारारूढे થી प्रतिपादनात् સુધીનું કથન હેતુ તરીકે છે.

### -: "तथा च ..... થી विवेचकाः" સુધીના કથનનો ભાવાર્થ :-

પૂર્વમાં યુક્તિથી બતાવ્યું કે, યોગ અને અધ્યવસાયનું મિશ્રપણું નિશ્ચયનય માનતો નથી. હવે તે બાબતમાં તત્ત્વનું વિવેચન કરનારાઓ શું કહે છે તે યુક્તિથી બતાવે છે -

ઉપરના કથનથી એ ફલિત થયું કે, ભગવાનની ભક્તિમાં જ્યારે અવિધિ અંશ ઉત્કટ હોય ત્યારે પૂજાનો વ્યાપાર અશુદ્ધ છે, તેથી કર્મબંધ થાય છે; અને ભક્તિ અંશ ઉત્કટ હોય ત્યારે તે પૂજાનો વ્યાપાર શુદ્ધ છે અને તેથી તેનાથી પુણ્યબંધ અને નિર્જરા પ્રાપ્ત થાય છે; એ પ્રકારના નિશ્ચયનયના મતે એક યોગથી એક વખતે એક જ બંધ છે=પુણ્ય કે પાપમાંથી એક જ બંધ છે. અને પૂજાની પ્રવૃત્તિનો કાળ દીર્ઘ હોવાથી બંધકાળ પણ દીર્ઘ બને છે, તેથી પૂજામાં દીર્ઘ કાળમાં પરિણામના પરાવર્તનથી મિશ્રપણું નિશ્ચયનય સ્વીકારે છે એમ ભાવન કરવું.

સમૂહાલંબન જ્ઞાનથી વિશિષ્ટ એવા ઉપયોગમાં અવિધિ અંશ ઉત્કટ હોય તો તે યોગ અશુદ્ધ છે, અને ભક્તિ અંશ ઉત્કટ હોય તો તે યોગ શુદ્ધ છે, તેથી જે અંશ ઉત્કટ હોય તેની અપેક્ષાએ એક સમયમાં શુદ્ધ કે અશુદ્ધ એ બેમાંથી એક બંધ થાય છે. ત્યાં શંકા થાય કે, ભક્તિ અંશ ઉત્કટ હોય ત્યારે પણ અલ્પ અવિધિ દોષ તો છે અને અવિધિ અંશ ઉત્કટ હોય ત્યારે પણ અલ્પ અંશે ભક્તિ તો છે જ, તો તત્કૃત કર્મબંધ કેમ થતો નથી ? તેથી કહે છે -

દુર્ગતા નારી ભગવાનની પૂજાના પ્રણિધાનના આશયથી પુષ્પ લઈને જ્યારે ભગવાન પાસે જઈ રહી હતી, તે વખતે તેનો ભક્તિભાવ એકધારા આરૂઢ હતો=ભક્તિના પરિણામ સિવાય વચમાં અન્ય કોઈ વિષયક ઉપયોગ નથી, અને તેથી અજ્ઞાનને કારણે જે અવિધિથી પુષ્પોને તોડવાની ક્રિયા વગેરે કરવારૂપ દોષો છે, તે પણ ભાવયોગની મલિનતાના કારણ બનતા નથી. તેથી તે દોષો ફળ વગરના હોવાને કારણે તેની અવિધિયુક્ત ક્રિયા માત્ર દ્રવ્યરૂપ જ બને છે, અને તેથી તેની પૂજાના અધ્યવસાયમાં તે અવિધિ દોષ ભગ્ન જેવો રહે છે. માટે અવિધિદોષકૃત લેશ પણ અશુભ કર્મબંધ ત્યાં નથી. આથી જ પૂર્વમાં કહ્યું કે, ભક્તિનો અંશ ઉત્કટ હોય તો કર્મબંધને અનુકૂળ એવો ભાવયોગ શુદ્ધ જ છે, અને તેથી તે કાળમાં ફક્ત પુણ્યબંધ થાય છે તેથી શાસ્ત્રમાં મિશ્રબંધ કહેલ નથી.

"અહીં અવિધિદોષ ભગ્ન જેવો છે, એમ કહ્યું તેનો આશય એ છે કે, દુર્ગતા નારીને જો સૂક્ષ્મ બોધ હોત તો તે બોધથી નિયંત્રિત વિધિપૂર્વકની ભક્તિની ક્રિયા કરતાં જેવો વિશુદ્ધ અધ્યવસાય થાય તેવો અધ્યવસાય થાત. પરંતુ દુર્ગતા નારીને સૂક્ષ્મ બોધ નહિ હોવાને કારણે વિધિશુદ્ધ ભક્તિની ક્રિયા કરતાં જેવો વિશુદ્ધ અધ્યવસાય થાય તેના કરતાં કાંઈક હીન કક્ષાનો વિશુદ્ધ અધ્યવસાય થાય છે, અને આથી જ વિધિશુદ્ધ પૂજા કરનારને જેવી ઉત્કટ નિર્જરા અને પુણ્યબંધ થાય છે, તેનાથી કાંઈક હીન કક્ષાની

નિર્જરા અને પુણ્યબંધ દુર્ગતા નારી જેવા જીવોને થાય છે. તે બતાવવા માટે '**भग्न**' ન કહેતાં '**भग्न इव**' કહેલ છે.

જેમ સામાયિકમાં શ્રાવક સાધુ જેવો છે, તેમ કહીને સર્વથા સાધુ જેવો નથી, તેમ બતાવ્યું. તે રીતે દુર્ગતા નારી જેવા જીવોમાં રહેલો અવિધિદોષ પણ, અશુભ કર્મબંધનું કારણ નહિ હોવા છતાં પુણ્યબંધ અને નિર્જરામાં કાંઈ હીનતા આપાદક તો થાય જ છે, તેમ '**भग्न इव**' થી ઘોતિત થાય છે.

હવે કોઈ જીવ ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ તેનો અવિધિનો ભાવ એકધારા આરૂઢ વર્તતો હોય તો તેની પૂજાની ક્રિયા ભાવસ્તવનો હેતુ બનતી નથી, માટે તે દ્રવ્યસ્તવરૂપ પણ નથી; એ પ્રમાણે શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલ છે. ત્યાં એકધારા આરૂઢ અવિધિનો ભાવ કેવો છે, તે બતાવતાં કહે છે –

જેઓ વિધિપક્ષની અદૂષકતાને પણ સહન ન કરી શકે તેવા હોય છે અને તેથી જ કોઈ વિધિપૂર્વકની ભક્તિની વાત કરે તો કહે છે કે, વિધિ-વિધિ કરવાથી શું થાય ? અવિધિથી પણ ભગવાનની પૂજા તો થાય છે ને ? આવી વ્યક્તિને ભગવાનની ભક્તિકાળમાં પણ અવિધિનો ભાવ એકધારા આરૂઢ હોય છે, પછી તેઓ ભગવાનનો અભિષેક કરવાનો વિચાર કરતા હોય કે ભગવાનની પૂજા કરવાનો વિચાર કરતા હોય તો પણ વિધિ પ્રત્યે અત્યંત અનાદરથી યુક્ત એવો તેમનો ભગવાનની પૂજાનો ઉપયોગ છે. તેથી તેઓની ભગવાનની ભક્તિની ક્રિયા અવિધિમાં પર્યવસાન પામે છે.

આવા જીવોની તેવા પ્રકારની અવિધિથી યુક્ત ભગવાનના વિષયમાં પણ ભક્તિભાવવાળી પૂજાની ક્રિયા ભાવસ્તવનું કારણ બનતી નથી, માટે તે પૂજાની ક્રિયા પ્રધાન દ્રવ્યસ્તવ નથી અર્થાત્ અપ્રધાન દ્રવ્યસ્તવ છે, જે કેવળ અશુભ કર્મબંધનું કારણ છે, એ પ્રમાણે શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલ છે. તેથી જેઓની ભક્તિમાં અવિધિ અંશ ઉત્કટ છે, તેઓ ભગવાનની સ્તુતિમાં ઉપયુક્ત હોય અને ગદગદતાથી ભગવાનની ભક્તિ કરતા હોય તો પણ ભગવાનના વચનરૂપ વિધિ પ્રત્યે અત્યંત અનાદર હોવાને કારણે તેઓની પૂજા ભાવસ્તવનું કારણ ક્યારેય બનતી નથી, માટે તેવા જીવોની તે વખતની ક્રિયામાં પાપબંધ થાય છે. માત્ર પૂજાના પરિણામનો દીર્ઘકાળ હોવાને કારણે જ્યારે કાંઈક શુભલેશ્યાનો ઉપયોગ આવે ત્યારે નિ:સાર એવું તુચ્છ પુણ્ય બાંધે છે, તો પણ તે સંસારના પરિભ્રમણનું કારણ હોવાથી પાપરૂપ છે.

જેઓ વળી ભગવાનની ભક્તિમાં એકધારા આરૂઢ છે, આમ છતાં પૂજાના પરિણામનો દીર્ઘકાળ હોવાને કારણે વચમાં ક્યાંક અન્યમાં ઉપયોગ જાય અને યત્કિંચિત્

અશુભ અધ્યવસાય થાય, ત્યારે કાંઈક અશુભ કર્મ બાંધે છે, તો પણ ત્યાં ભગવાનની ભક્તિના અંશની પ્રબળતા હોવાને કારણે ઉત્તરભાવી ભક્તિ અંશના બળથી તે પાપ નાશ પણ પામી જાય છે. તેથી જો એકધારા આરૂઢ ભક્તિનો ભાવ હોય અને વચમાં સ્ખલના થઈ ન હોય તો એકાંતે પુણ્યબંધ અને નિર્જરા થાય છે, અને વચમાં સ્ખલના થઈ હોય તો પણ પાછળના વિશુદ્ધ ભાવથી તેની શુદ્ધિ થાય છે. આટલી અહીં વિશેષતા સમજવી.

પૂર્વપક્ષીએ પૂર્વમાં કહેલ કે, યોગ અને અધ્યવસાયનું મિશ્રપણું નિશ્ચયનય કેમ ઇચ્છતો નથી ? અને શાસ્ત્રમાં ત્રીજી રાશિનું પ્રતિપાદન કેમ કરેલ નથી ? તેનો ખુલાસો કરતાં ગ્રંથકારે **'तथा च'** થી અત્યાર સુધીનું જે કથન કર્યું, તે સર્વનો પરામર્શક **'इति विवेचकाः'** રહેલ **'इति'** શબ્દ છે.

આનાથી એ કહેવું છે કે, જીવમાં અધ્યવસાયથી જ કર્મબંધ થાય છે, ફક્ત બાહ્ય ક્રિયાત્મક યોગથી કર્મબંધ થતો નથી. તેથી દુર્ગતા નારી જેવા જીવો ભગવાનની ભક્તિના એક અધ્યવસાયવાળા હોય છે, ત્યારે બાહ્ય આચરણાત્મક અવિધિ છે, પણ તત્કૃત પાપબંધ થતો નથી. અને તે રીતે જ અત્યંત અવિધિપૂર્વક પૂજા કરનારા જીવોની પરિણતિમાં ભક્તિ અંશનું કોઈ સ્થાન નથી, માત્ર દ્રવ્યાત્મક તેઓની પૂજાની ક્રિયા છે, તેથી તે ક્રિયા મોક્ષનું કારણ બનતી નથી, માટે તે વખતે અશુભ કર્મબંધ થાય છે, એમ તત્ત્વનો વિવેક કરનારાઓ કહે છે. માટે આ પ્રકારે નિશ્ચયનયથી યોગનું વિવેચન કરનારાઓ યોગ અને અધ્યવસાયોનું મિશ્રપણું ઇચ્છતા નથી એ પ્રકારે તાત્પર્ય જાણવું.**॥૭॥**

**અવતરણિકા :-**

**ननु किमित्येवमविधियुतभक्तिकर्मणो व्यवहारतो निश्चयतो वा बन्धप्रदीर्घकालापेक्षया मिश्रत्वमुच्यते, यावता द्रव्यहिंसयैव जलपुष्पादिजीवोपमर्दरूपया मिश्रत्वमुच्यताम्, उत्तरकालिकचैत्यवन्दनादिभावस्तवेन तद्दोषापनयनात्कूपदृष्टान्तोपपत्तेः ? इत्याशङ्कायामाह -**

**અવતરણિકાર્થ :-**

**'ननु'** થી પૂર્વપક્ષી કહે છે કે, આ પ્રમાણે=પૂર્વ ગાથા-૭માં બતાવ્યું એ પ્રમાણે, અવિધિયુક્ત ભક્તિકર્મનું વ્યવહારથી અથવા બંધના પ્રદીર્ઘકાળની અપેક્ષાએ નિશ્ચયથી મિશ્રપણું કેમ કહેવાય છે ? અર્થાત્ ન કહેવાવું જોઈએ. (પરંતુ) જલ-

**પુષ્પાદિ જીવના ઉપમર્દનરૂપ=નાશરૂપ, જેટલી દ્રવ્યહિંસા છે, તેના વડે જ મિશ્રપણું કહો, કેમ કે દ્રવ્યસ્તવના ઉત્તરકાળમાં થનારા ચૈત્યવંદનાદિરૂપ ભાવસ્તવ વડે તે દોષ=દ્રવ્યહિંસાથી થતો અલ્પ પાપબંધરૂપ દોષ, દૂર થતો હોવાથી કૂપદૃષ્ટાંતની ઉપપત્તિ=સંગતિ, થાય છે. એ પ્રકારની આશંકામાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથા-૭માં સ્થાપન કર્યું કે વ્યવહારનય મિશ્રયોગ માને છે, તે વચન વ્યવહાર પૂરતું જ છે, પરંતુ તે પ્રમાણે કર્મબંધ થતો નથી, અને નિશ્ચયનય બાહ્ય યોગો અને અધ્યવસાયો એ બંનેના મિશ્રપણાને સ્વીકારીને કર્મબંધ માનતો નથી, એ વાત શંકાકારને માન્ય નથી. શંકાકારને એ કહેવું છે કે, ભગવાનની પૂજા પૂર્ણ વિધિપૂર્વક કોઈ કરતું હોય તો પણ, અને અવિધિથી પૂજા કરનારનો ભક્તિભાવ એકધારામાં આરૂઢ હોય તો પણ, પૂજાની ક્રિયા સ્વયં જલ-પુષ્પાદિ જીવોના ઉપમર્દનરૂપ છે, તેથી તે દ્રવ્યહિંસા વડે પાપબંધ થાય છે, અને ભગવાનની ભક્તિના અધ્યવસાયથી પુણ્યબંધ થાય છે, એમ સ્વીકારીને એક જ કાળમાં મિશ્ર કર્મબંધ સ્વીકારવો જોઈએ.

જો મિશ્ર કર્મબંધ સ્વીકારીએ તો જ શાસ્ત્રમાં કહેલ કૂપદૃષ્ટાંત સંગત થાય છે. તે આ રીતે -

કૂવો ખોદતી વખતે ખોદનાર જીવ પ્રથમ કાદવથી લેપાય છે, અને જ્યારે જળની પ્રાપ્તિ થાય છે,ત્યારે તે કાદવથી ખરડાયેલા શરીરને અને અન્ય મળને પણ પાણીથી દૂર કરી શકાય છે. તેમ ભગવાનના દ્રવ્યસ્તવમાં થતી દ્રવ્યહિંસાથી જીવ પાપથી ખરડાય છે, અને ભક્તિનો શુભ ભાવ પૂજાકાળમાં છે તેથી પૂજાકાળમાં મિશ્ર કર્મબંધ થાય છે, અને પછી જેમ કૂવામાંથી જળ નીકળવાથી શુદ્ધિ થાય છે, તેમ ચૈત્યવંદનાદિ ભાવસ્તવની ક્રિયાથી તે બંધાયેલું કર્મ અને અન્ય કર્મ દૂર થઈ જાય છે. આ પ્રકારના શંકાકારના આશયમાં તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજા કહે છે -

**ગાથા :-**

**जइ विहिजुयपूयाए, दुट्ठत्तं दव्वमित्तहिंसाए ।**
**तो आहारविहारप्पमुहं साहूण किमदुट्ठं ॥८॥**

**છાયા :-**

(यदि विधियुतपूजायां दुष्टत्वं द्रव्यमात्रहिंसया ।
तर्हि आहारविहारप्रमुखं साधूनां किमदुष्टम् ।।८।।)

**અન્વય :-**

जइ विहिजुयपूयाए दव्वमित्तहिंसाए दुट्ठत्तं तो साहूण आहारविहारप्पमुहं किमदुट्ठं ।।८।।

**ગાથાર્થ :-**

**જો વિધિયુક્ત પૂજામાં દ્રવ્યમાત્ર હિંસાથી દુષ્ટપણું હોય, તો સાધુના આહાર-વિહાર વગેરે કેમ અદુષ્ટ કહેવાય ? ।।૮।।**

**ટીકા :-**

**यदि विधियुतपूजायां=विधियुतभक्तिकर्मणि, द्रव्यमात्रहिंसया दुष्टत्वं स्यात्, 'तो' त्ति=तर्हि, साधूनामाहारविहारप्रमुखं किमदुष्टमुच्यते ? तदपि दुष्टमेव वक्तुमुचितम्, तत्रापि द्रव्यहिंसादोषस्यावर्जनीयत्वात् । यतनया तत्र न दोष इति चेत् ? अत्रापि किं न तथा ?**

**ટીકાર્થ :-**

यदि ..... अवर्जनीयत्वात् । **જો વિધિયુક્ત પૂજામાં=વિધિયુક્ત ભક્તિકર્મમાં, દ્રવ્યમાત્ર હિંસાથી દુષ્ટપણું હોય તો સાધુના આહાર-વિહાર વગેરેને કેમ અદુષ્ટ કહેવાય છે ? અર્થાત્ તે પણ=આહાર-વિહાર વગેરે પણ દુષ્ટ જ કહેવા ઉચિત છે. કેમ કે, ત્યાં પણ=સાધુના આહાર-વિહાર આદિમાં પણ, દ્રવ્યહિંસાના દોષનું અવર્જનીયપણું છે.**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ પૂજામાં થતી બાહ્ય હિંસાથી પાપબંધ સ્વીકારીને મિશ્ર કર્મબંધ સ્થાપન કર્યો છે. તે વાત અવતરણિકામાં કહેલ છે, તેનો જવાબ ગ્રંથકારશ્રી તર્ક દ્વારા આપે છે અને તર્ક હંમેશા વિપર્યયમાં પર્યવસાન પામીને ઈષ્ટની સિદ્ધિ કરે છે.

પ્રસ્તુતમાં તર્ક આ પ્રમાણે છે –

જો પૂર્વપક્ષી સ્વીકારે છે તે પ્રમાણે વિધિયુક્ત પૂજામાં પણ બાહ્ય જીવોની થતી હિંસાથી પાપબંધરૂપ ફળ સ્વીકારવામાં આવે તો સાધુના આહાર-વિહાર વગેરે ક્રિયાઓથી પણ પાપબંધરૂપ ફળ સ્વીકારવું પડે; કેમ કે, દ્રવ્યહિંસાનું વર્જન સાધુના આહાર-વિહારાદિમાં થઈ શકે તેમ નથી. એમ છતાં પૂર્વપક્ષી શાસ્ત્રવચનાનુસાર એમ માને છે કે, સાધુને હિંસાત્મક કર્મબંધ નથી, તેથી તેની જેમ જ વિધિયુક્ત પૂજામાં પણ હિંસાકૃત કર્મબંધ નથી, તેમ તેણે સ્વીકારવું જોઈએ.

**ટીકાર્થ :-**

**यतनया ..... किं न तथा । સાધુ યતનાપૂર્વક આહાર-વિહાર આદિ કરે છે, માટે ત્યાં=યતનાપૂર્વક કરાતા આહાર-વિહાર આદિમાં દોષ નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે અહીં પણ=વિધિયુક્ત પૂજામાં પણ તે પ્રમાણે કેમ નથી ?**

**ભાવાર્થ :-**

વિધિશુદ્ધ પૂજા કરનાર જીવ ભગવાનની ભક્તિમાં આવશ્યક એવાં પુષ્પાદિથી જ્યારે પૂજા કરે છે ત્યારે ભક્તિમાં અનુપયોગી એવા જીવોની હિંસા ન થાય તેના માટે સમ્યગ્ યતનાપૂર્વક પ્રયત્ન કરે છે. માટે યતનાપૂર્વકની આહાર-વિહારાદિ ક્રિયામાં સાધુને જેમ દોષ નથી, તેમ વિધિશુદ્ધ પૂજામાં પણ દોષ નથી.

**ઉત્થાન :-**

યતનાથી પણ પૂજામાં પ્રવૃત્તિ કરનારને સાધુના આહાર-વિહારાદિની જેમ દોષ નથી તેમ નહિ, પણ દોષ છે; કેમ કે સાધુ સર્વથા નિરભિષ્વંગ ચિત્તવાળા હોય છે, તેથી તેમના આહાર-વિહારાદિમાં થતી હિંસા અહિંસારૂપ ફળવાળી છે, અને શ્રાવક સાભિષ્વંગ ચિત્તવાળા હોવાથી તેમની દ્રવ્યહિંસા અહિંસારૂપ ફળવાળી કહી શકાય નહિ.

આશય એ છે કે, સાધુનું ચિત્ત તો સમતાના પરિણામવાળું છે, તેથી તે યતનાપૂર્વક સર્વ પ્રવૃત્તિ કરે છે. માટે સાધુની આહાર-વિહારાદિ પ્રવૃત્તિ નિરભિષ્વંગ ચિત્તની વૃદ્ધિનું કારણ છે, તેથી તે દ્રવ્યહિંસા અહિંસારૂપ ફળમાં પર્યવસાન પામે છે. માટે સાધુની આહાર-વિહારાદિ ક્રિયામાં થતી હિંસાથી કર્મબંધ નથી. જ્યારે શ્રાવક

તો સંપૂર્ણ નિરભિષ્વંગ ચિત્તવાળા નથી, તો તેમની પૂજામાં થતી હિંસા અહિંસારૂપ ફળવાળી કઈ રીતે કહી શકાય ? અને જે દ્રવ્યહિંસા અહિંસાના ફળવાળી ન હોય તેનાથી કર્મબંધ થાય છે, તેમ માનવું ઉચિત છે. આ પ્રકારના પૂર્વપક્ષીના અભિપ્રાયને સામે રાખીને કહે છે –

**ટીકા :-**

**जिनपूजादौ द्रव्यहिंसाया असदारम्भप्रवृत्तिनिवृत्तिफलत्वेनाहिंसारूपत्वात्।**

**तदुक्तम् -**

"असदारंभपवत्ता, जं च गिही तेण तेसि विण्णेया ।
तण्णिवित्तिफल च्चिय, एसा परिभावणीयमिणं" ।।१।।

(पू. पञ्चा. ४३)

असदारम्भप्रवृत्ताः=प्राण्युपमर्दनहेतुत्वेनाशोभनकृष्यादिव्यापारप्रसक्ताः, यद्यस्माद्धेतोः, चशब्दः समुच्चये, गृहिणः=गृहस्थाः, तेन हेतुना, तेषां गृहिणां, विज्ञेयाः=ज्ञातव्याः, तन्निवृत्तिफलैव देहगेहादिनिमित्तजीवोपमर्दनरूपाशुभारम्भनिवृत्तिप्रयोजनैव । भवति हि जिनपूजाजनितभावविशुद्धिप्रकर्षेण चारित्रमोहनीयक्षयोपशमसद्भावात्कालेनासदारम्भेभ्यो निवृत्तिः । तथा जिनपूजाप्रवृत्तिकाले चाऽसदारम्भाणामसम्भवात् शुभभावसम्भवाच्च तन्निवृत्तिफलाऽसौ भवतीत्युच्यते, एषा=जिनपूजा, परिभावनीयं=पर्यालोचनीयम्, इदं जिनपूजाया असदारम्भनिवर्तनफलत्वं भवद्भिरपि, येनावबुध्य तथैव प्रतिपद्यते, इति गाथार्थः' इति पञ्चाशकवृत्तौ ।

"यतनातो न च हिंसा, यस्मादेषैव तन्निवृत्तिफला।
तदधिकनिवृत्तिभावाद्विहितमतोऽदुष्टमेतदिति" ।।१६।। (षष्ठषोडशके)

**अत एवाऽऽपेक्षिकाल्पायुष्कताधिकारे** 'नन्वेवं प्राणातिपातमृषावादावप्रासुकदानं च कर्तव्यतामापन्नमिति चेत् ? आपद्यतां नाम भूमिकाविशेषापेक्षया, को दोषः ? अत एव यतिधर्माऽशक्तानां द्रव्यस्तवद्वारेण प्राणातिपातादौ प्रवृत्तिः प्रवचने प्रोक्ते'**ति भगवतीवृत्तावुक्तम् ।**

**अत्र यतिधर्माशक्तत्वम् असदारम्भप्रवृत्तत्वम् अधिकारिविशेषणं द्रष्टव्यम्।**

**ટીકાર્થ :-**

जिनपूजादौ ..... अहिंसारूपत्वात् । **જિનપૂજા આદિમાં વર્તતી દ્રવ્યહિંસાનું અસદારંભરૂપ પ્રવૃત્તિની નિવૃત્તિરૂપ ફળપણું હોવાને કારણે અહિંસારૂપપણું હોવાથી દોષરૂપ નથી.**

❖ जिनपूजादौ - અહીં 'આદિ' પદથી સાધર્મિકવાત્સલ્ય, જિનમંદિરનું નિર્માણ આદિનું ગ્રહણ સમજવું.

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીનો આશય એ છે કે, સાધુ અંતરંગ રીતે સર્વત્ર અભિષ્વંગ વગરના હોય છે, અને કર્મબંધ અભિષ્વંગથી જ થાય છે, જ્યારે સામાયિકનો પરિણામ નિરભિષ્વંગ પરિણામરૂપ છે અને તે ઉચિત પ્રવૃત્તિ કરાવનાર છે, અને સામાયિકમાં થતી ઉચિત પ્રવૃત્તિ અવશ્ય સામાયિકના પરિણામોની અતિશયતાનું કારણ બને છે. તેથી સાધુ જ્યારે યતનાપૂર્વક આહારાદિમાં પ્રવૃત્તિ કરે છે, ત્યારે તે આહારાદિમાં થતી હિંસા અહિંસાના ફળવાળી છે. આથી જ યતનાપૂર્વક આહારાદિમાં પ્રવૃત્તિ કરતા ઘણા મહાત્માઓને કેવલજ્ઞાન પણ થાય છે, પરંતુ પૂજા કરનારા શ્રાવકો અભિષ્વંગ ચિત્તવાળા છે, તેથી તેમની પૂજામાં થતી હિંસાથી કર્મબંધ થાય છે તેમ માનવું જોઇએ. તેને ગ્રંથકાર કહે છે-

જેમ સાધુની આહારાદિમાં થતી યતનાપૂર્વકની ક્રિયાકાળમાં વર્તતી દ્રવ્યહિંસા અહિંસા ફળવાળી છે, માટે ત્યાં કર્મબંધ થતો નથી, તેમ વિધિપૂર્વક જિનપૂજા કરનાર શ્રાવકની પૂજામાં થતી દ્રવ્યહિંસા શ્રાવકના ચિત્તમાં વીતરાગતા પ્રત્યે ભક્તિની અતિશયતાનું કારણ બને છે, અને વીતરાગતા પ્રત્યે વધતી જતી ભક્તિની અતિશયતા વીતરાગતાના કારણભૂત સંયમપરિણામનું જ કારણ બને છે. અને તેથી શ્રાવકના જીવનમાં કર્મબંધના કારણભૂત એવી અસદારંભની પ્રવૃત્તિ છે તેની નિવૃત્તિ થાય છે. આનું કારણ ભગવાનની પૂજાકાળમાં શ્રાવકનું માનસ વીતરાગભાવનાથી ભાવિત છે, અને શ્રાવકનું વીતરાગભાવનાથી ભાવિત માનસ કરવામાં યતનાપૂર્વક પુષ્પાદિ સામગ્રીથી કરાતો ઉપચાર=ભાવની વૃદ્ધિને અનુકૂળ એવો પૂજાનો વ્યવહાર, કારણ છે. તેથી ભગવાનની ભક્તિમાં કરાતો ઉપચાર શ્રાવકને સંસારના અસદારંભોથી નિવૃત્તિ કરાવીને ક્રમસર સંયમના પરિણામ તરફ લઈ જનાર હોવાથી અહિંસારૂપ જ છે. તેથી જેમ

સાધુની આહારાદિ ક્રિયામાં થતી દ્રવ્યહિંસા અહિંસારૂપ ફળવાળી છે, તેમ શ્રાવકના દ્રવ્યસ્તવમાં થતી હિંસા અહિંસારૂપ ફળવાળી છે.

**ટીકાર્થ :-**

**तदुक्तम् - પૂર્વમાં કહ્યું કે, ભગવાનની પૂજામાં થતી દ્રવ્યહિંસા ગૃહસ્થોને અસદારંભમાં થતી પ્રવૃત્તિમાં નિવૃત્તિફળવાળી છે. આ વાત ગ્રંથકારશ્રીએ સ્વબુદ્ધિથી કહી નથી, તેથી તેની સાક્ષીરૂપે કહે છે કે, તે=અમે જે પૂર્વમાં કહ્યું તે, (પંચાશકમાં) કહેલું છે અને પંચાશકની ગાથાનો અર્થ આ પ્રમાણે છે –**

'असदारम्भप्रवृत्ताः ..... पञ्चाशकवृत्तौ ।। અને જે કારણથી ગૃહસ્થો અસદારંભમાં પ્રવૃત્ત છે, તે કારણથી તેઓની=ગૃહસ્થોની આ=જિનપૂજાની ક્રિયા, નક્કી તન્નિવૃત્તિફલા= અસદારંભની પ્રવૃત્તિની નિવૃત્તિના પ્રયોજનવાળી છે. આ= જિનપૂજા અસદારંભની પ્રવૃત્તિની નિવૃત્તિના પ્રયોજનવાળી છે, એ ભાવન કરવું જોઈએ.

**પૂજા પંચાશક ગાથા-૪૩ની ટીકાનો ટીકાર્થ આ પ્રમાણે છે –**

'असदारम्भप्रवृत्ताः पञ्चाशकवृत्तौ ।' જે કારણથી ગૃહસ્થો પ્રાણીના ઉપમર્દનના=નાશના, હેતુપણાથી અશોભન એવા કૃષ્યાદિ=ખેતી વગેરે વ્યાપારમાં પ્રસક્ત છે, તે કારણથી તેઓની=ગૃહસ્થોની, જિનપૂજા તન્નિવૃત્તિફળવાળી જ= શરીર, ઘર વગેરેના નિમિત્તે થતી જીવના ઉપમર્દનરૂપ અશુભ આરંભની નિવૃત્તિના ફળવાળી જ, જાણવી.

જિનપૂજામાં ઉત્પન્ન થયેલી ભાવશુદ્ધિના પ્રકર્ષથી ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમનો સદ્ભાવ હોવાથી કાળ વડે= ભવિષ્યકાળમાં, અસદારંભથી નિવૃત્તિ થાય છે, અને તે પ્રકારે જિનપૂજાની પ્રવૃત્તિકાળમાં અસદારંભનો અસંભવ હોવાથી અને શુભભાવનો સંભવ હોવાથી, તન્નિવૃત્તિફળવાળી=અસદારંભની નિવૃત્તિરૂપ ફળવાળી, આ=જિનપૂજા, થાય છે, એમ કહેવાય છે. આ=જિનપૂજાનું અસદારંભની નિવૃત્તિરૂપફળપણું, આપના વડે પણ વિચારવા યોગ્ય છે, જેથી જાણીને તે રીતે જ સ્વીકાર થાય, એ પ્રમાણે ગાથાર્થ જાણવો. આ પ્રમાણે પૂજાપંચાશક ગાથા-૪૩ની વૃત્તિમાં કહેલ છે.

**ભાવાર્થ :-**

ગૃહસ્થો સામાન્ય રીતે સંસારની પ્રવૃત્તિ કરતા હોય છે, અને વ્રતધારી શ્રાવક હોય તો પણ હજુ એને સંસારના ભોગોની વૃત્તિ સર્વથા નષ્ટ થઈ નથી, તેથી ભોગાર્થે જે કાંઈ પણ સંસારની પ્રવૃત્તિ થાય, તે સર્વ અસદારંભરૂપ છે. તે જ ગૃહસ્થ જ્યારે જિનપૂજા કરે છે ત્યારે જો વિવેકસંપન્ન હોય તો જિનપૂજાના કાળમાં વીતરાગભાવનાથી ભાવિત બનતો જાય છે, અને તે વીતરાગભાવનાના પ્રકર્ષને કારણે ચારિત્રમોહનીયનો

ક્ષયોપશમ થતો જાય છે, તેથી કાળે કરીને સર્વથા આરંભને છોડીને નિરારંભજીવનરૂપ સંયમમાં પ્રવૃત્તિ થાય છે. તેથી જિનપૂજાદિને આરંભની નિવૃત્તિફળવાળી કહેલ છે. આ કથન ભાવિકાળની અપેક્ષાએ બતાવેલ છે.

હવે જિનપૂજાના કાળમાં અસદારંભની નિવૃત્તિ કઈ રીતે થાય છે, તે બતાવે છે– જિનપૂજાની પ્રવૃત્તિકાળમાં શ્રાવકને જે પ્રકારે ગૃહકાર્ય કરે છે તે પ્રકારે અસદારંભનો અસંભવ છે, અને પૂજાકાળમાં વીતરાગના ગુણોથી ઉપરંજિત ચિત્ત હોવાના કારણે શુભભાવોનો સંભવ છે. તેથી પૂજાકાળમાં પણ અસદારંભની નિવૃત્તિફળવાળી પૂજા છે.

વળી, પંચાશકના વૃત્તિકાર આચાર્ય ભગવંત શ્રીમદ્ અભયદેવસૂરિ મહારાજ સાહેબ પૂર્વપક્ષીને કહે છે કે, આ વસ્તુ તમારે પણ આ રીતે જ ભાવન કરવી જોઈએ, જેથી કરીને બોધ કરીને તે પ્રકારે જ સ્વીકાર થાય, અને તેના કારણે જિનપૂજામાં થતી સ્વરૂપહિંસાને જોઈને ભગવાનની પૂજામાં હિંસા છે, માટે સામાયિકાદિ અનુષ્ઠાનો શ્રેષ્ઠ છે, અને જિનપૂજાદિ અનુષ્ઠાનો હિંસાથી મિશ્રિત છે, તેવી બુદ્ધિ ન થાય.

**ટીકાર્થ :-**

**यतनातो ..... अदुष्टमेतदिति ।।१६।। (षष्ठषोडशके) (જિનભવનના નિર્માણમાં) યતનાથી હિંસા નથી. જે કારણથી આ જ=યતના જ, તન્નિવૃત્તિફળવાળી=હિંસાની નિવૃત્તિફળવાળી છે. કેમ કે, તેનાથી=જિનપૂજામાં થતી હિંસાથી, અધિક હિંસાની નિવૃત્તિનો ભાવ=સદ્ભાવ, હોવાથી (શાસ્ત્રમાં) જિનભવન વિહિત છે, એ હેતુથી આ=જિનભવનનું વિધાન, અદુષ્ટ છે=કર્મબંધનું કારણ નથી.**

**'इति' શબ્દ શ્લોકના કથનની સમાપ્તિસૂચક છે.**

**વિશેષાર્થ :-**

શાસ્ત્રાનુસારી યતનાપૂર્વક જિનભવનનું નિર્માણ કરવામાં આવે તો ત્યાં હિંસા નથી, ત્યાં પ્રશ્ન થાય કે, જિનભવનના નિર્માણમાં સાક્ષાત્ હિંસા દેખાય છે, તો ત્યાં હિંસા કેમ નથી ? એથી કહે છે કે, જે કારણથી જિનભવનના નિર્માણમાં કરાતી યતના જ હિંસાની નિવૃત્તિફળવાળી છે=ભગવાનની ભક્તિમાં યતનાથી જ કર્મબંધના કારણભૂત એવી હિંસાની નિવૃત્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, ભક્તિમાં અનુપયોગી એવી હિંસાની નિવૃત્તિ યતનાથી ભલે થાય, તો પણ જિનભવનના નિર્માણની ક્રિયા ગમે તેટલી યતનાપૂર્વક કરવામાં આવે છતાં ત્યાં હિંસા અવશ્ય થાય છે. તેથી કહે છે –

જિનભવનનું નિર્માણ અધિકારી શ્રાવકને કરવાનું શાસ્ત્રમાં વિહિત છે, અને અધિકારી શ્રાવક શાસ્ત્રમાં વિહિત એવી ક્રિયા કરે તે કર્મબંધનું કારણ થાય, તેમ સ્વીકારી શકાય નહિ; કેમ કે સર્વજ્ઞે કહેલ વિહિત ક્રિયા કરવાથી પણ જો કર્મબંધ થાય તો સર્વજ્ઞને અનાપ્ત સ્વીકારવાની આપત્તિ આવે. પરંતુ સર્વજ્ઞ અનાપ્ત નથી, તેથી અવશ્ય જીવોના હિતનું જે કારણ હોય તેનું જ વિધાન કરે, અહિતના કારણોનું વિધાન કરે નહિ. આથી કરીને જિનભવનનું નિર્માણ અદુષ્ટ છે=તેમાં થતી હિંસા કર્મબંધનું કારણ બનતી નથી. માટે ત્યાં પરમાર્થથી હિંસા નથી, પરંતુ સ્વરૂપથી જ માત્ર હિંસા છે. જેમ સાધુની આહાર-વિહારાદિ ક્રિયામાં કર્મબંધના કારણીભૂત હિંસા નથી, પરંતુ સ્વરૂપમાત્રથી જ હિંસા છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, જિનપૂજાદિમાં થતી દ્રવ્યહિંસા હિંસાની નિવૃત્તિફળવાળી હોવાના કારણે અહિંસારૂપ જ છે, અને તેમાં પંચાશક અને ષોડશક ગ્રંથની સાક્ષી આપી. તેનાથી એ ફલિત થયું કે, જિનપૂજામાં થતી દ્રવ્યહિંસા કર્મબંધનું કારણ નથી. હવે તેને જ દૃઢ કરવા માટે ભગવતીસૂત્રની વૃત્તિમાં કહેલ કથન બતાવતાં કહે છે –

**ટીકાર્થ :-**

**अत एव ..... भगवतीवृत्तावुकतम् । આથી કરીને જ=યતનાપૂર્વક કરાતી જિનપૂજામાં થતી હિંસા લેશ પણ કર્મબંધનું કારણ નથી આથી કરીને જ, આપેક્ષિક અલ્પ આયુષ્યકતાના અધિકારમાં “नन्वेवं ..... प्रोक्ता” એ પ્રકારે ભગવતીસૂત્રની વૃત્તિમાં કહેલું છે.**

**ભગવતીસૂત્રની વૃત્તિમાં કહેલ કથનનો અર્થ આ પ્રમાણે છે –**

‘नन्वेवं ..... भगवतीवृत्तावुक्तम् ।’ થી કોઈ શંકા કરે છે કે, આ રીતે=પૂર્વમાં તમે સ્થાપન કર્યું કે, કોઈ જીવ ભગવાનની ભક્તિ માટે કે સાધુની ભક્તિ માટે પ્રાણાતિપાત, મૃષાવાદ કરતો હોય અને સાધુને અપ્રાસુક દાન આપતો હોય તો પણ સદ્ગતિનું આયુષ્ય બાંધે છે એ રીતે, પ્રાણાતિપાત, મૃષાવાદ અને અપ્રાસુક દાન કર્તવ્યપણારૂપે પ્રાપ્ત થશે. તો તેને ભગવતી વૃત્તિકાર કહે છે કે, ભૂમિકાવિશેષની અપેક્ષાએ (પ્રાણાતિપાતાદિ) કર્તવ્યપણારૂપે ભલે પ્રાપ્ત થાઓ, તેમાં શું દોષ છે ? અર્થાત્ ભૂમિકા વિશેષમાં તે કર્તવ્યપણારૂપે સ્વીકારવામાં કોઈ દોષ નથી.

સ્વકથનની પુષ્ટિ કરતાં ભગવતી વૃત્તિકાર કહે છે –

આથી કરીને જ યતિધર્મમાં અશક્ત એવા શ્રાવકોને દ્રવ્યસ્તવાદિ દ્વારા પ્રાણાતિપાતાદિમાં પ્રવૃત્તિ શાસ્ત્રમાં કહેલી છે. આ પ્રકારે ભગવતીસૂત્રની વૃત્તિમાં કહેલ છે.

❖ આ કથનથી યતિધર્મ માટે અશક્ત એવા જીવોને પ્રાણાતિપાતપૂર્વક દ્રવ્યસ્તવ કર્તવ્યરૂપે સિદ્ધ થાય છે, અને તે કારણથી દ્રવ્યસ્તવમાં થતી હિંસા કર્મબંધનું કારણ બનતી નથી, તેમ ફલિત થાય છે.

**ભાવાર્થ :–**

ભગવતીસૂત્રમાં આપેક્ષિક અલ્પ આયુષ્યકતાનો અધિકાર છે=જેઓ શાસ્ત્રવિધિ પ્રમાણે ભગવાનની ભક્તિ આદિ કરે છે, સાધુને પ્રાસુકદાન આપે છે, તેઓને જે સદ્ગતિનું દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે, તેની અપેક્ષાએ કેવા જીવોને સદ્ગતિનું અલ્પાયુષ્ય બંધાય છે, તેનો અધિકાર છે. અને ત્યાં કહેલ છે કે, આદ્ય ભૂમિકાવાળા મુગ્ધજીવોને ધર્મ કરવાની મનોવૃત્તિ થાય ત્યારે વિશેષ વિવેક ખૂલ્યો નથી, પરંતુ ધર્મ આત્મકલ્યાણનું કારણ છે, એવી બુદ્ધિ થાય છે, તેથી ભગવાનના ગુણો પ્રત્યે અને સાધુ મહાત્માના ગુણો પ્રત્યે પક્ષપાત થાય છે, ત્યારે ભગવાનની ભક્તિ કરવા માટે આરંભ-સમારંભ કરીને કે ખોટું-સાચું કરીને પણ અધિક ધન મેળવે છે, અને સાધુની ભક્તિ કરવા માટે આધાકર્મિક આહારાદિનું દાન કરે છે તેઓને પણ સદ્ગતિનું આયુષ્ય બંધાય છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે, આ રીતે સ્વીકારીએ તો સદ્ગતિનું કારણ હોવાથી પ્રાણાતિપાત, મૃષાવાદ અને સાધુને અપ્રાસુક દાન આપવું કર્તવ્ય થઈ જશે.

ભગવતીસૂત્રના વૃત્તિકાર તેનો જવાબ આપતાં કહે છે કે, તેવા પ્રકારની ભૂમિકાવિશેષવાળા જીવોની અપેક્ષાએ તે કર્તવ્ય થાઓ. એમાં શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. આ રીતે ભૂમિકાવિશેષવાળા જીવોને આશ્રયીને પ્રાણાતિપાતાદિ કર્તવ્ય છે, તેમ સ્થાપન કરીને તેની જ પુષ્ટિ કરવા માટે ભગવતીસૂત્રના વૃત્તિકાર યુક્તિ આપતાં કહે છે –

આ જ કારણથી જે લોકો સંયમ ગ્રહણ કરવા માટે સમર્થ નથી, તેઓને દ્રવ્યસ્તવની ક્રિયા દ્વારા હિંસાદિની પ્રવૃત્તિ શાસ્ત્રે સ્વીકારેલ છે, તેથી હિંસાદિ એકાંતે અકર્તવ્ય છે તેવો નિયમ નથી.

આનાથી એ ફલિત થાય કે, જેઓ સાધુ થવા માટે અસમર્થ છે, તેવા જીવોને પોતાની ભૂમિકા પ્રમાણે સ્વરૂપહિંસાવાળા દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કર્તવ્ય છે, તેમ જેઓ હજુ વિશેષ વિવેકસંપન્ન થયા નથી, તેવા મુગ્ધજીવોને પ્રાણાતિપાત, મૃષાવાદ કે અપ્રાસુક દાન પણ કર્તવ્ય કર્મ છે, તેનાથી તેનું હિત જ થાય છે, પરંતુ કર્મબંધ થતો નથી. ફક્ત યતિધર્મથી જેવું વિશેષ હિત થાય છે, તેવું વિશેષ હિત વિવેકસંપન્ન શ્રાવક

દ્રવ્યસ્તવથી સાધી શકતો નથી; આમ છતાં તે દ્રવ્યસ્તવથી યતિધર્મ કરતાં અલ્પ નિર્જરા થવા છતાં લેશ પણ કર્મબંધ થતો નથી અને તે રીતે વિવેકસંપન્ન શ્રાવકની અપેક્ષાએ જેઓ વિવેકપૂર્વકની ક્રિયા કરવા માટે અસમર્થ છે, એવા મુગ્ધજીવો પોતાની મુગ્ધતાને અનુરૂપ ભગવાનની ભક્તિમાં અને સાધુની ભક્તિમાં યત્ન કરે છે, તેનાથી તેઓનું હિત જ થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં **अत एव** થી **भगवतीवृत्तावुक्तम्** । એ પ્રકારનું કથન કહ્યું, તેમાં અંતમાં કહેલું કે, યતિધર્મમાં અશક્ત એવા શ્રાવકને દ્રવ્યસ્તવ દ્વારા પ્રાણાતિપાતાદિમાં પ્રવૃત્તિ પ્રવચનમાં કહેલ છે. ત્યાં કોઈને ભ્રમ થાય કે, યતિધર્મમાં અશક્ત એવા પણ અત્યંત સાવદ્યની સંક્ષેપરુચિવાળા શ્રાવકોને દ્રવ્યસ્તવનો નિષેધ શાસ્ત્રમાં કરેલ છે. તેથી જો યતિધર્મમાં અશક્તને દ્રવ્યસ્તવના અધિકારી કહેવામાં આવે તો અત્યંત સાવદ્યના સંકોચવાળા શ્રાવકને પણ દ્રવ્યસ્તવ કર્તવ્ય પ્રાપ્ત થશે. તેથી તેનો ખુલાસો કરતાં ગ્રંથકારશ્રી કહેછે -

**ટીકાર્થ :-**

**अत्र ..... द्रष्टव्यम् ।અહીંયાં=ભગવતીસૂત્રની વૃત્તિમાં यतिधर्माशक्तत्वम्=યતિધર્મ માટે અશક્તપણું અને असदारम्भप्रवृत्तत्वम्=અસદારંભમાં પ્રવૃત્તપણું એ બંને પૂજાના અધિકારીનાં વિશેષણ જાણવાં.**

**ભાવાર્થ :-**

જે શ્રાવકો યતિધર્મમાં અશક્ત છે, આમ છતાં સાવદ્યનો પરિહાર કરીને સંક્ષેપરુચિવાળા છે, તેઓ અસદારંભમાં પ્રવૃત્ત નહિ હોવાને કારણે દ્રવ્યસ્તવના અધિકારી પ્રાપ્ત થશે નહિ અને તેઓને ભગવાનની દ્રવ્યપૂજા કર્તવ્ય માનવાની આપત્તિ આવશે નહિ.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું એ રીતે ગ્રંથકારશ્રીએ તર્કથી સ્થાપન કર્યું કે, જેમ સાધુને આહાર-વિહારાદિમાં હિંસા નથી, તેમ વિધિશુદ્ધ જિનપૂજામાં લેશ પણ હિંસા નથી, અને તેની પુષ્ટિ પંચાશક અને ષોડશક ગ્રંથની સાક્ષી આપીને કરી. ત્યારપછી ભગવતીસૂત્રના વૃત્તિકારના કથનથી પણ એ સ્થાપન કર્યું કે, યતિધર્મમાં અસમર્થને દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ વિહિત છે, માટે પણ દ્રવ્યસ્તવમાં હિંસા નથી. ત્યાં પૂર્વપક્ષી કૂપદૃષ્ટાંતના બળથી=શાસ્ત્રમાં

દ્રવ્યસ્તવને કૂપદૃષ્ટાંતથી બતાવેલ છે, તેના બળથી દ્રવ્યસ્તવમાં હિંસા કેમ છે અને સાધુના આહારાદિમાં હિંસા કેમ નથી, તે બતાવે છે, તેનું સ્થાપન કરીને ગ્રંથકારશ્રી તેનું નિરાકરણ કરે છે –

**ટીકા :-**

**कूपज्ञातान्यथानुपपत्त्या पूजादिकाले द्रव्यहिंसाजनितं पापमवर्जनीयमेव, आज्ञायोगादाहारविहारादिकं साधूनां न दुष्टमिति चेत् ? अत्रापि परिमितसंसार-फलकत्वार्थवादेनानुकम्पादाविवाज्ञायोगः किं न कल्प्यते ? उक्तं हि संसारप्रत-नुताकारणत्वं द्रव्यस्तवस्य, तत्र दानादिचतुष्कतुल्यफलकत्वोपवर्णनमप्य-त्रोपष्टम्भकमेव ।।८।।**

**ટીકાર્થ :-**

कूपज्ञातान्यथानुपपत्त्या ..... उपष्टम्भकमेव ।।८।। **કૂપદૃષ્ટાંતની અન્યથા અનુપપત્તિ હોવાના કારણે પૂજાદિ કાળમાં (પુષ્પાદિથી થતી) દ્રવ્યહિંસાજનિત પાપ અવર્જનીય જ છે, અને સાધુના આહાર-વિહારાદિક આજ્ઞાયોગ હોવાને કારણે દુષ્ટ નથી=કર્મબંધનું કારણ નથી. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે, અહીંયાં પણ=જિનપૂજામાં પણ, પરિમિત સંસારફલકત્વરૂપ અર્થનું કથન હોવાને કારણે અનુકંપાની જેમ= અનુકંપાદાનની જેમ, આજ્ઞાયોગ કેમ કલ્પાતો નથી ?**

**જે કારણથી સંસારની પ્રતનુતાનું કારણપણું=સંસારને પરિમિત કરવાનું કારણપણું, દ્રવ્યસ્તવનું કહેવાયું છે અને ત્યાં=જિનપૂજામાં, દાનાદિ ચતુષ્ક તુલ્ય ફળપણાનું ઉપવર્ણન પણ અહીંયાં=જિનપૂજાવિષયક આજ્ઞાયોગ સ્વીકારવામાં, ઉપષ્ટંભક જ છે.**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં કૂપદૃષ્ટાંતથી દ્રવ્યસ્તવને બતાવેલ છે, અને ત્યાં કહ્યું છે કે, જેમ કૂવો ખોદવાથી પ્રથમ કૂવો ખોદનાર જીવ કાદવથી ખરડાય છે અને જળની પ્રાપ્તિ થયા પછી કાદવનો મળ અને અન્ય મળ પણ દૂર થાય છે, તે રીતે દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી જીવ ખરડાય છે અને પૂજાકાળમાં થતા શુભ અધ્યવસાયથી તેની શુદ્ધિ થાય છે.

આ કૂપદૃષ્ટાંતથી શાસ્ત્રમાં દ્રવ્યસ્તવ કહેલ છે, તે પૂજાકાળમાં દ્રવ્યહિંસાજનિત પાપબંધ થાય છે તેમ માનીએ તો જ સંગત થાય. તેથી દ્રવ્યસ્તવમાં હિંસાજનિત પાપબંધ

થાય છે. જ્યારે સાધુને આહાર-વિહારાદિમાં બાહ્ય રીતે હિંસા હોવા છતાં ભગવાનની આજ્ઞાનો યોગ હોવાથી લેશ પણ કર્મબંધ નથી, આ પ્રકારે પૂર્વપક્ષી કહે છે.

તો તેને ગ્રંથકાર કહે છે કે, જેમ સાધુની આહારાદિની પ્રવૃત્તિમાં આજ્ઞાયોગ છે, તેમ અહીં પણ આજ્ઞાયોગની કલ્પના કરવી જોઈએ; કેમ કે, શાસ્ત્રમાં દ્રવ્યસ્તવને પરિમિતસંસારફળવાળું છે, એમ કહેલ છે.

આનાથી એ ફલિત થાય છે કે, દ્રવ્યસ્તવ સંસારના વિચ્છેદનું કારણ છે, તેમ શાસ્ત્રમાં કહેલ છે; અને શાસ્ત્રનું દરેક વચન મોક્ષમાં પર્યવસાન પામનારું છે, તેથી દ્રવ્યસ્તવમાં પણ આજ્ઞાયોગ છે, તેમ માનવું જોઈએ. અને તેમાં દૃષ્ટાંત આપે છે –

જેમ અનુકંપાદિ દાનમાં દ્રવ્યહિંસા હોવા છતાં શાસ્ત્રવચનના બળથી ત્યાં આજ્ઞાયોગ પૂર્વપક્ષી સ્વીકારે છે, તેમ જિનપૂજામાં પણ તેણે આજ્ઞાયોગ સ્વીકારવો જોઈએ. અનુકંપાદાનનો ભગવાને ક્યાંય નિષેધ કર્યો નથી, એ પ્રકારના શાસ્ત્રવચનથી જ અનુકંપાદાનમાં આજ્ઞાયોગ સિદ્ધ છે.

अनुकंपादौ इव - અહીં 'આદિ' પદથી સાધર્મિકભક્તિ આદિ ગ્રહણ કરવાનું છે, અને સાધર્મિકભક્તિમાં દ્રવ્યથી હિંસા હોવા છતાં ભગવાનની આજ્ઞા સાધર્મિકભક્તિ કરવાની છે, તેમ જિનપૂજામાં પણ આજ્ઞાયોગ માનવો જોઈએ. અને જિનપૂજામાં પરિમિતસંસારફળપણું શાસ્ત્રમાં કહેલ છે, તેથી દ્રવ્યસ્તવમાં પણ આજ્ઞાયોગ સિદ્ધ થાય છે. વળી દાનાદિ ચારના તુલ્ય ફળરૂપ જિનપૂજા છે, એમ કહ્યું એ વચન, દ્રવ્યસ્તવમાં આજ્ઞાયોગ સ્વીકારવાની પુષ્ટિ કરનાર થાય છે.

**વિશેષાર્થ :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ કૂપદૃષ્ટાંતની અન્યથાનુપપત્તિ દ્વારા પૂજાદિકાળમાં અવશ્ય પાપ છે, તેમ કહ્યું. તેનો ખુલાસો કર્યા વગર ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ દ્રવ્યસ્તવમાં લેશ પણ કર્મબંધ નથી, તે સ્થાપન કરવા માટે પૂજામાં આજ્ઞાયોગ કઈ રીતે છે, તેનું સ્થાપન કર્યું. તેનું કારણ એ છે કે ગ્રંથકારશ્રીએ પૂર્વમાં ગાથા-૨માં વિધિશુદ્ધ પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન કઈ રીતે કરવું તે કહેલ છે, અને ગાથા-૩માં વિધિવિકલ ભક્તિયુક્ત પૂજામાં કૂપદૃષ્ટાંતનું યોજન કઈ રીતે કરવું તે કહેલ છે. તેથી વિધિવિકલ એવી ભક્તિયુક્ત પૂજામાં યોજેલ દૃષ્ટાંતના બળથી પૂજાદિકાળમાં પૂર્વપક્ષી પાપબંધ સ્વીકારતો હોય તો તે ગ્રંથકારશ્રીને સંમત છે, પરંતુ પૂર્ણ વિધિયુક્ત પૂજામાં લેશ પણ કર્મબંધ નથી પણ તેમાં પરિપૂર્ણ આજ્ઞાયોગ છે, એમ ગ્રંથકારશ્રીને સ્થાપન કરવું છે.

જ્યારે વિધિરહિત પૂજામાં તો ભક્તિ અંશમાં આજ્ઞાયોગ હોવા છતાં વિકલતા અંશમાં આજ્ઞાયોગ નથી, માટે તત્કૃત કર્મબંધ સ્વીકારવામાં અને તેની શુદ્ધિ પૂજાકાળમાં પાછળથી થતા શુભ અધ્યવસાયથી થાય છે, તેમ સ્વીકારવામાં ગ્રંથકારશ્રીને કોઈ વિરોધ નથી.॥૮॥

**અવતરણિકા :-**

**अथ 'द्रव्यस्तवे यावानारम्भस्तावत्पापमि'त्यत्र स्थूलानुपपत्तिमाह -**

**અવતરણિકાર્થ :-**

**દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ છે, તેટલું પાપ છે. આ પ્રમાણે કથનમાં અહીં સ્થૂલ અનુપપત્તિને=અસંગતિને, કહે છે –**

**ગાથા :-**

**जावइओ आरंभो, तावइयं दूषणंति गणणाए ।**
**अप्पत्तं कह जुज्जइ, अप्पंपि विसं च मारेइ ।।९।।**

**છાયા :-**

(यावानारम्भस्तावद् दूषणमिति गणनायाम् ।
अल्पत्वं कथं युज्यतेऽल्पमपि विषं च मारयति ।।९।।)

**અન્વય :-**

जावइओ आरंभो तावइयं दूषणंति गणणाए, अप्पत्तं कह जुज्झइ अप्पंपि विसं च मारेइ ।।९।।

**ગાથાર્થ :-**

**દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ છે, તેટલું દૂષણ છે, એ પ્રકારની ગણના કરવામાં (આવે તો) (આરંભનું) અલ્પપણું(=પૂજામાં અલ્પ કર્મબંધ અને ઘણી નિર્જરા છે એ કથનમાં કહેલ અલ્પપણું,) કઈ રીતે ઘટે? અર્થાત્ ન ઘટે.**

**(અને જો અલ્પપણું સ્વીકારીએ તો પણ) અલ્પ પણ વિષ મારે છે. ॥૯॥**

**ટીકા :-**

**द्रव्यस्तवे यावानारम्भस्तावद्दूषणमिति गणनायां क्रियमाणायां, ऋजुसूत्रनये प्रतिजीवं भिन्नभिन्नहिंसाऽऽश्रयणादसङ्ख्यजीवविषय आरम्भः एकभगवद्विषया च भक्तिरिति अल्पपापबहुतरनिर्जराकारणत्वं सर्वथाऽनुपपन्नम्। आत्मरूपहिंसाऽहिंसावादिशब्दादिनयमते त्वाह-अल्पमपि विषं च हालाहलं मारयति । आध्यात्मिक आरम्भो यद्यल्पोऽपि स्यात्तदापुण्यानुबन्धिपुण्यप्राप्तिर्न स्यादेव, व्याध्या(?धा)द्यपेक्षया कर्णजीविनामिवाल्परसस्यापि तस्य शुभकर्म-विरोधित्वादिति भावः ।।९।।**

**ટીકાર્થ :-**

द्रव्यस्तवे ..... सर्वथा ऽनुपपन्नम् । **દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ છે, તેટલું દૂષણ છે, એ પ્રમાણે ગણના કરાયે છતે, ઋજુસૂત્રનયમાં દરેક જીવને આશ્રયીને ભિન્ન ભિન્ન હિંસાના આશ્રયણથી (ભગવાનની પૂજામાં) અસંખ્ય જીવવિષયક આરંભ છે, અને એક ભગવાનવિષયક ભક્તિ છે. એથી ભગવાનની પૂજામાં અલ્પપાપ અને બહુતર નિર્જરાનું કારણપણું સર્વથા ઘટતું નથી. (એથી કરીને હિંસાનું અલ્પપણું કેવી રીતે હોય ? અર્થાત્ ન હોય.)**

**ભાવાર્થ :-**

સંગ્રહનય સંગ્રહ કરનાર હોવાથી ભગવાનની પૂજામાં થતી સર્વ હિંસાને એક હિંસારૂપે સ્વીકારે છે.

વ્યવહારનય ભગવાનની પૂજામાં પુષ્પ, જળ, પૃથ્વી આદિ છકાયમાંથી જે જે પ્રકારના જીવોની વિરાધના થતી હોય તે વિરાધનાને સ્વીકારે છે. તેથી ષટ્કાય જીવોની હિંસા પ્રાપ્ત થાય, પણ અસંખ્ય જીવોની નહિ.

આથી ગ્રંથકારશ્રીએ સંગ્રહનય અને વ્યવહારનયની વિવક્ષા છોડીને અહીં ઋજુસૂત્રનયનો મત ગ્રહણ કરેલ છે.

ઋજુસૂત્રનય દરેક જીવોની ભિન્ન ભિન્ન હિંસાને ગ્રહણ કરે છે, તેથી પૂજાકાળમાં પૃથ્વી આદિ જીવોની સંખ્યા અસંખ્ય જ પ્રાપ્ત થાય છે, માટે પૂજામાં અસંખ્ય જીવોનો આરંભ છે, અને ભગવાનની ભક્તિનો વિષય માત્ર એક ભગવાન છે. તેથી ઋજુસૂત્રનયની દૃષ્ટિથી વિચારવામાં આવે તો પૂજામાં ઘણા જીવોનો આરંભ અને એક ભગવાનવિષયક

ભક્તિ છે, માટે પૂજામાં ઘણો આરંભ છે, પણ અલ્પ આરંભ છે એમ કહી શકાય નહિ. અને આમ સ્વીકારીએ તો પૂજામાં ઘણો પાપબંધ અને અલ્પ નિર્જરા થાય છે, તેમ માની શકાય; પણ ભગવાનની પૂજાથી અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા થાય છે, તે વાત સર્વથા ઘટતી નથી.

**વિશેષાર્થ :-**

વિધિશુદ્ધ પૂજામાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાને અલ્પ પાપબંધ માન્ય નથી, તો પણ વિધિરહિત ભક્તિયુક્ત પૂજાને આશ્રયીને પૂજ્ય અભયદેવસૂરિ મહારાજાએ ચતુર્થ પંચાશકમાં અશુદ્ધ દાન સાથે પૂજાને ઘટાવી છે, ત્યાં પૂજામાં અલ્પ પાપબંધ અને બહુનિર્જરા સ્વીકારી છે. તે વાતને સામે રાખીને અહીં કહે છે કે, જો પૂર્વપક્ષી આરંભ પ્રમાણે પાપ માનતો હોય તો પૂ. અભયદેવસૂરિ મહારાજાએ કૂપદૃષ્ટાંતથી પૂજામાં અલ્પ પાપબંધ થાય છે તેમ કહ્યું, તે પણ સંગત થાય નહિ. માટે જેટલો આરંભ છે, તેટલો પાપબંધ થાય છે, તે વચન સ્વીકારીએ તો પૂજામાં અલ્પ પાપબંધ છે, તેમ સ્વીકારી શકાય નહિ.

**ઉત્થાન :-**

આ રીતે ઋજુસૂત્રનયના આશ્રયથી ભગવાનની પૂજામાં અલ્પ પાપબંધ સંગત નહિ થવાથી પૂર્વપક્ષી શબ્દાદિ નયનો આશ્રય કરે તો અલ્પ પાપબંધ સંગત થાય. તે આ રીતે –

શબ્દાદિનયના મતે આત્મરૂપ હિંસા અને અહિંસા છે, તેથી ભગવાનની પૂજાકાળમાં ભગવાનની ભક્તિનો અંશ ઘણો છે અને જીવને મારવાનો પરિણામ નથી છતાં પુષ્પાદિ જીવોની હિંસા તો થાય જ છે, તેથી આત્માના પરિણામની દૃષ્ટિએ વિચારીએ તો હિંસાનો પરિણામ અલ્પ અંશમાં છે અને ભક્તિનો પરિણામ બહુ અંશમાં છે, તેથી ભગવાનની પૂજાની ક્રિયામાં અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા સંગત થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે -

**ટીકાર્થ :-**

आत्मरूप ..... इति भावः ।।९।। **આત્મરૂપ હિંસા-અહિંસાવાદી શબ્દાદિ નયના મતમાં વળી ગ્રંથકારશ્રી કહે છે –**

**અને અલ્પ પણ હાલાહલ વિષ મારે છે. જો આધ્યાત્મિક આરંભ અલ્પ**

**પણ હોય તો પુણ્યાનુબંધિ પુણ્યની પ્રાપ્તિ થવી જ ન જોઈએ; કેમ કે, વ્યાધાદિની=શિકારી આદિની, અપેક્ષાએ કર્ણજીવીની જેમ=નાવિકની જેમ, અલ્પરસવાળા પણ તેનું=આધ્યાત્મિક આરંભનું, શુભ કર્મવિરોધીપણું છે, એ પ્રકારે ભાવ છે. ॥૯॥**

**ભાવાર્થ :-**

શબ્દાદિનયો આત્માના પરિણામરૂપ હિંસા અને અહિંસા સ્વીકારે છે, અને તે નયથી વિચારીએ તો ભગવાનની પૂજાકાળમાં ભગવાનની ભક્તિનો ઘણો પરિણામ છે, આમ છતાં ત્યાં જીવોની હિંસા થાય છે તે જાણવા છતાં ભગવાનની પૂજા કરવાનો પરિણામ છે, એ રૂપ અધ્યવસાયની પરિણતિને સ્વીકારીને, પૂજામાં અલ્પ પાપબંધની સંગતિ કરવામાં આવે તો, ગ્રંથકારશ્રી કહે છે –

અલ્પ પણ હાલાહલ વિષ જીવને મારે છે.

એ રીતે આત્મકલ્યાણના આશયથી કરાતો કર્મબંધને અનુકૂળ એવો અલ્પ પણ આરંભ જો પૂજામાં હોય, તો પૂજાથી પુણ્યાનુબંધિ પુણ્યની પ્રાપ્તિ થઈ શકે નહીં; કેમ કે, જે આરંભ કર્મબંધનું કારણ છે, તે આરંભને આત્મકલ્યાણનું કારણ માનીને કરવામાં આવે તો તે વિપર્યાસ છે, અને આ વિપર્યાસ એ આત્મકલ્યાણની પ્રાપ્તિમાં હાલાહલ વિષ જેવું છે. તેથી જેમ ઘણું ભોજન હોય, તેમાં અલ્પ પણ હાલાહલ વિષ ભેળવવામાં આવે તો તે ભોજનથી મૃત્યુ થાય, તેમ ભગવાન પ્રત્યે ઘણી ભક્તિ હોવા છતાં અલ્પ પણ અધર્મમાં ધર્મબુદ્ધિ હોય તો તે આત્માનો વિનાશ કરે છે. અને ભગવાનની પૂજામાં આત્મકલ્યાણની બુદ્ધિથી કરાતો આરંભ જો ખરેખર સ્વીકારી લઈએ, તો ભગવાનની પૂજા પુણ્યાનુબંધિ પુણ્યના ઉપાર્જન દ્વારા સંસારના ઉચ્છેદનું કારણ છે, તેમ માની શકાય નહીં; પરંતુ વિપર્યાસરૂપ હોવાથી સંસારના કારણરૂપ છે, તેમ માનવું પડે.

તેમાં યુક્તિ આપે છે - જેમ શિકારીની અપેક્ષાએ નાવિકની પાપને અનુકૂળ પરિણતિ છે તે અલ્પરસવાળી છે, તો પણ તે નાવિકની અલ્પરસવાળી પરિણતિ શુભકર્મની વિરોધી છે, તેથી નાવિક જે જલના જીવોની વિરાધના કરે છે, તેનાથી તેને શુભ કર્મબંધ થતો નથી, અને શિકારી જેવું ક્રૂર આશયવાળું અશુભ કર્મ પણ તે બાંધતો નથી. આમ છતાં જલના જીવોના ઉપમર્દનના=નાશના, અધ્યવસાયથી તે આરંભની ક્રિયા છે, તેથી મોક્ષના કારણીભૂત એવાં શુભ કર્મો નાવિક બાંધતો નથી. તેવી જ રીતે જો ભગવાનની પૂજામાં કર્મબંધને અનુકૂળ આરંભ સ્વીકારી લઈએ તો ધર્મબુદ્ધિથી કરાતો એવો તે આરંભ ભગવાનની ભક્તિની અપેક્ષાએ અલ્પ હોવા છતાં મોક્ષના

કારણીભૂત એવાં શુભ કર્મોનો વિરોધી છે, તેથી પૂજામાં પુણ્યાનુબંધિ પુણ્યની પ્રાપ્તિ શાસ્ત્રમાં કહેલી છે તે સંગત થાય નહિ. ॥૯॥

**અવતરણિકા :-**

**सूक्ष्मानुपपत्तिमाह -**

**અવતરણિકાર્થ :-**

**સૂક્ષ્મ અનુપપત્તિને=અસંગતિને, ગ્રંથકારશ્રી કહે છે -**

**ભાવાર્થ :-**

ગાથા-૮માં યુક્તિથી અને શાસ્ત્રવચનના બળથી એ સ્થાપન કર્યું કે, વિધિયુક્ત ભગવાનની પૂજામાં થતી હિંસાથી લેશ પણ કર્મબંધ નથી. તે જ વાતને દૃઢ કરવા માટે જેઓ એમ માને છે કે, દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ થાય છે, તેટલો પાપબંધ છે, એ પ્રકારના કથનમાં ગાથા-૯માં સ્થૂલથી અનુપપત્તિને બતાવી છે. અને પૂર્વપક્ષીનું એ કથન સ્થૂલથી અનુપપન્ન છે તેમ નિર્ણય થવાથી એ ફલિત થાય છે કે, વિધિશુદ્ધ પૂજામાં આરંભ હોવા છતાં લેશ પણ કર્મબંધ નથી. તેથી ગાથા-૮માં બતાવેલ કે વિધિશુદ્ધ પૂજામાં લેશ પણ કર્મબંધ નથી તે વાદ દૃઢ કરવા માટે હવે પૂજામાં કર્મબંધ સ્વીકારની સૂક્ષ્મ અનુપપત્તિને=અસંગતિને, બતાવે છે –

**ગાથા :-**

**कक्कसवेज्जमसायं बन्धइ पाणाइवायओ जीवो ।**
**इय भगवईइ भणियं ता कह पूयाइ सो दोसो ।।१०।।**

**છાયા :-**

(कर्कशवेद्यमसातं, बध्नाति प्राणातिपाततो जीवः ।
इति भगवत्यां भणितं, तत्कथं पूजायां स दोषः ।।१०।।)

**અન્વય :-**

पाणाइवायओ जीवो कक्कसवेज्जमसायं बन्धइ, इय भगवईइ भणियं ता कह पूयाइ सो दोसो ।।१०।।

**ગાથાર્થ :-**

**પ્રાણાતિપાતથી જીવ કર્કશ વેદનીય અને અશાતાવેદનીય બાંધે છે, એ પ્રકારે ભગવતીમાં કહ્યું છે, તે કારણથી પૂજામાં તે=પ્રાણાતિપાત દોષ, કેવી રીતે હોઈ શકે ? ॥૧૦॥**

❖ મૂળગાથામાં कक्कसवेज्जमसायं પછી 'च' શબ્દ અધ્યાહાર તરીકે હોવો જોઈએ. કેમ કે, ટીકામાં કહેલ છે કે, कर्कशवेदनीयं कर्म बध्येतऽसातवेदनीयं च, તેથી 'च' શબ્દની સંભાવના છે.

**ટીકા :-**

**'कर्कशवेदनीयमसातं बध्नाति प्राणातिपाततो जीवः' इति भणितं भगवत्यां तत्कथं पूजायां=भगवच्चरणार्चायां, स प्राणातिपाताख्यो दोषः अल्पोऽपि ?, हि तस्मिन् सति कर्कशवेदनीयं कर्म बध्येताऽसातवेदनीयं च, इष्यते च भगवत्पूजया कर्कशवेदनीयकर्माऽबन्धः स्वल्प(अत्यंत)सातवेदनीय-बन्धश्चेति विपरीतमापन्नमायुष्मतः ॥१०॥**

**ટીકાર્થ :-**

कर्कशवेदनीय ..... आयुष्मतः ॥૧૦॥ **જીવ પ્રાણાતિપાતાદિથી કર્કશ વેદનીય અને અશાતાવેદનીય કર્મ બાંધે છે એ પ્રમાણે ભગવતીસૂત્રમાં કહેલ છે. તે કારણથી પૂજામાં=ભગવાનના ચરણની અર્ચામાં, અલ્પ પણ તે= પ્રાણાતિપાત નામનો દોષ, કેવી રીતે હોઈ શકે ? કેમ કે, તે હોતે છતે=અલ્પ પણ પ્રાણાતિપાત નામનો દોષ હોતે છતે, કર્કશવેદનીય કર્મ અને અશાતાવેદનીય કર્મ બંધાય છે. અને (શાસ્ત્રમાં) ભગવાનની પૂજામાં કર્કશવેદનીય કર્મનો અબંધ અને શાતાવેદનીયનો બંધ ઈચ્છાય છે. એથી કરીને આયુષ્યમાન એવા તમને=પૂર્વપક્ષીને, વિપરીત પ્રાપ્ત થયું=પૂર્વપક્ષી પૂજામાં જેટલો આરંભ તેટલું પાપ તેમ કહે છે, તે શાસ્ત્રવચનથી વિપરીત પ્રાપ્ત થયું. ॥૧૦॥**

❖ अल्पोऽपि हि - અહીં 'हि' શબ્દ यस्मात् અર્થમાં છે.

❖ સ્વલ્પસાતવેદનીયબન્ધશ્ચ - અહીં 'स्वल्प' શબ્દ વધારાનો ભાસે છે અથવા તો 'स्वल्प' ના સ્થાને बहु કે अत्यंत કે तीव्र શબ્દ હોવો જોઈએ.

**ભાવાર્થ :–**

પૂજા પંચાશકમાં કૂપદૃષ્ટાંતને દ્રવ્યસ્તવમાં યોજતી વખતે પૂજ્ય અભયદેવસૂરિ મહારાજ સાહેબે કહેલ કે, સાધુને અપાતા અશુદ્ધ દાનમાં જેમ અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા થાય છે, તેમ ભગવતીસૂત્રમાં કહેલ છે તે પ્રમાણે, ભગવાનની પૂજામાં અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા થાય છે, અને તે બંધાયેલું પાપ ભગવાનની ભક્તિમાં થતા શુભ અધ્યવસાયોથી નાશ પામે છે. આ કથનને સામે રાખીને અહીં પૂર્વપક્ષી કહે છે કે, દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ છે, તેટલું પાપ છે, અને તેમાં સૂક્ષ્મ અનુપપત્તિને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

ભગવતીસૂત્રમાં કહેલ છે કે, પ્રાણાતિપાતથી જીવ કર્કશવેદનીય કર્મ અને અશાતાવેદનીય કર્મ બાંધે છે, તેથી ભગવાનની પૂજામાં અલ્પ પણ પ્રાણાતિપાત દોષ કઈ રીતે હોઈ શકે ? જો પૂર્વપક્ષી કહે છે તે રીતે, પૂજામાં જેટલો આરંભ છે તેટલી હિંસા સ્વીકારી લઈએ, તો એ નક્કી થાય કે, ભગવાનની પૂજામાં પ્રાણાતિપાત છે; અને જો ભગવાનની પૂજામાં અલ્પ પણ પ્રાણાતિપાત છે તેમ સ્વીકારીએ તો તેને અનુરૂપ કર્કશવેદનીય કર્મ અને અશાતાવેદનીય કર્મ બંધાવું જોઈએ. અને શાસ્ત્રકારોએ તો ભગવાનની પૂજામાં ઉપયુક્ત જીવને શુભ અધ્યવસાયો હોવાને કારણે કર્કશવેદનીય કર્મનો અબંધ સ્વીકારેલ છે, અને તીવ્ર શાતાવેદનીય કર્મનો બંધ સ્વીકારેલ છે. તેથી દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ છે, તેટલું પાપ સ્વીકારીએ તો ભગવતીસૂત્રના વચન પ્રમાણે પૂજામાં કર્કશવેદનીય કર્મ (જે પ્રતિકૂળ વેદનરૂપ છે તેથી પાપરૂપ છે) અને અશાતાવેદનીય કર્મનો બંધ સ્વીકારવો પડે. પરંતુ શાસ્ત્રમાં પૂજા કરનારને ભક્તિના ઉપયોગકાળમાં કર્કશવેદનીય કર્મનો અબંધ અને અત્યંત શાતાવેદનીય કર્મનો બંધ કહેલ છે, તેથી પૂર્વપક્ષીને વિપરીત પદાર્થની પ્રાપ્તિ થાય. માટે પૂર્વપક્ષીનું કથન અસંગત છે.

**વિશેષાર્થ :–**

ગાથા-૯માં સ્થૂલથી અનુપપત્તિ બતાવી અને પ્રસ્તુત ગાથા-૧૦માં સૂક્ષ્મથી અનુપપત્તિ બતાવી તો તેનો આશય શું છે ? અને કઈ રીતે ગાથા-૯ના કથનથી સ્થૂલથી અનુપપત્તિ પ્રાપ્ત થાય છે, અને ગાથા-૧૦ના કથનથી સૂક્ષ્મથી અનુપપત્તિ પ્રાપ્ત થાય છે, તેનું સમાધાન આ પ્રમાણે છે –

ગાથા-૯માં પ્રથમ ઋજુસૂત્ર નયને આશ્રયીને કથન કર્યું કે, ભગવાનની પૂજામાં અસંખ્ય જીવોની હિંસા છે અને ભક્તિનો વિષય એક ભગવાન છે, તેથી હિંસાના

વિષયભૂત જીવો અસંખ્યાતા છે અને ભક્તિભાવના વિષયભૂત ભગવાન એક છે, તેમ બતાવીને પૂજામાં અલ્પ પાપબંધ અને બહુ નિર્જરા ઘટે નહિ તેમ બતાવ્યું. આ કથન સ્થૂલદૃષ્ટિથી ભક્તિના વિષયભૂત અસંખ્ય જીવોને ગ્રહણ કરીને કહેલ છે; કેમ કે, સ્થૂલ દૃષ્ટિથી વિચારીએ તો ઘણા જીવોની હિંસાથી થતી એક ભગવાનની ભક્તિમાં અલ્પ પાપબંધ અને ઘણી નિર્જરા થાય છે, તે વાત સંગત થાય નહિ.

આ જ બાબતમાં કાંઈક સૂક્ષ્મતાથી જોઈને શબ્દાદિ નયોનું અવલંબન લઈને કહ્યું કે, જેમ અલ્પ પણ વિષ મારે છે, તેમ જો આધ્યાત્મિક આરંભ અલ્પ પણ હોય તો પુણ્યાનુબંધિ પુણ્યની પ્રાપ્તિ ન થાય.

અહીં ઋજુસૂત્રનયની અપેક્ષાએ શબ્દાદિનયના અવલંબનમાં જો કે સૂક્ષ્મતા છે, તો પણ જે અનુપપત્તિ બતાવી, તે સ્થૂલથી જ છે. તે આ રીતે –

ઋજુસૂત્રનય બાહ્ય હિંસાના ભેદથી હિંસા-અહિંસાનો ભેદ કરે છે, જ્યારે શબ્દાદિ નયો આત્માના પરિણામથી જ હિંસા અને અહિંસાનો ભેદ કરે છે. અને ભગવાનની પૂજામાં ભક્તિનો ભાવ ઘણો છે અને જીવોની હિંસાને અનુરૂપ ક્રિયાજન્ય ભાવ અલ્પ છે, તેમ ગ્રહણ કરીને પૂર્વપક્ષીએ અલ્પ પાપ અને બહુનિર્જરાની સંગતિ કરેલ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે, જો આધ્યાત્મિક આરંભ અલ્પ પણ હોય તો પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય નહિ, એ કથન સ્થૂલથી છે; કેમ કે, છદ્મસ્થ જીવ પોતાની પ્રજ્ઞાચક્ષુથી વિચારે તો તેને લાગે કે, ભગવાનની ભક્તિની ક્રિયામાં અલ્પ આરંભ છે અને ઘણી ભક્તિનો ભાવ છે. આ આરંભ પૂજા કરનાર જીવ આત્મકલ્યાણના અર્થે કરે છે. તેથી આ આરંભ ધર્માર્થે કરાયેલા આરંભરૂપ છે અને ધર્મ માટે કોઈ હિંસા કરે તો અધર્મમાં ધર્મબુદ્ધિરૂપ વિપર્યાસ છે, તેથી વિપર્યાસરૂપ એવી ભગવાનની ભક્તિ પુણ્યાનુબંધિ પુણ્યનું કારણ બની શકે નહિ. આ પ્રકારે તત્ત્વને જોનાર જીવ પોતાની પ્રજ્ઞાચક્ષુથી જોઈ શકે છે. તેથી આ પ્રકારનો દોષ પૂર્વપક્ષીના કથનમાં સ્થૂલ અનુપપત્તિરૂપે બતાવેલ છે.

જ્યારે ગાથા-૧૦માં તો પ્રાણાતિપાતથી કર્કશવેદનીય અને અશાતાવેદનીય કર્મ બંધાય છે તેમ કહેલ છે, તે બુદ્ધિનો કે યુક્તિનો વિષય નથી, પરંતુ શાસ્ત્રવચનનો વિષય છે, અને ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા હોવા છતાં કર્કશવેદનીય કર્મનો અબંધ થાય છે અને તીવ્ર શાતા બંધાય છે, તે વાત પણ વિચારકની પ્રજ્ઞાનો વિષય નથી, પરંતુ શાસ્ત્રવચનથી જ નક્કી થાય છે.

શાસ્ત્રવચનથી નિરપેક્ષ કેવળ યુક્તિથી કોઈ તર્કવાદી તર્ક કરે તો સામાયિકમાં સમતાનો પરિણામ છે, તેથી કર્કશવેદનીય કર્મનો બંધ થતો નથી, તેમ સ્વીકારી શકાય. પરંતુ ભગવાનની પૂજામાં તો પૂજા કરનાર સાક્ષાત્ જાણે છે કે, પૂજામાં પુષ્પાદિ જીવોને કિલામણા અવશ્ય થાય છે. તેથી ત્યાં અલ્પ પણ કર્કશવેદનીય કર્મ બંધાય છે, તેમ માનીએ તો શું વાંધો ?

આવા સ્થાને શાસ્ત્રવચન જ તર્કનો અંત લાવી શકે છે. તેથી શાસ્ત્રવચનોને અવલંબીને પૂર્વપક્ષીનું કથન ગાથા-૧૦માં અસંગત છે તેમ બતાવીને ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ પૂર્વપક્ષીના કથનમાં સૂક્ષ્મ અનુપપત્તિ છે, તે સર્વજ્ઞના વચનથી જ નક્કી થાય છે, તેમ કહેલ છે.

આ રીતે ગાથા-૯માં ગ્રંથકારશ્રીએ પૂજામાં થતા જીવોના આરંભના સ્વીકારમાં સ્થૂલ અનુપપત્તિ બતાવી અને ગાથા-૧૦માં સૂક્ષ્મથી અનુપપત્તિ બતાવી; તેથી એ ફલિત થાય છે કે, વિધિશુદ્ધ પૂજામાં સ્થૂલ દૃષ્ટિથી પણ હિંસા ઘટતી નથી અને સૂક્ષ્મ દૃષ્ટિથી પણ હિંસા ઘટતી નથી. **॥૧૦॥**

**ઉત્થાન :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ દ્રવ્યસ્તવમાં જેટલો આરંભ છે, તેટલું પાપ છે તેમ કહ્યું, તેમાં ગ્રંથકારશ્રીએ સ્થૂલથી અને સૂક્ષ્મથી અનુપપત્તિ બતાવી તેનાથી શું ફલિત થાય છે, તે બતાવવા માટે નિગમન કરતાં કહે છે –

**અવતરણિકા :-**

**तस्मादयमाऽऽरम्भोऽप्यनारम्भ एव श्रद्धेय इत्याह -**

**અવતરણિકાર્થ :-**

**તે કારણથી આ આરંભ પણ=પૂજામાં કરાતો પુષ્પાદિનો આરંભ પણ, અનારંભ જ શ્રદ્ધેય છે=અનારંભ જ છે, એ પ્રકારે શ્રદ્ધા કરવા યોગ્ય છે, એ પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

आरम्भो वि हु एसो हंदि अणारम्भओ त्ति णायव्वो ।
वहविरईए(भगवईए) भणिअं जमकक्कसवेयणिज्जं तु ।।११।।

**છાયા :-**

(आरम्भोऽप्येष हंदि अनारम्भ इति ज्ञातव्यः।
वधविरत्या(भगवत्यां) भणितं यदकर्कशवेदनीयं तु।।११।।)

**અન્વય :-**

एसो आरम्भो वि हंदि अणारम्भओ त्ति णायव्वो, जं वहविरईए अकक्कसवेयणिज्जं तु भणिअं ।।११।।

❖ મૂળ ગાથામાં 'हंदि' અવ્યય આમંત્રણ અર્થમાં છે અને અને 'तु' શબ્દ 'एव'કાર અર્થમાં છે.

**ગાથાર્થ :-**

**આ આરંભ પણ=ભગવાનની પૂજામાં થતો આરંભ પણ, અનારંભ જ છે, એ પ્રમાણે જાણવું. જે કારણથી વધની વિરતિથી જ અકર્કશવેદનીય કર્મ બંધાય છે એ પ્રમાણે ભગવતીસૂત્રમાં કહેલું છે.।।૧૧।।**

**ટીકા :-**

**आरम्भोऽप्येष द्रव्यस्तवभावी, हंदीत्यामन्त्रणे, अनारम्भ इति ज्ञातव्यः, असदारम्भनिवृत्त्यंशप्राधान्यात् । यद्=यस्मात्, अकर्कशवेदनीयकर्म वधविरत्यैव बध्यत इति भणितं भगवत्याम् । उपलक्षणमिदं सातवेदनीयबन्धस्य ।**

**ટીકાર્થ :-**

**आरम्भो ..... ज्ञातव्यः, દ્રવ્યસ્તવભાવી આ આરંભ પણ=પુષ્પાદિનો આરંભ પણ, અનારંભ જ છે, એ પ્રમાણે જાણવું.**

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યસ્તવમાં આરંભ હોવા છતાં તેને કઈ અપેક્ષાએ અનારંભ કહેલ છે ? વસ્તુતઃ દ્રવ્યસ્તવ એ વિરતિની ક્રિયા નથી કે, જેથી તેને અનારંભ કહી શકાય, આથી કહે છે –

**ટીકાર્થ :-**

असदारम्भ ...... प्राधान्यात् । **અસદારંભની નિવૃત્તિ અંશના પ્રધાનપણાથી દ્રવ્યસ્તવને અનારંભ કહેલ છે.**

**ભાવાર્થ :-**

કોઈ જીવ ભગવાનની પૂજામાં ઉપયુક્ત થઈને ભગવાનની ભક્તિ કરતો હોય તો પૂજાકાળમાં અસદારંભ નથી અને મોક્ષને અનુકૂળ એવા શુભભાવો છે અને તેનાથી અસદારંભજનક એવા ચારિત્રમોહનીય કર્મનો નાશ થાય છે. તેથી ભાવિમાં અસદારંભની નિવૃત્તિપૂર્વક ચારિત્રની પ્રાપ્તિ ભગવાનની પૂજાની ક્રિયાથી થશે, તે અંશને પ્રધાન કરીને પૂજાની ક્રિયાને અનારંભ કહેલ છે.

વળી, પૂજાની ક્રિયાને અનારંભ સ્વીકારવામાં શાસ્ત્રવચનની યુક્તિ બતાવે છે-

**ટીકાર્થ :-**

यद्=यस्मात् ..... सातवेदनीयबन्धस्य । **જે કારણથી વધની વિરતિથી જ અકર્કશવેદનીય કર્મ બંધાય છે, એ પ્રકારે ભગવતીસૂત્રમાં કહેલું છે, તેથી ભગવાનની પૂજા અનારંભરૂપ છે (અને) આ=ભગવતીસૂત્રમાં વધની વિરતિથી જ અકર્કશવેદનીય કર્મ બંધાય છે એમ કહેલું છે એ કથન, શાતાવેદનીય બંધનું ઉપલક્ષણ છે.**

**ભાવાર્થ :-**

પૂજા કરનાર જીવ સર્વવિરતિના પરિણામવાળો નથી અને વધની સંપૂર્ણ વિરતિ તો સર્વવિરતિધરને જ હોય છે, તો પણ પૂજાની ક્રિયા ફળથી વધની વિરતિમાં જ પર્યવસાન પામનાર છે, તેથી વધની વિરતિ તરફ જવાનો અધ્યવસાય પૂજાકાળમાં વર્તે છે; અને ભગવતી સૂત્રમાં વધની વિરતિથી જ અકર્કશવેદનીય=ક્લેશ ન કરાવે તેવો કર્મબંધ કહેલ છે, અને શાસ્ત્રકાર ભગવંતો દ્રવ્યસ્તવમાં અકર્કશવેદનીય કર્મબંધ સ્વીકારે છે, તેથી પૂજામાં વધની વિરતિ છે, તેમ સ્વીકારવું પડે; અને આથી જ પૂજા સદારંભરૂપ છે, એમ જાણવું. એ પ્રકારે અહીં અન્વય છે.

વળી, ભગવતીસૂત્રમાં વધની વિરતિથી જ અકર્કશવેદનીય કર્મ બંધાય છે, તેમ કહ્યું છે, એ કથન શાતાવેદનીયના બંધનું ઉપલક્ષણ છે. માટે વધની વિરતિથી શાતાવેદનીય પણ બંધાય છે, એમ સિદ્ધ થાય છે.

ટીકા :-

**अत्रालापकाः- (भग.७/६/२८५-२८६)**

'अत्थि णं भन्ते ! जीवा णं कक्कसवेयणिज्जा कम्मा कज्जंति ? हंता अत्थि। कहण्णं भंते ! जीवा णं कक्कसवेयणिज्जा कम्मा कज्जंति ? गोयमा ! पाणाइवाएणं जाव मिच्छादंसणसल्लेणं, एवं खलु गो० जीवा णं कक्कसवेयणिज्जा कम्मा कज्जंति । अत्थि णं भंते ! णेरइया णं कक्कस० एवं चेव, एवं जाव वेमाणिआणं ।

अत्थि णं भंते ! जीवा णं अकक्कसवेयणिज्जा कम्मा कज्जंति ? हंता अत्थि । कहण्णं भंते ! जीवा णं अकक्कसवेयणिज्जा कम्मा कज्जंति ? गो० पाणाइवायवेरमणेणं जाव परिग्गहवेरमणेणं, कोहविवेगेणं जाव मिच्छादंसणसल्लविवेगेणं। एवं खलु गोयमा ! जीवा णं अकक्कसवेयणिज्जं कम्मं कज्जइ (कम्मा कज्जंति) । अत्थि णं भंते । णेरइआ णं अकक्कसवेयणिज्जा कम्मा कज्जंति ? णो इणट्ठे समट्ठे। एवं जाव वेमाणिया णं णवरं मणुस्साणं जहा जीवा णं ।

अत्थि णं भंते ! जीवा णं सातावेदणिज्जा कम्मा कज्जंति ? हंता अत्थि। कहण्णं भंते ! जीवा णं सातावेदणिज्जा कम्मा कज्जंति । ? गो० पाणाणुकंपयाए, भू० जी० सत्ताणुकंपयाए । बहूणं पाणाणं जाव सत्ताणं अदुक्खणयाए, असोअणयाए, अजूरणयाए, अतिप्पणयाए अपीडणयाए अपरियावणयाए एवं खलु गो० जीवा णं सातावेदणिज्जा कम्मा कज्जंति । एवं णेरइआण वि, एवं जाव वेमाणिआणं ।

अत्थि णं भंते ! जीवा णं अस्सायावेअणिज्जा कम्मा कज्जंति ? हंता अत्थि । कहण्णं भंते ! जीवा णं अस्सायावेअणिज्जा कम्मा कज्जंति ? गो० परदुक्खणयाए, परसोअणयाए, परजूरणयाए, परतिप्पणयाए, परपरितावणयाए, बहूणं पाणाणं जाव सत्ताणं दुक्खणयाए जाव परितावणयाए । एवं खलु गो० जीवा णं अस्सायावेअणिज्जा कम्मा कज्जंति । एवं णेरइआण वि एवं जाव वेमाणियाणं ।।'

कर्कशरौद्रदुःखैर्वेद्यन्ते यानि तानि कर्कशवेदनीयानि, स्कन्दकाऽऽचार्यसाधूनामिव। अकर्कशेन सुखेन वेद्यन्ते यानि तान्यकर्कशवेदनीयानि भरतादीनामिव। दुःखस्य करणं

दुःखनं तद् (न) विद्यते यस्य तद्भावोऽदुःखनता तया । एतदेव प्रपञ्च्यते-असोयणयाए त्ति दैन्यानुत्पादेन, अजूरणयाए त्ति शरीरापचयकारिशोकानुत्पादनेन, अतिप्पणयाए त्ति अश्रुलालादिक्षरणकारिशोकानुत्पादनेन, अपीडणयाए त्ति यष्ट्यादिपीडनपरिहारेण, अपरितावणयाए त्ति शरीरपीडानुत्पादनेनेति वृत्तिः ।।

❖ ભગવતીના પાઠમાં **एवं खलु गोयमा ! जीवा णं अकक्कसवेयणिज्जं कम्मं कज्जइ** પાઠ मु. पु. છે. ત્યાં ભગવતી સૂત્રમાં **एवं खलु गोयमा ! जीवा णं अकक्कसवेयणिज्जा कम्मा कज्जंति** પાઠ છે અને તે પાઠ સંગત છે.

**ટીકાર્થ :-**

**अत्रालापकाः=અહીંયાં=પૂર્વમાં કહ્યું કે, વધની વિરતિથી જ અકર્કશવેદનીય કર્મ બંધાય છે, એ પ્રકારે ભગવતી સૂત્રમાં કહ્યું છે, એ વિષયમાં, ભગવતીસૂત્રનો આલાપક બતાવે છે - (તેનો અર્થ આ પ્રમાણે છે -) ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન પૂછે છે -**

अत्थि णं भन्ते ! ..... कज्जंति । હે ભગવન્ ! જીવો કર્કશવેદનીય કર્મ કરે છે= બાંધેછે ?, હા, બાંધે છે.

कहण्णं ..... कज्जंति । હે ભગવન્ ! જીવો કર્કશવેદનીય કર્મ કેવી રીતે બાંધે છે?

ભગવાન તેનો ઉત્તર આપે છે –

गोयमा ! ..... कज्जंति । હે ગૌતમ ! પ્રાણાતિપાતથી યાવત્ મિથ્યાદર્શન શલ્ય વડે ... હે ગૌતમ ! આ રીતે જીવો કર્કશવેદનીય કર્મ બાંધે છે.

ફરી ગૌતમસ્વામી ભગવાનને નારકીના જીવો કર્કશવેદનીય કર્મ બાંધે છે, તે અંગે પ્રશ્ન પૂછે છે, તે આ પ્રમાણે –

अत्थि णं भन्ते ! ..... कक्कस० હે ભગવન્ ! નારકીના જીવો કર્કશવેદનીય કર્મ બાંધે છે ?

ભગવાન તેનો ઉત્તર આપે છે –

एवं चेव - એ પ્રમાણે જ જાણવું=પૂર્વમાં જીવો અંગે ઉત્તર આપેલો કે હા ! જીવો કર્કશવેદનીય કર્મ બાંધે છે, એ પ્રમાણે ઉત્તર જાણવો.

एवं जाव वेमाणियाणं - આ રીતે યાવત્ વૈમાનિક દેવ સુધી કર્કશવેદનીય કર્મ બાંધે છે ? તે અંગે પ્રશ્ન અને ઉત્તર સમજવો.

ઉપરમાં કહ્યું એ રીતે કર્કશવેદનીય કર્મ અંગે પૃચ્છા અને ઉત્તરવિષયક આલાપક પૂરો થયા પછી હવે અકર્કશવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા અને ઉત્તરવિષયક આલાપક કહે છે –

अत्थि णं भन्ते ! ..... कज्जंति ? હે ભગવન્ ! જીવો અકર્કશવેદનીય કર્મ બાંધે છે ? હા, બાંધે છે.

ફરી ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન પૂછે છે, તે આ રીતે -

कहण्णं भंते ! ..... कज्जंति । હે ભગવન્ ! જીવો કેવી રીતે અકર્કશવેદનીય કર્મ બાંધે છે ?

ભગવાન તેનો ઉત્તર આપે છે –

गो० पाणाइवायवेरमणेणं ..... (कम्मा कज्जंति) - હે ગૌતમ ! પ્રાણાતિપાતવિરમણ વડે યાવત્ પરિગ્રહવિરમણ વડે, ક્રોધના વિવેકથી=ક્રોધને દૂર કરવાથી યાવત્ મિથ્યાદર્શન શલ્યના વિવેકથી=દૂર કરવાથી, એ પ્રમાણે હે ગૌતમ ! જીવો અકર્કશવેદનીય કર્મ બાંધે છે.

હવે નારકીના જીવો અકર્કશવેદનીય કર્મ બાંધે છે ? તે અંગે ગૌતમસ્વામી પ્રશ્ન પૂછે છે, તે આ પ્રમાણે -

अत्थि णं भंते णेरइया ..... कज्जंति ? હે ભગવન્ ! નારકીના જીવો અકર્કશવેદનીય કર્મ બાંધે છે ?

ભગવાન તેનો ઉત્તર આપે છે –

णो इणट्ठे समट्ठे - આ અર્થ માટે તેઓ સમર્થ નથી=નારકી જીવો અકર્કશવેદનીય કર્મ બાંધવા સમર્થ નથી.

एवं जाव ..... जीवाणं । - આ પ્રમાણે અકર્કશવેદનીય કર્મ અંગે પૃચ્છા અને ઉત્તર યાવત્ વૈમાનિકો સુધી કહેવું. ફક્ત મનુષ્યોને જે પ્રમાણે જીવોમાં કહેલ તે પ્રમાણે કહેવું.

❖ નારકીના જીવો અંગે ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, હે ભગવન્ ! નારકી જીવો અકર્કશવેદનીય કર્મ બાંધે છે ? ભગવાને કહ્યું કે, અકર્કશવેદનીય કર્મ તેઓ બાંધતા નથી, એ પ્રમાણે વૈમાનિક દેવો સુધીના દંડકમાં અકર્કશવેદનીય બાંધે છે ? એ પ્રમાણે પૃચ્છા કરી અને બાંધતા નથી, એમ ભગવાનનો ઉત્તર સમજવો.

ફક્ત મનુષ્યના દંડક માટે જેમ જીવવિષયક પ્રશ્ન અને ઉત્તર કહ્યો, તેમ સમજવું અર્થાત્ મનુષ્યો અકર્કશવેદનીય કર્મ બાંધે છે, એમ ઉત્તર સમજવો.

ઉપરમાં કહ્યું એ રીતે અકર્કશવેદનીય કર્મ અંગે પૃચ્છા અને ઉત્તરવિષયક

આલાપક પૂરો થયા પછી હવે શાતાવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા અને ઉત્તરવિષયક આલાપક કહે છે –

अत्थि णं भंते ! जीवो ..... कज्जंति ? હે ભગવન્ ! જીવો શાતાવેદનીય કર્મ બાંધે છે ?, હા બાંધે છે.

ફરી ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન પૂછે છે, તે આ રીતે -

कहण्णं भंते ! ..... कज्जंति ? હે ભગવન્ ! જીવો શાતાવેદનીય કર્મ કેવી રીતે બાંધે છે ?

ભગવાન તેનો ઉત્તર આપે છે –

गो० पाणाणुकंपयाए ..... कज्जंति । હે ગૌતમ ! પ્રાણની અનુકંપાથી, ભૂતની અનુકંપાથી, જીવની અનુકંપાથી, સત્ત્વની અનુકંપાથી જીવો શાતાવેદનીય કર્મ બાંધે છે. આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે –

ઘણા પ્રાણીઓ યાવત્ ઘણા સત્ત્વોને અદુઃખણતાથી, અશોચનતાથી, અજૂરણતાથી, અતિપ્પણતાથી, અપીડનતાથી, અપરિતાપનાથી, આ પ્રમાણે હે ગૌતમ ! જીવો શાતાવેદનીય કર્મ બાંધે છે.

❖ અદુઃખણતા વગેરેનો અર્થ નીચે ટીકામાં આપેલ છે.

एवं णेरइआण वि - આ પ્રમાણે=જીવોને વિષે શાતાવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા અને ઉત્તર ઉપર કહ્યો એ પ્રમાણે, નારકી જીવોમાં પણ શાતાવેદનીય અંગે પૃચ્છા-ઉત્તર સમજવો.

एवं जाव वेमाणिआणं - એ પ્રમાણે યાવત્ વૈમાનિક દેવ સુધીના દંડકોમાં શાતાવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા અને ઉત્તર સમજવા.

ઉપરમાં કહ્યું એ રીતે શાતાવેદનીય કર્મ અંગે પૃચ્છા અને ઉત્તરવિષયક આલાપક પૂરો થયા પછી હવે અશાતાવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા અને ઉત્તર વિષયક આલાપક કહે છે –

जीवा णं अस्सायावेअणिज्जा ..... हंता अत्थि । હે ભગવન્ ! જીવો અશાતાવેદનીય કર્મ બાંધે છે ? હા, બાંધે છે.

ફરી ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્ન પૂછે છે, તે આ રીતે –

कहण्णं भंते ! ..... कज्जंति ? હે ભગવન્ ! જીવો અશાતાવેદનીય કર્મ કેવી રીતે બાંધે છે ?

ભગવાન તેનો ઉત્તર આપે છે –

गो० परदुक्खणयाए ..... कज्जंति । હે ગૌતમ ! પરદુઃખનતાથી, પરશોચનતાથી, પરજૂરણતાથી, પરતિપ્પણતાથી, પરપરિતાપનાથી જીવો અશાતાવેદનીય કર્મ બાંધે છે. આ જ વાતને સ્પષ્ટ કરતાં કહે છે –

ઘણા જીવોને યાવત્ સત્ત્વોને દુઃખનતાથી યાવત્ પરિતાપનાથી, એ પ્રમાણે હે ગૌતમ ! જીવો અશાતાવેદનીય કર્મ બાંધે છે.

एवं णेरइआण वि जाव वेमाणियाणं - એ પ્રમાણે નારકીઓને પણ યાવત્ વૈમાનિકો સુધીના દંડક સુધી અશાતાવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા-ઉત્તર સમજવો.

❖ જેમ જીવોને વિષે અશાતાવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા અને ઉત્તર કહ્યા, એ પ્રમાણે નારકીઓ અને વૈમાનિકો સુધી પ્રશ્ન અને ઉત્તર કહેવા.

ભગવતી સૂત્રના પ્રસ્તુત આલાપકોના કેટલાક શબ્દોનો અર્થ ભગવતી સૂત્રની ટીકામાં કહેલ છે. તે બતાવે છે –

कर्कश ..... भरतादीनामिव । કર્કશ=રૌદ્ર દુઃખો વડે જે વેદાય તે કર્કશવેદનીય કર્મો છે. સ્કંદકાચાર્યના સાધુઓની જેમ.

અકર્કશ સુખ વડે જે વેદાય તે અકર્કશવેદનીય કર્મો છે. જેમ - ભરતાદિની જેમ.

ભગવતીના મૂળ પાઠમાં અદુઃખનતા વગેરે કહ્યું, તેનો અર્થ ભગવતીના વૃત્તિકાર કહે છે –

મૂળ પાઠમાં કહ્યું કે, સત્ત્વોની અદુઃખણતાથી શાતાવેદનીય કર્મ બંધાય છે, ત્યાં અદુઃખણતાનો અર્થ કહે છે –

दुःखस्य ..... तया । દુઃખનું કરવું તે દુઃખન. તે દુઃખન જેને નથી તે અદુઃખન, અને તેનો ભાવ તે અદુઃખનતા. ભાવમાં त्व-तल પ્રત્યય લાગે છે અને સ્ત્રીલિંગ તૃતીયા એકવચનનું અદુઃખણતા રૂપ છે. અદુઃખણતાથી=જીવોને દુઃખી નહિ કરવાથી, (શાતાવેદનીય) કર્મ બંધાય છે.

एतदेव प्रपञ्च्यते - ..... वृत्तिः ।। આનો જ વિસ્તાર કરે છે=અદુઃખણતાનો જ વિસ્તાર કરે છે –

असोयणयाए त्ति - અશોચનતાથી=દીનતા ઉત્પન્ન ન કરાવવાથી,

अजूरणयाए त्ति - શરીરનો અપચય કરનાર=ક્ષીણ કરનાર એવો શોક ન કરાવવાથી,

अतिप्पणयाए त्ति - આંસુ-લાળ આદિને પડાવનારા શોકને ઉત્પન્ન ન કરાવવાથી,

अपीडणयाए त्ति - લાકડી વગેરેથી કરાતી પીડાના ત્યાગથી,

अपरितावणयाए त्ति - શરીરની પીડાને ઉત્પન્ન ન કરાવવાથી (જીવો શાતાવેદનીય કર્મ બાંધે છે) એ પ્રમાણે વૃત્તિ=ટીકા છે.

**ભાવાર્થ :-**

ભગવતીસૂત્રના વૃત્તિકારે કર્કશવેદનીય કર્મનો અર્થ કર્યો કે, કર્કશ એવા રૌદ્ર દુઃખો વડે જે વેદના થાય, તે કર્કશવેદનીય કહેવાય છે.

જેમ - સ્કંદકાચાર્યના સાધુઓને ઘાણીમાં પિલાતાં કર્કશવેદનીય કર્મનો વિપાક પ્રાપ્ત થયો.

અહીં વેદનીયકર્મથી શાતા-અશાતા માત્ર ગ્રહણ કરવાનાં નથી, પરંતુ બંધાતાં સર્વ કર્મ ગ્રહણ કરવાનાં છે; કેમ કે, અહીં ભગવતી સૂત્રના આલાપકમાં કર્કશવેદનીય-અકર્કશવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા અને ઉત્તરવિષયક આલાપક બતાવ્યા પછી, શાતા અને અશાતાવેદનીય કર્મબંધ અંગે પૃચ્છા અને ઉત્તરવિષયક આલાપકો જુદા બતાવ્યા છે.

સ્કંદકાચાર્યના સાધુઓને તો કર્કશ અશાતાવેદનીય કર્મ હતું, પણ કોઈકને જ્ઞાનાવરણીય વગેરે કે અન્ય કર્મ પણ કર્કશવેદનીય હોઈ શકે છે. જેમ માષતુષ મુનિને અનિવર્તનીય અશુભફળવાળું જ્ઞાનાવરણીય કર્મ વિપાકમાં આવેલું.

વળી, અકર્કશવેદનીય કર્મનું સ્વરૂપ બતાવતાં ભગવતીસૂત્રના વૃત્તિકારે કહ્યું કે, અકર્કશ=સુખપૂર્વક, જેનું વેદન થાય તે અકર્કશવેદનીય કર્મ કહેવાય.

જેમ ભરતાદિને પૂર્વભવમાં સંયમપાલનને કારણે બંધાયેલ વિશિષ્ટ પુણ્યનું ઘણી શાતાના અનુભવપૂર્વક ચક્રવર્તીના ભવમાં વેદન થયું. તે રીતે કોઈકને અકર્કશ એવા જ્ઞાનાવરણીયાદિ કર્મોનું વેદન હોઈ શકે છે.

જેમ ગણધરોને અકર્કશ એવા જ્ઞાનાવરણીય કર્મનો વિપાક હોવાથી ભગવાને **"उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा"** એ ત્રિપદી આપી, તેનાથી વિશિષ્ટ જ્ઞાન પ્રગટ થયું અને દ્વાદશાંગીની રચના કરી. તેથી તેઓને જ્ઞાનાવરણીય કર્મ અકર્કશ=સુખ વડે, ભોગવાયું.

**વિશેષાર્થ :-**

ભગવતીસૂત્રના મૂળપાઠમાં શાતાવેદનીય કર્મના કારણરૂપે પ્રાણોની અનુકંપા યાવત્ સત્ત્વોની અનુકંપા કહી, પછી કહ્યું કે, બહુ જીવોને દુઃખ નહિ આપવાથી શાતાવેદનીય કર્મનો બંધ થાય છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે કસાઈ પણ જ્યારે કોઈ જીવની હિંસા કરવાની પ્રવૃત્તિ કરતો નથી, ત્યારે ઘણા જીવોને દુઃખ ઉત્પાદન કરતો નથી અને પ્રાણનું અતિપાત પણ કરતો નથી, તો કસાઈને શાતાવેદનીય કર્મ બંધાય કે ન બંધાય ? તેનું સમાધાન એ છે કે, શાતાવેદનીય કર્મ પ્રાણી વગેરેની અહિંસાથી બંધાય છે, અને તે અહિંસાની ક્રિયા એવી હોવી જોઈએ કે, ઘણા જીવોને અદુઃખ થાય. તેમ છતાં કોઈક જીવને દુઃખ થાય એવી પણ ક્રિયા હોઈ શકે છે, તો તે પ્રવૃત્તિ દોષરૂપ બનતી નથી.

જેમ - કોઈ વિવેકસંપન્ન શ્રાવક શાસનપ્રભાવના થાય તેવી રીતે દાનશાળા ખોલી દાન કરતો હોય તો તે ક્રિયાથી થોડા પૃથ્વીકાયાદિ જીવોની હિંસા થાય છે, તો પણ તે દાનશાળાથી કેટલાક જીવોને બીજાધાન પણ થાય છે, અને તે જીવો શીઘ્ર આ સંસારનો ઉચ્છેદ કરી મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થશે, તેથી ઘણા જીવોની હિંસાની નિવૃત્તિ થશે અને યાવત્ તેઓ જ્યારે મોક્ષમાં જશે ત્યારે સદા માટે તે જીવ તરફથી અમારિપટહ વાગશે, એટલે કે સર્વ જીવોને અભયદાન મળશે. તેથી દાનશાળાની પ્રવૃત્તિમાં થોડા જીવોની હિંસા થાય છે આમ છતાં ઘણા જીવોની અહિંસા થાય છે, તેથી તેમાં દેખાતી હિંસા હોવા છતાં શાતાવેદનીય કર્મ બંધાય છે. અને તેને બદલે કોઈ અવિવેકી શ્રાવક ઘણા જીવોની હિંસા કરીને અલ્પજીવોને યત્કિંચિત્ શાતા ઉત્પન્ન કરે, તેનાથી શાતાવેદનીય બંધાતું નથી.

જેમ - સંસારી જીવો ઘણા આરંભ કરીને પોતાના પરિવારને યત્કિંચિત્ સુખ આપે છે, તો પણ તેનાથી શાતાવેદનીય કર્મ બંધાતું નથી; અને વિવેક વગરની કૂવો ખોદાવાદિ ક્રિયાઓમાં પણ પ્રાયઃ કરીને જીવોને શાતાવેદનીય બંધાતું નથી, અને કસાઇ તો જ્યારે હિંસા કરતો નથી ત્યારે પણ જીવોને બચાવવા અહિંસાની પ્રવૃત્તિ કરતો નથી, તેથી તેને શાતાવેદનીયના બંધનો અવકાશ નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં કર્કશવેદનીયનો અર્થ કર્યો કે, જે કર્મો કર્કશ એવા રૌદ્ર દુઃખ વડે વેદાય તે કર્કશવેદનીય કહેવાય. તેનું જ વિશેષ તાત્પર્ય બતાવે છે –

**ટીકા :-**

**वस्तुतो अनिवर्त्तनीयाशुभानुबन्धं कर्कशवेदनीयम्, अतादृशमकर्कश-वेदनीयम् वैमानिकादिषु तन्निषेधश्च प्रौढिवादः विशिष्टाविरतिपरिणामजनिता-**

ऽशुभानुबन्धापनयापेक्षया, अन्यथा मिथ्यादर्शनशल्यविरमणस्याऽपि तत्र नैष्फल्यापत्तेः, सर्वसंवरस्य च शैलेश्यामेव सम्भवादिति द्रष्टव्यम् ।

**ટીકાર્થ :-**

वस्तुतो ..... अकर्कशवेदनीयम् । **વાસ્તવિકરીતે અનિવર્તનીય અશુભ અનુબંધ=અશુભ ફળ છે જેને તેવાં કર્મ કર્કશવેદનીય કહેવાય છે, અને જે તેવા પ્રકારનાં નથી, તે અકર્કશવેદનીય કર્મ છે. (તેથી સ્કંધકાચાર્યના સાધુઓના ઘાણીમાં પીલાવાના કર્મને ભગવતીસૂત્રના આલાપકની વૃત્તિમાં કર્કશવેદનીય કહેલાં છે.)**

અહીં શંકા થાય કે, અનિવર્તનીય અશુભફળવાળાં એવાં જે કર્મો બંધાય તે કર્કશવેદનીય છે, એમ કહેવામાં આવે તો ભગવતીસૂત્રના આલાપકમાં વૈમાનિકાદિ દેવોને અકર્કશવેદનીય કર્મ બંધાવાનો નિષેધ કેમ કરેલ છે ? કેમ કે, વૈમાનિકાદિ દેવોમાં કેટલાક અને અનુત્તરવાસી દેવો તો નિયમા સમ્યગ્દૃષ્ટિ છે અને ઉપશાંત મોહવાળા છે, તેથી તેઓ અકર્કશવેદનીય કર્મ બાંધતા નથી, એમ કહેવું અસંગત છે. તેનં સમાધાન કરતાં કહે છે -

वैमानिकादिषु ..... नैषफल्यापत्तेः, **અને વિશિષ્ટ વિરતિ પરિણામજનિત અશુભ ફળના અપનયનની=દૂર થવાની, અપેક્ષાએ વૈમાનિક દેવોમાં તેનો= અકર્કશવેદનીય કર્મબંધનો, નિષેધ પ્રૌઢિવાદ છે. અન્યથા=વૈમાનિક દેવોને અકર્કશવેદનીય કર્મબંધના નિષેધનો પ્રૌઢિવાદ ન સ્વીકારે તો, ત્યાં=વૈમાનિકાદિ દેવોમાં, મિથ્યાદર્શનશલ્યવિરમણની પણ નિષ્ફળતાની આપત્તિ છે.**

❖ मिथ्यादर्शनशल्यविरमणस्यापि - અહીં 'अपि' થી એ સમુચ્ચય કરવો છે કે, દેવોમાં સર્વવિરતિ આદિ તો નથી, પરંતુ મિથ્યાદર્શનશલ્યવિરમણ છે તેની પણ નિષ્ફળતાની આપત્તિ છે.

અહીં શંકા થાય કે, વિશિષ્ટ વિરતિના પરિણામજનિત અશુભ ફળવાળા કર્મોનું અપનયન વૈમાનિકાદિ દેવો કરી શકતા નથી, તેથી તેઓ અકર્કશવેદનીય બાંધતા નથી, તેવી વિવક્ષા કરીએ તો સર્વવિરતિધર પણ બધા સમતાના પરિણામરૂપ વિશેષ સંવરભાવવાળા નથી, તેથી તેઓને પણ અકર્કશવેદનીય કર્મબંધનો અભાવ માનવો પડશે. તેથી કહે છે -

सर्वसंवरस्य ..... द्रष्टव्यम् । **અને સર્વસંવરનો શૈલેશીમાં જ સંભવ હોવાથી, એ પ્રમાણે જાણવું. પંચમી વિભક્તિથી કહેવાયેલ હેતુનું જોડાણ આ રીતે છે -**

❖ અહીં સર્વસંવરનો શૈલેશીમાં જ સંભવ છે, તેથી તેની પૂર્વે કોઈને અકર્કશવેદનીય કર્મબંધ નથી, એમ માનવાનો પ્રસંગ આવે, માટે કર્કશવેદનીય અને અકર્કશવેદનીયરૂપ વિભાગ રહે નહિ. તેથી તે વિભાગ બતાવવા માટે ભગવતીસૂત્રમાં સર્વવિરતિરૂપ વિરતિપરિણામજનિત અશુભ ફળવાળાં કર્મો જેઓ બાંધતા નથી, તેઓને અકર્કશવેદનીય કર્મબંધ સ્વીકારેલ છે, એ પ્રમાણે જાણવું.

**ભાવાર્થ :–**

અનિવર્તનીય અશુભફળવાળાં કર્મોનો જે બંધ થાય છે, તે કર્કશવેદનીય કર્મનો બંધ છે, અને જે કર્મબંધ અનિવર્તનીય અશુભ ફળવાળો નથી, તે અકર્કશવેદનીય છે. અને અકર્કશવેદનીયનો આવો અર્થ કર્યો તેથી એ પ્રાપ્ત થાય કે, વૈમાનિકાદિ દેવોમાં જેઓ સમ્યગ્દૃષ્ટિ છે તેઓ અનિવર્તનીય એવાં અશુભ ફળવાળાં કર્મો બાંધતા નથી, તેથી તેઓને અકર્કશવેદનીય કર્મનો બંધ સ્વીકારવો જોઈએ. જ્યારે ભગવતીસૂત્રના આલાપકમાં વૈમાનિકાદિ દેવોને અકર્કશવેદનીય કર્મના બંધનો નિષેધ કરેલ છે, તેથી ગ્રંથકારશ્રી, ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે, ભગવતીસૂત્રના આલાપકમાં વૈમાનિકાદિ દેવોને અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ છે તે પ્રૌઢિવાદ છે=શાસ્ત્રથી પરિકર્મિત બુદ્ધિવાળા એવા પ્રૌઢ પુરુષોનું અપેક્ષાએ આ કથન છે.

આ પ્રૌઢિવાદ વિશેષ અપેક્ષાએ છે, તે બતાવે છે – જેઓ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત હોય તેઓમાં વર્તતા એવા વિરતિના પરિણામથી જનિત જે અશુભ ફળ આપનાર કર્મબંધનું અપનયન છે, તે અપેક્ષાએ આ પ્રૌઢિવાદ છે.

આશય એ છે કે, સમિતિ-ગુપ્તિવાળા મુનિઓ જેવા પ્રકારનાં અશુભ અનુબંધ વગરનાં કર્મ બાંધે છે, તેવા પ્રકારનાં અશુભ અનુબંધ વગરનાં કર્મને ભગવતીસૂત્રના આલાપકમાં અકર્કશવેદનીય તરીકે સ્વીકારેલ છે, અને તેવાં અશુભ અનુબંધ વગરનાં કર્મો વૈમાનિકાદિ દેવોને બંધાતાં નથી. કેમ કે, વિશિષ્ટ વિરતિનો પરિણામ તેઓને નથી, તેને આશ્રયીને વૈમાનિકાદિ દેવોને અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ કરેલ છે. અને આવું ન માનો તો=દેવોને બંધાતાં કર્મમાં વિશિષ્ટ વિરતિ પરિણામજનિત અશુભ ફળનું અપનયન નથી તે અપેક્ષાએ ભગવતીસૂત્રના આલાપકમાં દેવોને અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ કરેલ છે આવું ન માનો તો, વૈમાનિકાદિ દેવોમાં જેઓ સમ્યગ્દૃષ્ટિ છે, તેઓને મિથ્યાદર્શનશલ્યનું વિરમણ છે, અને તે વિરમણની અપેક્ષાએ તેઓને પણ અશુભ ફળ આપનારાં કર્મ બંધાતાં નથી, તેની નિષ્ફળતાની આપત્તિ આવેશે.

અહીં પ્રશ્ન થાય કે, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા મુનિને જ ભગવતીસૂત્રના આલાપકમાં અકર્કશવેદનીય કર્મબંધ સ્વીકારેલ છે. તેથી તેની પૂર્વેના જીવોને અકર્કશવેદનીય કર્મનો બંધ હોવા છતાં પણ, વિશેષ પ્રકારના અકર્કશવેદનીય કર્મબંધની અપેક્ષાએ અકર્કશવેદનીય કર્મબંધ ન સ્વીકારો તો, સમતાના પરિણામવાળા મુનિઓ જેવું અકર્કશવેદનીયકર્મ બાંધે છે તેવું નીચેની ભૂમિકાવાળા મુનિઓ બાંધતા નથી, તેથી તે રીતે વિવક્ષા કરવાથી તો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા મુનિઓને પણ અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ સ્વીકારવાની આપત્તિ આવશે. તેથી ગ્રંથકાર કહે છે –

સર્વસંવરનો શૈલેશીમાં જ સંભવ છે.

આશય એ છે કે, પૂર્વપક્ષીએ જે રીતે વિશિષ્ટ સમતાવાળા મુનિને અકર્કશવેદનીયના બંધનો સ્વીકાર કરીને તેની પૂર્વના વિરતિના પરિણામવાળા મુનિને પણ અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ બતાવ્યો, તેમ સ્વીકારીએ તો, ઉપર ઉપરની ભૂમિકાવાળા જીવોની અપેક્ષાએ નીચે નીચેની ભૂમિકાવાળા જીવોને અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ પ્રાપ્ત થાય; અને તેમ સ્વીકારવાથી તો સર્વસંવર શૈલેશીમાં પ્રાપ્ત થાય છે અને તે સર્વશ્રેષ્ઠ ભૂમિકા છે અને તે ભૂમિકામાં કર્મબંધ નથી, તેથી તેની નીચેની ભૂમિકાવાળા બધા જીવોને જે કર્મબંધ થાય છે, તે કર્કશવેદનીય છે તેમ સ્વીકારવું પડે; તેથી કર્કશવેદનીય અને અકર્કશવેદનીય એવો કર્મબંધનો વિભાગ રહે નહિ, પરંતુ જે કર્મ બંધાય છે, તે સર્વ જીવોને પ્રતિકૂળ છે, માટે કર્કશવેદનીય છે, તેમ માનવું પડે.

જ્યારે ગ્રંથકારને તો બંધાતા કર્મમાં જ કર્કશવેદનીય અને અકર્કશવેદનીયરૂપે વિભાગ કરવો છે, તેથી અઢાર પાપસ્થાનકોના સેવનથી જે કર્મ બંધાય છે, તે કર્કશવેદનીય છે; અને અઢાર પાપસ્થાનકોના સેવનના અભાવથી જે કર્મ બંધાય છે, તે અકર્કશવેદનીય છે, તેમ બતાવવું છે. આમ છતાં, વિશેષ અકર્કશવેદનીય મુનિને બંધાય છે, તે બતાવવા માટે વૈમાનિક દેવોને અકર્કશવેદનીયનો નિષેધ પ્રૌઢિવાદરૂપે કહેલ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, દેવોના બંધાતા કર્મમાં વિશિષ્ટ વિરતિપરિણામજનિત અશુભ કર્મનું અપનયન નથી, એ અપેક્ષાએ ભગવતીસૂત્રના આલાપકમાં દેવોને અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ કર્યો છે. પરંતુ અઢાર પાપસ્થાનકમાંથી મિથ્યાત્વના અભાવવાળા દેવોને તે પાપની નિવૃત્તિથી જન્ય અકર્કશવેદનીય કર્મબંધ થાય છે, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. આ કથન દ્વારા આગળમાં કહેવાશે તે દુર્વાદિનો મત અપાસ્ત=દૂર થાય છે, અને તે દુર્વાદિનો મત આ પ્રમાણે છે -

**ટીકા :-**

**एतेन 'देवेष्वकर्कशवेदनीयकर्मकरणनिषेधादेव द्रव्यस्तवस्य न तद्धेतुत्वमिति' दुर्वादिमतमपास्तं,** "ज्ञेया सकामा यमिना"**मि (योगशास्त्रे) त्यादिवदीदृशप्रौढिवादानामुत्कृष्टनिषेधपरत्वादन्यथा तदीयभगवद्वन्दनगुणोत्कीर्त्तनादीनामप्यतादृशत्वाऽऽपत्तेरिति विभावनीयं सुधीभिः ।।११।।**

**ટીકાર્થ :-**

एतेन ..... सुधीभिः ।।११।। **આનાથી=પૂર્વમાં કહેલ કથનથી, દેવોમાં અકર્કશવેદનીય કર્મકરણનો=કર્મબંધનો, નિષેધ હોવાથી જ દ્રવ્યસ્તવનું તદ્ધેતુપણું=અકર્કશવેદનીય કર્મબંધનું હેતુપણું, નથી, એ પ્રકારે દુર્વાદિનો મત અપાસ્ત જાણવો=દૂર થયેલ જાણવો.**

**કેમ કે,** સકામનિર્જરા સાધુઓને જાણવી, **ઈત્યાદિ કથનની જેમ આવા પ્રકારના પ્રૌઢિવાદનું=વૈમાનિક દેવોને અકર્કશવેદનીય કર્મ બંધાતું નથી આવા પ્રકારના પ્રૌઢિવાદનું, ઉત્કૃષ્ટ નિષેધપરપણું છે=આવા પ્રકારનો પ્રૌઢિવાદ ઉત્કૃષ્ટ અકર્કશવેદનીય કર્મબંધના નિષેધપર છે. અન્યથા=આવા પ્રકારના પ્રૌઢિવાદને ઉત્કૃષ્ટ અકર્કશવેદનીય કર્મબંધના નિષેધપર ન માનો તો, તેમના=દેવોના, ભગવદ્ વંદન, ગુણોત્કીર્તન આદિને પણ અતાદૃશપણાની=અકર્કશવેદનીયના નિષેધપર નથી એમ માનવાની, આપત્તિ આવે છે. એ પ્રકારે સુંદર બુદ્ધિવાળા વિચારકે વિચારવું. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

કોઈ દુર્વાદી ભગવતીસૂત્રનો પાઠ ગ્રહણ કરીને કહે છે કે, ભગવતીસૂત્રના આલાપકમાં દેવોને અકર્કશવેદનીય કર્મનો નિષેધ કર્યો છે, તેનાથી જ નક્કી થાય છે કે, દ્રવ્યસ્તવ અકર્કશવેદનીય કર્મબંધનું કારણ નથી. કેમ કે, દેવોમાં ઘણા દેવો ભગવાનની ભક્તિ વગેરે કરે છે, છતાં ભગવતીસૂત્રના પાઠ પ્રમાણે દેવો ભગવાનની ભક્તિના કાળમાં અકર્કશવેદનીય કર્મ બાંધતા નથી, પણ કર્કશવેદનીય કર્મ બાંધે છે. આનાથી નક્કી થાય છે કે, દ્રવ્યસ્તવમાં હિંસા વગેરે છે, તેના કારણે દ્રવ્યસ્તવથી અવશ્ય કર્કશવેદનીય કર્મબંધ થાય છે. આ રીતે કહીને દુર્વાદી એ સ્થાપન કરે છે કે, જીવો દ્રવ્યસ્તવ કરીને કર્કશ એવું પાપકર્મ બાંધે છે.

દ્રવ્યસ્તવમાં થતી હિંસા પાપબંધનું કારણ છે અને ભગવાનની ભક્તિનો

પરિણામ પુણ્યબંધનું કારણ છે, પરંતુ દ્રવ્યસ્તવ એકાંતે પુણ્યબંધનું કારણ છે, તેવું સ્વીકારી શકાય નહિ એમ દુર્વાદી કહે છે તેનું નિરાકરણ **एतेन** થી જે કથન કર્યું તેનાથી થાય છે અને તેને જ પુષ્ટ કરવા માટે '**ज्ञेया सकामा ..... ऽऽपत्तेः**' સુધી હેતુ કહ્યો, તેનો ભાવ આ પ્રમાણે છે –

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે, સકામનિર્જરા મુનિને જ થાય છે. વસ્તુતઃ દેશવિરતિધર, અવિરતસમ્યગ્દષ્ટિ કે અપુનર્બંધક જીવ પણ સકામનિર્જરા કરે છે, આમ છતાં, ઉત્કૃષ્ટ સકામનિર્જરા મુનિ જ કરે છે, તેને સામે રાખીને આ કથન કહેલ છે. અને યોગશાસ્ત્રના '**ज्ञेया सकामा यमिनाम्**', ઈત્યાદિ કથનની જેમ ભગવતીમાં પણ ઉત્કૃષ્ટ અકર્કશવેદનીયબંધ મુનિઓને જ હોય છે, દેવોમાં નહિ, એવું વચન દેવોમાં ઉત્કૃષ્ટ પ્રકારના અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ કરે છે.

વસ્તુતઃ અઢાર પાપસ્થાનકો કર્કશવેદનીય કર્મબંધનાં કારણો છે. તેમાંથી મિથ્યાત્વશલ્યના વિગમનના કારણે સમ્યગ્દષ્ટિ દેવોને કર્કશવેદનીય કર્મબંધનો અભાવ છે, તો પણ મુનિને જેવો ઉત્કૃષ્ટ અકર્કશવેદનીયનો બંધ છે, તેવો ઉત્કૃષ્ટ અકર્કશવેદનીયનો બંધ દેવોને નથી. તેને સામે રાખીને જ ભગવતીસૂત્રના આલાપકમાં દેવોને અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ કરેલ છે. અને જો આવું ન માનો તો દેવો જે ભગવાનનાં વંદન અને ભગવાનના ગુણોનું ઉત્કીર્તન કરે છે, તેને પણ કર્કશવેદનીય કર્મબંધનું કારણ માનવું પડે, અને જો આ રીતે પૂર્વપક્ષી સ્વીકારે તો એ પ્રાપ્ત થાય કે, દ્રવ્યસ્તવમાં હિંસાને કારણે કર્કશવેદનીય કર્મ બંધાય છે એમ પૂર્વપક્ષી સ્થાપન કરે છે અને તેથી તો દેવો પણ જ્યારે ભગવાનને વંદન અને ભગવાનના ગુણોનું કીર્તન કરે છે, ત્યારે કોઈ હિંસા નથી, આમ છતાં, દેવોને કર્કશવેદનીય બંધાય છે, તેમ માનવું પડે, તેથી કર્કશવેદનીય બંધનું કારણ પૂજા છે તેમ સ્વીકારીએ તો દેવોની વંદન ક્રિયા કે ગુણોત્કીર્તનની ક્રિયા પણ દ્રવ્યસ્તવની જેમ જ કર્કશવેદનીય બંધનું કારણ થવાથી અકર્તવ્યરૂપે સ્થાપન થાય. આ પ્રમાણે સુબુદ્ધિવાળાએ વિચારવું.

**વિશેષાર્થ :-**

મુનિઓ કેવળ મોક્ષના અર્થી છે અને તેથી જ મોક્ષના ઉપાયભૂત સંયમયોગોમાં પૂર્ણ યત્નવાળા છે, તેથી જ અસંયમના પરિણામકૃત ભૂતકાળમાં જે કર્મ બાંધ્યાં છે, તે સર્વનું નિર્જરણ મુનિને થાય છે. આવી વિશિષ્ટ નિર્જરા મુનિને જ થાય છે, જ્યારે દેશવિરતિધર જે દેશવિરતિનું પાલન કરતો હોય, અને અવિરતસમ્યગ્દષ્ટિ જીવો ભગવાનની ભક્તિ આદિ કરતા હોય તો પણ સંપૂર્ણ નિરવદ્ય પરિણામવાળા નથી, તેથી નિરવદ્ય

પરિણામજનિત વિશિષ્ટ નિર્જરા મુનિને જ થાય છે, તેની નીચેની ભૂમિકાવાળાને આવી વિશિષ્ટ નિર્જરા થતી નથી. તે જ રીતે વિશિષ્ટ પરિણામજનિત અકર્કશવેદનીય કર્મબંધ મુનિને જ થાય છે, તેની નીચેની ભૂમિકાવાળાને તેવો ઉત્કૃષ્ટ અકર્કશવેદનીય કર્મનો બંધ થતો નથી. તેને સામે રાખીને જ ભગવતીસૂત્રના આલાપકમાં દેવોને અકર્કશવેદનીય કર્મબંધનો નિષેધ કરેલ છે.

આનાથી એ ફલિત થાય છે કે, મુનિને જેવું અકર્કશવેદનીય કર્મ બંધાય છે, તેવું અકર્કશવેદનીય કર્મ દેવોને ભગવાનની ભક્તિકાળમાં પણ બંધાતું નથી, અને દેશવિરતિધર શ્રાવકને સામાયિક-પૌષધાદિમાં પણ બંધાતું નથી; પરંતુ મુનિથી હીનકક્ષાનો અકર્કશવેદનીય કર્મબંધ શ્રાવકને અને અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવોને કે અપુનર્બંધક કક્ષાના જીવોને થાય છે. આમ છતાં, સ્કંધકાચાર્યના સાધુની જેમ કર્કશ એવા અશુભ કર્મનું વેદન થાય તેવા કર્કશવેદનીય કર્મનો બંધ ભગવાનની પૂજાકાળમાં શુભભાવ હોવાથી થઈ શકે નહિ, પરંતુ આરંભ-સમારંભની પ્રવૃત્તિવાળા અને સંક્લિષ્ટ ચિત્તવાળા મિથ્યાદૃષ્ટિ જીવોને આવું કર્કશવેદનીય કર્મ બંધાય છે.

અહીં વિશેષતા એ છે કે, અવિરતસમ્યગ્દૃષ્ટિ એવો શ્રાવક જ્યારે ભગવાનની પૂજા કરતો નથી અને સંસારની અન્ય પ્રવૃત્તિ કરે છે, તે વખતે જેવું અકર્કશવેદનીય કર્મ બંધાય છે, તેના કરતાં ભગવાનની પૂજાકાળમાં શુભભાવ હોવાને કારણે વિશેષ પ્રકારનું અકર્કશવેદનીય કર્મ બંધાય છે, અને પૂજાના ઉપયોગનો પ્રકર્ષ થવાથી ભાવથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તો ક્ષપકશ્રેણિ પણ જીવ માંડી શકે છે. **॥૧૧॥**

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, વિધિપૂર્વક કરાતા દ્રવ્યસ્તવમાં સ્વરૂપથી હિંસા હોવા છતાં હિંસાકૃત લેશ પણ કર્મબંધ થતો નથી, તેથી કર્મબંધરૂપ ફળની અપેક્ષાએ વિધિપૂર્વક કરાતા દ્રવ્યસ્તવમાં હિંસાનો સર્વથા અભાવ છે. ત્યાં '**ननु**' થી પૂર્વપક્ષી કહે છે -

**અવતરણિકા :-**

**ननु द्रव्यस्तवे भक्तिजन्यसातावेद्यबन्धेन विरुध्यन्नसातबन्धो मा भूत्, पृथिव्याद्युपमर्दात् ज्ञानावरणीयादिबन्धहेतुत्वादेव तस्य हिंसात्वमक्षतमित्याशङ्कायामाह -**

**અવતરણિકાર્થ :-**

**દ્રવ્યસ્તવમાં ભક્તિજન્ય શાતાવેદનીયનો બંધ હોવાના કારણે વિરોધ પામતો એવો અશાતાવેદનીયનો બંધ ન થાઓ, પરંતુ દ્રવ્યસ્તવમાં પૃથ્વી આદિનું ઉપમર્દન હોવાને કારણે જ્ઞાનાવરણીયાદિ કર્મબંધનું હેતુપણું હોવાથી જ, તેનું=દ્રવ્યસ્તવનું, હિંસાપણું અક્ષત છે, એ પ્રકારની આશંકામાં ગ્રંથકારશ્રી કહે છે -**

**ભાવાર્થ :-**

દ્રવ્યસ્તવકાળમાં ભગવાનની ભક્તિનો અધ્યવસાય છે, માટે ભક્તિના અધ્યવસાયથી શાતાવેદનીયનો બંધ થાય છે, અને શાતાવેદનીય બંધાય ત્યારે અશાતાવેદનીયનો બંધ થઈ ન શકે, માટે પૂજાકાળમાં અશાતાવેદનીયનો બંધ થતો નથી, તો પણ પૂજાકાળમાં પૃથ્વી આદિ જીવોનું ઉપમર્દન થાય છે=પૃથ્વી આદિ જીવોને કિલામણા થાય છે, તે જ્ઞાનાવરણીયાદિ અશુભ પ્રકૃતિના કર્મબંધનો હેતુ છે જ, અને શાસ્ત્રથી સંમત છે કે, દ્રવ્યસ્તવ કરનાર પણ જ્ઞાનાવરણીયાદિ અશુભ પ્રકૃતિ બાંધે છે; કેમ કે પાંચમા ગુણસ્થાનકમાં જ્ઞાનાવરણીયાદિ અશુભ પ્રકૃતિ અવશ્ય બંધાય છે. માટે દ્રવ્યસ્તવમાં હિંસાને કારણે જ્ઞાનાવરણીયાદિ અશુભ કર્મ બંધાય છે, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. તેથી ફળની અપેક્ષાએ દ્રવ્યસ્તવ હિંસાફળવાળું છે, માટે દ્રવ્યસ્તવમાં ફળથી હિંસા નથી એમ કહેવું ઉચિત નથી, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે -

**ગાથા :-**

**धुवबन्धिपावहेउत्तणं ण दव्वत्थयंमि हिंसाए ।**
**धुवबन्धा जमसज्झा, तत्ते इयरेयरासयया ।।१२।।**

**છાયા :-**

(ध्रुवबन्धिपापहेतुत्वं न द्रव्यस्तवे हिंसायाम् ।
ध्रुवबन्धा यदसाध्यास्तत्त्वे इतरेतराश्रयता ।।१२।।)

**અન્વય :-**

दव्वत्थयंमि हिंसाए धुवबन्धिपावहेउत्तणं न, जम् धुवबन्धा असज्झा तत्ते इतरेतराश्रयता ।।

**ગાથાર્થ :-**

**દ્રવ્યસ્તવવિષયક હિંસામાં ધ્રુવબંધી પાપપ્રકૃતિઓનું હેતુપણું નથી; જે કારણથી ધ્રુવબંધ પ્રકૃતિ અસાધ્ય છે. तत्ते=તત્ત્વે=દ્રવ્યસ્તવમાં થતી હિંસાનું ધ્રુવબંધી પાપપ્રકૃતિ વિશેષનું હેતુપણું હોતે છતે, ઈતરેતરાશ્રયતા= અન્યોન્યાશ્રય દોષ છે. ।।૧૨।।**

**ટીકા :-**

**ध्रुवबन्धिपापस्य ज्ञानावरणादिप्रकृतिकदम्बकरूपस्य हेतुत्वं न द्रव्यस्तवीयहिंसायां वक्तुं युक्तम् । यद्=यस्मात् ध्रुवबन्धा असाध्याः प्रक्रमाद् द्रव्यस्तवभाविहिंसायाः, सामान्यहेतुत्वसद्भावे ह्यवश्यंसम्भविबन्धाः । अत एव यत्र गुणस्थाने तासां व्यवच्छेदस्ततोऽर्वाक् सततबन्ध एवेति सादिसान्ता-दिभङ्गग्रन्थे व्यवस्थितम् ।**

**ટીકાર્થ :-**

ध्रुवबन्धि ..... व्यवस्थितम् । દ્રવ્યસ્તવ સંબંધી હિંસામાં જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિસમુદાયરૂપ ધ્રુવબંધી પાપનું=ધ્રુવબંધી પાપપ્રકૃતિનું, હેતુપણું કહેવું યુક્ત નથી.

यद्=यस्मात्=જે કારણથી ધ્રુવબંધી પ્રકૃતિઓ અસાધ્ય છે (અને) પ્રક્રમથી=પ્રસ્તુતમાં ચાલતા દ્રવ્યસ્તવસ્થલીય હિંસાના પ્રક્રમથી, દ્રવ્યસ્તવભાવી હિંસાથી ધ્રુવબંધી પ્રકૃતિઓ અસાધ્ય છે.

જે કારણથી સામાન્ય હેતુના સદ્ભાવમાં અવશ્યસંભવિ બંધવાળી (ધ્રુવબંધી પ્રકૃતિઓ) છે, આથી કરીને જ=સામાન્ય હેતુપણાના સદ્ભાવમાં અવશ્યસંભવિ બંધવાળી ધ્રુવબંધી પ્રકૃતિઓ છે આથી કરીને જ, જે ગુણસ્થાનકમાં તેઓનો=ધ્રુવબંધી પ્રકૃતિઓનો, વ્યવચ્છેદ થાય છે, તેનાથી પૂર્વમાં સતત બંધ જ છે, એ પ્રમાણે સાદિસાંતાદિ ભંગને બતાવનારા ગ્રંથમાં વ્યવસ્થિત છે.

❖ ध्रुवबंधाः - અહીં ધ્રુવ છે બંધ જેને તેવી પ્રકૃતિઓ તે ધ્રુવબંધા=ધ્રુવબંધવાળી પ્રકૃતિઓ, એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ છે.

❖ सामान्यहेतुत्वसद्‌भावे हि - અહીં 'हि' શબ્દ यस्मात् અર્થમાં છે.

**ભાવાર્થ :–**

દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી જ્ઞાનાવરણીયાદિ ધ્રુવબંધી પ્રકૃતિઓ બંધાય છે, તેમ કહેવું યુક્ત નથી; કેમ કે દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી ધ્રુવબંધી સાધ્ય નથી=દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી ધ્રુવબંધી બંધરૂપ ફળને પ્રાપ્ત કરતી નથી; કેમ કે, ધ્રુવબંધી પ્રકૃતિનો અર્થ જ એ છે કે, તેના બંધયોગ્ય એવા ગુણસ્થાનકરૂપ સામાન્ય હેતુનો સદ્‌ભાવ હોય ત્યાં સુધી તેનો અવશ્ય બંધ થાય. તેથી નક્કી થાય છે કે, જ્ઞાનાવરણીયાદિ ધ્રુવબંધી પાપપ્રકૃતિઓ તેના યોગ્ય ગુણસ્થાનક સુધી સતત બંધાય છે. તેથી જ જ્ઞાનાવરણીયાદિનો બંધ ૧૦મા ગુણસ્થાનક સુધી સતત બધા જીવોને થાય છે. તેથી પાંચમા ગુણસ્થાનકે જે ધ્રુવબંધી પ્રકૃતિઓ બંધાય છે, તે બંધયોગ્ય ગુણસ્થાનકરૂપ સામાન્ય હેતુને કારણે બંધાય છે, પણ દ્રવ્યસ્તવમાં થતી હિંસાના કારણે બંધાતી નથી. આથી કરીને જ જે ગુણસ્થાનકમાં જે ધ્રુવબંધી પ્રકૃતિઓનો વ્યવચ્છેદ થાય છે, તેનાથી પૂર્વમાં તેનો સતત બંધ થાય છે, એ પ્રકારે સાદિ-સાંતાદિ ચાર ભાંગાને કહેનારા ગ્રંથોમાં કહેલ છે.

આનાથી એ ફલિત થયું કે, પૂજામાં હિંસા છે માટે ધ્રુવબંધી એવી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ બંધાતી નથી, પરંતુ તેના બંધયોગ્ય ગુણસ્થાનક છે, માટે જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ બંધાય છે. અને આથી જ શ્રાવક ભગવાનની પૂજાને છોડીને સામાયિકાદિ કરતો હોય અને લેશ પણ હિંસા કરતો ન હોય તો પણ ધ્રુવબંધી જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિઓ અવશ્ય બંધાય છે. તેથી અવતરણિકામાં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે, પૂજામાં પૃથ્વી આદિ જીવોનું ઉપમર્દન છે તેથી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ બંધાય છે, તે અસંગત છે. તેથી પૂજામાં થતી હિંસા પાપબંધનો હેતુ છે, તેમ કહી શકાય નહિ. તેથી પૂજા ફળથી અહિંસારૂપ છે એમ જે પૂર્વમાં સ્થાપન કર્યું તે જ સંગત છે.

❖ અહીં દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી ધ્રુવબંધી અસાધ્ય છે, એમ કહ્યું ત્યાં અસાધ્યનો ભાવ આ પ્રમાણે છે - સામાન્ય રીતે હેતુથી ફળ સાધ્ય હોય છે, તેથી દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી જો ધ્રુવબંધી પાપપ્રકૃતિ બંધાતી હોત તો દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી તે સાધ્ય છે, તેમ કહી શકાય. પરંતુ દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી તે બંધાતી નથી, માટે દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી ધ્રુવબંધી અસાધ્ય છે, એમ કહેલ છે.

**ઉત્થાન :-**

પ્રસ્તુત ગાથા-૧૨ના ત્રણ પાદ સુધીનો અર્થ ટીકામાં સ્પષ્ટ કર્યો. હવે ગાથાનું ચોથું પાદ तत्ते થી શરુ થાય છે. તેનું ઉત્થાન 'अथ' થી કરે છે –

**ટીકા :-**

**अथाऽसातप्रकृतित्वावच्छिन्न इव पापप्रकृतित्वावच्छिन्नेऽपि हिंसाया हेतुत्वस्य शास्त्रे व्यवस्थितत्वात् 'यत्सामान्ये यत्सामान्यं हेतुस्तद्विशेषे तद्विशेषः' इति न्यायात् द्रव्यस्तवस्थलीयहिंसाया ज्ञानावरणीयादिप्रकृतिविशेषे हेतुत्वम्, भक्तिरागोपनीयमानप्रकृतिविशेषेषु बहुभागपाताच्च तत्राऽल्पतरभागोपनिपातेनाल्पत्वमिति चेत् ? तत्राह तत्त्वे=द्रव्य(स्तव)स्थलीयहिंसायाः ध्रुवबन्धिपापप्रकृतिविशेषहेतुत्वे, इतरेतराश्रयता=अन्योन्याश्रयदोषः, द्रव्यस्तवीयद्रव्यहिंसाया भावहिंसात्वसिद्धौ उक्तहेतुत्वसिद्धिः, तत्सिद्धौ च भावहिंसात्वमिति । द्रव्यहिंसात्वाऽऽसयोगिकेवलिनमवर्जनीया, एवंविधे चार्थसमाजसिद्धे चार्थे नियतोक्तहेतुत्वाश्रयणे पौषधादावतिप्रसङ्गस्तदाप्यल्पज्ञानावरणीयादिबन्धानुपरमादिति दिक् ।**

**ટીકાર્થ :-**

अथ ..... भावहिंसात्वमिति । असातप्रकृतित्वावच्छिन्न=યાવત્ અશાતા પ્રકૃતિરૂપ કાર્યમાં જેમ હિંસાનું હેતુપણું શાસ્ત્રમાં વ્યવસ્થિત છે, તેમ पापप्रकृतित्वावच्छिन्न=યાવત્ પાપપ્રકૃતિરૂપ કાર્યમાં પણ હિંસાનું હેતુપણાનું શાસ્ત્રમાં વ્યવસ્થિતપણું હોવાથી "यत्सामान्ये यत्सामान्यं हेतुस्तद्विशेषे"=જે સામાન્યમાં જે સામાન્ય કારણ છે તે વિશેષમાં વિશેષ કારણ છે, એ પ્રકારના ન્યાયથી, દ્રવ્યસ્તવસ્થલીય હિંસાનું જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિવિશેષમાં હેતુપણું છે.

ભગવાનની (પૂજાકાળમાં) ભગવાનની ભક્તિના રાગથી ઉપનીયમાન= બંધાતી એવી, પ્રકૃતિવિશેષમાં ઘણો ભાગ પ્રાપ્ત થવાના કારણે, ત્યાં=બંધાતી જ્ઞાનાવરણીયાદિ અશુભ પ્રકૃતિમાં, અલ્પતર ભાગનો ઉપનિપાત હોવાના કારણે=અલ્પ ભાગ પ્રાપ્ત થતો હોવાના કારણે, અલ્પપણું છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તો ત્યાં= પૂર્વપક્ષીના કથનના સમાધાનમાં, કહે છે=ગાથાના ચોથા પાદમાં ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીના કથનનું સમાધાન આપતાં કહે છે -

**तत्त्वे=દ્રવ્યસ્તવસ્થલીય હિંસાનું ધ્રુવબંધી પાપપ્રકૃતિવિશેષમાં હેતુપણું સ્વીકારે છતે, ઈતરેતરાશ્રયપણું=અન્યોન્યાશ્રય દોષ છે.**

**તે અન્યોન્યાશ્રય દોષને જ બતાવે છે -**

**દ્રવ્યસ્તવીય દ્રવ્યહિંસાથી ભાવહિંસાત્વની સિદ્ધિ થયે છતે ઉક્ત હેતુત્વની સિદ્ધિ છે=ધ્રુવબંધી પાપપ્રકૃતિ વિશેષહેતુત્વની સિદ્ધિ છે=ભગવાનની પૂજામાં થતી હિંસાથી વિશેષ જ્ઞાનાવરણીય બંધાય છે, અને (ભગવાનની પૂજામાં થતી હિંસામાં) તેની સિદ્ધિ થયે છતે=ધ્રુવબંધી પાપપ્રકૃતિ વિશેષહેતુત્વની સિદ્ધિ થયે છતે, ભાવહિંસાત્વની સિદ્ધિ છે.**

भावहिंसात्वमिति - અહીં 'इति' શબ્દ અન્યોન્યાશ્રય દોષના કથનની સમાપ્તિસૂચક છે.

❖ अथ ..... इति चेत् સુધીના પૂર્વપક્ષીના કથનનો આશય આ પ્રમાણે છે -

જેમ કોઈ જીવ દશમા ગુણસ્થાનક સુધી જ્ઞાનાવરણીય બાંધે છે, છતાં જ્યારે જ્ઞાનની આશાતનાને કરતો હોય ત્યારે વિશેષ પ્રકારનું જ્ઞાનાવરણીય બાંધે છે. તેમ ભગવાનની પૂજા કરે છે, તે વખતે ભગવાનની પૂજામાં થતી હિંસાના કારણે વિશેષ પ્રકારની જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ બંધાય છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. આમ છતાં પૂજાકાળમાં ભગવાનની ભક્તિનો અંશ ઘણો મોટો છે અને હિંસાનો અંશ નાનો છે, તેથી હિંસાકૃત જ્ઞાનાવરણીયાદિ વિશેષ બંધાતું હોવા છતાં ભક્તિના અંશની પ્રબળતાને કારણે પુણ્ય પ્રકૃતિઓનો અંશ ઘણો મોટો હોય છે અને પૂજાકાળમાં હિંસાકૃત બંધાતી જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિ વિશેષનો અંશ અલ્પ હોય છે.

### -: "अथ ..... भावहिंसात्वमिति" સુધીના કથનનો ભાવાર્થ :-

શાસ્ત્રમાં અશાતાપ્રકૃતિમાત્ર પ્રત્યે હિંસાને હેતુ કહેલ છે, તેની જેમ જ પાપપ્રકૃતિમાત્ર પ્રત્યે હિંસાનું હેતુપણું શાસ્ત્રમાં વ્યવસ્થિત છે.

દ્રવ્યસ્તવમાં ધ્રુવબંધી એવી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ બંધાય છે, તેથી તે જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ પ્રત્યે હિંસાને હેતુ માનવો પડે, કેમ કે, એ ન્યાય છે કે, જે સામાન્યમાં જે સામાન્ય હેતુ છે, તેના વિશેષમાં વિશેષ હેતુ છે.

આશય એ છે કે, અશાતાસામાન્યમાં હિંસાસામાન્ય હેતુ છે, તો અશાતા વિશેષમાં હિંસાવિશેષ હેતુ છે. આ ન્યાય દ્વારા પૂર્વપક્ષીને એ કહેવું છે કે, દ્રવ્યસ્તવમાં થતી હિંસા જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિવિશેષમાં હેતુ છે. જેમ હિંસાથી અશાતા બંધાય છે,

તેમ હિંસાથી જ પાપપ્રકૃતિ બંધાય છે, અને દશમા ગુણસ્થાનક સુધી જે ધ્રુવબંધી પાપપ્રકૃતિ બંધાય છે, તે સૂક્ષ્મનયથી જોઈએ તો હિંસાથી જ બંધાય છે; કેમ કે તત્ત્વને જોનાર નય કહે છે કે, "આત્મા પોતાના ભાવનો ત્યાગ કરે તે જ હિંસા છે" - દશમા ગુણસ્થાનક સુધી જીવ મોહના પરિણામવાળો છે, તેથી તે પોતાના ભાવોની હિંસા કરે જ છે. ફક્ત નીચેના ગુણસ્થાનકો કરતાં ઉપર ઉપરના ગુણસ્થાનકમાં મોહ અલ્પ હોય છે, તેથી હિંસા અંશ અલ્પ હોય છે, માટે અલ્પ પાપપ્રકૃતિ બંધાય છે. પરંતુ પાપપ્રકૃતિસામાન્ય પ્રત્યે હિંસાને હેતુ માનીએ તો જ્યારે વિશેષ હિંસા હોય, ત્યારે પાપપ્રકૃતિ પણ વિશેષ બંધાય છે.

દ્રવ્યસ્તવમાં જીવોના ઉપમર્દનરૂપ હિંસા છે=પુષ્પાદિ જીવોને કિલામણાદિ થાય છે, તેથી ત્યાં જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ વિશેષ બંધાય છે; જ્યારે સામાયિક આદિમાં વર્તતા શ્રાવકને પૃથ્વી આદિના ઉપમર્દનરૂપ હિંસા નથી, ત્યાં સામાન્ય જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ બંધાય છે.

પૂજાકાળમાં આચરણારૂપે પુષ્પાદિ જીવોની હિંસા છે, તેથી વિશેષ જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ બંધાય છે; આમ છતાં, ભગવાનની ભક્તિકાળમાં પુષ્પાદિ જીવોની હિંસા છે; તે જ વખતે ભગવાનની ભક્તિના ઉપરાગથી ચિત્ત રંજિત છે; તેથી પૂજાકાળમાં વર્તતા ભક્તિભાવવાળા ચિત્તને આશ્રયીને બંધાતું કર્મ પુણ્યપ્રકૃતિમાં ઘણું પ્રાપ્ત થાય છે, તેથી ઘણી પુણ્ય પ્રકૃતિઓ બંધાય છે; અને પૂજાકાળમાં જીવોનું ઉપમર્દન થાય છે, તેના કારણે હિંસાકૃત જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિ વિશેષ, અલ્પ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આમ છતાં, પૂજામાં થતી હિંસાથી ધ્રુવબંધી એવી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિવિશેષનો બંધ થાય છે, માટે પૂજામાં હિંસા છે. તેથી વિધિશુદ્ધ કરાયેલી પૂજામાં કર્મબંધરૂપ ફળ નથી, માટે હિંસા નથી એમ કહેવું ઉચિત નથી. આ પ્રકારનો 'अथ' થી કરેલ શંકાનો આશય છે.

'तत्राह' - થી તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, દ્રવ્યસ્તવસ્થલીય હિંસાનું ધ્રુવબંધી પાપપ્રકૃતિવિશેષમાં હેતુપણું સ્વીકારે છતે અન્યોન્યાશ્રય દોષ છે. તે આ પ્રમાણે -

દ્રવ્યસ્તવમાં થતી પુષ્પાદિની દ્રવ્યહિંસાથી ભાવહિંસા સિદ્ધ થાય તો જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ વિશેષ બંધાય છે તેમ સિદ્ધ થાય, અને દ્રવ્યસ્તવથી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ વિશેષ બંધાય છે તે સિદ્ધ થાય, તો દ્રવ્યસ્તવમાં ભાવહિંસાપણું સિદ્ધ થાય. આ પ્રમાણે અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય.

આશય એ છે કે, ગુણસ્થાનકકૃત જ્ઞાનાવરણીયાદિ બંધાય છે, તે મોહના પરિણામને કારણે બંધાય છે. આમ છતાં, ગુણસ્થાનકમાં વર્તતો જીવ જ્યારે મોહના ઉચ્છેદ માટે યત્ન કરતો હોય ત્યારે ધર્મનું સેવન કરતો હોવાથી ત્યાં ભાવહિંસા નથી; પરંતુ સંપૂર્ણ મોહનો હજુ ઉચ્છેદ થયો નથી, તેથી જેટલા અંશે મોહ વિદ્યમાન છે, તેટલા અંશે સૂક્ષ્મયનયની દૃષ્ટિથી ત્યાં ભાવહિંસા છે; છતાં ઉપયોગરૂપે હિંસાના ઉચ્છેદને અનુકૂળ ત્યાં યત્ન વર્તે છે, તેથી વ્યવહારનય ત્યાં ભાવહિંસા માનતો નથી. અને તેથી ગુણસ્થાનકકૃત જ્ઞાનાવરણીયાદિ બંધાતાં હોવા છતાં વ્યવહારનયને આશ્રયીને ભાવહિંસાકૃત વિશેષ જ્ઞાનાવરણીયાદિ બંધાતાં નથી. અને જે ક્રિયાથી ભાવહિંસાને અનુકૂળ એવો યત્ન થતો હોય તેવી ક્રિયાથી ગુણસ્થાનકકૃત જ્ઞાનાવરણીયાદિ બંધાતાં હોય તેના કરતાં વિશેષ જ્ઞાનાવરણીયાદિ બંધાતાં હોય છે. જ્યારે ભગવાનની પૂજાકાળમાં જીવનો યત્ન ભગવાનના ગુણને અવલંબીને મોહના ઉચ્છેદમાં પ્રવર્તે છે, અને જે જીવ યતનાપૂર્વક ભગવાનની પૂજા કરે છે, તે જીવની પૂજાથી થતી દ્રવ્યહિંસા ભગવાનની ભક્તિના ભાવના ઉત્કર્ષનું કારણ હોવાથી લેશ પણ ભાવહિંસાનું કારણ નથી.

આ વાતને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે, જ્યાં સુધી દ્રવ્યસ્તવમાં થતી દ્રવ્યહિંસાથી ભાવહિંસા સિદ્ધ ન થાય ત્યાં સુધી ગુણસ્થાનકકૃત બંધાતાં જ્ઞાનાવરણીયાદિ કરતાં વિશેષ જ્ઞાનાવરણીયાદિ બંધાય છે તે સિદ્ધ થાય નહિ; અને જ્યાં સુધી પૂજાની પ્રવૃત્તિથી જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિ વિશેષ બંધાય છે, એ સિદ્ધ ન થાય ત્યાં સુધી દ્રવ્યસ્તવમાં ભાવહિંસા સિદ્ધ થઈ શકે નહિ. આ રીતે અન્યોન્યાશ્રય દોષ હોવાને કારણે દ્રવ્યસ્તવમાં થતી હિંસાથી પાપપ્રકૃતિ વિશેષ બંધાય છે, તેમ માનવું ઉચિત નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અન્યોન્યાશ્રય દોષ આપ્યો તે દૂર કરવા માટે પૂર્વપક્ષી કહે કે, ભગવાનની પૂજામાં દ્રવ્યહિંસા પ્રત્યક્ષ દેખાય છે, અને જ્યાં જ્યાં દ્રવ્યહિંસા હોય ત્યાં ત્યાં ભાવહિંસા હોય, તેથી દ્રવ્યસ્તવમાં ભાવહિંસા સિદ્ધ જ છે. માટે પૂજાકાળમાં ધ્રુવબંધી એવી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિનો અવશ્ય વિશેષ બંધ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

**ટીકાર્થ :-**

द्रव्यहिंसा ..... अवर्जनीया । **વળી દ્રવ્યહિંસા સયોગીકેવળી સુધી અવર્જનીય છે.**

**ભાવાર્થ :-**

જ્યાં જ્યાં દ્રવ્યહિંસા હોય ત્યાં ત્યાં ભાવહિંસા છે, તેવો નિયમ સ્વીકારવામાં આવે તો સયોગી કેવળીને ભાવહિંસા માનવાની આપત્તિ આવે; કેમ કે, સયોગીકેવળી સુધી યોગોની પ્રવૃત્તિ છે, તેથી ત્યાં સુધી દ્રવ્યહિંસા થાય છે, તે વાત શાસ્ત્રસિદ્ધ છે. અને સયોગીકેવળીને જ્ઞાનાવરણીયાદિ ધ્રુવબંધી પ્રકૃતિનો બંધ જ નથી, તેથી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિના વિશેષ બંધના હેતુભૂત એવી ભાવહિંસા ત્યાં સ્વીકારી શકાય નહિ. તેથી "જ્યાં જ્યાં દ્રવ્યહિંસા હોય ત્યાં ત્યાં ભાવહિંસા હોય" - એવી વ્યાપ્તિ સ્વીકારીને પૂર્વપક્ષી અન્યોન્યાશ્રય દોષ ટાળવા માંગે છે, તે ટળી શકે નહિ.

**ઉત્થાન :-**

પૂર્વમાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે, ભગવાનની પૂજાકાળમાં થતી હિંસાથી ધ્રુવબંધી એવી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ વિશેષ બંધાય છે, ત્યાં ગ્રંથકારશ્રીએ અન્યોન્યાશ્રય દોષ આપ્યો; તેથી એ પ્રાપ્ત થાય કે અન્યોન્યાશ્રય દોષ આવતો હોવાના કારણે પૂજાથી ધ્રુવબંધી એવી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ વિશેષ બંધાય છે, તેમ સિદ્ધ થઈ શકે નહિ. તેની જ પુષ્ટિ કરવા માટે કહ્યું કે, ૧૩માં ગુણસ્થાનક સુધી દ્રવ્યક્રિયા છે માટે જ્યાં દ્રવ્યહિંસા હોય ત્યાં ભાવહિંસા છે જ તેમ માની શકાય નહિ, હવે તેની જ પુષ્ટિ કરવા અતિપ્રસંગ દોષ આપીને ગ્રંથકારશ્રી પૂજાથી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ વિશેષ બંધાતી નથી, તે બતાવવા કહે છે -

**ટીકાર્થ :-**

एवंविधे ..... दिक् । **અને આવા પ્રકારના અર્થસમાજસિદ્ધ અર્થમાં=અર્થસમાજસિદ્ધ કાર્યમાં, નિયત ઉક્ત હેતુત્વનું આશ્રયણ કરાયે છતે=નિયત એવા જ્ઞાનાવરણીયાદિ ધ્રુવબંધી પાપપ્રકૃતિના કહેવાયેલા હેતુપણાનો આશ્રય કરાયે છતે, પૌષધાદિમાં અતિપ્રસંગ છે; કેમ કે, ત્યારે પણ=પૌષધાદિ કરવાના કાળમાં પણ, અલ્પ જ્ઞાનાવરણીયાદિ બંધનો અનુપરમ છે=અલ્પ જ્ઞાનાવરણીયાદિ બંધ થાય છે, એ પ્રમાણે દિશાસૂચન છે.**

❖ અર્થસમાજસિદ્ધ અર્થનો ભાવ આ પ્રમાણે છે –

બે કાર્યોની કારણ સામગ્રીરૂપ સમુદાય, તેનાથી સિદ્ધ થયેલ એવા વ્યવહારથી એક કાર્યરૂપ અર્થ તે અર્થસમાજસિદ્ધ અર્થ છે.

જેમ - તીર્થંકર થવાની સામગ્રી અને સિદ્ધ થવાની સામગ્રીરૂપ બે સામગ્રીના સમુદાયથી તીર્થંકરસિદ્ધરૂપ એક કાર્ય થાય છે, તે અર્થસમાજસિદ્ધ અર્થ=કાર્ય છે.

દા.ત. ઘટની સામગ્રી દંડ-ચક્ર-ચીવર-કુલાલાદિ છે, તે સામગ્રીથી ઘટ પેદા થાય છે. પરંતુ ઘટના વર્ણાદિના ઉત્કર્ષ માટે ઉત્કર્ષવાળા રંગ આદિ તેમાં નાંખવામાં આવે તો ઘટની સામગ્રી અને ઘટના ઉત્કર્ષ આધાયક સામગ્રીથી ઉત્કર્ષવાળો એક ઘટ થાય છે. તેમ પ્રસ્તુતમાં જ્ઞાનાવરણીયાદિ બંધને યોગ્ય ગુણસ્થાનકરૂપ કારણથી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ બંધાય છે અને તે જ્ઞાનાવરણીયાદિના ઉત્કર્ષ આધાયક ભાવહિંસાની પરિણતિથી કે જ્ઞાનાદિની આશાતનાદિની પ્રવૃત્તિથી જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ વિશેષ બંધાય છે, તે અર્થસમાજસિદ્ધ કાર્ય છે.

**ભાવાર્થ :-**

જીવ સાધના કરીને મોક્ષમાં જાય છે, ત્યાં સાધનારૂપ હેતુથી મોહના નાશ માટેના પ્રયત્નથી વીતરાગ થાય છે, અને મોહના નાશના યત્નકાળમાં જગતને તારવાનો અધ્યવસાય કરે તો તીર્થંકરનામકર્મ પણ બાંધે છે, અને તીર્થંકરનામકર્મનું ફળ ભોગવીને તીર્થંકરસિદ્ધ થાય છે. આ તીર્થંકરસિદ્ધ થવારૂપ કાર્ય તે અર્થસમાજસિદ્ધ કાર્ય છે. તે આ રીતે -

મોહનો નાશ કરવાના કારણના સેવનથી મોહનો નાશ થયો, અને તીર્થંકરનામકર્મના બંધના અધ્યવસાયથી તીર્થંકરનામકર્મ બંધાયું. તેથી બે કાર્યની સામગ્રીથી બે કાર્યના સમુદાયરૂપ તીર્થંકર સિદ્ધ થવારૂપ કાર્ય છે. તેથી તીર્થંકર સિદ્ધ થવારૂપ કાર્ય અર્થસમાજસિદ્ધ કાર્ય છે.

તે જ રીતે પ્રસ્તુતમાં જે ગુણસ્થાનકમાં જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિ બંધાય છે, તે તે ગુણસ્થાનકરૂપ હેતુથી બંધાય છે. અને તે જ ગુણસ્થાનકમાં રહેલો જીવ જ્યારે હિંસાદિ પ્રવૃત્તિ કરે છે, ત્યારે તે હિંસાદિ કારણ સામગ્રી અને ગુણસ્થાનકરૂપ કારણ સામગ્રી, તે બંને કારણસામગ્રીથી જન્ય એવા વિશેષ જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિનો બંધ થાય છે. તેથી વિશેષ જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિનો બંધ અર્થસમાજસિદ્ધ છે. આવા પ્રકારના અર્થસમાજસિદ્ધ એવા કાર્યમાં નિયત એવા જ્ઞાનાવરણીયાદિ ધ્રુવબંધી પાપપ્રકૃતિના કહેવાયેલા હેતુપણાનો આશ્રય કરે છતે પૌષધાદિમાં અતિપ્રસંગ છે.

આશય એ છે કે, ભગવાનની પૂજાકાળમાં ગુણસ્થાનકકૃત ધ્રુવબંધી પાપપ્રકૃતિ બંધાય છે, તે રૂપ શાસ્ત્રવચનનો આશ્રય કરીને પૂર્વપક્ષી એ સ્થાપન કરવા ઈચ્છે છે કે,

દ્રવ્યસ્તવમાં હિંસા હોવાને કારણે જ્ઞાનાવરણીયાદિ વિશેષ બંધાય છે; તે સિવાય જ્ઞાનાવરણીયાદિ વિશેષ બંધના સ્વીકારમાં તેની પાસે અન્ય કોઈ યુક્તિ નથી. અને આ પ્રકારે શાસ્ત્રમાં કહેલ જ્ઞાનાવરણીયાદિને ધ્રુવબંધી સ્વીકારીને જો પૂર્વપક્ષી પૂજામાં વિશેષ જ્ઞાનાવરણીયાદિના બંધને સ્વીકારે તો પૌષધાદિમાં પણ વિશેષ જ્ઞાનાવરણીયાદિ બંધને સ્વીકારવાની આપત્તિ આવશે; કેમ કે પૌષધકાળમાં પણ શાસ્ત્રવચન પ્રમાણે ગુણસ્થાનકકૃત અલ્પ જ્ઞાનાવરણીયાદિના બંધનો ઉપરમ=અભાવ નથી. તેથી જે ગુણસ્થાનકમાં જે ધ્રુવબંધી પાપપ્રકૃતિ બંધાય છે, તેનું આશ્રયણ કરીને પૂજામાં થતી હિંસાથી વિશેષ જ્ઞાનાવરણીયાદિ બંધાય છે, તેમ સિદ્ધ થઈ શકે નહિ.

**ટીકા :-**

**अत्रेयं ध्रुवबन्धादिप्रक्रिया-निजहेतुसद्भावे यासामवश्यंभावी-बन्धस्ता ध्रुवबन्धिन्यस्ताश्च वर्णचतुष्कं, तैजसं, कार्मणमगुरुलघु, निर्माणोपघातभय-कुत्सामिथ्यात्वं, कषायाः ज्ञानावरणपञ्चकं, दर्शनावरणनवकं, विघ्नपञ्चकमिति सप्तचत्वारिंशत् ।**

**यासां च निजहेतुसद्भावेऽपि नावश्यंभावी बन्धस्ता अध्रुवबन्धिन्य-स्ताश्चौदारिकवैक्रियाहारकशरीराणि, तदुपाङ्गानि त्रीणि, संहननषट्कं, संस्थानषट्कं, गतिचतुष्कं, खगतिद्विकमानुपूर्वीचतुष्टयं, जिननामोच्छ्वास-नामोद्योतनामाऽऽतपनाम, पराघातनाम, त्रसदशकं, स्थावरदशकं, गोत्रद्विकं, वेदनीयद्विकं, हास्यादियुगलद्वयं, जातिपञ्चकं, वेदत्रयमायुश्चतुष्टयमिति त्रिसप्ततिः, एतासां निजहेतुसद्भावेऽप्यवश्यंबन्धाऽभावात् ।**

**तथाहि-पराघातोच्छ्वासनाम्नोः पर्याप्तनाम्नैव सह बन्धो नाऽपर्याप्त-नाम्नाऽतोऽध्रुवबन्धित्वम् । आतपं पुनरेकेन्द्रियप्रायोग्यप्रकृतिसहचरितमेव बध्यते नान्यदा । उद्योतं तु तिर्यग्गतिप्रायोग्यबन्धिनैव सह । आहारकद्विक-जिननाम्नी अपि यथाक्रमं संयमसम्यक्त्वप्रत्ययेनैव बध्येते नान्यदेत्यध्रुवबन्धित्वम्। शेषशरीरादिषट्षष्टिप्रकृतीनां सविपक्षत्वान्निजहेतुसद्भावेऽपि नाऽवश्यं बन्ध इति तथात्वं सुप्रतीतम् ।**

**ટીકાર્થ :-**

अत्रेयं ..... सुप्रतीतम् । 'अत्र' શબ્દ વાક્ય પ્રસ્તાવમાં, આ=આગળમાં કહેવાશે એ, ધ્રુવબંધી આદિની પ્રક્રિયા છે.

પોતાના હેતુનો સદ્ભાવ હોતે છતે=તે પ્રકૃતિના બંધને યોગ્ય ગુણસ્થાનકરૂપ હેતુઓનો સદ્ભાવ હોતે છતે, જે પ્રકૃતિઓનો અવશ્યંભાવી=નક્કી બંધ છે, તે ધ્રુવબંધી પ્રકૃતિઓ છે, અને તે - વર્ણચતુષ્ક, તૈજસનામકર્મ, કાર્મણનામકર્મ, અગુરુલઘુનામકર્મ, નિર્માણનામકર્મ, ઉપઘાતનામકર્મ, ભય મોહનીય, જુગુપ્સા મોહનીય, મિથ્યાત્વમોહનીય, ૧૬ કષાયો, ૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ અને ૫ અંતરાય. એ પ્રમાણે ૪૭ પ્રકૃતિઓ (ધ્રુવબંધી) છે.

અને જેઓનો પોતાના હેતુનો સદ્ભાવ હોતે છતે પણ અવશ્યંભાવી= નક્કી, બંધ નથી, તે અધ્રુવબંધી પ્રકૃતિઓ છે, અને તે - ઔદારિકશરીર, વૈક્રિયશરીર અને આહારકશરીર એ ત્રણ શરીર અને એ ત્રણ શરીરનાં ૩ ઉપાંગો= ઔદારિકઅંગોપાંગ, વૈક્રિયઅંગોપાંગ અને આહારકઅંગોપાંગ, ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૪ ગતિ, ૨ ખગતિ=વિહાયોગતિ, ૪ આનુપૂર્વી, જિનનામકર્મ, ઉચ્છ્વાસનામકર્મ, ઉદ્યોતનામકર્મ, આતપ નામકર્મ, પરાઘાતનામકર્મ, ત્રસદશક, સ્થાવરદશક, ૨ ગોત્ર, ૨ વેદનીય, હાસ્યાદિયુગલદ્વય=હાસ્ય-રતિ અને અરતિ-શોક, ૫ જાતિ, ૩ વેદ અને ૪ આયુષ્ય એ પ્રમાણે ૭૩ પ્રકૃતિઓ છે. એઓનો=આ ૭૩ પ્રકૃતિઓનો, પોતાના હેતુના સદ્ભાવમાં પણ અવશ્ય બંધનો અભાવ છે (એથી આ બધી અધ્રુવબંધી પ્રકૃતિઓ છે.)

આ ૭૩ અધ્રુવબંધી પ્રકૃતિઓનો પોતાના હેતુના સદ્ભાવમાં પણ અવશ્ય બંધ કેમ થતો નથી, તે 'तथाहि' થી બતાવે છે -

પરાઘાત અને ઉચ્છ્વાસનામકર્મનો પર્યાપ્તનામકર્મની સાથે જ બંધ છે, અપર્યાપ્તનામકર્મની સાથે બંધ નથી, આથી કરીને અધ્રુવબંધી છે.

આતપનામકર્મ એકેન્દ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિ સાથે જ બંધાય છે, અન્યદા બંધાતું નથી. વળી, ઉદ્યોતનામકર્મ તિર્યંચગતિ પ્રાયોગ્યબંધિ પ્રકૃતિની સાથે જ બંધાય છે.

આહારકદ્વિક અને જિનનામકર્મ પણ અનુક્રમે સંયમ અને સમ્યક્ત્વ પ્રત્યય વડે જ બંધાય છે, અન્યદા બંધાતી નથી. બાકીની શરીરાદિ ૬૬ પ્રકૃતિઓ સવિપક્ષવાળી

**હોવાથી=પ્રતિપક્ષી હોવાથી, પોતાના હેતુના સદ્ભાવમાં પણ અવશ્ય બંધ નથી, એ પ્રમાણે તથાપણું=અધ્રુવબંધીપણું સુપ્રતીત છે.**

❖ પરાઘાત અને ઉચ્છ્વાસનામકર્મ પર્યાપ્તનામકર્મ સાથે બંધાય છે. અપર્યાપ્તનામકર્મ સાથે બંધાતી નથી, તેથી અધ્રુવબંધી છે, એમ કહ્યું. તેનો આશય એ છે કે, જે ગુણસ્થાનકમાં પરાઘાત અને ઉચ્છ્વાસનામકર્મ બંધાય છે, તે ગુણસ્થાનકમાં પણ જ્યારે જીવ પર્યાપ્તનામકર્મ બાંધતો હોય ત્યારે જ પરાઘાતનામકર્મ અને ઉચ્છ્વાસ નામકર્મ બંધાય છે. અને જ્યારે તે જ ગુણસ્થાનકમાં જીવ અપર્યાપ્તનામકર્મ બાંધતો હોય ત્યારે પરાઘાતનામકર્મનો અને ઉચ્છ્વાસનામકર્મનો બંધ થતો નથી, માટે પરાઘાતનામકર્મ અને ઉચ્છ્વાસનામકર્મ અધ્રુવબંધી પ્રકૃતિઓ છે.

❖ આતપનામકર્મ એકેન્દ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિઓના બંધ સાથે બંધાય છે, અન્યદા નહિ, આથી અધ્રુવબંધી છે, એમ કહ્યું. તેનો આશય એ છે કે, આતપનામકર્મબંધને યોગ્ય ગુણસ્થાનકે જીવ વર્તતો હોય ત્યારે પણ, જો તે એકેન્દ્રિયનામકર્મ આદિ બાંધતો હોય તો તેની સાથે આતપનામકર્મ બંધાય છે, તે સિવાય બંધાતું નથી, માટે અધ્રુવબંધી છે. એ જ રીતે તિર્યંચગતિપ્રાયોગ્ય પ્રકૃતિ સાથે ઉદ્યોતનામકર્મ સમજવું.

❖ આહારકદ્વિક સંયમ પ્રત્યય બંધાય છે, અન્યદા નહિ, એમ કહ્યું. તેનાથી એ ફલિત થયું કે, સર્વવિરતિ ગુણસ્થાનક વગરના તો આહારકદ્વિક બાંધતા નથી પણ સંયમના ગુણસ્થાનકમાં વર્તતા જીવો પણ ક્યારેક એવો અધ્યવસાય થાય ત્યારે જ આહારકદ્વિક બાંધે છે, અન્યદા બાંધતા નથી.

❖ જિનનામકર્મ સમ્યક્ત્વ પ્રત્યય બંધાય છે, અન્યદા નહિ, એમ કહ્યું. તેનાથી એ ફલિત થયું કે, જિનનામકર્મ બધા સમ્યગ્દૃષ્ટિ જીવો બાંધતા નથી, પરંતુ કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવને તેવો વિશુદ્ધ અધ્યવસાય થાય ત્યારે બાંધે છે, માટે તે અધ્રુવબંધી છે.

❖ આ સિવાયની બાકીની ૬૬ પ્રકૃતિઓ પ્રતિપક્ષી હોવાથી સ્વહેતુની હાજરીમાં પણ એક બંધાય ત્યારે બીજી બંધાતી નથી, માટે અધ્રુવબંધી છે.

**ટીકા :-**

**तत्र ध्रुवबन्धिनीषु भङ्गत्रयम्, अनाद्यनन्तो बन्धः, अनादिसान्तः, सादिसान्तश्च । तत्र प्रथमभङ्गकः सर्वासामपि तासामभव्याश्रितः, तद्बन्धस्यानाद्यनन्तत्वादिति । द्वितीयभङ्गकस्तु ज्ञानावरणपञ्चकदर्शना-**

वरणचतुष्कान्तरायपञ्चकलक्षणानां चतुर्दशप्रकृतीनाम् अनादिकालात् संतानभावे प्रवृत्तस्य बन्धस्य सूक्ष्मसम्परायचरमसमये यदा व्यवच्छेदः तदा । आसामेव चतुर्दशप्रकृतीनामुपशान्तमोहे यदाऽबन्धकत्वमासाद्याऽऽयुः-क्षयेणाद्धाक्षयेण वा प्रतिपतितः सन् पुनर्बन्धेन सादिबन्धं विधाय भूयोऽपि सूक्ष्मसम्परायचरमसमये यदा बन्धविच्छेदं विधत्ते तदा तृतीयः । संज्वलनकषाय-चतुष्कस्य तु सदैव प्रवृत्तबन्धभावस्य यदाऽनिवृत्तिबादरादिर्बन्धविच्छेदं विधत्ते तदा द्वितीयः । ततः प्रतिपतितस्य पुनर्बन्धेन संज्वलनबन्धं सादि कृत्वा कालान्तरेऽनिवृत्तिबादरादिभावप्राप्तौ तद्बन्धविच्छेदसमये तृतीयः । निद्राप्रचलातैजस-कार्मणवर्णचतुष्काऽगुरुलघूपघातनिर्माणभयजुगुप्सास्वरूपाणां त्रयोदशप्रकृतीनामनादिकालादनादिबन्धं विधाय यदाऽपूर्वकरणाद्धायां यथास्थानं बन्धोपरमं करोति तदा द्वितीयो भङ्गः । यदा तु ततः प्रतिपतितस्य पुनर्बन्धेन सादित्वमासादयन् बन्धः कालान्तरेऽपूर्वकरणमारूढस्य निवर्त्तते तदा तृतीयः। चतुर्णां प्रत्याख्यानावरणानां बन्धो देशविरतगुणस्थानकं यावदनादिस्ततः प्रमत्तादौ बन्धोपरमात् सान्त इति द्वितीयः । प्रतिपतितबन्धापेक्षया तृतीयः । अप्रत्याख्यानावरणानां त्वविरतसम्यग्दृष्टिं यावदनादिबन्धं कृत्वा देशविरतादा-वबन्धकत्वसमये द्वितीयः । प्रतिपातापेक्षया तृतीयः । मिथ्यात्वस्त्यानर्द्धित्रिका-नन्तानुबन्धिनां तु मिथ्यादृष्टिरनादिबन्धको यदा सम्यक्त्वाऽवाप्तौ बन्धोपरमं करोति तदा द्वितीयो भङ्गः । पुनर्मिथ्यात्वे गत्वा तान् बद्ध्वा यदा भूयोऽपि सम्यक्त्वलाभे न बध्नाति तदा तृतीयः । इत्येवं ध्रुवबन्धिनीनां भङ्गत्रयम् । साद्यनन्तभङ्गकस्तु विरोधादेवानुद्भाव्यः । अध्रुवबन्धिनीनां त्वध्रुवबन्धित्वादेव सादिसान्तलक्षण एक एव भङ्गो लभ्यते । अधिकमस्मत्कृतकर्मप्रकृति-वृत्त्यादेरवसेयम् ।।१२।।

**ટીકાર્થ :-**

तत्र ..... अनाद्यनन्तत्वादिति । તેમાં=ધ્રુવબંધી-અધ્રુવબંધીરૂપ પ્રકૃતિના ભેદો

બતાવ્યા તેમાં, ધ્રુવબંધી પ્રકૃતિઓમાં ત્રણ ભાંગાઓ પ્રાપ્ત થાય છે - (૧) અનાદિઅનંત બંધ, (૨) અનાદિસાંત બંધ અને (૩) સાદિ સાંત બંધ.

ત્યાં=આ ત્રણ ભાંગા કહ્યા ત્યાં, બધી પણ તેઓનો=ધ્રુવબંધી પ્રકૃતિઓનો, પ્રથમ ભાંગો અભવ્ય આશ્રિત છે; કેમ કે, તેના બંધનું=અભવ્યના બંધનું, અનાદિઅનંતપણું છે.

❖ 'इति' શબ્દ પ્રથમ ભાંગાની સમાપ્તિસૂચક છે.

અભવ્ય જીવો પ્રથમ ગુણસ્થાનકથી ઉપર જતા નથી અને પહેલા ગુણસ્થાનકે બધી ધ્રુવબંધી પ્રકૃતિઓ સતત બંધાય છે. તેથી ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓનો અભવ્યને અનાદિઅનંત બંધ પ્રાપ્ત થાય છે.

'द्वितीयभङ्गकस्तु ..... तदा ।' વળી જ્ઞાનાવરણપંચક, દર્શનાવરણ ચતુષ્ક, અંતરાયપંચકરૂપ ૧૪ પ્રકૃતિઓનો અનાદિકાળથી સંતાનભાવ હોતે છતે=અનાદિકાળથી પ્રવાહ હોતે છતે, પ્રવૃત્ત બંધનો સૂક્ષ્મસંપરાયના ચરમસમયે જ્યારે વ્યવચ્છેદ થાય છે, ત્યારે બીજો ભાંગો=અનાદિ સાંત ભાંગો છે.

'आसामेव ..... तृतीयः ।' આ જ ચૌદ પ્રકૃતિઓનો ઉપશાંત મોહ ગુણસ્થાનકમાં જ્યારે અબંધકપણું પામીને આયુષ્યના ક્ષય વડે કે અદ્ધાક્ષય વડે=ગુણસ્થાનકની કાળ મર્યાદાના ક્ષયથી, પડેલો છતો જીવ પુનર્બંધ વડે સાદિબંધ કરીને ફરી પણ સૂક્ષ્મસંપરાયના ચરમસમયે જ્યારે બંધવિચ્છેદ થાય છે, ત્યારે ત્રીજો ભાંગો= સાદિસાંત ભાંગો પ્રાપ્ત થાય છે.

જ્ઞાનાવરણ પાંચ, દર્શનાવરણ ચાર અને અંતરાય પાંચ આ જ ચૌદ પ્રકૃતિઓનો ઉપશાંતમોહગુણસ્થાનકે અબંધ થઈને પછી આયુક્ષયથી કે ઉપશાંતમોહ ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થવાથી જ્યારે જીવ નીચલા ગુણસ્થાનકે આવે અને આ પ્રકૃતિઓનો ફરી બંધ શરૂ કરે ત્યારે તેનો સાદિ બંધ થાય. વળી ફરી જ્યારે ક્ષપકશ્રેણિ માંડીને કે ઉપશમશ્રેણિ માંડીને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમસમયે એ બંધનો વિચ્છેદ થાય ત્યારે આ સાદિસાંત ત્રીજો ભાંગો હોય છે.

संज्वलनकषायचतुष्कस्य ..... तृतीयः । - વળી ચાર સંજ્વલન કષાયનો હંમેશાં જ પ્રવૃત્ત બંધભાવનો, જ્યારે અનિવૃત્તિબાદરાદિ ગુણસ્થાનકે બંધવિચ્છેદ થાય છે, ત્યારે બીજો અનાદિ સાંતભાંગો પ્રાપ્ત થાય છે; અને (ઉપશમ શ્રેણિમાં ચડેલો જીવ) જ્યારે ત્યાંથી પડે છે ત્યારે ફરી બંધ વડે સંજ્વલના બંધની સાદિ કરીને કાલાંતરે

અનિવૃત્તિબાદરાદિ ભાવને પ્રાપ્ત કરે છે, ત્યારે તેના બંધના=સંજ્વલન ચતુષ્કના બંધના, વિચ્છેદના સમયે ત્રીજો ભાંગો=સાદિસાંત ભાંગો પ્રાપ્ત થાય છે.

निद्राप्रचला ..... तदा तृतीयः । - નિદ્રા, પ્રચલા, તૈજસ, કાર્મણ, વર્ણચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, ભય, જુગુપ્સારૂપ ૧૩ પ્રકૃતિઓનો અનાદિકાળથી અનાદિબંધને કરીને જ્યારે અપૂર્વકરણાદ્ધામાં=અપૂર્વકરણ ગુણસ્થાનકમાં, યથાસ્થાને=યોગ્યસ્થાને, બંધનો ઉપરમ=બંધનો અભાવ, કરે છે, ત્યારે બીજો ભાંગો=અનાદિ સાંત ભાંગો, પ્રાપ્ત થાય છે, અને જ્યારે વળી ત્યાંથી=અપૂર્વકરણ ગુણસ્થાનકથી, પડેલાને ફરી બંધ વડે સાદિપણાને પામેલો બંધ કાલાંતરે અપૂર્વકરણ આરૂઢ થયેલાને નિવર્તન પામે છે, ત્યારે ત્રીજો ભાંગો=સાદિસાંત ભાંગો, પ્રાપ્ત થાય છે. અર્થાત્ અપૂર્વકરણ ગુણસ્થાનકથી પડેલો જીવ ફરી આ તેર પ્રકૃતિઓને બાંધે છે, ત્યારે આ તેર પ્રકૃતિઓ સાદિપણાને પામે છે અને કાલાંતરમાં ફરી જીવ અપૂર્વકરણ ગુણસ્થાનકે આરૂઢ થાય છે, ત્યારે આ તેર પ્રકૃતિઓનો બંધ નિવર્તન પામે છે, ત્યારે સાદિસાંત ભાંગો પ્રાપ્ત થાય છે.

चतुर्णां प्रत्याख्यानावरणानां ..... तृतीयः । - ચાર પ્રત્યાખ્યાનાવરણનો બંધ દેશવિરતિ ગુણસ્થાનક સુધી અનાદિ છે, ત્યાર પછી પ્રમત્તાદિ ગુણસ્થાનકમાં બંધ અટકવાથી સાંત થાય છે. તેથી પ્રત્યાખ્યાનવરણ ક્રોધ-માન-માયા-લોભનો અનાદિસાંત બીજો ભાંગો પ્રાપ્ત થાય છે. (અને) પ્રતિપતિત બંધની અપેક્ષાએ= જ્યારે જીવ પ્રમત્તાદિ ગુણસ્થાનકથી પડે છે ત્યારે, એનો બંધ ન હોય અને પછી નીચે આવી બંધનો પ્રારંભ કરી પાછો છઠ્ઠા વગેરે ગુણસ્થાનકે જઈ બંધવિચ્છેદ કરે ત્યારે, ત્રીજો સાદિસાંત ભાંગો ચાર પ્રત્યાખ્યાનાવરણમાં પ્રાપ્ત થાય છે.

❖ प्रमत्तादौ - અહીં 'आदि' પદથી અપ્રમત્ત ગુણસ્થાનકનું ગ્રહણ કરેલ છે. કેટલાક જીવો સાતમા ગુણસ્થાનકમાં પણ જઈને પાછા નીચે આવે છે, માટે તેનું ગ્રહણ કરેલ છે.

अप्रत्याख्यानावरणानां ..... तृतीयः । - વળી અપ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયોનો અવિરતસમ્યગ્દૃષ્ટિ સુધી અનાદિ બંધ કરીને દેશવિરતિ આદિ ગુણસ્થાનકમાં અબંધપણાના સમયે=બંધવિચ્છેદ કરે ત્યારે, બીજો અનાદિસાંત ભાંગો પ્રાપ્ત થાય છે.

(અને) પ્રતિપાતની અપેક્ષાએ=દેશવિરતિ આદિ ગુણસ્થાનકને પામીને ફરી તેઓ પડે છે, ત્યારે બંધનો પ્રારંભ કરી પુનઃ ઉપર જઈ બંધવિચ્છેદ કરે એટલે ત્રીજો સાદિસાંત ભાંગો ચાર અપ્રત્યાખ્યાનાવરણમાં પ્રાપ્ત થાય છે.

❖ અહીં देशविरतादौ માં 'आदि'થી છટ્ઠા અને સાતમા ગુણસ્થાનકનું ગ્રહણ કરેલ છે.

मिथ्यात्वस्यानर्द्धित्रिक ... तृतीयः । - **મિથ્યાત્વ, થીણદ્ધિત્રિક=નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા અને થીણદ્ધિ, અને અનંતાનુબંધી ચાર કષાયનો મિથ્યાદૃષ્ટિ અનાદિબંધક જ્યારે સમ્યક્ત્વ પામે ત્યારે બંધનો ઉપરમ=બંધનો વિચ્છેદ કરે છે ત્યારે, અનાદિસાંત બીજો ભાંગો પ્રાપ્ત થાય છે, વળી મિથ્યાત્વે જઈને તે પ્રકૃતિઓને બાંધીને જ્યારે ફરી પણ સમ્યક્ત્વના લાભકાળમાં (તે પ્રકૃતિઓને) બાંધતો નથી, ત્યારે સાદિસાંત ત્રીજો ભાંગો પ્રાપ્ત થાય છે.**

इत्येवं ..... अनुद्भाव्यः । - **આ રીતે ધ્રુવબંધી પ્રકૃતિઓના - (૧) અનાદિઅનંત (૨) અનાદિ સાંત અને (૩) સાદિ સાંત એમ ત્રણ ભાંગા પ્રાપ્ત થાય છે વળી (૪) સાદિઅનંત ભાંગો વિરોધ હોવાથી જ અનુદ્ભાવ્ય છે=પ્રાપ્ત થતો નથી.**

अध्रुवबन्धिनीनां ..... लभ्यते । - **વળી અધ્રુવબંધી પ્રકૃતિઓનું અધ્રુવબંધીપણું હોવાથી જ સાદિસાંતરૂપ એક જ ભાંગો પ્રાપ્ત થાય છે.**

अधिकम् ..... अवसेयम् ।।१२।। - **ધ્રુવબંધી આદિ પ્રકૃતિના વિષયમાં અધિક અમારાથી કરાયેલ=પૂ. ઉપાધ્યાયજી મહારાજ કૃત, કર્મપ્રકૃતિની વૃત્તિ આદિથી જાણવું, એ પ્રકારે ગ્રંથકારશ્રી સૂચન કરે છે. ॥૧૨॥**

પૂર્વ ગાથાઓમાં એ સ્થાપન કર્યું કે, વિધિશુદ્ધ પૂજામાં થતી દ્રવ્યહિંસાથી લેશ પણ કર્મબંધ નથી. ત્યાં પૂર્વપક્ષી 'ननु' થી શંકા કરે છે કે –

**અવતરણિકા :-**

**[ननु पूजापञ्चाशके 'एयस्स समत्तीए' इत्यनेन प्रणिधानं चैत्यवन्दनान्ते कर्त्तव्यतया प्रोक्तमिति पूजादिकाले प्रणिधानाभावेन हिंसादोषत्वं पूजायामक्षतमेव] प्रणिधानप्रधानेन तु चैत्यवन्दनेन तदपनीयते। अत एव प्रणिधानाद्याशयराहित्यात्, द्रव्यक्रियारूपत्वेन पूजाया द्रव्यस्तवत्वं इत्यत्राह-**

❖ ગાથા-૧૨ની સમાપ્તિ પછી प्रणिधानप्रधानेन तुं ..... ઈત્યાદિ અધિકાર છે, તે અન્ય મુદ્રિત પુસ્તકોમાં ગાથા-૧૨ની સાથે જ જોડાણરૂપે છે, પણ સ્વતંત્ર ગાથા-૧૩ રૂપે આ કથન નથી. આમ છતાં, શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ તરફથી પ્રકાશિત થયેલ મુદ્રિત પુસ્તકમાં ગાથા-૧૩નો અધિકાર "दव्वत्थओ पुप्फाई ..." ઈત્યાદિ જુદો પાડીને

બતાવેલ છે, તે ગાથા-૧૨નો સંબંધ જોતાં સંગત જણાય છે. ગાથા-૧૨ માં ધ્રુવબંધી પ્રક્રિયાનો જે અધિકાર કહ્યો, તેની સાથે ગાથા-૧૩ના કથનનો સંબંધ જોડી શકાતો નથી. તેથી ગાથા-૧૩ની અવતરણિકારૂપે प्रणिधानप्रधाने न तु ..... ઈત્યાદિ કથન છે, પરંતુ તે કથનના જોડાણ માટે ('ननु' થી पूजायामक्षतमेव) એ કથન અવતરણિકામાં લીધું છે, તે અન્ય મુદ્રિત પુસ્તકોમાં મળતું નથી. પણ કૂપદૃષ્ટાંતના ભાષાંતરકારે અવતરણિકાના જોડાણરૂપે એ કથન સ્વબુદ્ધિથી લખેલ છે, અને એ કથનને ગ્રહણ કરીએ તો જ ગાથા-૧૩ની અવતરણિકા સંગત થાય છે. તેથી આટલો ભાગ હસ્તલિખિત પ્રત આદિમાં કોઈ રીતે છૂટી ગયો હોય એવું લાગે છે. આમ છતાં એ મુદ્રિત પુસ્તકમાં (ननु पूजापञ्चाशके 'एयस्स समत्तीए' इत्यादिना प्रणिधानं चैत्यवन्दनान्ते कर्तव्यतया प्रोक्तमिति पूजादिकाले शुभोपयोगाभावेनाल्पदोषत्वं पूजायामक्षतमेव,) સુધીનું કૌંસમાં લખાણ છે, તેને નીચે પ્રમાણે લખીએ તો વધારે સંગત જણાય છે. તેથી એ કથનને સુધારીને અમે આ પ્રમાણે જોડાણ કરેલ છે.

[ ननु पूजापञ्चाशके 'एयस्स समत्तीए इत्यनेन प्रणिधानं चैत्यवन्दनान्ते कर्तव्यतया प्रोक्तमिति पूजादिकाले प्रणिधानाभावेन हिंसादोषत्वं पूजायामक्षतमेव આવો પાઠ અમને ભાસે છે. ]

**અવતરણિકાર્થ :-**

**'ननु' થી પૂર્વપક્ષી શંકા કરે છે કે, પૂજા પંચાશકમાં 'एयस्स समत्तीए' એ પ્રકારની ગાથા વડે ચૈત્યવંદનના અંતમાં કર્તવ્યપણારૂપે પ્રણિધાન કહેલું છે, એથી કરીને દ્રવ્યસ્તવમાં પ્રણિધાનનો અભાવ છે, એમ ફલિત થાય છે. એથી પૂજામાં હિંસાદોષપણું અક્ષત છે જ અને પૂજા કર્યા પછી પ્રણિધાનપ્રધાન એવા ચૈત્યવંદનથી તે=પૂજામાં થયેલ હિંસાકૃત કર્મબંધ, દૂર કરી શકાય છે. આથી કરીને જ=પૂજામાં હિંસારૂપ દોષની પ્રાપ્તિ છે અને તે દોષનો નાશ ચૈત્યવંદનમાં કરાયેલા પ્રણિધાનથી થાય છે, આથી કરીને જ, પ્રણિધાનાદિ આશયરહિત એવી પૂજાની ક્રિયા દ્રવ્યક્રિયારૂપ હોવાથી પૂજાનું દ્રવ્યસ્તવપણું છે, એ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીને એ કહેવું છે કે, પૂજા પંચાશકના एयस्स समत्तीए વચનથી નક્કી થાય છે કે, ચૈત્યવંદનની ક્રિયાના અંતમાં જયવીયરાય સૂત્ર બોલવા દ્વારા પ્રણિધાન થાય છે,

તેથી ભગવાનની પૂજાની ક્રિયા તો પ્રણિધાનાદિ આશય વગરની છે. માટે પ્રણિધાનાદિ આશય વગરની ક્રિયામાં શુભભાવ સંભવે નહિ, તેથી પૂજામાં થતી હિંસાથી પાપબંધ થાય છે, અને તે બંધાયેલું પાપ પ્રણિધાનવાળા એવા ચૈત્યવંદનના કાળમાં થતા શુભભાવથી નાશ પામે છે. તેથી એ નક્કી થાય છે કે, પૂજાની ક્રિયા હિંસારૂપ હોવાથી અકર્તવ્ય જ છે. અને આથી જ પ્રણિધાનાદિ આશયરહિત એવી પૂજાની ક્રિયા હોવાથી તે દ્રવ્યક્રિયારૂપ છે, અને દ્રવ્યક્રિયારૂપ હોવાથી પૂજાને દ્રવ્યસ્તવ કહેવાય છે. એ પ્રકારના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**दव्वथओ पुप्फाई ण उ पणिहाणाइविरहओ चेव ।**
**पणिहाणाई अन्ते भिण्णं पूव्विं तु सामण्णं ।।१३।।**

**છાયા :-**

(द्रव्यस्तवः पुष्पादि न तु प्रणिधानादिविरहतश्चैव ।
प्रणिधानादि अन्ते भिन्नं पूर्वं तु सामान्यम् ।।१३।।)

**અન્વય :-**

दव्वथओ पुप्फाई ण उ पणिहाणाइविरहओ चेव, अन्ते पणिहाणाई भिण्णं पूव्विं तु सामण्णं ।।१३।।

**ગાથાર્થ :-**

**પુષ્પાદિથી થાય છે, માટે દ્રવ્યસ્તવ છે, પરંતુ પ્રણિધાનાદિથી વિરહિત હોવાને કારણે દ્રવ્યસ્તવ નથી. ચૈત્યવંદનના અંતે (જે) પ્રણિધાનાદિ છે (તે) ભિન્ન છે. વળી પૂર્વે=પૂજાકાળમાં સામાન્ય (પ્રણિધાન) છે. ।।૧૩।।**

**ટીકા :-**

'दव्वथउ पुप्फाई, सन्तगुणकित्तणा भावे' **इति निर्युक्तिवचनाद्द्रव्येण पुष्पादिना स्तवो द्रव्यस्तव इति व्युत्पत्तेर्जिनपूजाया द्रव्यस्तवत्वमुच्यते गुणवत्तया ज्ञानजनकः शब्दः (स्तवः) इत्यत्र वर्णध्वनिसाधारणं ताल्वोष्ठपुटादिजन्य-व्यापारत्वं शब्दत्वमिति जन्यान्तपरिहारेण व्यापारमात्रस्यैव ग्रहणौचित्यात्,**

**आलङ्कारिकमते चेष्टादिव्यापारस्य व्यञ्जकस्य ग्रहणावश्यकत्वेनोक्तपरिहार-स्यावश्यकत्वाच्च ।**

**ટીકાર્થ :-**

दव्वथउ ..... उच्यते । દ્રવ્યસ્તવ પુષ્પાદિ છે અને ભાવસ્તવ વિદ્યમાન ગુણોની કીર્તનારૂપ છે. **એ પ્રકારના નિર્યુક્તિના વચનથી દ્રવ્ય એવા પુષ્પાદિથી સ્તવ તે દ્રવ્યસ્તવ. આ પ્રકારે વ્યુત્પત્તિથી જિનપૂજાનું દ્રવ્યસ્તવપણું કહેવાય છે.**

પુષ્પાદિથી જિનપૂજાને દ્રવ્યસ્તવ કહ્યો. પરંતુ પુષ્પાદિરૂપ દ્રવ્યથી થાય છે, એ અપેક્ષાએ દ્રવ્ય કહી શકાય પણ 'સ્તવ' શબ્દનો અર્થ તો ગુણવાનપણા વડે કરીને જ્ઞાનજનક શબ્દવ્યાપારરૂપ છે, તે પ્રસ્તુત પુષ્પાદિથી થતી પૂજામાં સંગત થતો નથી. તેથી પુષ્પાદિથી થતી પૂજાને દ્રવ્યસ્તવ કેમ કહી શકાય ? તેના ખુલાસારૂપે કહે છે -

**गुणवत्तया ..... ग्रहणौचित्यात् ગુણવાનપણા વડે કરીને જ્ઞાનજનક શબ્દ છે તે સ્તવ છે. એ પ્રકારના લક્ષણમાં वर्णध्वनिसाधारणं ताल्वोष्ठपुटादिजन्यव्यापारत्वं शब्दत्वम्=વર્ણ-ધ્વનિ સાધારણ અને તાળુ-ઓષ્ઠ વગેરેથી પેદા થયેલું વ્યાપારત્વ તે શબ્દત્વ, એ પ્રકારના શબ્દના લક્ષણમાં જન્ય અંત સુધીના ભાગનો ત્યાગ કરીને= वर्णध्वनिसाधारणं ताल्वोष्टपुटादिजन्य આટલા ભાગનો ત્યાગ કરીને, વ્યાપારમાત્રના જ ગ્રહણનું ઉચિતપણું છે=व्यापारत्वं शब्दत्वं આટલું ગ્રહણ કરવું ઉચિત છે, તેથી પુષ્પાદિથી થતી પૂજાને દ્રવ્યસ્તવ અમે કહેલ છે.**

**ભાવાર્થ :-**

ગુણવાન જીવને ગુણવાનરૂપે જાણીને આ જીવ ગુણવાન છે, એવા પ્રકારનું પોતાને જ્ઞાન પેદા થાય તેવો શબ્દપ્રયોગ કરાય તે 'સ્તવ' શબ્દનો અર્થ છે અને 'શબ્દ' એ અકારાદિવર્ણરૂપ છે અને અકારાદિ ઉચ્ચારકાળમાં ઉત્પન્ન થતાં ધ્વનિ સ્વરૂપ છે અને તે તાલુ-હોઠાદિથી જન્ય વ્યાપારરૂપ છે. આવા પ્રકારના વર્ણ-ધ્વનિ સાધારણ તાલુ-હોઠાદિથી જન્ય વ્યાપારરૂપ શબ્દ છે અને આવા પ્રકારના વ્યાપારને સ્તવ કહેવામાં આવે છે.

वर्णध्वनिसाधारणं ताल्वोष्ठपुटादिजन्यव्यापारत्वं शब्दत्वम् આ પ્રકારના સ્તવના લક્ષણમાં वर्णध्वनिसाधारणं ताल्वोष्टपुटादिजन्य સુધીના ભાગનો ત્યાગ કરીને ફક્ત ગુણવાનપણા વડે કરીને જ્ઞાનજનક વ્યાપાર તે સ્તવ છે, એવો અર્થ ગ્રહણ કરીએ તો દ્રવ્યસ્તવમાં પણ

તે સંગત થાય છે. કેમ કે, ભગવાનની પૂજાકાળમાં પુષ્પાદિથી જ્યારે પૂજા કરવામાં આવે છે, ત્યારે આ ભગવાન ગુણવાન છે, એ પ્રકારનો જ્ઞાનજનક વ્યાપાર ત્યાં પ્રવર્તે છે. તેથી તેને 'સ્તવ' કહેવાય છે અને પુષ્પાદિ દ્રવ્ય વડે થાય છે, માટે તેને 'દ્રવ્યસ્તવ' કહેવાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં 'સ્તવ' શબ્દનો અર્થ ગુણવાનપણા વડે જ્ઞાનજનક શબ્દવ્યાપાર કર્યો અને ત્યાં જ્ઞાનજનક શબ્દનો અર્થ કરતાં કહ્યું કે, વર્ણધ્વનિસાધારણ તાલુ-ઓષ્ઠપુટાદિજન્ય વ્યાપારત્વ એ શબ્દ છે. આ પ્રકારના લક્ષણમાં જન્ય સુધીના ભાગનો ત્યાગ કરીને વ્યાપારમાત્રથી ગ્રહણ કરેલ ભાગને સ્તવનું લક્ષણ કરવામાં આવે તો પૂજાને સ્તવ કહેવામાં કોઈ દોષ નથી. આમ છતાં ત્યાં પ્રશ્ન થાય કે, 'સ્તવ' શબ્દ તો વચનો દ્વારા સ્તુતિરૂપ છે. તેથી જન્ય અંત સુધીના ભાગનો ત્યાગ કરીને વ્યાપારમાત્રનું ગ્રહણ કઈ રીતે થઈ શકે ? તેથી બીજો હેતુ કહે છે –

**ટીકાર્થ :-**

**आलङ्कारिकमते ..... आवश्यकत्वाच्च । આલંકારિક મતે વ્યંજક એવા ચેષ્ટાદિ વ્યાપારના ગ્રહણનું આવશ્યકપણું હોવાના કારણે, ઉક્ત પરિહારનું= જન્ય અંત સુધીના ભાગના ત્યાગનું, આવશ્યકપણું છે.**

**ભાવાર્થ :-**

આલંકારિક મત 'સ્તવ' શબ્દનો અર્થ એ કરે છે કે, ગુણવાન જીવને ગુણવાનરૂપે જ્ઞાનથી ઉપસ્થિત કરવાને અનુકૂળ એવો જે માનસ યત્ન, તે સ્તવ છે, અને તે સ્તવમાં તાલુ-ઓષ્ઠાદિ ચેષ્ટારૂપ વ્યાપાર છે તે વ્યંજક છે. તેથી તે અભિવ્યંજકનો લક્ષણમાં પ્રવેશ થાય નહિ, તેથી, આલંકારિક મતને સામે રાખીને ગ્રંથકારે જન્ય અંત સુધીના ભાગનો પરિહાર કરીને વ્યાપારમાત્રને ગ્રહણ કર્યું તે ઉચિત જ છે, અને તે રીતે અર્થ કરવાથી ભગવાનની પુષ્પાદિથી કરાતી પૂજામાં દ્રવ્યસ્તવનો વ્યાપાર સંગત થાય છે.

**ઉત્થાન :-**

અવતરણિકામાં 'ननु' થી પૂર્વપક્ષીએ કહેલ કે, જયવીયરાય સૂત્રથી ચૈત્યવંદનના અંતે પ્રણિધાન કરાય છે, તેથી ચૈત્યવંદનની પૂર્વની પૂજાની ક્રિયામાં પ્રણિધાનઆશય નથી, અને પ્રણિધાનઆશય નહિ હોવાને કારણે જ તે દ્રવ્યસ્તવ છે. તેનું નિરાકરણ

કરતાં કહે છે –

**ટીકા :-**

**न तु प्रणिधानादिविरहादेव द्रव्यस्तवत्वं, तथा सति तुच्छत्वेनाऽप्राधान्यरूपद्रव्यपदार्थत्वप्रसङ्गात् ।**

**ટીકાર્થ :-**

न तु ..... प्रसङ्गात् । **પૂજામાં પ્રણિધાનાદિ આશયના વિરહને કારણે જ દ્રવ્યસ્તવપણું છે, એમ નથી; કેમ કે, તેમ હોતે છતે તુચ્છપણાને કારણે અપ્રધાનપણારૂપ દ્રવ્યપદાર્થત્વનો પ્રસંગ પ્રાપ્ત થશે.**

**ભાવાર્થ :-**

પૂજામાં પ્રણિધાનાદિ આશયનો વિરહ હોવાને કારણે જ પૂજાને દ્રવ્યસ્તવ કહેવાય છે, એવું પ્રસ્તુત ગાથા-૧૩ની અવતરણિકામાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું, તે બરાબર નથી; કેમ કે, તેમ સ્વીકારવામાં આવે તો પૂજાની ક્રિયા તુચ્છ પ્રાપ્ત થાય. અર્થાત્ ધર્મના અનુષ્ઠાનરૂપ સ્વીકારી શકાય નહિ, અને તેથી પૂજાને અપ્રધાન દ્રવ્યસ્તવ કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. કેમ કે, ષોડશક વગેરે ગ્રંથોમાં પ્રણિધાનાદિ આશય વગરની પૂજાને અપ્રધાન દ્રવ્યપૂજારૂપે કહેલ છે. અને જે અપ્રધાન દ્રવ્યક્રિયા હોય તે મોક્ષનું કારણ કહી શકાય નહિ, અને તેમ સ્વીકારીએ તો ભગવાનની પૂજાને પણ મોક્ષનું કારણ માની શકાય નહિ. માટે પૂજા પ્રણિધાનાદિ આશય વગરની છે, તેથી દ્રવ્યસ્તવ છે, એમ જે પૂર્વપક્ષી કહે છે, તે ઉચિત નથી.

◆ **प्रणिधानादिविरहादेव** - પ્રણિધાનાદિના વિરહને કારણે જ દ્રવ્યસ્તવ છે, તેમ ન કહેવું એમ કહ્યું, ત્યાં '**एव**' કારથી એ કહેવું છે કે, ભગવાનની પૂજા કોઈ જીવ પ્રણિધાનાદિ આશય વગરની કરતો હોય ત્યારે તો એ દ્રવ્ય ક્રિયા છે, તેથી તુચ્છ ક્રિયા છે, એ અર્થમાં 'દ્રવ્ય' શબ્દનો પ્રયોગ થાય જ છે. પરંતુ કોઈ જીવ પ્રણિધાનાદિ આશયપૂર્વક પૂજા કરતો હોય ત્યારે પણ આ ભગવાનની પુષ્પાદિથી પૂજા કરાય છે, અને પુષ્પાદિ દ્રવ્યરૂપ છે, માટે દ્રવ્યસ્તવરૂપ છે, તેમ પણ કહેવાય છે. તેથી પુષ્પાદિથી કરાતી પૂજા પ્રણિધાનાદિ આશયના વિરહથી કરાતી હોય ત્યારે તો દ્રવ્યસ્તવરૂપ છે જ, પરંતુ પ્રણિધાનાદિ આશયપૂર્વક કરાતી હોય ત્યારે પણ પુષ્પાદિ દ્રવ્યોથી કરાય છે, તે અપેક્ષાએ દ્રવ્યસ્તવ છે, તેથી પ્રણિધાનાદિના વિરહથી જ દ્રવ્યસ્તવ નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે, પ્રણિધાનાદિ આશયના અભાવને કારણે જો પૂજાને દ્રવ્યસ્તવ કહીએ તો અપ્રધાન દ્રવ્યસ્તવ કહેવાનો પ્રસંગ આવે, તે જ વાત ષોડશકમાં કહી છે, તે બતાવે છે –

**ટીકા :-**

**तदुक्तं षोडशके-**

'प्रणिधि-प्रवृत्ति-विघ्नजय-सिद्धि-विनियोग-भेदतः प्रायः ।
धर्मज्ञैराख्यातः, शुभाशयः पञ्चधाऽत्र विधौ ।।१।।

प्रणिधानं तत् समये, स्थितिमत्तदधःकृपानुगं चैव ।
निरवद्य-वस्तुविषयं, परार्थनिष्पत्तिसारं च ।।२।।

तत्रैव तु प्रवृत्तिः शुभसारोपायसङ्गतात्यंतम् ।
अधिकृतयत्नातिशया-दौत्सुक्यविवर्जिता चैव ।।३।।

विघ्नजयस्त्रिविधः खलु, विज्ञेयो हीनमध्यमोत्कृष्टः ।
मार्ग इह कण्टक-ज्वर-मोहजयसमः प्रवृत्तिफलः ।।४।।

सिद्धिस्तत्तद्धर्मस्थानावाप्तिरिह तात्त्विकी ज्ञेया ।
अधिके विनयादियुता, हीने च दयादिगुणसारा ।।५।।

सिद्धेश्चोत्तरकार्यं विनियोगोऽवन्ध्यमेतदेतस्मिन् ।
सत्यन्वय-सम्पत्त्या, सुन्दरमिति तत्परं यावत् ।।६।।

आशयभेदा एते, सर्वेऽपि हि तत्त्वतोऽनुमन्तव्याः ।
भावोऽयमनेन विना, चेष्टा द्रव्यक्रिया तुच्छा' ।।७।। इति ।

**ટીકાર્થ :-**

**तदुक्तं षोडशके - ષોડશકમાં તે કહેલું છે - "प्रणिधि ..... विधौ ।।**

(૧) 'प्रणिधि'=અહીં=પુષ્ટિ-શુદ્ધિના અનુબંધ પ્રક્રમમાં, વિધિવિષયક= વિહિત આચાર વિષયક, પ્રાયઃ કરીને ધર્મના જાણકારો વડે પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ

અને વિનિયોગના ભેદથી પાંચ પ્રકારનો શુભાશય કહેલ છે.

(૨) प्रणिधानं ..... परार्थनिष्पत्तिसारं च ।। પ્રતિપન્ન ધર્મસ્થાનની મર્યાદામાં અવિચલિત સ્વભાવવાળું અર્થાત્ તેની સિદ્ધિ સુધી સંસ્કારાત્મના=સંસ્કારરૂપે, અવિચલિત સ્વભાવવાળું, तदधः कृपानुगं चैव=સ્વપ્રતિપન્ન ધર્મસ્થાનથી જે નીચેના ગુણસ્થાનવર્તી જીવો હોય તેના પ્રત્યે કૃપાવાળું, પરંતુ ગુણહીન હોવાથી તેઓ પ્રત્યે દ્વેષાન્વિત નહિ, निरवद्यवस्तुविषयं - નિરવદ્ય વસ્તુ વિષયમાં પ્રવૃત્તિવાળું, परार्थनिष्पत्तिसारं - પરોપકારસિદ્ધિપ્રધાન=પરોપકારની વાસનાથી વિશિષ્ટ, એવું ચિત્ત વર્તતું હોય તે પ્રણિધાન આશય છે.

(૩) तत्रैव तु प्रवृत्तिः ..... चैव । ત્યાં જ=અધિકૃત ધર્મસ્થાનમાં જ, અત્યંત શુભ-સાર ઉપાયથી સંગત, અને અધિકૃત ધર્મસ્થાનમાં વર્તતા યત્નાતિશયને કારણે ઉત્સુકતાથી રહિત જ, પ્રવૃત્તિ નામનો આશય છે.

(૪) विघ्नजयस्त्रिविधः ..... प्रवृत्तिफलः હીન-મધ્યમ-ઉત્કૃષ્ટરૂપ વિઘ્નજય ત્રણ પ્રકારનો જાણવો, (અને તે) અહીં=જગતમાં, માર્ગમાં (પ્રવૃત્ત પુરુષના) કંટક, જ્વર અને મોહના જય સમાન, પ્રવૃત્તિફળવાળો છે.

(૫) सिद्धिः ..... दयादिगुणसारा ।। અહીં=આશયના વિચારમાં, અધિકમાં વિનયાદિથી યુક્ત અને હીનમાં દયાદિ ગુણપ્રધાનતાવાળી, તાત્ત્વિક તે તે ધર્મસ્થાનની પ્રાપ્તિ તે સિદ્ધિ જાણવી.

(૬) सिद्धेश्चोत्तरकार्यं ..... यावत् ।। સિદ્ધિનું ઉત્તરકાર્ય વિનિયોગ છે, અને આ=અહિંસાદિ ધર્મસ્થાન અવંધ્ય છે, અર્થાત્ પ્રકૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિ પ્રત્યે અવંધ્ય છે; કેમ કે, આ હોતે છતે=વિનિયોગ હોતે છતે, અન્વયસંપત્તિથી અવંધ્ય છે, એ પ્રમાણે અન્વય છે. અને વિનિયોગ આશય પ્રગટ્યા પછી પ્રગટ થયેલું ધર્મસ્થાન વિચ્છેદ વગર ઉત્તરોત્તર ભવમાં તે ધર્મસ્થાનની પ્રાપ્તિ કરાવીને પ્રકૃષ્ટ ધર્મસ્થાનનો હેતુ બને છે. તેથી તે ક્યારેય નિષ્ફળ જતું નથી, એ હેતુથી परं यावत्=પ્રકૃષ્ટ થાય ત્યાં સુધી તે સુંદર છે. અર્થાત્ અન્વયસંપત્તિથી અવંધ્ય છે એ હેતુથી પ્રકૃષ્ટ ધર્મસ્થાન પ્રાપ્ત થાય ત્યાં સુધી સુંદર છે.

(૭) आशयभेदा ..... तुच्छा ।। તત્ત્વથી આ=પ્રણિધાનાદિ સર્વ પણ આશયભેદો જાણવા, આ ભાવ છે. આના વગર=આ ભાવ વગર, માત્ર મન-વચન-કાયાની ચેષ્ટા તે દ્રવ્યક્રિયારૂપ તુચ્છ છે.

'इति' શબ્દ ષોડશકના સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે.

**ભાવાર્થ :-**

ષોડશકમાં પ્રણિધાનાદિ પાંચ આશયોનું સ્વરૂપ બતાવ્યું, અને શ્લોક-૭માં કહ્યું કે, આ પાંચ આશયભેદો જાણવા, અને આ પાંચે આશયો તે ભાવ છે, અને આ ભાવ વગરની ક્રિયા તે તુચ્છ દ્રવ્યક્રિયા છે.

આનાથી એ નક્કી થાય છે કે, જે પૂજાદિ ક્રિયામાં પ્રણિધાનાદિ પાંચ આશયોમાંથી કોઈ આશય હોય નહિ, તો તે દ્રવ્યક્રિયા તુચ્છ બને છે, માટે તે અપ્રધાન દ્રવ્યસ્તવ બને. તેથી પૂર્વમાં સ્થાપન કર્યું કે, પ્રણિધાનાદિના વિરહને કારણે જ પૂજાદિ દ્રવ્યસ્તવ નથી, પરંતુ પુષ્પાદિ દ્રવ્યથી થાય છે, માટે પણ તે દ્રવ્યસ્તવ છે.

❖ પાંચ આશયોનું વિશેષ વિવેચન ષોડશક પ્રકરણ-યોગવિંશિકા વગેરે ગ્રંથોમાંથી જાણવું-જોવું.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, પ્રણિધાનાદિના વિરહને કારણે જ પૂજાદિ દ્રવ્યસ્તવરૂપ નથી, પરંતુ પુષ્પાદિ દ્રવ્યથી થાય છે, માટે પણ દ્રવ્યસ્તવરૂપ છે. અને તેમ ન સ્વીકારીએ તો પુષ્પાદિથી થતી સર્વ પૂજા અપ્રધાન દ્રવ્યસ્તવ માનવાનો પ્રસંગ આવે. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે, પુષ્પાદિથી થતી સર્વ પૂજાને અપ્રધાન દ્રવ્યસ્તવ સ્વીકારીએ તો શું વાંધો છે ? તેથી કહે છે -

**ટીકા :-**

**न च सर्वापि जिनपूजाऽप्राधान्येनैव द्रव्यरूपा, अपूर्वत्वप्रतिसन्धान-विस्मयभवभयादिवृद्धिभावाऽभावाभ्यां द्रव्यभावेतरविशेषस्य तत्र तत्र प्रतिपादनात् ।**

**ટીકાર્થ :-**

न च सर्वापि ..... प्रतिपादनात् । **અને સર્વ પણ જિનપૂજા અપ્રધાનપણા વડે કરીને જ દ્રવ્યરૂપ નથી=અપ્રધાન દ્રવ્યસ્તવ નથી; કેમ કે, અપૂર્વપણાનું પ્રતિસંધાન, વિસ્મય, ભવભયાદિની વૃદ્ધિના ભાવ અને અભાવ દ્વારા (આ જિનપૂજા દ્રવ્ય છે કે ભાવ છે એ પ્રકારના) દ્રવ્ય-ભાવ ઈતર વિશેષનું તે તે ગ્રંથમાં પ્રતિપાદન છે.**

ભાવાર્થ :-

જે જિનપૂજામાં પ્રણિધાનાદિ આશયો નથી, તે જિનપૂજા અપ્રધાન દ્રવ્યરૂપ પરંતુ શ્રાવકો ભગવાનની જે પૂજા કરે છે, તે સર્વ જિનપૂજા અપ્રધાન દ્રવ્યરૂપ નથી; કે, શાસ્ત્રમાં કઈ જિનપૂજા દ્રવ્યપૂજારૂપ છે અને કઈ જિનપૂજા ભાવપૂજારૂપ છે, પ્રકારનો ભેદ બતાવવા માટે તે તે સ્થાનોમાં પ્રતિપાદન કરેલ છે. અને ત્યાં જે જિનપૂજ અપૂર્વપણાનું પ્રતિસંધાન, વિસ્મય અને ભવભયાદિની વૃદ્ધિ છે, તેને ભાવપૂજા કહેલ અને જે જિનપૂજામાં અપૂર્વપણાનું પ્રતિસંધાન, વિસ્મય અને ભવભયાદિની વૃદ્ધિ ન તે દ્રવ્યપૂજા છે એમ કહેલ છે. તેથી નક્કી થાય છે કે, અપૂર્વત્વપ્રતિસંધાનાદિવાળી ક્રિ ભાવપૂજારૂપ છે, માટે અપ્રધાન દ્રવ્યરૂપ નથી; અને જે પૂજામાં અપૂર્વત્વપ્રતિસંધાન નથી, તે પૂજા દ્રવ્યપૂજા છે, તેથી જ તે અપ્રધાન દ્રવ્યપૂજા છે.

અહીં અપૂર્વત્વપ્રતિસંધાનાદિ વૃદ્ધિનો અર્થ આ પ્રમાણે છે - જે જીવ ગુણવા ગુણવાનરૂપે ઓળખીને ભગવાનની પૂજા કરે છે, ત્યારે અપૂર્વ કોટિનો ભાવ થાય અને અપૂર્વ કોટિનો ભાવ થવાથી તે જાણે છે કે, આ રીતે ભગવાનને મેં ક્યારેય જોયા નથી, આથી જ મારો આ સંસાર અત્યાર સુધી જીવે છે. તેથી જ ભગવાન ગુણોને કારણે વિસ્મયનો પરિણામ થાય છે, અને ભગવાનની પૂજાની વિધિમાં જે પોતાની ત્રુટિ-સ્ખલના જુએ, તેના કારણે તેને ભવનો ભય થાય છે; કેમ કે, ભગવાન પૂજાના અપૂર્વ માહાત્મ્યને જાણીને તે જાણે છે કે, વિધિપૂર્વક કરાયેલી જિનપૂજા સંસાર ઉચ્છેદનું અવશ્ય કારણ બને છે; આમ છતાં, અનાદિ ભવ અભ્યસ્ત પ્રમાદને કા પોતે હજુ પૂજાની વિધિને સમ્યક્ કરી શકતો નથી, તેથી હજુ મારે ભવભ્રમણ ક પડશે તેવો ભય તેને થાય છે. અને ભવભ્રમણના ભયને કારણે વારંવાર તે વિધિની ત્ર દૂર કરવા માટે યત્નવાળો થાય છે.

આ બધા વિસ્મયાદિ ભાવો બતાવે છે કે, આ બધા ભાવોથી કરાતી જિન પ્રણિધાનાદિ આશયવાળી છે; કેમ કે, પ્રણિધાન આશય ગુણવાનને ગુણવાનરૂપે જો તેમના અવલંબનથી તે સ્થાનની વાંછારૂપ છે, અને આવી વાંછા થાય ત્યારે જ જિનપૂજ ક્રિયામાં અપૂર્વત્વપ્રતિસંધાન, વિસ્મય અને ભવભયાદિની વૃદ્ધિનો ભાવ થાય છે, અ ભાવોથી નક્કી થાય છે કે, આ પ્રણિધાન આશયવાળી ક્રિયા પ્રધાનદ્રવ્યસ્તવરૂપ છે

❖ भवभयादिवृद्धिभावाऽभावाभ्यां - અહીં 'आदि' પદથી ગુણાનુરાગ, મોક્ષ ઈચ્છા, ગુણસ્થાનકની પરિણતિ, ક્ષપકશ્રેણિ યાવત્ કેવલજ્ઞાનાદિ ભાવો લઈ શક અને આથી જ પુષ્પપૂજા કરતાં નાગકેતુના જીવને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયેલ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, ભગવાનની પૂજાની ક્રિયામાં પ્રણિધાનાદિ આશયો પણ છે. તો અહીં એ પ્રશ્ન થાય કે, ચૈત્યવંદનના અંતમાં પ્રણિધાનાદિ કરાય છે, તે પ્રણિધાનાદિ અને આ પ્રણિધાનાદિ વચ્ચે શું ભેદ છે ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

**यत्तु प्रणिधानादि अन्ते=चैत्यवन्दनान्ते प्रोक्तं, तद्भिन्नं= विशिष्टतरं, पूर्वं तु सामान्यं, सर्वक्रियासामान्ये(सामान्येन) भावत्वाऽऽपादकमिति भावः।**

❖ सर्वक्रियासामान्ये છે ત્યાં सर्वक्रियासामान्येन પાઠ હોવાની સંભાવના છે અને તે મુજબ અમે અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-**

यत्तु ..... भावः । **જે વળી પ્રણિધાનાદિ અંતમાં=ચૈત્યવંદનના અંતમાં, કહેલ છે, તે ભિન્ન=વિશિષ્ટતર છે, વળી પૂર્વમાં સામાન્ય છે. સર્વ ક્રિયામાં, સામાન્યથી ભાવત્વનું આપાદક એવું સામાન્ય પ્રણિધાનાદિ છે, એ પ્રકારનો ભાવ છે.**

**ભાવાર્થ :-**

પૂજાકાળમાં જે પ્રણિધાનાદિ કરવામાં આવે છે, તે પ્રણિધાન સર્વ ક્રિયાઓમાં સામાન્ય એવા ભાવોનું આપાદક છે.

આનાથી એ કહેવું છે કે, ગુણવાનને ગુણવાનરૂપે ઓળખીને, ગુણવાન એવા તેમની ભક્તિ કરીને હું મારા આત્માનો નિસ્તાર કરું, એવા પ્રકારના સામાન્ય ભાવપૂર્વક જ્યારે ક્રિયા કરવામાં આવે છે, ત્યારે એ પ્રણિધાનાદિ આશયો સર્વ ક્રિયાઓમાં સામાન્ય રીતે હોય છે, અને ચૈત્યવંદનના અંતમાં ભવનિર્વેદ વગેરે આઠ ભાવો વિષયક પ્રણિધાનાદિ કરવામાં આવે છે, તેથી પૂર્વમાં કરાતા પ્રણિધાન કરતાં ચૈત્યવંદનના અંતે કરાતું પ્રણિધાન જુદા પ્રકારનું છે.

આનાથી એ ફલિત થાય છે કે, પ્રસ્તુત ગાથા-૧૩ની અવતરણિકામાં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે, ચૈત્યવંદનની ક્રિયાના અંતમાં પ્રણિધાન હોવાથી પૂજાની ક્રિયા પ્રણિધાન વગરની છે, અને પ્રણિધાન વગરની હોવાથી તે દ્રવ્યસ્તવરૂપ છે, અને તેમાં પુષ્પાદિ જીવોની હિંસા થતી હોવાથી કર્મબંધ થાય છે, અને પ્રણિધાન આશયપૂર્વકની ચૈત્યવંદનની ક્રિયાથી તેની શુદ્ધિ થાય છે, એ કથનનું નિરાકરણ થાય છે; કેમ કે, પૂજાની ક્રિયામાં પણ

પ્રણિધાનાદિ છે અને તેના કરતાં ચૈત્યવંદનના અંતમાં કરાતા પ્રણિધાનાદિ ભિન્ન પ્રકારના છે. તેથી ચૈત્યવંદનના અંતમાં પ્રણિધાનાદિ આશય હોવાથી પૂજાની ક્રિયામાં પ્રણિધાનાદિ આશય નથી, એમ જે પૂર્વપક્ષી કહે છે, તે અસંગત છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે, ચૈત્યવંદનના અંતમાં જે પ્રણિધાનાદિ છે, તે વિશિષ્ટતર છે અને ચૈત્યવંદનની પૂર્વમાં પૂજાકાળમાં સામાન્ય પ્રણિધાનાદિ છે. અહીં કોઈને શંકા થાય કે, ચૈત્યવંદનના અંતે કરાતા પ્રણિધાનાદિ કેમ ભિન્ન છે ? એ શંકા બતાવીને તેના જવાબરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**कथमन्ते प्रणिधानादि भिन्नमिति चेदत्राहुः -**

'एयस्स समत्तीए कुसलं पणिहाणमो उ कायव्वं ।
एत्तो पवित्तिविग्घजयसिद्धि तह य त्थिरीकरणं ।।' (पू. पञ्चा. २९)

**एतस्य चैत्यवंदनस्य समाप्तौ कुशलं शुभं, प्रणिधानं= प्रार्थनागतमेकाग्र्यम्, 'उ' इति निपातः पादपूरणे, कर्त्तव्यं=विधेयं, यस्मादितः प्रवृत्तिः= सद्धर्मव्यापारेषु प्रवर्तनं, जातमनोरथानां यथाशक्ति तदुपाये प्रवृत्तेः । विघ्नजयो मोक्षपथप्रवृत्तिप्रत्यूहस्य जघन्यमध्यमोत्कृष्टस्याऽशुभभावरूपस्य प्रणिधानजनितशुभभावान्तरेणाभिभवात् । तथा सिद्धिर्विघ्नजयात् प्रस्तुतधर्मव्यापाराणां निष्पत्तिः । तथैव च स्थिरीकरणं=स्वगतपरम(परगत) धर्मव्यापाराणां स्थिरत्वाधानं, परयोजनाध्यवसायेनाऽनुबन्धाऽविच्छेद इति यावत् ।**

❖ स्वगतपरमधर्मव्यापाराणां પાઠ છે ત્યાં પંચાશકની ટીકામાં स्वगतपरगतधर्मव्यापाराणां પાઠ છે, તે સંગત છે, અને તે મુજબ અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-**

**कथमन्ते ..... अत्राहुः=અંતમાં=ચૈત્યવંદનના અંતે બોલાતા જયવીયરાય સૂત્રમાં, પ્રણિધાનાદિ કઈ રીતે જુદા છે ? એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે -**

**તેમાં પંચાશક-૪/૨૯ની સાક્ષી આપતાં કહે છે –**

एयस्स ..... स्थिरीकरणं ।।ચૈત્યવંદનની સમાપ્તિમાં કુશળ પ્રણિધાન કરવું જોઈએ; આનાથી=કુશળ પ્રણિધાનથી, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને સ્થિરીકરણ થાય છે.

ટીકામાં ગ્રંથકારશ્રી પૂજા પંચાશક ગાથા-૨૯ના અમુક શબ્દોનું સ્પષ્ટીકરણ બતાવે છે -

**एतस्य ..... विधेयं=આની=ચૈત્યવંદનની, સમાપ્તિમાં કુશળ=શુભ, પ્રણિધાન કરવું જોઈએ.**

**પ્રણિધાન=પ્રાર્થનાગત એકાગ્રતા=જયવીયરાય સૂત્રમાં ચૈત્યવંદનના અંતે જે પ્રાર્થના કરાય છે, તેના વિષયમાં ચિત્તની એકાગ્રતા તે પ્રણિધાન છે.**

**પંચાશકની મૂળ ગાથામાં पणिहाणमो પછી 'उ' શબ્દ છે, તે નિપાત છે, અને તે પાદપૂર્તિ માટે છે.**

**यस्मादितः ..... प्रवृत्तिः । જે કારણથી આનાથી=ચૈત્યવંદનની સમાપ્તિમાં જે પ્રણિધાન કરવામાં આવે છે, એનાથી, પ્રવૃત્તિ થાય છે.**

**પ્રવૃત્તિ=સદ્ધર્મવ્યાપારમાં પ્રવર્તન.**

**પ્રણિધાનથી પ્રવૃત્તિ કેમ થાય છે ? તેમાં હેતુ કહે છે –**

**જાતમનોરથવાળાને=જેમને મનોરથ પેદા થયેલ છે તેમને, યથાશક્તિ તેના ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે.**

**विघ्नजयो ..... अभिभावत् ।(તથા પ્રણિધાનરૂપ શુભાશય વર્તતો હોય તો) વિઘ્નજય=જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ અશુભભાવરૂપ મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં (આવતા) વિઘ્નનો પ્રણિધાનથી પેદા થયેલ શુભભાવાંતરથી અભિભવ થાય છે.**

**तथा ..... निष्पत्तिः ।તથા વિઘ્નજયથી સિદ્ધિ=પ્રસ્તુત ધર્મવ્યાપારોની નિષ્પત્તિ, થાય છે.**

**तथैव ..... यावत् તે પ્રકારે જ સ્થિરીકરણ=સ્વગત અને પરગત ધર્મવ્યાપારોના સ્થિરપણાનું આધાન થાય છે.**

**પરમાં યોજનના અધ્યવસાય વડે અનુબંધનો અવિચ્છેદ થાય છે. તે સ્વગત સ્થિરત્વ આધાન છે, એ પ્રમાણે અર્થ સમજવો.**

### "कथमन्ते थी इति यावत्" સુધીના કથનનો ભાવાર્થ

ચૈત્યવંદનના અંતે જયવીયરાય સૂત્રથી જે પ્રણિધાનાદિ આશયો કરાય છે, તે

પ્રાર્થનાદિરૂપ છે; કેમ કે, પંચાશકમાં કહ્યું છે કે, ચૈત્યવંદનની સમાપ્તિમાં પ્રાર્થનાગત એકાગ્રતારૂપ પ્રણિધાન કરવું જોઈએ. જ્યારે ભગવાનની પૂજામાં પ્રાર્થનાગત એકાગ્રતારૂપ પ્રણિધાન નથી, પરંતુ હું ભગવાનની પૂજા કરીને સંસારસાગરથી તરું, એ પ્રકારનું સામાન્ય પ્રણિધાન છે; તેથી પૂજા કરતાં જયવીયરાય સૂત્રમાં કરાતું પ્રણિધાન જુદા પ્રકારનું છે, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

અહીં કહ્યું કે, ચૈત્યવંદનના અંતમાં જયવીયરાય સૂત્રથી કરાતા 'પ્રણિધાનાદિ' ભિન્ન છે. અને પ્રણિધાનાદિમાં 'આદિ' પદ છે તેથી એ નક્કી થાય છે કે, ચૈત્યવંદનની ક્રિયામાં માત્ર પ્રણિધાન હોતું નથી, પણ કોઈકને પ્રણિધાન હોય છે અને કોઈકને પ્રણિધાનથી આગળ પ્રવૃત્તિ વગેરે આશય પણ હોઈ શકે, તે આ રીતે –

ચૈત્યવંદન કર્યા પછી પોતાનામાં રહેલા ગુણો કરતાં ઉપરના ગુણોની પ્રાર્થના કરતાં જો પ્રાર્થનાગત એકાગ્રતા હોય તો પ્રણિધાન આશય હોય, અને તે પ્રાર્થનાગત એકાગ્રતાને કારણે તે ગુણોનું સ્ફુરણ કરવાનો યત્ન શરૂ થાય તો તે ગુણોનો આવિર્ભાવ પણ થવા માંડે તે પ્રવૃત્તિઆશય છે. અને પ્રણિધાનરૂપ શુભાશય દૃઢ વર્તતો હોય તો મોક્ષપથની પ્રવૃત્તિમાં વિઘ્નરૂપ એવાં જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ અશુભભાવરૂપ જે વિઘ્નો છે, તે પ્રણિધાનજનિત શુભભાવ દ્વારા જો નાશ પામી જાય, તો પ્રણિધાનકાળમાં જ વિઘ્નજય આશય પણ આવી શકે, અને તેથી તે ગુણોની નિષ્પત્તિમાં વિઘ્નરહિત પ્રવૃત્તિ થઈ શકે, અને તેના ફળસ્વરૂપે તે ગુણો નિષ્પન્ન થાય તો જયવીયરાય સૂત્ર બોલતાં બોલતાં જ પ્રાર્થનીય એવા ગુણોની નિષ્પત્તિ પણ થઈ શકે છે, જે સિદ્ધિઆશયરૂપ છે.

અહીં ટીકામાં ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ एतस्य થી इति यावत् સુધી જે કથન કહ્યું, તેનો આશય આ પ્રમાણે –

સાધક જ્યારે જયવીયરાય સૂત્ર બોલે છે, ત્યારે પ્રાર્થનારૂપે જે ગુણોની માંગણી કરે છે, તે પ્રણિધાનઆશયરૂપ છે, અને તેમાં જે વીર્ય પ્રકર્ષવાળું થાય તો તે ગુણોની નિષ્પત્તિને અનુકૂળ એવો માનસવ્યાપાર પણ થાય, તે સદ્ધર્મવ્યાપારમાં પ્રવર્તનરૂપ છે. અને તે પ્રવૃત્તિઆશય છે. અને તે થવાનું કારણ પ્રાર્થના વખતે જીવને તે ગુણોની નિષ્પત્તિનો મનોરથ થાય છે, અને તે મનોરથ થવાના કારણે જીવની શક્તિ પ્રમાણે તે ગુણોની નિષ્પત્તિના ઉપાયમાં=તે ગુણોની નિષ્પત્તિને અનુરૂપ માનસયત્નમાં, પ્રવૃત્તિ થાય છે.

આવો પ્રવૃત્તિઆશય કોઈને જયવીયરાય સૂત્ર બોલતી વખતે થયેલો હોય તો

પણ વિઘ્નજયઆશય ન પ્રવર્ત્યો હોય તો ત્રણ પ્રકારનાં વિઘ્નોમાંથી કોઈપણ વિઘ્ન ઉત્પન્ન થાય તો પ્રવૃત્તિઆશય ગુણની નિષ્પત્તિ પૂર્વે જ અટકી જાય છે, અને તે વખતે પ્રાર્થનાગત એકાગ્રતા ચાલતી હોય તો પ્રણિધાનઆશય રહી પણ શકે, અને કોઈ જીવને પ્રણિધાનથી જનિત શુભભાવ પ્રકર્ષવાળો હોય તો પ્રવૃત્તિમાં આવતાં ત્રણે પ્રકારના વિઘ્નોને દૂર કરીને વિઘ્નરહિત પ્રવૃત્તિ પણ કરી શકે, અને આ ત્રણ પ્રકારના વિઘ્નો અશુભભાવરૂપ ગ્રહણ કરવાનાં છે. ત્યાં –

(૧) જઘન્ય વિઘ્ન સુખશીલિયો સ્વભાવ છે. જે ગુણનિષ્પત્તિની ઈચ્છા હોવા છતાં ગુણનિષ્પત્તિમાં યત્ન કરવામાં બાધા ઉત્પન્ન કરે છે.

(૨) મધ્યમ વિઘ્ન જીવનો વક્ર સ્વભાવ છે. તેથી ગુણનિષ્પત્તિને અનુકૂળ સમ્યક્ પ્રયત્નનો પ્રારંભ થવા છતાં જીવ વાંકો-ચૂંકો ચાલે છે કે, જેથી ગુણનિષ્પત્તિની પ્રવૃત્તિ સ્ખલના પામે છે.

(૩) ઉત્કૃષ્ટ વિઘ્ન દિગ્મોહરૂપ છે. જે ગુણનિષ્પત્તિ માટે યત્ન કર્યા પછી કઈ દિશામાં યત્ન કરવો કે, જેનાથી ગુણ પ્રગટ થાય, તે વિષયમાં દિશાસૂઝ થતી નથી.

આ ત્રણે જીવના અશુભ ભાવો છે, અને તે અશુભ ભાવો જ ગુણનિષ્પત્તિને અનુકૂળ પ્રવૃત્તિમાં વિઘ્નરૂપ છે. આમ છતાં, પ્રણિધાન આશયથી થયેલા પ્રકર્ષવાળા શુભભાવ દ્વારા આ ત્રણે વિઘ્નો દૂર થઈ શકે છે, અને તેમ થાય તો જયવીયરાય સૂત્ર બોલતાં બોલતાં જ વિઘ્ન દૂર થવાથી પ્રાર્થનીય ગુણોમાં જીવ નિરાકુળ પ્રવૃત્તિ કરી શકે છે.

વળી, નિરાકુળ પ્રવૃત્તિ થવાથી પ્રસ્તુત ધર્મવ્યાપારોની નિષ્પત્તિરૂપ સિદ્ધિ પણ થઇ શકે છે=જયવીયરાય સૂત્રમાં જે ગુણોની પ્રાર્થના કરાય છે, તે ધર્મવ્યાપારો આત્મામાં પ્રગટ પણ થઇ શકે છે.

વળી, સિદ્ધિ થયા પછી તે પ્રકારે જ સ્થિરીકરણ કરાય છે, જેને શાસ્ત્રના બીજા શબ્દમાં વિનિયોગ પણ કહેવામાં આવે છે. સ્થિરીકરણનું તાત્પર્ય એ છે કે, જે ધર્મ સિદ્ધ થયો, તેને સ્વગત અને પરગત સ્થિરરૂપે આધાન કરવો.

અહીં પ્રશ્ન થાય કે, કોઈ પણ ધર્મ બીજાની અંદરમાં આધાન કરવો તે વિનિયોગ છે. પરંતુ તેનાથી પોતાનામાં સ્થિરત્વ કઈ રીતે થાય ? તેથી કહે છે –

પરમાં યોજનના અધ્યવસાય વડે કરીને અનુબંધનો અવિચ્છેદ થાય છે, તે સ્વગત સ્થિરત્વનું આધાન છે=સિદ્ધિકાળમાં પોતાનામાં જે ગુણ પ્રગટ્યો છે, તે ગુણ બીજામાં પ્રગટ કરવાનો અધ્યવસાય તે વિનિયોગનો અધ્યવસાય છે, અને તેનાથી

પોતાનામાં પ્રગટ થયેલો ગુણ જન્મ-જન્માંતરમાં પ્રવાહરૂપે સાથે રહેવાનો. તેથી તેના પ્રવાહનો અવિચ્છેદ છે તે, તે ધર્મનું સ્વગત સ્થિરત્વ આધાન છે.

**વિશેષાર્થ :-**

મુનિ પણ જયવીયરાય સૂત્ર બોલતા હોય છે અને તેઓ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત છે, તો પણ પોતાનાથી ઉપરની ભૂમિકાના માર્ગાનુસારી ભાવની પ્રાર્થના કરતાં હોય છે, અને નિરતિચારવાળા મુનિને પ્રાર્થનીય અસંગ અનુષ્ઠાન છે. મુનિને પ્રાર્થના કરતાં કરતાં વીર્યનો પ્રકર્ષ થાય તો અસંગઅનુષ્ઠાનના પરિણામની નિષ્પત્તિરૂપ સિદ્ધિ થઈ શકે છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, ચૈત્યવંદનના અંતે બોલાતા જયવીયરાય સૂત્રમાં જે પ્રણિધાનાદિ છે, તે પૂજાકાળમાં કરાતા પ્રણિધાનાદિ કરતાં જુદા છે; કેમ કે, જયવીયરાય સૂત્રમાં પૂજાના ફળની પ્રાર્થનારૂપ પ્રણિધાનાદિ આશયો છે. ત્યાં પ્રશ્ન થાય કે, પૂજાના ફળની પ્રાર્થનારૂપ જો પ્રણિધાન હોય તો નિદાન થઈ જાય; કેમ કે, ફળની ઈચ્છાથી કરાતું અનુષ્ઠાન નિદાનરૂપ છે. તેના નિરાકરણને બતાવનાર પૂજા પંચાશક ગાથા-૩૦નો અર્થ કરે છે.

**ટીકા :-**

'एत्तो च्चिय ण णियाणं, पणिहाणं बोहिपत्थणासरिसं ।
सुहभावहेउभावा णेयं इहराऽपवित्ती य ।।' **(पू.पञ्चा. ३०)**

**इत एव=कुशलप्रवृत्त्यादिहेतुत्वादेव, बोधिप्रार्थना(सदृशं)=आरोग्य-बोधिलाभसमाधिवरप्रार्थना(सदृशं), इतरथा निदानत्वेऽप्रवृत्तिरन्त्यप्रणिधाने स्यात्, सा चाऽनिष्टा ।**

❖ અહીં પૂજાપંચાશક ગાથા-૩૦માં अपवित्ती य પાઠ છે, ત્યાં પંચાશકની પ્રતમાં अपवित्ती उ પાઠ છે અને ત્યાં 'तु' શબ્દ 'एव' કારાર્થક છે.

❖ 'बोधिप्रार्थनाऽऽरोग्यबोधिलाभसमाधिवरप्रार्थना' પાઠ છે, ત્યાં बोधिप्रार्थनासदृशं= आरोग्यबोधिलाभसमाधिवरप्रार्थनासदृशं, પાઠની સંભાવના છે અને તે મુજબ અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-**

एत्तो ..... ऽनिष्टा । આથી કરીને જ=ચૈત્યવંદનના અંતે પ્રાર્થના કરાય છે, તેનાથી કુશળ પ્રવૃત્તિ વગેરે થાય છે એથી કરીને જ, જયવીયરાય સૂત્રમાં કરાતું પ્રણિધાન નિદાન નથી, (પરંતુ) શુભભાવનો હેતુ હોવાથી બોધિની પ્રાર્થના સરખું=આરોગ્યબોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિની પ્રાર્થના સરખું, જાણવું.

इतरथा=જયવીયરાય સૂત્રમાં કરાતા પ્રણિધાનને નિદાન સ્વીકારીએ તો, અંત્ય પ્રણિધાનમાં અપ્રવૃત્તિ જ થાય.

ટીકામાં ગ્રંથકારશ્રી પૂજાપંચાશક ગાથા-૩૦ના અમુક શબ્દોનું સ્પષ્ટીકરણ બતાવે છે –

**इत एव=આથી કરીને જ=કુશલ પ્રવૃત્તિ આદિનું હેતુપણું હોવાથી જ, એ પ્રમાણે इत एव નો અર્થ કરેલ છે.**

**મૂળગાથામાં बोहिपत्थणासरिसं પદ છે, ત્યાં બોધિપ્રાર્થનાનો અર્થ કહે છે- બોધિપ્રાર્થના=લોગસ્સ સૂત્રમાં બોલાતા આરોગ્ય, બોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિની પ્રાર્થનાનું ગ્રહણ કરવાનું છે, એમ ટીકામાં ખોલેલ છે.**

મૂળગાથામાં इहरा=इतरथा શબ્દ છે. તેનો અર્થ બતાવે છે -

**જો ચૈત્યવંદનના અંતે કરાતા પ્રણિધાનને નિદાન માનવામાં આવે તો અંત્ય પ્રણિધાનમાં અપ્રવૃત્તિ થાય, અને તે અનિષ્ટ છે. (કેમ કે, ગણધરાદિ મહાપુરુષે એ સૂત્રની રચના કરેલ છે, એ પ્રકારનો ભાવ ત્યાં અધ્યાહારરૂપે છે.)**

**ટીકા :-**

'एवं तु इट्ठसिद्धि दव्वपवित्ती उ अण्णहा णियमा ।
तम्हा अविरुद्धमिणं णेयमवत्थंतरे उचिए ।।' **(पू.पञ्चा.३१)**

**एवं पुनः प्रणिधानप्रवृत्ताविष्टसिद्धिः, प्रणिधानयुक्तचैत्यवन्दनस्य भावानुष्ठानत्वेन सकलकल्याणकारित्वात् । द्रव्यप्रवृत्तिस्त्वन्यथा=प्रणिधानं विना, नियमात्, तस्माद्धेतोरेतत्प्रणिधानमविरुद्धम् अवस्थान्तर(रे ?)=अप्राप्त-प्रार्थनीयगुणावस्थायां, तच्च 'जयवीअराए'त्यादि ।**

**ટીકાર્થ :-**

'एवं तु ..... उचिए ।। આ રીતે=પ્રણિધાનપૂર્વક પ્રવૃત્તિ હોતે છતે ઈષ્ટસિદ્ધિ થાય છે. અન્યથા=પ્રણિધાનાદિ વગર ચૈત્યવંદનમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો, નિયમા દ્રવ્ય પ્રવૃત્તિ થાય છે, તે કારણથી આ=પ્રણિધાન, અવિરુદ્ધ જાણવું.

અહીં પ્રશ્ન થાય કે, આ પ્રણિધાન સર્વ અવસ્થામાં ઉચિત છે ? તેથી કહે છે-

અવસ્થાંતરમાં=અપ્રાપ્ત એવા પ્રાર્થનીય ગુણવાળી અવસ્થામાં, આ=પ્રણિધાન, ઉચિત છે.

ટીકામાં ગ્રંથકારશ્રી પૂજાપંચાશક ગાથા-૩૧ના અમુક શબ્દોનું સ્પષ્ટીકરણ બતાવે છે –

एवं पुनः ..... सकलकल्याणकारित्वात् । **મૂળગાથામાં एवं तु કહ્યું=एवं पुनः=આ પ્રકારે વળી, પ્રણિધાનપૂર્વક પ્રવૃત્તિથી ઈષ્ટસિદ્ધિ થાય છે. તેમાં હેતુ કહે છે –**

**પ્રણિધાનયુક્ત ચૈત્યવંદનનું ભાવાનુષ્ઠાનપણું હોવાને કારણે સકલ કલ્યાણકારીપણું છે=પ્રણિધાનયુક્ત ચૈત્યવંદન ભાવાનુષ્ઠાન હોવાથી સકલ કલ્યાણને કરનારું છે.**

द्रव्यप्रवृत्तिः ..... इत्यादि । **અન્યથા=પ્રણિધાન વિના નક્કી દ્રવ્ય પ્રવૃત્તિ છે=પ્રણિધાન વગરનું ચૈત્યવંદન દ્રવ્યાનુષ્ઠાન છે. તે કારણથી અવસ્થાંતરમાં=અપ્રાપ્ત પ્રાર્થનીય ગુણઅવસ્થામાં, આ=પ્રણિધાન અવિરુદ્ધ=ઉચિત છે અને તે=પ્રણિધાન, જયવીયરાય ઈત્યાદિ સૂત્ર છે.**

**ભાવાર્થ :-**

પ્રણિધાનાદિપૂર્વક પ્રવૃત્તિ કરવામાં આવે તો ચૈત્યવંદનની ક્રિયાથી ઈષ્ટની સિદ્ધિ થાય છે, અને પ્રણિધાનાદિ વગર ચૈત્યવંદન કરવામાં આવે તો તે ચૈત્યવંદન નિયમા દ્રવ્યાનુષ્ઠાન બને છે. તેથી પ્રણિધાન કરવું અવિરુદ્ધ છે=પ્રણિધાન કરવું તે નિદાન નથી, પરંતુ કલ્યાણનો હેતુ છે. ફક્ત આ પ્રણિધાન અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિ, પૂર્વમાં વચનાનુષ્ઠાનવાળા મુનિ સુધી ઉચિત છે. વળી, જેઓ શક્તિના પ્રકર્ષથી અપ્રમાદભાવમાં યત્ન કરે છે, તેઓને માટે અપ્રાપ્તગુણોની પ્રાર્થનારૂપ પ્રણિધાન હોતું નથી, અને તે પ્રણિધાન જયવીયરાય ઈત્યાદિ સૂત્રરૂપ છે.

પૂર્વમાં કહ્યું કે, પ્રણિધાનાદિ યુક્ત ચૈત્યવંદન હોય તો ભાવઅનુષ્ઠાન થાય છે, અન્યથા ચૈત્યવંદનની ક્રિયામાત્ર દ્રવ્યપ્રવૃત્તિરૂપ છે, અને તે પ્રણિધાન જયવીયરાયસૂત્ર છે. આનાથી એ ફલિત થાય છે કે, ચૈત્યવંદનના અંતે જયવીયરાયસૂત્ર બોલવામાં ન

આવે તો ચૈત્યવંદનની ક્રિયા પ્રણિધાનરૂપ નથી અને ગ્રંથકારે પ્રસ્તુત ગાથા-૧૩માં જ સ્થાપન કર્યું છે કે, ચૈત્યવંદનના અંતે જયવીયરાયસૂત્રથી કરાતું પ્રણિધાન ભિન્ન=વિશિષ્ટતર છે અને પૂજાકાળમાં કરાતું પ્રણિધાન જુદું છે, તેથી એ ફલિત થાય છે કે, કોઇ ગૃહસ્થ પ્રણિધાનઆશયપૂર્વક પૂજાની ક્રિયા કરે અને પ્રણિધાનઆશયપૂર્વક ચૈત્યવંદનની ક્રિયા કરે અને ચૈત્યવંદનના અંતે જયવીયરાયસૂત્ર ન બોલે તો પણ તેનું અનુષ્ઠાન પ્રણિધાનઆશયવાળું છે અને ઉપરમાં કહ્યા પ્રમાણે જયવીયરાયસૂત્ર પ્રણિધાન છે અને જયવીયરાયસૂત્ર બોલ્યા વગરની પ્રવૃત્તિ પ્રણિધાનઆશય વગરની છે. આ પ્રકારનો વિરોધ સ્થૂલથી દેખાય છે, તેનું સમાધાન આ પ્રમાણે છે –

જો પ્રણિધાનને નિદાનરૂપ માનીને અકર્તવ્ય સ્થાપન કરવામાં આવે તો, ચૈત્યવંદનના અંતે પૂજાના ફળરૂપે જે પ્રાર્થના કરવામાં આવે છે, તે નિદાન હોવાથી જેમ અકર્તવ્ય બને છે, તેમ પૂજાના પ્રારંભકાળમાં પણ "ભગવાનની પૂજા કરીને હું આત્માનો નિસ્તાર કરું" - એ પ્રકારની પ્રાર્થના પણ નિદાનરૂપ પ્રાપ્ત થાય. તેથી જેમ અંતિમ પ્રણિધાન અકર્તવ્ય છે, તેમ પ્રથમ પ્રણિધાન પણ અકર્તવ્ય સિદ્ધ થાય. તેથી પ્રણિધાન વગરની ક્રિયા દ્રવ્યક્રિયા બને છે.

ફક્ત વિશેષ એ છે કે, પ્રણિધાન જો કર્તવ્ય હોય તો જેમ પ્રથમ પ્રણિધાન ભાવક્રિયાનું કારણ છે, તેમ અંતિમ પ્રણિધાન પણ કરાતા ચૈત્યવંદનને ભાવ અનુષ્ઠાન બનાવે છે, અને આથી જ લઘુ-જઘન્ય ચૈત્યવંદનમાં અરિહંત ચેઈઆણં બોલી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી સ્તુતિ બોલાય છે ત્યારે જયવીયરાય સૂત્ર બોલાતું નથી, તો પણ પ્રણિધાન આશયપૂર્વક તે લઘુ ચૈત્યવંદન કરવામાં આવે તો તે ભાવ ચૈત્યવંદન બની શકે છે. તેથી પ્રથમ પ્રણિધાનપૂર્વક કરાતું અનુષ્ઠાન ભાવ અનુષ્ઠાનરૂપ હોવા છતાં પૂજાના ફળરૂપે કરાયેલ જયવીયરાય સૂત્રથી થતું અંતિમ પ્રણિધાન તેમાં અતિશયતાનું આધાન કરે છે. તેથી પ્રથમ પ્રણિધાન કરતાં અંતિમ પ્રણિધાન ભિન્ન હોવા છતાં અનુષ્ઠાનને ભાવ અનુષ્ઠાન બનાવવાના કારણરૂપ હોવાથી પ્રથમ અને અંતિમ પ્રણિધાન એકરૂપ પણ છે.

**ઉત્થાન :-**

જયવીયરાય સૂત્રની પ્રાર્થના નિદાનરૂપ નથી, એ વાત પૂર્વમાં સ્થાપન કરી; કેમ કે, જયવીયરાય સૂત્રની માંગણીથી ચૈત્યવંદન ભાવાનુષ્ઠાનરૂપ બને છે, તેથી તે નિદાનરૂપ કહી શકાય નહિ. હવે યુક્તિ દ્વારા જયવીયરાય સૂત્રની પ્રાર્થના નિદાનરૂપ કેમ નથી, તે બતાવતાં કહે છે –

**ટીકા :-**

**न चेदं निदानं, मोक्षाङ्गप्रार्थनात्वाद् बोधिप्रार्थनावत् । तीर्थकरत्वप्रार्थना चौदयिकभावांशे निदानं, छत्रचामरादिविभूतिप्रार्थनाया भवप्रार्थनारूपत्वात्, न तु क्षायिकभावांशे, तत्र तीर्थकरत्वोपलक्षित-केवलज्ञानादेरेव काम्यत्वात्, तस्य च साक्षान्मोक्षाङ्गत्वात् ।**

**आह च -**

'मोक्खंगपत्थणा इय न नियाण तदुचियस्स विण्णेयं ।

सुत्ताणुमईओ जह बोहीए पत्थणा माणं ।' **(पू. प. ३६)**

**इय=एषा 'जयवीयराए' त्यादिका, तदुचितस्य=प्रणिधानोचितस्य, प्रमत्तसंयतान्तस्य गुणस्थानिन इत्यर्थः । सूत्रानुमतेः, साभिष्वङ्गस्य तस्य निरभिष्वङ्गताहेतुत्वेन सूत्रे प्रणिधानाऽभिधानात्, यथा बोधेः प्रार्थना मानं= निदानत्वाऽभावसाधकमनुमानं, दृष्टान्तावयवेऽनुमानत्वोक्तिरूपत्वात् ।**

'एवं च दसाईसुं तित्थयरंमि वि णियाणपडिसेहो ।

जुत्तो भवपडिबद्धं साभिस्संगं तयं जेणं ।।' **(पू. पञ्चा. ३७)**

**भवप्रतिबद्धं 'भवभ्रमणलेप्यहं तीर्थकरो भूयासमि'ति विकल्पेन संसारप्रार्थनानुप्रविष्टं साभिष्वंगं रागोपेतं, 'तयं' ति तकत्तीर्थकरत्वम् ।**

**वस्तुतः औदयिकभावप्रकारत्वाऽवच्छिन्नतीर्थकरभवनेच्छाया एव निदानं(नत्वं), तेन तीव्रसंवेगवतः 'कतिपयभवभ्रमणतोऽप्यहं सिद्धो भूयासमि' त्यस्येवोक्तसङ्कल्पस्य न निदानत्वमित्युक्तावपि न क्षतिः ।**

**ટીકાર્થ :-**

न चेदं ..... बोधिप्रार्थनावत् । આ=ચૈત્યવંદનના અંતે કરાતું જયવીયરાય સૂત્રરૂપ પ્રણિધાન, પૂજાના ફળની પ્રાર્થનારૂપ હોવા છતાં નિદાન નથી; કેમ કે, મોક્ષાંગ પ્રાર્થનારૂપ છે, બોધિપ્રાર્થનાની જેમ.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે, શાસ્ત્રમાં તો તીર્થંકરપણાની પ્રાર્થનાને નિદાન કહેલ છે, તો પૂજાના ફળની પ્રાર્થનાને નિદાન કેમ ન કહી શકાય ? તેથી કહે છે –

**ટીકાર્થ :-**

तीर्थकरत्वप्रार्थनं..... मोक्षाङ्गत्वात् । **અને તીર્થંકરપણાની પ્રાર્થના ઔદયિકભાવાંશમાં નિદાન છે; કેમ કે, છત્રચામરાદિવિભૂતિથી પ્રાર્થનાનું ભવપ્રાર્થનારૂપપણું છે, વળી ક્ષાયિકભાવાંશમાં તીર્થંકરપણાની પ્રાર્થના નિદાન નથી; કેમ કે, ત્યાં=પ્રાર્થનામાં, તીર્થંકરત્વથી ઉપલક્ષિત કેવલજ્ઞાનાદિની જ કામના હોય છે અને તેનું=કેવલજ્ઞાનનું, સાક્ષાત્ મોક્ષાંગપણું છે.**

**ભાવાર્થ :-**

મોક્ષના અંગોની પ્રાર્થના નિદાનરૂપ હોતી નથી, જેમ લોગસ્સ સૂત્રમાં બોધિની પ્રાર્થના કરાય છે, તે નિદાનરૂપ નથી. તે રીતે જયવીયરાય સૂત્રમાં પૂજાના ફળરૂપે આઠ વસ્તુની માગણી કરાય છે, તે આઠ વસ્તુ મોક્ષના અંગરૂપે છે, માટે તે નિદાનરૂપ નથી.

શાસ્ત્રમાં તીર્થંકરપણાની પ્રાર્થનાનો પણ નિષેધ કરાયો છે, તેથી કોઈને શંકા થાય કે, જો તીર્થંકરપણાની પ્રાર્થના નિદાનરૂપ હોય તો અન્ય પ્રાર્થના નિદાનરૂપ કેમ ન હોય ? તેથી તેનો ખુલાસો કરતાં કહે છે –

શાસ્ત્રમાં તીર્થંકરની પ્રાર્થનાનો જે નિષેધ છે, તે ઔદયિક ભાવાંશને આશ્રયીને છે. જેમ કોઈ જીવ ભગવાનની છત્રચામરાદિ વિભૂતિને જોઈને તેનાથી આકર્ષિત થાય અને ઈચ્છે કે, આવી ઋદ્ધિ મને પણ પ્રાપ્ત થાય, ત્યાં ભૌતિક ઋદ્ધિની પ્રાર્થના ભવની પ્રાર્થનારૂપ છે, અને તેને આશ્રયીને શાસ્ત્રમાં તીર્થંકરપણાની પ્રાર્થનાનો નિષેધ કર્યો છે. પરંતુ કોઈ જીવને તીર્થંકરને જોઈને તીર્થંકરમાં વર્તતા કેવલજ્ઞાનાદિ ભાવો અતિપ્રાપ્તવ્ય લાગે અને તેના કારણે ઈચ્છે કે, મને પણ આવા ભાવો પ્રાપ્ત થાવ, તો આવી પ્રાર્થના ક્ષાયિકભાવાંશના વિષયવાળી છે, અને આવા ભાવો સાક્ષાત્ મોક્ષના અંગ છે. તેથી એને આશ્રયીને તીર્થંકરની પ્રાર્થનાનો નિષેધ નથી. તે જ રીતે જયવીયરાય સૂત્રમાં કરાતી માગણીઓ મોક્ષાંગની પ્રાર્થનારૂપ હોવાથી નિદાનરૂપ નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે, જયવીયરાય સૂત્રની પ્રાર્થના નિદાનરૂપ નથી. તેમાં સાક્ષી આપતાં 'आह च' થી ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકાર્થ :-**

**आह च ..... અને કહે છે -**

मोक्खंगपत्थणा ..... माणं ।। (પૂ. પં. ૩૬) તેને=પ્રણિધાનને, ઉચિત ગુણસ્થાનકવાળા જીવની=પ્રમત્તસંયત સુધીના જીવની, આ મોક્ષાંગની પ્રાર્થના નિદાનરૂપ નથી એમ જાણવું; કેમ કે, સૂત્રમાં અનુમતિ છે. જે પ્રમાણે બોધિની પ્રાર્થના (નિદાનત્વના અભાવનું સાધક) અનુમાન પ્રમાણ છે.

પૂજાપંચાશક ગાથા-૩૬ના કેટલાક શબ્દોનું ગ્રંથકારશ્રી સ્પષ્ટીકરણ કરે છે-

**इयं ..... इत्यर्थः આ, જયવીયરાય ઈત્યાદિ પ્રાર્થના, પ્રણિધાન ઉચિતની=પ્રમત્તસંયતાંત ગુણસ્થાનકવાળાની=છઠ્ઠા ગુણસ્થાનક સુધીના જીવોને, એ પ્રમાણે અર્થ સમજવો.**

પ્રમત્તસંયત ગુણસ્થાનક સુધીના જીવોની મોક્ષાંગ પ્રાર્થના નિદાનરૂપ કેમ નથી ? તેમાં હેતુ કહે છે –

**सूत्रानुमतेः = સૂત્રમાં અનુમતિ છે.**

સૂત્રમાં મોક્ષાંગ પ્રાર્થનાની અનુમતિ કેમ છે ? તેને જ સ્પષ્ટ કરતાં કહે છે -

**साभिष्वङ्गस्य ..... ऽभिधानात् । સાભિષ્વંગ એવા તેનું=મોક્ષાંગ પ્રાર્થનાનું, નિરભિષ્વંગપણાનું હેતુપણું હોવાને કારણે સૂત્રમાં પ્રણિધાન કહેલ છે. તેમાં દૃષ્ટાંત આપે છે –**

**यथा ..... ऽनुमानत्वोक्तिरूपत्वात् । જે પ્રમાણે બોધિની પ્રાર્થના मानं=નિદાનપણાનું અભાવસાધક અનુમાન પ્રમાણ છે; કેમ કે, દૃષ્ટાંતરૂપ અવયવમાં અનુમાનત્વની ઉક્તિરૂપપણું છે.**

**ભાવાર્થ :-**

પ્રમત્તસંયત ગુણસ્થાનક સુધીના જીવો પ્રણિધાન કરવાને ઉચિત ભૂમિકાવાળા છે. તેઓ જયવીયરાય સૂત્રથી ભવનિર્વેદ ઈત્યાદિની પ્રાર્થના કરે છે, તે નિદાનરૂપ નથી; કેમ કે, શાસ્ત્રમાં સાભિષ્વંગચિત્તવાળા એવા જીવોને મોક્ષાંગની પ્રાર્થના નિરભિષ્વંગતાની પ્રાપ્તિનો હેતુ છે, તેમ કહેલ છે, અને તેના કારણે આવી પ્રાર્થનાને પ્રણિધાનરૂપ કહેલ છે. માટે તે પ્રાર્થના નિદાનરૂપ છે, તેમ કહી શકાય નહિ.

તેમાં દૃષ્ટાંત આપે છે - બોધિની પ્રાર્થનાની જેમ.

સામાન્ય રીતે અનુમાનમાં દૃષ્ટાંત પ્રત્યક્ષસિદ્ધ હોય તે અપાય છે. જેમ पर्वतो वह्निमान् धूमात् આ અનુમાનમાં દૃષ્ટાંત यथा महानसम् - જેમ રસોડું. અહીં મહાનસ=રસોડું એ પ્રત્યક્ષસિદ્ધ દૃષ્ટાંત છે.

જ્યારે પ્રસ્તુતમાં દૃષ્ટાંત તરીકે જેમ બોધિની પ્રાર્થના એમ કહ્યું, ત્યાં બોધિની પ્રાર્થના એ પ્રત્યક્ષસિદ્ધ દૃષ્ટાંત નથી, પણ અનુમાન પ્રમાણ છે. તે આ રીતે –

શાસ્ત્રમાં બોધિની પ્રાર્થના લોગસ્સ સૂત્રમાં આવે છે, અને તે સૂત્રમાં સંમત હોવાથી નિદાનરૂપ નથી, તેમ અનુમાન થઈ શકે છે. તે રીતે જયવીયરાય સૂત્રમાં પણ અનિદાનત્વનું અનુમાન થઈ શકે છે, એ બતાવવા માટે પૂજાપંચાશક ગાથા-૩૬ માં वोहिए पत्थणा એટલું ન કહેતા बोहिए पत्थणा माणं એમ કહ્યું, અને તેને ટીકામાં સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રીએ ખુલાસો કર્યો કે, બોધિની પ્રાર્થના એ નિદાનપણાનું અભાવસાધક અનુમાન છે, અને તે પ્રસ્તુતમાં દૃષ્ટાંતરૂપ છે. આથી જ કહ્યું કે, દૃષ્ટાંતરૂપ અવયવમાં અનુમાનત્વની ઉક્તિ છે.

પ્રસ્તુતમાં દૃષ્ટાંત આપ્યું, તે પ્રત્યક્ષસિદ્ધ દૃષ્ટાંત નથી, પરંતુ અનુમાનરૂપ દૃષ્ટાંત છે. કેટલાક સ્થાને વાદમાં અનુમાનથી સિદ્ધ થયેલા પદાર્થને ગ્રહણ કરીને તેના દૃષ્ટાંતથી અન્ય પદાર્થની સિદ્ધિ કરાય છે, તેમ પ્રસ્તુતમાં બોધિલાભની પ્રાર્થનાને અનુમાન પ્રમાણથી સિદ્ધ કરીને, તેના બળથી જયવીયરાય સૂત્રમાં પણ અનિદાનપણાની સિદ્ધિ કરી શકાય છે, એ પ્રકારનો આશય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં "न च इदं निदानं मोक्षाङ्गप्रार्थनावत् बोधिप्रार्थनवत्" - એ પ્રકારના અનિદાનત્વસાધક અનુમાનમાં ગ્રંથકારે आह च થી अनुमानत्वोक्तिरूपत्वात् સુધીની પૂજાપંચાશક ગાથા-૩૬ની સાક્ષી આપી, અને પૂર્વમાં ગ્રંથકારે કહેલ કે, તીર્થંકરત્વની પ્રાર્થના ઔદયિક ભાવાંશમાં નિદાન છે, ઈત્યાદિ કથનમાં હવે સાક્ષી આપતાં કહે છે -

**ટીકાર્થ :-**

एवं च ..... तयं जेणं ।। આ રીતે=પૂર્વમાં બતાવ્યું કે, મોક્ષાંગ=પ્રાર્થના નિદાન નથી એ રીતે, દશાશ્રુતસ્કંધાદિમાં તીર્થંકરવિષયક નિદાનનો પ્રતિષેધ યુક્ત છે; જે કારણથી સાભિષ્વંગ એવું तकं=તીર્થંકરપણું, ભવપ્રતિબદ્ધ છે.

પૂજાપંચાશક ગાથા-૩૭ના સાક્ષીપાઠના કેટલાક શબ્દોનું ગ્રંથકાર સ્પષ્ટીકરણ કરે છે –

**મૂળગાથા-૪/૩૭માં ભવપ્રતિબદ્ધ કહ્યું. તેનો અર્થ ભવભ્રમણલેપી એવો હું તીર્થંકર થઉં, એ પ્રકારના વિકલ્પ વડે સંસારની પ્રાર્થનાથી અનુપ્રવિષ્ટ સાભિષ્વંગ=રાગથી યુક્ત તે=તીર્થંકરપણું છે. (તેવા તીર્થંકરપણાની પ્રાર્થના નિદાનરૂપ છે.)**

**ભાવાર્થ :-**

કોઈ જીવને સંસારના ભૌતિક પદાર્થોનું આકર્ષણ છે, તેવો જીવ ભવભ્રમણના લેપવાળો છે=ભવભ્રમણના કારણભૂત એવા લેપવાળો છે. અને ભવભ્રમણના લેપવાળો એવો હું તીર્થંકર થઉં, એવી મનોવૃત્તિ પણ તેને જ થાય છે કે, જેને ભગવાનની બાહ્ય સંપત્તિ જોઈને તીર્થંકર થવાની કામના છે. આવી તીર્થંકરપણાની પ્રાર્થના ભૌતિક પદાર્થના રાગથી યુક્ત છે, માટે તે તીર્થંકરપણાની પ્રાર્થના સંસારપ્રાર્થના વડે અનુપ્રવિષ્ટ છે.

તે જ વાતને સ્પષ્ટ કરતાં 'वस्तुतः' થી કહે છે –

**ટીકાર્થ :-**

**वस्तुतः ..... न क्षतिः । ઔદયિકભાવપ્રકારત્વાવચ્છિન્ન તીર્થંકર થવાની ઈચ્છાનું જ નિદાનપણું છે=ભગવાનની બાહ્ય સમૃદ્ધિને જોઈને તે ભાવોનું આકર્ષણ થવાથી જીવમાં જે ઔદયિકભાવ પ્રવર્તે છે, તેના કારણે તીર્થંકર થવાની ઈચ્છા થઈ તે નિદાન છે. અને તેને કારણે તીવ્ર સંવેગવાળાને કેટલાક ભવભ્રમણથી પણ હું સિદ્ધ થઉં, આવા પ્રકારના આના જ = તીર્થંકરપણાના જ, ઉક્ત=કહેવાયેલા, સંકલ્પનું નિદાનપણું નથી, એ પ્રમાણે કહેવામાં પણ ક્ષતિ નથી.**

**ભાવાર્થ :-**

કોઈ જીવને સંસાર નિર્ગુણ ભાસવાથી તીવ્ર સંવેગ થયેલો છે=મોક્ષમાં જવાની તીવ્ર ઈચ્છા થયેલી છે. આમ છતાં, તે જાણે છે કે, તીર્થંકર થવું હોય તો આ ભવમાં સીધું તીર્થંકર થઈ શકાય નહિ, તો પણ તીર્થંકરના જીવો ઘણા જીવોનો ઉપકાર કરીને પોતે પણ અવશ્ય મોક્ષને પામે છે, માટે હું પણ એવી ઉચિત પ્રવૃત્તિ કરું કે, જેથી થોડા ભવના ભ્રમણથી પણ તીર્થંકર થઈને સિદ્ધ થાઉં. આ પ્રકારનો સંકલ્પ કરે તો તે નિદાનરૂપ નથી. આ બીજા કથનમાં कतिपयभवभ्रमणतोऽप्यहं=કેટલાક ભવભ્રમણથી પણ હું તીર્થંકર થઇને સિદ્ધ થાઉં એમ કહ્યું, તેથી નક્કી થાય છે કે, પંચાશકના પ્રથમ કથનમાં ભવપ્રતિબદ્ધનો

भवभ्रमणतोप्यहं=ભવભ્રમણથી પણ હું, એ અર્થ ઈષ્ટ નથી, પરંતુ भवभ्रमणलेप्यहं= ભવભ્રમણલેપવાળો હું, એ અર્થ ઈષ્ટ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, છત્રચામરાદિ વિભૂતિને આશ્રયીને તીર્થંકરત્વની પ્રાર્થના ઔદયિક ભાવરૂપ છે, તે નિદાન છે; અને તેવી નિદાનયુક્ત પ્રાર્થનાનો જ શાસ્ત્રમાં નિષેધ કરેલો છે. તેની પુષ્ટિ દિગંબર શાસ્ત્રના ઉદ્ધરણથી કરવા અર્થે કહે છે –

**ટીકા :-**

**तीर्थकरत्वविभूतेरप्यकाम्यत्वमधिकृत्योक्तमन्यैरपि -**

'देवागमनभोयानचामरादिविभूतयः ।
मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान्' ।। **इति** ।।

**(आप्त० मि. १)**

**ટીકાર્થ :-**

**तीर्थकरत्वविभूतेः ..... अन्यैरपि । તીર્થંકરપણાની વિભૂતિના અકામ્યપણાને આશ્રયીને બીજાઓએ પણ=દિગંબરોએ પણ, કહેલું છે -**

**દિગંબરને માન્ય શ્લોકનો અર્થ આ પ્રમાણે છે –**

देवागमन ..... महानिति ।। દેવોનું આગમન, નભોયાન=આકાશમાં વાહનો, ચામર વગેરે વિભૂતિઓ માયાવીમાં પણ દેખાય છે, આનાથી તું અમને મહાન લાગતો નથી.

**ભાવાર્થ :-**

પ્રસ્તુત દિગંબરના શ્લોકમાં એમ બતાવેલ નથી કે, ભગવાનની બાહ્ય સમૃદ્ધિને જોઈને તીર્થંકરપણાની પ્રાર્થના કરવી, તે નિદાનરૂપ છે, પરંતુ એમ બતાવેલ છે કે, આ બધી બાહ્ય ઋદ્ધિથી ભગવાન મહાન નથી. એ જ વાતનો ફલિતાર્થ આ પ્રમાણે છે –

ભગવાનની બાહ્ય વિભૂતિમાત્રથી જેઓ આવર્જિત થાય છે અને તીર્થંકર થવાની ઈચ્છા રાખે છે, તે નિદાનરૂપ છે; કેમ કે ખરેખર ભગવાનનું મહાનપણું ગુણોથી છે અને તે ગુણોથી જ ભગવાન ઉપાસ્ય છે, અને ભગવાનના ગુણોને જોઈને ભગવાનની ઉપાસના કરનારને તીર્થંકર થવાની ઈચ્છા થાય તે દોષરૂપ નથી. એ જ અર્થ દિગંબરના ઉદ્ધરણના શ્લોકમાં સાક્ષાત્ શબ્દરૂપે કહેલ ન હોવા છતાં ધ્વનિત થાય છે.

**ઉત્થાન :-**

ભગવાનના ગુણોને જોઈને જેમનું ચિત્ત ભગવાન પ્રત્યે આવર્જિત થયેલું છે, તેવા જીવો તીર્થંકરત્વની પ્રાર્થના કરે છે, તે નિદાનરૂપ નથી, એ બતાવવા અર્થે પંચાશક ગાથા-૩૮/૩૯ની સાક્ષી આપતાં કહે છે -

**ટીકા :-**

जं पुण णिरभिस्संगं धम्मा एसो अणेगसत्तहिओ ।
णिरूवम-सुहसंजणओ अउव्वचिंतामणीकप्पो ।।१।।

तो (ता) एयाणुट्ठाणं हियमणुवहयं पहाणभावस्स ।
तेसिं (तम्मि) पवित्तिसरूवं अत्थावत्तीइ तमदुट्ठं ।।२।।

**(पू. पञ्चा. ३८-३९)**

**यत्पुनस्तीर्थकरत्वप्रार्थनं निरभिष्वंगं तददुष्टमिति सम्बन्धः । यथा धर्मात्कुशालानुष्ठानादेष तीर्थकरो भवतीति गम्यम् । किंभूतः ? अनेकसत्त्वहितः निरुपमसुखसंजननः, अपूर्वचिन्तामणिकल्पः । तत्तस्मादेतत्तीर्थकरानुष्ठानं धर्मदेशनादि हितं=पथ्यम्, अनुपहतं=अप्रतिघातं, इतिगम्यः, इतिप्रधानभावस्य एवंभूतसुन्दराध्यवसायस्य, तस्मिन् धर्मदेशनादौ जिनानुष्ठाने प्रवृत्तिस्वरूपं= प्रवर्त्तनस्वभावं, अर्थाऽऽपत्त्या=न्यायतः, साभिष्वंगस्य तीर्थकरत्वप्रार्थनस्य दुष्टत्वान्यथानुपपत्त्या, निरभिष्वंगं तददुष्टमिति न्यायप्राप्तम् ।**

❖ પૂજાપંચાશક ગાથા-૩૯ની સાક્ષીમાં 'तो' છે, ત્યાં પૂજાપંચાશક ગાથા-૩૯માં 'ता' પાઠ છે અને तेसिं છે ત્યાં 'तम्मि' પાઠ છે.

**ટીકાર્થ :-**

**પૂજા પંચાશક ગાથા ૩૮-૩૯નો અન્વય :-**

धम्मा अणेगसत्तहिओ णिरूवमसुहसंजणओ अउव्वचिंतामणीकप्पो एसो ता एयाणुट्ठाणं हियमणुवहयं पहाणभावस्स तेसिं (तम्मि) पवित्तिसरूवं जं पुण णिरभिस्संगं तम् अत्थावत्तीइ अदुट्ठं ।।

પૂજા પંચાશક ગાથા ૩૮-૩૯નો અર્થ આ પ્રમાણે છે-

जं पुण ..... तमदुट्ठं ।।ધર્મથી=કુશળ અનુષ્ઠાનના સેવનથી, અનેક સત્ત્વોના=પ્રાણીઓના, હિતને કરનારા, નિરુપમ સુખને પેદા કરનારા, અપૂર્વ ચિંતામણિ સમાન, આ= તીર્થંકર, થાય છે. તે કારણથી આ અનુષ્ઠાન=ધર્મદેશનાદિરૂપ તીર્થંકર અનુષ્ઠાન, જગતના જીવો માટે હિત=પથ્યરૂપ છે, અનુપહત=અપ્રતિઘાતરૂપ છે. આવા પ્રકારના પ્રધાન ભાવવાળાનું= આવા પ્રકારના સુંદર અધ્યવસાયવાળાનું, તેમાં=ધર્મદેશનાદિરૂપ જિનઅનુષ્ઠાનમાં પ્રવર્તન સ્વભાવવાળું જે વળી તીર્થંકરત્વનું પ્રાર્થન નિરભિષ્વંગ છે, તે અર્થાપત્તિથી અદુષ્ટ છે. (પૂજા પંચાશક-૩૮/૩૯)

પૂજા પંચાશક-૩૮/૩૯મી ગાથાનું ગ્રંથકારશ્રી ટીકામાં સ્પષ્ટીકરણ કરે છે -

यत्पुनः ..... सम्बन्धः **જે વળી તીર્થંકરત્વપ્રાર્થન નિરભિષ્વંગ છે, તે અદુષ્ટ છે. એ પ્રકારે ગાથાનો સંબંધ=અન્વય છે.**

यथा ..... गम्यम् । **નિરભિષ્વંગ તીર્થંકરત્વ પ્રાર્થન અદુષ્ટ કેમ છે ? તે બતાવવા માટે ટીકામાં 'यथा' શબ્દ કહેલ છે. તેનો અર્થ 'જે આ પ્રમાણે' એવો છે, અને તે જ બતાવે છે - ધર્મથી=કુશળ અનુષ્ઠાનથી, આ=તીર્થંકર, થાય છે, એ પ્રમાણે જાણવું.**

❖ અહીં મૂળ પંચાશકની ગાથામાં धम्मा एसो છે ત્યાં 'भवति' ક્રિયાપદ અધ્યાહાર છે.

હવે તે તીર્થંકર કેવા થાય છે. તે બતાવે છે –

किंभूतः? ..... कल्पः । **અનેક પ્રાણીઓના હિતને કરનારા, નિરુપમ સુખને પેદા કરનારા=ભવ્ય જીવોને સન્માર્ગ આપીને નિરુપમ એવા મોક્ષસુખને પેદા કરનારા અને અપૂર્વ ચિંતામણિ સમાન છે.**

तत् ..... न्यायप्राप्तम् । तत्=तस्मात्=**તે કારણથી, આ ધર્મદેશનાદિરૂપ તીર્થંકરનું અનુષ્ઠાન, હિત=ભવ્ય જીવોને પથ્યરૂપ છે. અનુપહત=અપ્રતિઘાત= યથાર્થ પદાર્થની પ્રરૂપણા કરનાર હોવાથી કોઈ તેનું નિરાકરણ કરી શકે તેવું નથી, પરંતુ યુક્તિયુક્ત છે.**

**'इतिः' અહીં** अनुपहतमप्रतिघातं **પછી** 'इति' **શબ્દ અધ્યાહારરૂપે ગ્રહણ કરવાનો છે. તેથી મૂળમાં** पहाणभावस्स=प्रधानभावस्य **છે તેની પૂર્વે** 'इति' **શબ્દનું ગ્રહણ કરવાથી** इतिप्रधानभावस्य **શબ્દ સમજવો. અને તેનો અર્થ બતાવે છે -** इतिप्रधानभावस्य= एवंभूतसुन्दराध्यवसायस्य=**આવા પ્રકારના સુંદર અધ્યવસાયવાળા પુરુષનું=પૂર્વમાં વર્ણન**

**કર્યું એવા પ્રકારના સુંદર અધ્યવસાયવાળા પુરુષનું, તેમાં= ધર્મદેશનાદિ જિનઅનુષ્ઠાનમાં, પ્રવૃત્તિસ્વરૂપ=પ્રવર્તન સ્વભાવવાળું (જે વળી તીર્થંકરત્વનું પ્રાર્થન) નિરભિષ્વંગ છે, તે અર્થાપત્તિથી અદુષ્ટ છે.**

અર્થાપત્તિથી તે અદુષ્ટ છે, એમ કહ્યું ત્યાં અર્થાપત્તિ શું છે તે બતાવે છે -

**'अर्थाऽऽपत्त्या'=ન્યાયથી=યુક્તિથી સાભિષ્વંગ એવા તીર્થંકરત્વપ્રાર્થનના દુષ્ટપણાની અન્યથા અનુપપત્તિ હોવાને કારણે નિરભિષ્વંગ એવું તે= તીર્થંકરત્વનું પ્રાર્થન, અદુષ્ટ છે, એ પ્રકારે ન્યાયપ્રાપ્ત=ન્યાયસંગત છે.**

**ભાવાર્થ :-**

અહીં ટીકામાં इतिप्रधानभावस्य=एवंभूतसुन्दराध्यवसायस्य=આવા પ્રકારના પ્રધાન ભાવવાળાનું=આવા પ્રકારના સુંદર અધ્યવસાયવાળા પુરુષનું, એ પ્રમાણે અર્થ કર્યો. તેનો આશય આ પ્રમાણે છે –

પૂર્વમાં કહ્યું કે, કુશળ અનુષ્ઠાનથી તીર્થંકર થાય છે, અને તીર્થંકર અનેક સત્ત્વોના હિતને કરનારા, નિરુપમ સુખને પેદા કરનારા, અપૂર્વ ચિંતામણિ સમાન છે, અને તેમનું ધર્મદેશનાદિરૂપ તીર્થંકરઅનુષ્ઠાન જગતના જીવો માટે હિતકારી છે અને અનુપહત છે, એવા પ્રકારના સુંદર અધ્યવસાયવાળાનું તીર્થંકરપણાનું પ્રાર્થન ધર્મદેશનાદિમાં પ્રવર્તન સ્વભાવવાળું છે, એ પ્રકારે અન્વય છે. અને આવું તીર્થંકરત્વનું પ્રાર્થન અર્થાપત્તિથી અદુષ્ટ છે, એમ કહ્યું તેનો ભાવ આ પ્રમાણે છે –

પંચાશકની પ્રસ્તુત ગાથા-૩૮/૩૯મી છે. તેની પૂર્વની ગાથા-૩૭ માં કહેલ કે, સાભિષ્વંગ તીર્થંકરત્વનું પ્રાર્થન ભવપ્રતિબદ્ધ છે, માટે દુષ્ટ છે; અને સાભિષ્વંગ તીર્થંકરત્વનું પ્રાર્થન દુષ્ટ તો જ સંગત થાય કે, નિરભિષ્વંગ તીર્થંકરત્વના પ્રાર્થનને અદુષ્ટ માનવામાં આવે.

જો સાભિષ્વંગ અને નિરભિષ્વંગ બંને પ્રકારનું તીર્થંકરત્વનું પ્રાર્થન દુષ્ટ હોત તો એમ જ કહેત કે, તીર્થંકરત્વનું પ્રાર્થન દુષ્ટ છે, જ્યારે પૂર્વમાં એ સિદ્ધ કર્યું કે, સાભિષ્વંગ તીર્થંકરત્વનું પ્રાર્થન દુષ્ટ છે. તેથી એ સિદ્ધ થયું કે, સાભિષ્વંગથી વિરુદ્ધ એવું નિરભિષ્વંગ તીર્થંકરત્વનું પ્રાર્થન અદુષ્ટ છે.

જે જીવો ભગવાનને જોઈને જાણે છે કે, ભગવાન સંયમની સમ્યગ્ આરાધના કરીને તીર્થંકર થયા છે અને જગતના જીવોના એકાંતે ઉપકારક છે, માટે તેઓની ધર્મદેશનાદિ પ્રવૃત્તિઓ જગતના જીવોના અત્યંત હિતનું કારણ છે; તેવા જીવોને તીર્થંકરની

ધર્મદેશના સાંભળવાની ઈચ્છા થાય છે, અને તે જ પ્રમાણે ધર્મદેશનાને સ્થિર કરવાની ઈચ્છા થાય છે, અને ધર્મદેશના દ્વારા આપેલ ઉપદેશને જીવનમાં ઉતારવાની ઈચ્છા થાય છે. આવા પ્રકારના પરિણામવાળા જીવોનું ચિત્ત જ્યારે તીર્થંકર થવાની ઈચ્છાવાળું થાય છે, ત્યારે તે નિરભિષ્વંગ ચિત્ત હોય છે અને તે અદુષ્ટ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, નિરભિષ્વંગ તીર્થંકરત્વનું પ્રાર્થન અદુષ્ટ છે, ત્યાં અનુમાનનો આકાર આવો પ્રાપ્ત થાય -

निरभिष्वङ्गं तीर्थकरत्वप्रार्थनं, अदुष्टं, साभिष्वंगस्य तीर्थकरत्वप्रार्थनस्य दुष्टत्व-स्यान्यथानुपपत्तेः । નિરભિષ્વંગ એવું તીર્થંકરત્વનું પ્રાર્થન અદુષ્ટ છે; કેમ કે, સાભિષ્વંગ એવા તીર્થંકરત્વપ્રાર્થનના દુષ્ટપણાની અન્યથા અનુપપત્તિ છે.

આ અનુમાનમાં निरभिष्वंगं तीर्थंकरत्वप्रार्थनं - એ પક્ષ છે.

अदुष्टं - એ સાધ્ય છે.

साभिष्वंगस्य થી अन्यथानुपपत्तेः સુધીનો હેતુ છે.

આ અનુમાનમાં હેતુ ભિન્ન અધિકરણમાં રહેલ છે અને સાધ્ય ભિન્ન અધિકરણમાં રહેલ છે; કેમ કે - જે વ્યક્તિમાં નિરભિષ્વંગ તીર્થંકરત્વનું પ્રાર્થન છે, તે વ્યક્તિમાં સાભિષ્વંગ તીર્થંકરત્વનું પ્રાર્થન નથી, અને સામાન્ય રીતે સાધ્ય અને હેતુ એકાધિકરણ હોય છે.

જેમ पर्वतो वह्निमान् धूमात् - આ અનુમાનમાં પર્વતરૂપ એક અધિકરણમાં જ વહ્નિ અને ધૂમ બંને રહેલા છે, જ્યારે પ્રસ્તુત અનુમાનમાં સાધ્ય અને હેતુ ભિન્ન ભિન્ન અધિકરણમાં રહેલા છે. તેથી કોઈને શંકા થાય કે, આવા અનુમાનથી સાધ્યની સિદ્ધિ થઈ શકે નહિ. તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

**ટીકા :-**

**न च वैयधिकरण्यं, पुत्रस्य ब्राह्मणत्वाऽन्यथानुपपत्त्या पित्रोर्ब्राह्मणत्वं न्याय्यमितिवदुपपत्तिरिति भावः ।**

**ટીકાર્થ :-**

न च ..... भावः । **અને વૈયધિકરણ્ય છે, એમ ન કહેવું. તેમાં યુક્તિ આપે**

**છે – પુત્રના બ્રાહ્મણત્વની અન્યથા અનુપપત્તિ હોવાને કારણે પિતાનું બ્રાહ્મણત્વ ન્યાય્ય=સંગત છે, એ પ્રકારે ભાવ છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં નિરભિષ્વંગ તીર્થંકરત્વનું પ્રાર્થન અદુષ્ટ છે, એ સ્થાપન કરવા માટે જે અનુમાન કર્યું, તેમાં હેતુનું સાધ્ય સાથે વૈયધિકરણ્ય છે, તે દોષરૂપ નથી, એમ ગ્રંથકારશ્રી કહે છે. અને તેમાં યુક્તિ આપે છે કે, કોઈ વ્યક્તિને પુરોવર્તી વ્યક્તિ બ્રાહ્મણ છે એવું જ્ઞાન હોય, અને તેનો પિતા બ્રાહ્મણ છે કે નહિ તેવું જ્ઞાન ન હોય, ત્યારે પરાર્થ અનુમાન કરીને તેને બતાવાય છે કે, આનો પિતા બ્રાહ્મણ છે; કેમ કે પુત્રના બ્રાહ્મણત્વની અન્યથા અનુપપત્તિ છે=પિતાના બ્રાહ્મણત્વ વિના અનુપપત્તિ છે.

આ અનુમાનમાં પિતાનું બ્રાહ્મણત્વ પિતામાં રહે છે, જે સાધ્યરૂપ છે, અને પુત્રના બ્રાહ્મણત્વની અન્યથા અનુપપત્તિરૂપ હેતુ પુત્રમાં રહે છે, તેથી હેતુ અને સાધ્યનું વૈયધિકરણ્ય હોવા છતાં અનુમાન થાય છે. એની જેમ પ્રસ્તુતમાં પણ વૈયધિકરણ્ય હોવા છતાં અનુમાનની ઉપપત્તિ=સંગતિ છે, માટે વૈયધિકરણ્ય દોષરૂપ નથી, એ પ્રકારનો આશય છે.

❖ પૂર્વમાં પ્રસ્તુત ગાથા-૧૩ માં વસ્તુતઃ ..... થી ગ્રંથકારે એ સ્થાપન કર્યું કે, ઔદયિકભાવની તીર્થંકર થવાની પ્રાર્થના નિદાન છે, અને ત્યાર પછી પૂજા પંચાશક ગાથા-૩૮/૩૯ ની સાક્ષી બતાવી કે, નિરભિષ્વંગ તીર્થંકરત્વની પ્રાર્થના અનિદાન છે.

હવે જો ઉભય ઉપરાગનો અર્થ એ કરીએ કે, ઔદયિકભાવ અને ક્ષાયિકભાવરૂપ ઉભય ઉપરાગથી વિનિર્મુક્ત તીર્થંકરત્વની પ્રાર્થના, તો પ્રસ્તુતમાં આ શંકા=ઉભયભાવ ઉપરાગ વિનિર્મુક્ત તીર્થંકરત્વની પ્રાર્થના કિં સ્વરૂપ છે ? એ પ્રશ્ન જ ન ઊઠી શકે; કેમ કે, ગ્રંથકારે પૂર્વમાં સ્પષ્ટ કર્યું કે, ઔદયિક અને ક્ષાયિકભાવમાંથી એકેકના ઉપરાગવાળી પ્રાર્થના કાં તો નિદાનરૂપ છે અને કાં તો અનિદાનરૂપ છે. અને ફરી કોઈ પ્રશ્ન કરે કે, ઉભય ઉપરાગ વગરની તીર્થંકરત્વની પ્રાર્થના કેવા સ્વરૂપવાળી છે ? તો તે અસંબદ્ધ વચનરૂપ બને. પરંતુ પૂજા પંચાશક ગાથા-૩૮/૩૯ની સાક્ષીથી ગ્રંથકારશ્રીએ ઉભય ઉપરાગવાળી પ્રાર્થના અનિદાનરૂપ છે, એમ સ્થાપન કર્યું તેનો અર્થ નીચે ઉત્થાનમાં અમે કર્યો છે તે તેવો સ્વીકારીએ, તો જ આ પ્રકારનું ઉત્થાન થઈ શકે કે, જો ઉભય ઉપરાગવાળી પ્રાર્થના અનિદાનરૂપ છે, તો ઉભય ઉપરાગ વગરની તીર્થંકરત્વની પ્રાર્થના કેવા સ્વરૂપવાળી છે ? આ રીતે અમને ઉચિત લાગે છે, તેથી તે પ્રમાણે અવતરણિકા તેમજ ટીકાનો ભાવાર્થ કરેલ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, ઔદયિકભાવરૂપે તીર્થંકરપણાની પ્રાર્થના નિદાન છે અને નિરભિષ્વંગરૂપે તીર્થંકરપણાની પ્રાર્થના અનિદાન છે, અને નિરભિષ્વંગરૂપે તીર્થંકરત્વનું પ્રાર્થન અદુષ્ટ છે. તેમાં પંચાશક ગાથા-૩૮/૩૯ની સાક્ષી આપી, અને તે પંચાશકની સાક્ષી પ્રમાણે નિરભિષ્વંગ ભાવનો અર્થ વિચારીએ તો એ પ્રાપ્ત થાય કે, ભગવાન કુશળ અનુષ્ઠાનથી તીર્થંકર થયા છે, અને તીર્થંકર થયા પછી અનેક જીવોના ઉપકારક છે, તેથી નિરભિષ્વંગ પ્રાર્થનામાં ઉભયભાવનો ઉપરાગ પ્રાપ્ત થાય છે. તે આ રીતે – (૧) ભગવાને સંયમની સાધના કરી, એ પ્રકારના ભાવનો ઉપરાગ પ્રાપ્ત થાય છે અને (૨) ભગવાન સંયમની સાધનાથી વીતરાગ થયા પછી અનેક જીવોનો ઉપકાર કરે છે, એ પ્રકારના ભાવનો ઉપરાગ પ્રાપ્ત થાય છે. આ રીતે ઉભયભાવના ઉપરાગવાળી તીર્થંકરપણાની પ્રાર્થના અનિદાનરૂપ છે, એ અર્થ ફલિત થાય છે. ત્યાં શંકા કરતાં કોઈ કહે છે –

**અથવા**

અહીં ઉભય ઉપરાગ એટલે ભગવાન કુશળ અનુષ્ઠાનના સેવનથી તીર્થંકર થયા એ રૂપ ઉપરાગ, અને ભગવાન બાહ્ય અને અંતરંગ સમૃદ્ધિવાળા હોઈને જગતના જીવો ઉપર મહાન ઉપકાર કરી રહ્યા છે, એ રૂપ બીજો ઉપરાગ.

આ બંને ઉપરાગના કારણે કોઈ જીવ તીર્થંકરત્વનું પ્રાર્થન કરે તો તે નિરભિષ્વંગ પ્રાર્થના છે. અને કોઈ જીવ, ભગવાન કુશળ અનુષ્ઠાનના સેવનથી તીર્થંકર થયા છે તેની વિચારણા ન કરે, પરંતુ ભગવાનની બાહ્ય સમૃદ્ધિમાત્રને જોઈને તીર્થંકરત્વની પ્રાર્થના કરે, તો તે ઔદયિકભાવની પ્રાર્થના થાય, તેથી તે નિદાન છે. અને કોઈ વ્યક્તિ ભગવાન કુશળ અનુષ્ઠાનના સેવનથી તીર્થંકર થયા છે તેની ઉપસ્થિતિ ન કરે, પરંતુ ભગવાનની બાહ્ય અને અંતરંગ સમૃદ્ધિથી આવર્જિત થઈને તીર્થંકરત્વની પ્રાર્થના કરે, તેને તીર્થંકરત્વની પ્રાર્થના ઉભય ઉપરાગ વગરની હોવા છતાં અનિદાનરૂપ છે. તે બતાવવા કહે છે -

**ટીકા :-**

**उभयभावोपरागविनिर्मुक्ततीर्थकरत्वप्रार्थना किं रूपेति चेत् ? औदयिकभावप्रार्थनाविशिष्टा निदानं, क्षायिकभावप्रार्थनाविशिष्टा चाऽनिदानम् । वैशिष्ट्यं सामानाधिकरण्यतत्तद्व्यवधानाभावकूटसम्बन्धाभ्याम् ।**

**ટીકાર્થ :-**

उभयभावोपराग ..... सम्बन्धाभ्याम् । **ઉભયભાવઉપરાગ વગરની તીર્થંકરની પ્રાર્થના કેવા સ્વરૂપવાળી છે ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે, ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરત્વની પ્રાર્થના નિદાન છે, અને ક્ષાયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરત્વની પ્રાર્થના અનિદાન છે. આ બંને પ્રકારની પ્રાર્થનામાં વૈશિષ્ટ્ય સામાનાધિકરણ્ય અને તત્-તદ્-વ્યવધાનઅભાવકૂટ સંબંધ દ્વારા ગ્રહણ કરવાનું છે.**

**ભાવાર્થ :-**

કોઈ જીવ ભગવાનને એ રીતે જુએ કે, ભગવાન કુશળ અનુષ્ઠાનથી તીર્થંકર થાય છે અને તીર્થંકર થયા પછી જગતના જીવમાત્રનો ઉપકાર કરે છે, અને તેના કારણે આ રીતે જોનારને તીર્થંકર થવાનો અભિલાષ થાય છે, તે અનિદાનરૂપ છે, એમ પૂર્વમાં સ્થાપન કર્યું, અને આવા પ્રકારનું તીર્થંકરત્વનું પ્રાર્થન ઉભયભાવ ઉપરાગવાળું છે.

હવે કોઈ જીવ તીર્થંકરને જોઈને પૂર્વમાં કહેલા બે ભાવોના ઉપરાગ વગર તીર્થંકરપણાની પ્રાર્થના કરે તો તે તીર્થંકરત્વની પ્રાર્થના નિદાન છે કે અનિદાન છે, એ પ્રકારની કોઈ શંકા કરે તેને ગ્રંથકાર કહે છે –

ભગવાનની બાહ્ય સમૃદ્ધિ જોઈને કોઈ જીવ તીર્થંકરપણાની પ્રાર્થના કરે તો તે નિદાનરૂપ છે; કેમ કે ભગવાનની બાહ્ય સમૃદ્ધિ ઔદયિકભાવરૂપ છે અને ભગવાનની બાહ્ય સમૃદ્ધિરૂપ ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ એવી તીર્થંકરત્વની પ્રાર્થના એ નિદાનરૂપ છે.

હવે કોઈ જીવ ભગવાનને જુએ અને આ ભગવાન કુશળ અનુષ્ઠાન સેવીને તીર્થંકર થયા છે અને અનેક જીવોનો ઉપકાર કરે છે, એ રીતે ન જુએ, પરંતુ ભગવાન ક્ષાયિક જ્ઞાનાદિ ગુણોથી યુક્ત હોવાથી જગતના જીવો ઉપર અપૂર્વ ઉપકાર કરે છે, એટલું જ માત્ર જુએ, તો તે ઉભયભાવ ઉપરાગ નહિ હોવા છતાં ભગવાનના ક્ષાયિક જ્ઞાનાદિ ગુણોને જોઈને ભગવાન પ્રત્યે આકર્ષણ થયું છે, તેથી ભગવાન જેવા ક્ષાયિક ગુણવાળો હું થઉં, એવા આશયથી તીર્થંકરત્વની પ્રાર્થના કરે, તો તે ક્ષાયિક ભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરપણાની પ્રાર્થના છે, અને આ પ્રાર્થના અનિદાનરૂપ છે.

અહીં નિદાન અને અનિદાનના લક્ષણમાં કહ્યું કે, ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરત્વની પ્રાર્થના નિદાન છે, અને ક્ષાયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ

તીર્થંકરત્વની પ્રાર્થના અનિદાન છે. ત્યાં વૈશિષ્ટ્ય કયા સંબંધથી ગ્રહણ કરવું તે બતાવે છે –

સામાનાધિકરણ્ય અને તત્-તદ્-વ્યવધાનઅભાવકૂટ સંબંધ દ્વારા વૈશિષ્ટ્ય ગ્રહણ કરવું. અને આવું વૈશિષ્ટ્ય ગ્રહણ કરવાનું પ્રયોજન એ છે કે, કોઈ જીવને ભગવાનના ઔદયિકભાવને જોઈને ભગવાન પ્રત્યે આકર્ષણ થાય, અને તે જીવની સાથે સંબંધવાળા એવા કોઈ અન્ય જીવને તીર્થંકરપણાની પ્રાર્થના થાય, તો તે અન્ય જીવની પ્રાર્થના પણ ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરપણાની પ્રાર્થના બની શકે. કેમ કે, પ્રથમ જીવને ભગવાનના ઔદયિકભાવોને જોઈને આકર્ષણ થયું, અને તેની સાથે સંબંધવાળો આ બીજો જીવ છે, તેથી તે સંબંધથી અન્ય જીવની પ્રાર્થના ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ કહી શકાય. પરંતુ તે સંબંધથી તે નિદાન નથી; કેમ કે, અન્ય જીવે કદાચ તીર્થંકરપણાની પ્રાર્થના ઔદયિકભાવથી કરેલી હોય કે ક્ષાયિકભાવથી કરેલી હોય. પરંતુ આવા સંબંધથી ગ્રહણ કરવામાં આવે તો અન્ય જીવના ઔદયિકભાવના આકર્ષણથી અન્ય જીવમાં થયેલી તીર્થંકરપણાની પ્રાર્થના નિદાન બનવાની આપત્તિ આવે. તેથી તેની વ્યાવૃત્તિ માટે સામાનાધિકરણ્ય સંબંધથી વૈશિષ્ટ્ય ગ્રહણ કરેલ છે. માટે જે અધિકરણમાં ઔદયિકભાવનું આકર્ષણ થયેલું હોય તે જ અધિકરણમાં તીર્થંકરપણાની પ્રાર્થના કરવામાં આવે તો તે ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરપણાની પ્રાર્થના સામાનાધિકરણ્ય સંબંધથી નિદાનરૂપ છે.

હવે કોઈ એક જ જીવ ભગવાનના ઔદયિકભાવથી આકર્ષણ પામે, અને ત્યાર પછી દશેક વર્ષના વ્યવધાન પછી ભગવાનના ક્ષાયિકભાવના આકર્ષણથી તીર્થંકરપણાની પ્રાર્થના કરે, તો એક જ જીવમાં દસ વર્ષ પહેલાં ઔદયિકભાવનું આકર્ષણ હતું અને અત્યારે ક્ષાયિકભાવના આકર્ષણથી તીર્થંકરપણાની પ્રાર્થના છે, તેથી માત્ર સામાનાધિકરણ્ય સંબંધથી ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરપણાની પ્રાર્થનાને નિદાન કહીએ, તો દસ વર્ષ પૂર્વે થયેલી ઔદયિકભાવના આકર્ષણથી વિશિષ્ટ તે જીવમાં રહેલી તીર્થંકરપણાની પ્રાર્થના નિદાનરૂપે કહેવાની આપત્તિ આવે. વાસ્તવિક રીતે તે જીવે જ્યારે તીર્થંકરપણાની પ્રાર્થના કરી, તે વખતે તેમાં ક્ષાયિકભાવનું આકર્ષણ છે, આમ છતાં તે જીવના પૂર્વના ઔદયિકભાવને ગ્રહણ કરીને સામાનાધિકરણ્ય સંબંધથી વિશિષ્ટ બનાવીને નિદાન કહી શકાય. તેથી તેના વારણ માટે વૈશિષ્ટ્યની કુક્ષિમાં તત્-તદ્-વ્યવધાનઅભાવકૂટ સંબંધ મૂકેલ છે. તેથી દસ વર્ષ પહેલાંનું ઔદયિકભાવનું આકર્ષણ અને વર્તમાનની તીર્થંકરપણાની પ્રાર્થના એ બેના વચમાં તે તે વ્યવધાનનો ભાવ છે, પરંતુ અભાવ નથી. અને જે ક્ષણમાં તીર્થંકરપણાની પ્રાર્થના કરી, તે ક્ષણમાં ક્ષાયિકભાવનું આકર્ષણ છે તે, તે તે વ્યવધાનના

અભાવકૂટ સંબંધથી છે. તેથી જે ક્ષણમાં તીર્થંકરત્વની પ્રાર્થના કરાય છે, તે ક્ષણનો જ જીવનો ઔદયિકભાવ કે ક્ષાયિકભાવ ગ્રહણ કરીને વૈશિષ્ટ્ય ગ્રહણ કરવાનું છે, અન્ય નહિ. તે બતાવવા માટે તે તે વ્યવધાનઅભાવકૂટ સંબંધ ગ્રહણ કરેલ છે.

અહીં તત્-તદ્-વ્યવધાનઅભાવકૂટને બદલે વ્યવધાનઅભાવ માત્ર ગ્રહણ કરવામાં આવે તો જે જીવને દસ વર્ષ પહેલાં ઔદયિકભાવનું આકર્ષણ થયું અને અત્યારે તીર્થંકરપણાની પ્રાર્થના કરે છે, તેમાં પંદર વર્ષનું વ્યવધાન નથી. તેથી પંદર વર્ષને ગ્રહણ કરીને વ્યવધાનઅભાવની પ્રાપ્તિ થાય છે. તેના વારણ માટે તત્-તદ્-વ્યવધાનઅભાવકૂટ સંબંધ ગ્રહણ કરેલ છે. તેથી જે ક્ષણમાં તીર્થંકરપણાની પ્રાર્થના કરે છે, તે જ ક્ષણમાં વર્તતું, ઔદયિકભાવનું આકર્ષણ કે ક્ષાયિકભાવનું આકર્ષણ ગ્રહણ કરીને વૈશિષ્ટ્ય પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, સામાનાધિકરણ્ય સંબંધ અને તત્-તદ્-વ્યવધાનઅભાવકૂટ સંબંધ, એ બે સંબંધથી ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરપણાની પ્રાર્થના નિદાન છે, અને ક્ષાયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરપણાની પ્રાર્થના અનિદાન છે, ત્યાં કોઈને શંકા થાય કે, કોઈ એક જીવને ઉપરોક્ત બે સંબંધથી સમૂહાલંબન ઈચ્છા થાય, તો એ પ્રાર્થના નિદાન કહેવાશે કે અનિદાન કહેવાશે ?

આશય એ છે કે, એક જ કાળમાં કોઈને તીર્થંકરની સમૃદ્ધિ અને તીર્થંકરોના ક્ષાયિક ગુણો એ બેનું સમૂહાલંબન લઈને તીર્થંકર થવાની ઈચ્છા થઈ, તો તે ઈચ્છા નિદાન પણ કહી શકાશે અને અનિદાન પણ કહી શકાશે, તો ત્યાં શું કહેવું ઉચિત છે ? તેથી કહે છે –

**ટીકા :-**

**समूहालम्बनेच्छायां तु मानाभावो, भावे वाऽऽस्तां निदानत्वाऽनिदानत्वे अव्याप्यवृत्तिजाती, इत्यादि प्रमाणार्णवसंप्लवव्यसनिनां गोचरः पन्थाः ।**

**ટીકાર્થ :-**

समूहालम्बनेच्छायां ..... पन्थाः । **વળી, સમૂહાલંબન ઈચ્છામાં માનાભાવ=પ્રમાણનો અભાવ છે, અથવા તો ભાવમાં=સમૂહાલંબન ઈચ્છાના સદ્‌ભાવમાં, નિદાનત્વ-અનિદાનત્વ અવ્યાપ્યવૃત્તિ જાતિ થાઓ ! ઈત્યાદિ પ્રમાણરૂપ**

**સમુદ્રમાં સંપ્લવ વ્યસનીઓનો=ડૂબકી મારવાના સ્વભાવવાળા સ્યાદ્વાદીઓનો, ગોચર પંથ=માર્ગ છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે, ઔદયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરત્વનું પ્રાર્થન નિદાન છે, અને ક્ષાયિકભાવની પ્રાર્થનાથી વિશિષ્ટ તીર્થંકરત્વનું પ્રાર્થન અનિદાન છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે, કોઈ એક જ જીવ, એક જ ક્ષણમાં, ભગવાનમાં રહેલ ઔદયિકભાવોને જોઈને અને ભગવાનમાં રહેલ ક્ષાયિકભાવોને જોઈને એ બંને ભાવોની સમૂહાલંબનરૂપ ઈચ્છા થવાથી તીર્થંકરત્વની પ્રાર્થના કરે, તો તે તીર્થંકરત્વની પ્રાર્થના નિદાનરૂપ બનશે કે અનિદાનરૂપ બનશે ? તેને ગ્રંથકાર કહે છે કે, સમૂહાલંબનરૂપ ઈચ્છા સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી.

આશય એ છે કે, જે જીવને ભગવાનના ક્ષાયિક ગુણોનું આકર્ષણ થાય તેને તુચ્છ એવી બાહ્ય સમૃદ્ધિનું તે જ ક્ષણમાં આકર્ષણ થઈ શકે નહિ. તેથી એક જ ક્ષણમાં બંનેનું મહત્ત્વ હોવાથી બંને વિષયક ઈચ્છા થાય છે અને તેને કારણે તીર્થંકરત્વનું પ્રાર્થન કરે છે, તેમ માની શકાય નહિ. આ કથન નિશ્ચયનયને આશ્રયીને વિરુદ્ધ ભાવવિષયક એક ઈચ્છા સંભવે નહિ, તેમ સ્વીકારીને કરેલ છે.

હવે વ્યવહારનયને આશ્રયીને સ્થૂલ ઉપયોગ ગ્રહણ કરીને બીજી રીતે સમાધાન કરે છે –

એક સાથે બંને ભાવોનું આકર્ષણ થવાથી કોઈ જીવને તીર્થંકર થવાની ઈચ્છા થાય છે, તેમ સ્વીકારો તો, તેનું તીર્થંકરત્વનું પ્રાર્થન નિદાનત્વ - અનિદાનત્વ જાતિથી યુક્ત છે. અને તેથી નિદાનત્વ-અનિદાનત્વ અવ્યાપ્યવૃત્તિ જાતિ છે=એક જ પ્રાર્થનાના ઉપયોગમાં એક અંશમાં નિદાનત્વ જાતિ છે અને અન્ય અંશમાં અનિદાનત્વ જાતિ છે, તેમ સ્વીકારી શકાશે.

**વિશેષાર્થ :-**

વ્યવહારનય સ્થૂલથી થતા દીર્ઘકાળના ઉપયોગને એક ઉપયોગરૂપે સ્વીકારે છે, અને તે પ્રમાણે કોઈ જીવને ભગવાનની બાહ્ય સમૃદ્ધિ જોઈને તેનું મહત્ત્વ અંકાયું, અને ત્યાર પછી અંતરંગ સમૃદ્ધિને કારણે ભગવાનના ગુણોનું મહત્ત્વ ભાસ્યું, અને તે બે ભાવોને આશ્રયીને તીર્થંકરત્વનો અભિલાષ તેનામાં વર્તે છે. જોકે સ્થૂલથી જોઈએ તો પ્રથમ ઔદયિક ભાવથી તીર્થંકરત્વનો અભિલાષ છે, અને ત્યાર પછી તરત જ ક્ષાયિકભાવથી

તીર્થંકરત્વનો અભિલાષ છે, આ બંનેને એક ઉપયોગરૂપે સ્વીકારીને સમૂહાલંબન ઈચ્છારૂપે વ્યવહારનય સ્વીકારે છે. અને તે વ્યવહારનયની દૃષ્ટિથી વિચારીએ તો તે જીવની તીર્થંકરત્વની અભિલાષામાં નિદાનત્વ જાતિ છે, અને અનિદાનત્વ જાતિ છે ઈત્યાદિક વિચારણા સ્યાદ્વાદની દૃષ્ટિથી જોનારા કરી શકે છે.

**ઉત્થાન :-**

ગાથા-૧૩ની સંપૂર્ણ ટીકાનું નિગમન કરતાં કહે છે –

**ટીકા :-**

**तदेवमन्ते स्तवफलप्रार्थनारूपं प्रणिधानं भिन्नं, पूर्वं तु क्रियमाणस्तवोपयोगरूपं भिन्नमित्यनुपयोगरूपत्वेन द्रव्यस्तवे नाऽवद्यशङ्का विधेयेति स्थितम् ।।१३।।**

**ટીકાર્થ :-**

तदेवम् ..... स्थितम् ।।१३।। **આ રીતે અંતમાં કરાતું સ્તવફલપ્રાર્થનારૂપ પ્રણિધાન ભિન્ન છે, અને પૂર્વમાં કરાતું સ્તવઉપયોગરૂપ પ્રણિધાન ભિન્ન છે. એથી કરીને દ્રવ્યસ્તવમાં=પૂજામાં, અનુપયોગરૂપે સાવદ્યની શંકા કરવી નહિ=અનુપયોગરૂપ નથી માટે સાવદ્ય નથી, એ પ્રકારે સ્થિત છે.**

**ભાવાર્થ :-**

ચૈત્યવંદનના અંતે કરાતા જયવીયરાય સૂત્રથી સ્તવફળપ્રાર્થનારૂપ પ્રણિધાન જુદું છે, અને પૂર્વમાં પૂજાકાળમાં કરાતા ભગવાનના ગુણોના ઉપયોગરૂપ પ્રણિધાન જુદું છે, આ વાત પૂર્વની ચર્ચાથી સિદ્ધ થઈ. એથી કરીને ગ્રંથકાર પૂર્વપક્ષીને કહે છે કે, પૂજામાં ભગવાનના ગુણોનો અનુપયોગ છે=પ્રણિધાનઆશય નથી તેમ માનીને, પૂજાની ક્રિયામાં થતી હિંસા સાવદ્ય છે, માટે કર્મબંધ થાય છે, એવી શંકા કરવી નહિ. એ પ્રકારે પ્રસ્તુત ગાથાની ટીકાથી પદાર્થ સ્થિત છે=પદાર્થ સિદ્ધ છે. **॥૧૩॥**

**।। इति न्यायविशारदविरचितं कूपदृष्टान्तविशदीकरणप्रकरणं सम्पूर्णम् ।।**

પ્રકાશક

ગીતાર્થ ગંગા

૫, જૈન મરચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ - ૭.
ફોન : ૬૬૦ ૪૯ ૧૧

Title Designed By :
Dhanna 660 81 19 - 660 96 92